[illegible]

[illegible]



[illegible]

॥ શ્રી ॥

દેવસીરાઇ પ્રતિક્રમણાદિ સૂત્રાર્થ.

છુટા શબ્દના અર્થ તથા દેવ-ગુરૂ અને ધર્મ તત્વના
કિંચિત્ સ્વરૂપ સાથે.

જૈનશાલાઓના ઉપયોગ સારૂ

લેખક તથા પ્રકાશક,
ખંભાતનિવાસી.
શા. ઉમેદચંદ રાયચંદ.
શ્રી જૈન જ્ઞાનવર્ધક શાળાના ધર્મશિક્ષક માસ્તર.
ઠે. પાંજરાપોળ.
અમદાવાદ.

સંવત ૧૯૮૦. વીર સંવત ૨૪૫૦ સને ૧૯૨૪.
આવૃત્તિ નવમી. પ્રત ૨૦૦૦.

અમદાવાદ:—ટંકશાળમાં ધી "સૂર્યપ્રકાશ" પ્રિન્ટીગ પ્રેસમાં
મૂળચંદભાઈ ત્રીકમલાલે છાપ્યો.

કીંમત રૂ. ૦-૮-૦.

જાહેર ખબર.

હરેક જાતનાં જેવાં કે પંચ પ્રતિક્રમણસૂત્ર અર્થ સહિત તથા પૂજા સંગ્રહ તથા દેવવંદનમાળા ગુજરાતી તથા સામાયકસૂત્ર, દીવાલીકલ્પ ભાષાંતર તથા ચઉ સરણ પયન્નો-સામાયકસૂત્ર નીત્યસ્તોત્ર સંગ્રહ જૈન વાર્ષીક પર્વ તથા નવસ્મરણ ગુજરાતી વિગેરે જૈન પૂસ્તકો અમારે ત્યાંથી મલશે.

મલવાનું ઠેકાણું.

માસ્તર ઉમેદચંદ રાયચંદ,

મુ. અમદાવાદ, ઠે. પાંજરાપોળ.

॥ ॐ श्रीपार्श्वनाथाय नमः ॥

श्री देवसीराई प्रतिक्रमणादि सूत्रार्थ.

प्रतिक्रमण एटले शुं ?

પ્રતિક્રમણ એટલે શુભ યોગથકી અશુભ યોગને વિષે ગમન કરનારને ફરી પાછું શુભ યોગમાંજ ક્રમણ કરવું તેનું નામ પ્રતિક્રમણ. મોક્ષ ફલ આપનારા એવા શુભ યોગને વિષે નિઃશલ્ય થવું તેજ પ્રતિક્રમણ છે. શ્રાવકને દિવસ તથા રાત્રીએ લાગેલાં પાપ આલોવવાને તથા સર્વ અતિચારની શુદ્ધિને માટે અવશ્ય છ બાબતો કરવાની છે. તેને ષડાવશ્યકરૂપ પ્રતિક્રમણ કહેવાય તે છ આવશ્યકનાં નામ તથા અર્થ નીચે પ્રમાણે.

૧ **સામાયક—સમ**—એટલે સમતા તેનો આય કહેતાં લાભ તે છે જેને વિષે તે સામાયક.

૨ **ચઉવિસથ્થો**—એટલે ચતુર્વિંશતિસ્તવ—ચોવીસ તીર્થંકરના નામનું કિર્તન.

૩ **વંદણ**—ધર્માચાર્યને પચીસ આવશ્યકે વિશુદ્ધ તથા બત્રીસ દોષ રહિત વંદન કરવું.

૪ **પ્રતિક્રમણ**—તેનો અર્થ ઉપર જણાવ્યો છે.

૫ **કાઉસ્સગ્ગ**—કાયાનો અશુભ વેપાર બંધ કરી એકાગ્રચિત્તે ધ્યાન ધરવું

૬ **પચ્ચખ્ખાણ**—એટલે અવિરતિપણાના સ્વરૂપ પ્રત્યે પ્રતિકુળપણે કરી આગાર મર્યાદા કરણ સ્વરૂપે કરી કથન કરવું તે પ્રત્યાખ્યાન.

क्यांथी क्यां सुधी कयुं आवश्यक कहेवाय छे.

૧ **સામાયક**—ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ દેવસિ પ્રતિક્રમણે ઠાઉં એ સૂત્રથી પ્રતિક્રમણની ક્રિયા શરૂ થાય છે. ત્યાંથી કરેમિભંતેથી અતિચારની આઠ (૮) ગાથાના કાઉસ્સગ્ગ સુધી પેહેલું સામાયક આવસ્યક કહેવાય છે.

૨ **ચઉવિસથ્થો**—અતિચારની ગાથાના કાઉસ્સગ્ગ પછી જે લોગસ્સ કહેવામાં આવે છે તે. બીજું આવસ્યક.

૩ **વંદણુ**—લોગસ્સ કહ્યા પછી મુહપત્તિ પડિલેહી બે વાંદણા દેવામાં આવે છે તે ત્રીજું વંદન આવસ્યક.

૪ **પડિક્કમણું**—વાંદણાં દીધા પછી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ દેવસિઅં આલોઉં ત્યાંથી આયરિય ઉવજ્ઝાએ સુધી પ્રતિક્રમણ નામા ચોથું આવસ્યક છે. પખ્ખિ, ચઉમાસિ અને સંવત્સરિ પ્રતિક્રમણ આ ચોથા આવસ્યકમાં અંતર્ભૂત થાય છે.

૫ કાઉસ્સગ્ગ—આયરિય ઉવજ્ઝાયે કહ્યા પછી બે લોગસ્સ,એક લોગસ્સ અને એક લોગસ્સનો જે કાઉસ્સગ્ગ કરવામાં આવે છે તે પાંચમું કાઉસ્સગ્ગ આવસ્યક.

૬ પચ્ચખ્ખાણ—આ છઠું આવસ્યક કાઉસ્સગ્ગ પછી કરવાનું છે. પરંતુ દેવસિપ્રતિક્રમણમાં તે વખતે અવસર નહીં રહેવાથી. પ્રતિક્રમણની શરૂઆતમાં પચ્ચચખ્ખાણ કરી પાંચમું આવસ્યક પુરૂં થયા પછી તે સંભારવામાં આવે છે. અને રાઇપ્રતિક્રમણમાં તો તે વખતે પચ્ચખ્ખાણ કરવામાં આવે છે.

प्रथम नवकार तथा पंचिंदिय कहेवानुं कारण.

શ્રાવકે પાપ આલોવવાને માટે અને સર્વ અતિચારની શુદ્ધિને માટે સાંજે અને સવારે પ્રતિક્રમણ કરવું જોઇએ. દિવસને અંતે દેવસિ અને રાતને અંતે કરે તે રાઇપ્રતિક્રમણ કહેવાય છે. આ સર્વ ક્રિયા

ગુરૂની સાક્ષીએ કરવી જોઇએ. પરંતુ ગુરૂના અભાવે સ્થાપનાચાર્ય (પુસ્તક વિગેરે) ની સ્થાપના કરી તેમની સમક્ષ બધી ક્રિયા કરવામાં આવે છે તેથા આદિમાં નવકાર મંત્રથી પંચપરમેષ્ટિનું સ્મરણ કરી આચાર્યના છત્રીસ ગુણનું આરોપણ કરવા માટે પંચિંદિયનો પાઠ કહેવામાં આવે છે.

આ પ્રતિક્રમણ રૂપ મોક્ષદાયી મંગલકાર્યમાં પ્રથમ મંગળ, સર્વ મંગલિકનું મૂળ જિનશાસનનો સણગાર, અગિઆર અંગ અને ચૌદ પૂર્વનો ઉદ્ધાર, સદૈવ શાશ્વતો એવો શ્રી પંચપરમેષ્ઠિને નમસ્કારરૂપ મહામંત્ર શ્રી નવકાર છે, તેનું એક ચિત્તથી સ્મરણ કરનારને ઉતરોત્તર મોક્ષ સુખની પ્રાપ્તિ થાય છે. માટે દરેક કાર્યમાં પ્રથમ નવકારમંત્રનું સ્મરણ કરવું.

अथ श्री नवकार मंत्र.

નમો-નમસ્કાર થાઓ.	સવ્વસાહૂણં-સર્વ સાધુઓને	મંગળાણં ચ-માંગલિકોમાં
અરિહંતાણં-અરિહંતોને	એસોપંચ-એ પાંચ	સવ્વેસિં-સર્વ માંગલિકોમાં
સિદ્ધાણં-સિદ્ધોને	નમુક્કારો-નમસ્કાર	પઢમં-પેહેલું
આયરિયાણં-આચાર્યોને	સવ્વપાવ-સર્વ પાપનો	હુવઇમંગલં-મંગલ છે.
ઉવજ્ઝાયાણં-ઉપાધ્યાયોને	પ્પણાસણો-નાશ કરનાર	
લોએ-લોકને વિષે		

નમો અરિહંતાણં—અરિહંત ભગવાનને નમસ્કાર થાઓ.

નમો સિદ્ધાણં—સિદ્ધ ભગવાનને નમસ્કાર થાઓ,

નમો આયરિયાણં—આચાર્ય ભગવાનને નમસ્કાર થાઓ.

નમો ઉવજ્ઝાયાણં—ઉપાધ્યાયજીને નમસ્કાર થાઓ.

નમો લોએસવ્વસાહૂણં—લોકને[1] વિષે રહેલા સર્વ સાધુઓને મારો નમસ્કાર થાઓ.

એસોપંચનમુક્કારો—એ (ઉપર કહેલા) પાંચ પરમેષ્ટિને કરેલો નમસ્કાર.

સવ્વપાવપ્પણાસણો—સર્વ પાપનો નાશ કરનાર છે.

મંગલાણંચ સવ્વેસિં—સર્વ મંગલિકોને વિષે.

પઢમં હવઇમંગલં—પેહેલું મંગલ છે.

पंचपरमेष्टिना अर्थ तथा तेना १०८ गुण.

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પંચપરમેષ્ટિ છે, તેનો કંઇક અર્થ નીચે કહીએ છીએ.

અરિહંત-અરિ+હંત-અરિ કહેતાં રાગદ્વેષાદિ જે શત્રુ, તેને હંત કેહેતાં હણનાર બાર ગુણે કરી સહિત સમવસરણને વિષે બિરાજમાન વિહરમાન તીર્થંકર જે શ્રી અરિહંત તેમને પ્રથમ નમસ્કાર. તેમના બાર ગુણનાં નામ. ૧ અશોકવૃક્ષ, ૨ ફુલની વૃષ્ટિ, ૩ દિવ્યધ્વની, ૪ ચામર, ૫ સિંહાસન, ૬ ભામંડલ, ૭ દુંદુભિ, ૮ છત્ર એ આઠ પ્રતિહાર્ય હમેશાં ભગવાનની સાથે રહે છે. તે આઠ ગુણ તથા ૯ અપાયાપગમા અતિશય.[1] ૧૦ જ્ઞાનાતિશય, ૧૧ પૂજાતિશય, ૧૨ વચનાતિશય.

સિદ્ધ-જે સર્વ કર્મનો ક્ષય કરી લોકના અંતે સિદ્ધ સિલા ઉપર પોતાની કાયાનો ત્રીજો ભાગ ઉણો કરતાં બે ભાગની અવગાહનાએ બિરાજમાન

---

૧ લોકને વિષે=અઢી દ્વીપને વિષે.

૧ અપાયાપગમા અતિશય એટલે ભગવાન જ્યાં વિચરે ત્યાંથી ફરતાં સવાસો જોજન સુધીમાં પ્રાયઃ કોઈ પ્રકારનો ઉપદ્રવ થાય નહીં.

થયા છે. તેવા આઠગુણે કરી સહિત સિદ્ધ ભગવાનને બીજો નમસ્કાર. તે આઠ ગુણનાં નામ. ૧ કેવલજ્ઞાન, ૨ કેવલદર્શન, ૩ અવ્યાબાધ સુખ, ૪ ક્ષાયક સમ્યકત્વ, ૫ અક્ષય સ્થિતિ, ૬ અરૂપી, ૭ અગુરૂ લઘુ, ૮ અનંત બળ.

આચાર્ય—જે સાધુઓમાં રાજા સમાન છત્રીસ ગુણે કરી સહિત હોય, તથા સાધુઓને સૂત્રના અર્થ ભણાવે તે આચાર્યભગવાનને ત્રીજો નમસ્કાર. આચાર્યના છત્રીસ ગુણનું વર્ણન પંચિંદિયમાં કહેવામાં આવશે.

ઉપાધ્યાય—સાધુઓમાં આચાર્ય એ રાજા સમાન છે, અને ઉપાધ્યાય એ પ્રધાન સમાન છે. જે શિષ્યોને સૂત્રના પાઠ ભણાવે અને પચીસ ગુણે કરી સહિત છે. એવા ઉપાધ્યાયને ચોથો નમસ્કાર. તેમના પચીસ ગુણ નીચે પ્રમાણે. અગિઆર અંગ તથા બાર ઉપાગ ભણે અને ભણાવે એ ત્રેવીસ ગુણ તથા એક ચરણસિત્તરિ અને કરણસિત્તરિ એ બે મળી પચ્ચીસ ગુણ.

સાધુ—સર્વવિરતિ રૂપ ચારિત્ર લઈ આચાર્ય તથા ઉપાધ્યાયની આજ્ઞામાં વર્તનારા એવા સત્તાવીસ ગુણે કરી સહિત સાધુને પાંચમો નમસ્કાર. તેમના સત્તાવીસ ગુણ નીચે પ્રમાણે—પાંચ મહાવ્રત તથા રાત્રિભોજન ત્યાગ એ ૬, તથા છકાયના રક્ષક એ ૬ તથા પાંચ ઇંદ્રિય અને છઠ્ઠો લોભ તેનો નિગ્રહ એ ૬ એમ ૧૮ ૧૯ ક્ષમા, ૨૦ ભાવ વિશુદ્ધ, ૨૧ પડિલેહણ, ૨૨ સંયમ, ૨૩ અવિવેકનો ત્યાગ, ૨૪ વિકથાનો ત્યાગ, ૨૫ મન વચન કાયાના અશુભ વેપારનો ત્યાગ, ૨૬ બાવીસ પરિસહ સહન કરે, ૨૭ મરણાંત ઉપસર્ગે પણ ધર્મ મૂકે નહી એ સત્તાવીસ. એ રીતે પંચ પરમેષ્ઠિના સર્વે મળી ૧૦૮ ગુણ થયા તે રૂપ મહામંત્ર નવકાર છે, અને તેની નોકારવાળી ગણાય છે.

અથ પંચિંદિય.

પંચિંદિય–પાંચઇંદ્રિયો	નવવિહુ–નવ પ્રકારે	ધરો–ધારણ કરનાર.
સંવરણો–રોકનાર	બંભચેર–શિયલવ્રતની	ચઉવિહુ–ચારે પ્રકારના કસાય–કષાય
તહુ–તથા	ગુત્તિ–ગુપ્તિ	મુક્કો–મુકાએલા

પંચિંદિય સંવરણો—પાંચ ઇંદ્રિયોના વિકારને રોકનાર.

તહુનવવિહ બંભચેર ગુત્તિધરો—તથા નવ પ્રકારની શિયળ વ્રતની ગુપ્તિને ધારણ કરનાર.

ચઉવિહુકસાયમુક્કો—ચાર પ્રકારના કષાયથી મુક્ત.

ઇઅઅટ્ઠારસગુણેહિંસંજુત્તો—એ અઢાર ગુણે કરી સહિત.

ફરસ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત. એ પાંચ ઇંદ્રિયોના જે ૨૩ વિષય છે તે વિષયોને રોકવા એ પાંચ ગુણ, તથા નવ પ્રકારની બ્રહ્મચર્ય વ્રતની ગુપ્તિને ધારણ કરવી તે નવ ગુણ તથા ક્રોધ, માન. માયા, લોભ એ ચાર કષાયને તજવા એ ચાર ગુણ એ અઢાર ગુણ થયા.

ફરસ ઇંદ્રિના વિષય ૮—હળવો, ભારે, લુખો, ચોપડો. ખરબચડો, સુંવાલો, ટાઢો અને ઉન્હો.

રસ ઇંદ્રિના વિષય ૫—મીઠો, ખાટો, કડવો, કષાયલો અને તીખો.

ઘ્રાણ ઇંદ્રિના વિષય ૨—સુરભિગંધ અને દુરભિગંધ

ચક્ષુ ઇંદ્રિના વિષય ૫—સફેદ, કાલો, પીલો, લીલો અને રાતો..

શ્રોતઇંદ્રિયના વિષય ૩—સચિત્ત, અચિત્ત અને મિશ્ર.

શિયળવ્રતની નવવાડો.

૧ સ્ત્રી, પશુ અને નપુંસક થકી રહિત એવા સ્થાનકમાં વસે
૨ સ્ત્રીની સાથે સરાગપણે કથા વાર્તા કરે નહીં
૩ સ્ત્રી બેઠી હોય તે આસને પુરૂષ બે ઘડી સુધી બેસે નહીં અને પુરૂષ બેઠો હોય તે આસને સ્ત્રી ત્રણ પહોર સુધી બેસે નહીં
૪ સ્ત્રીનાં અંગોપાંગ સરાગપણે જુવે નહીં
૫ જ્યાં સ્ત્રી પુરૂષ સુતાં હોય તથા કામ ક્રિડા વિષે વાતો કરતાં હોય ત્યાં ભીંત પ્રમુખના આંતરે રહે નહીં
૬ પૂર્વે પોતે સ્ત્રી સાથે ભોગવેલાં સુખ સંભારે નહીં
૭ સરસ સ્નિગ્ધ આહાર કરે નહીં કેમકે તેથી વિકાર જાગે
૮ નિરસ એવો પણ આહાર અધિક લે નહીં.
૯ શરીરની શોભા વિભુષા ન કરે.

પંચમહવ્વય–પાંચમહાવ્રત	**પાલણ**–પાલવાને	**છત્તીસ**–છત્રીસ
જુત્તો–યુક્ત	**સમથ્થો**–સમર્થ	**ગુણો**–ગુણવાલા
પંચવિહાયાર–પાંચ પ્રકારના આચાર	**પંચસમિઓ**–પાંચસમિતિ	**ગુરૂ**–ગુરૂ
	તિગુત્તો–ત્રણગુપ્તિવાળા	**મજ્જ**–મારા

પંચ મહવ્વય જુત્તો–પાંચ મહાવ્રત સહિત
પંચવિહાયાર પાલણસમથ્થો–પાંચ પ્રકારના આચાર પાલવાને સમર્થ
પંચ સમિઓ તિગુત્તો–પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિવાલા
છત્તીસ ગુણો ગુરૂમજ્જ—એ છત્રીસ ગુણવાલા મારા ગુરૂ છે
પેહલી ગાથામાં અઢાર ગુણ કહ્યા, હવે બીજા અઢાર ગુણ કહે છે
પાંચમહાવ્રત–૧ પ્રાણાતિપાત વિરમણ એટલે જીવહિંસા ન કરવી, ૨ મૃ-

પાવાદ વિરમણ એટલે જુઠું ન બોલવું, ૩ અદત્તાદાન વિરમણ એટલે ચોરી ન કરવી, ૪ મૈથુન વિરમણ એટલે શિયળ પાળવું, ૫-પરિગ્રહ વિરમણ એટલે ધન ધાન્યાદિ પરિગ્રહ ન રાખવો એ પાંચ ગુણ.

પાંચ પ્રકારના આચાર-૧ જ્ઞાનાચાર એટલે જ્ઞાનનો વિનય, ૨ દર્શનાચાર એટલે જૈન દર્શનનો વિનય, ૩ ચારિત્રાચાર એટલે શુદ્ધ ચારિત્ર પાળવું, ૪ તપાચાર એટલે બારેભેદે તપ કરવું, ૫ વીર્યાચાર એટલે શક્તિ પ્રમાણે ધર્મમાં પ્રવર્તવું. એ પાંચ ગુણ.

પાંચ સમિતિ—૧ ઈર્યાસમિતિ એટલે રસ્તામાં જોઈને ચાલવું. ૨ ભાષા સમિતિ એટલે સાવદ્ય વચન ન બોલવું. ૩ એષણા સમિતિ એટલે બેતાલીસ દોષ રહિત આહાર પાણી લેવાં, ૪ આદાન ભંડમત્તનિખ્ખેવણા સમિતિ એટલે પાત્ર ઉપગરણ પ્રમુખ પુંજીને મુકવાં વાપરવાં, ૫ પારિષ્ઠાપનિકાસમિતિ એટલે ઠલ્લો માતૃ પ્રમુખ પુંજીને પરઠવવું.

ત્રણ ગુપ્તિ—૧ મનગુપ્તિ એટલે આર્ત્ત રૌદ્રધ્યાનથી મનને પાછું વાળે, ૨ વચનગુપ્તિ એટલે શાસ્ત્રાનુસારે મુખે મુહપત્તિ રાખી સાવદ્યવચન ન બોલવું, ૩ કાયગુપ્તિ એટલે કાયાને અજયણાએ ન પ્રવર્ત્તાવવી તે.

એ રીતે આચાર્યના છત્રીસ ગુણનું વર્ણન કર્યું.

ખમાસમણ,

ઇચ્છામિ-હું ઇચ્છુંછું	**વંદિઉં**-વાંદવાને	**નિસિહિઆએ**-પાપરહિત શરીરવડે.
ખમાસમણો-ક્ષમાવંત સાધુ	**જાવણિજાએ**-શક્તિ સહિત	**મથ્થએણ**-મસ્તકવડે
		વંદામિ-વાંદું છું

ઇચ્છામિ ખમાસમણો વંદિઉં-ક્ષમાવંત એવા હે સાધુજી હુંવાંદવાનેઇચ્છુંછું.
જાવણિજ્જાએ નિસીહિઆએ—શક્તિ સહિત એવા પાપરહિત શરીરવડે

મત્થએણવંદામિ—મસ્તકવડે વાંદુ છું.

"મત્થએણવંદામિ" કહેતી વખતે બે ઢીંચણ બે હાથ અને કપાલ એ પાંચ અંગ ભુમિએ લગાડી વંદન કરે.

अथ सुगुरुने सुखशाता पृच्छा.

ઇચ્છકાર—ઇચ્છાએકરી	**શરીર**—શરીર	**નિર્વહોછોજી**—નિભાવો
સુહરાઇ—સુખેરાત્રિ	**નિરાબાધ**—રોગરહિતપણું	**સ્વામી**—સ્વામી [છોજી
સુહદેવસિ—સુખેદિવસ	**સંજમજાત્રા**—ચારિત્રરૂપ યાત્રા	**શાતા**—સુખ
સુખતપ—સુખેકરી તપ		**ભાતપાણી**-આહારપાણી

ઇચ્છકારસુહરાઇ સુહદેવસિ—ઇચ્છાએ કરી સુખે રાત્રિ, સુખે દિવસ

સુખ તપ શરીર નિરાબાધ—સુખે કરીને તપમાં શરીરે રોગ રહિતપણામાં

સુખસંજમ જાત્રા નિર્વહોછોજી—સુખે કરીને સંયમ રૂપ યાત્રામાં પ્રવર્તોછોજી.

સ્વામી શાતાછેજી—હે સ્વામી આપ સુખશાતામાં છો.

ભાતપાણીનો લાભ દેજોજી—આહાર પાણી વોહોરવા પધારશોજી

આ પાઠ ગુરૂને વંદન કરતી વખતે બોલવાનો છે.

હવે રસ્તે ચાલતાં અજાણપણે લાગેલા પાપથી શુદ્ધ થવાને ઇરિયાવહિનો પાઠ કહેવામાં આવે છે.

अथ इरियावहियं.

ઇચ્છાકારેણ—ઇચ્છાએ કરી	લતાં લાગેલા પાપથી	**ઇરિયાવહિયાએ**—માર્ગમાં ચાલતાં
સંદિસહ ભગવન્—હે ભગવંત ?આદેશ આપો	**પડિક્કમામિ**—પાછો વળુંછું	**વિરાહણાએ**—વિરાધનાથી
ઇરિયાવહિયં—રસ્તેચા-	**ઇચ્છં**—પ્રમાણ	**ગમણાગમણે**—જતાં આવતાં
	ઇચ્છામિપડિક્કમિઉં—પડિક્કમવાને ઇચ્છું છું	

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્–ઇચ્છાએ કરી હે ભગવંત આદેશ આપો
ઇરિયાવહિયં પડિક્કમામિ—માર્ગમાં ચાલતાં જે પાપ લાગ્યું હોય તેથી પાછો વળું છું. (પડિક્કમુંછું) ત્યારે ગુરૂ કહે કે પડિક્કમહ.
ઇચ્છં ઇચ્છામિ પડિક્કમિઉં ॥૧॥–(શિષ્ય કહે) પ્રમાણ પડિક્કમવાને ઇચ્છુંછું
ઇરિયા વહિયાએવિરાહણાએ ॥૨॥—રસ્તે ચાલતાં જે જીવની વિરાધના થઈ હોય.

ગમણાગમણે ॥૩॥—જતાં આવતાં (કાંઇ વિરાધના થઇ હોય)

પાણક્કમણે—પ્રાણઅથવા ત્રસજીવ ચાંપવે	**ઓસા**–ઠારનું પાણી	**મટ્ટી**—માટી
બીયક્કમણે–બીજચાંપવે	**ઉત્તિંગ**–કીડીઆરૂં	**દગમટ્ટી**—કાદવ
હરિયક્કમણે–લીલી વનસ્પતિ ચાંપવે	**પણગ**–પાંચ વર્ણની સેવાલ	**મક્કડા**-કરોલિયાનાં પડ
		સંતાણા—જાલ
	દગ—પાણી	**સંકમણે**—ચાંપવે

પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે—(ત્રસજીવ) ચાંપવે, બીજ ચાંપવે લીલી વનસ્પતિ ચાંપવે.
ઓસાઉત્તિંગ—ઠારનું (ઝાકળનું) પાણી તથા કીડીઆરૂં (કીડીઓનાં દર).
પણગદગ—પાંચ વર્ણની સેવાલ કાચું પાણી
મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ॥૪॥—માટી કરોળીઆની જાળ એસરવે ચાંપવાથી.

જેમે—જે મેં	**એગિંદિયા**–એકેંદ્રિવાળા	**ચઉરિંદિયા**–ચાર ઇંદ્રિવાળા
જીવા—જીવ	**બેઇંદિયા**–બે ઇંદ્રિવાળા	
વિરાહિયા–વિરાધ્યાહોય	**તેઇંદિયા**–ત્રણ ઇંદ્રિવાળા	**પંચિંદિયા**-પાંચ ઇંદ્રિવાળા

જેમે જીવા વિરાહિયા ॥૪॥—જે કોઇ જીવો મે વિરાધ્યા હોય. (કયા કયા ? તે કહે છે.)

એગિંદિયા—એક ઇંદ્રિવાળા તે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો, વનસ્પતિ વિગેરે.
બેઇંદિયા—બે ઇંદ્રિવાળા તે શંખ, પોરા, કીડા, અળસીયાં વિગેરે.
તેઇંદિયા—ત્રણ ઇંદ્રિવાળા તે માંકણ, કીડી, મંકોડા, જુ, કંથુઆ વિગેરે.
ચઉરિંદિયા—ચાર ઇંદ્રિવાળા તે વીંછી, માખી, ભમરા, કુદા વિગેરે,
પંચિંદિયા ॥૬॥—પાંચ ઇંદ્રિવાળા તે મનુષ્ય તિર્યંચ વિગેરે.

અભિહયા-સામા આવતા હણ્યા હોય	**સંઘટ્ટિઆ**-પીડાકરી	**સંકામિયા**-મૂકયા
વત્તિયા-ધુળવડે ઢાંકયા	**પરિયાવિયા**-દુખીકર્યા	**જીવિયાઓ**-આવખાથી
લેસિયા-ભોંયસાથેઘસ્યા	**કિલામિયા**-થકવ્યા	**વવરોવિયા**-ચૂકાવ્યા
સંઘાઈયા-શરીરે શરીર મેળવ્યાં	**ઉદ્દવિયા**-ત્રાસ પમાડયા	**તસ્સ**-તેનું
	ઠાણાઓઠાણું-એક ઠેકાણેથી બીજે ઠેકાણે	**મિચ્છામિ**-મિથ્યાથાઓ
		દુક્કડં-પાપ

અભિહયા, વત્તિયા—સામા આવતા હણ્યા, ધુળે કરીને ઢાંકયા હોય
લેસિયા, સંઘાઈયા—ભૂમિ સાથે ઘસ્યા હોય, શરીરે શરીર મેળવ્યા હોય.
સંઘટ્ટિયા પરિયાવિયા—પીડા કરી હોય, પરિતાપ ઉપજાવ્યા હોય.
કિલામિયા ઉદ્દવિયા—થકવીને મુડદાલ કીધા હોય, ત્રાસ પમાડયા હોય.
ઠાણાઓઠાણું સંકામિય—એક ઠેકાણેથી બીજે ઠેકાણે મૂકયા હોય.
જીવિયાઓ વવરોવિયા—આવખાથકી ચુકાવ્યા હોય.
તસ્સમિચ્છામિદુક્કડં ॥૭॥—તે મારાં પાપ મિથ્યાથાઓ.

ઇરિયાવહી સુત્રથી સર્વ સંસારી જીવને મિચ્છામિ દુક્કડં દેવામાં આવે છે. એ ઇરિયાવહીને સમ્યક્ પ્રકારે મન વચન અને કાયાથી ત્રિકરણ શુદ્ધે પડિક્કમતાં મિચ્છામિ દુક્કડં દેનારને ક્ષણિકમાં અઇમુત્તા કુમાર તથા મૃગાવતીની પેરે સર્વ કર્મનો ક્ષય થાય.

તીહાં સર્વ મળીને પાંચસેં ત્રેસઠ જાતિના જીવો છે, તેની સાથે મિ-

ચ્છામિદુક્કડં દઇએ તે વારે અઢાર લાખ ચોવીસ હજાર એકસો ને વીસ મિચ્છામિદુક્કડં દેવાય તે આવી રીતે.

જીવના પાંચસે ત્રેંસઠ ભેદનું વર્ણન આ પુસ્તકના પા. માં આપેલું છે. ત્યાંથી જોઇ લેવું. એ **૫૬૩** ભેદ **અભિહયાથી જીવિયાઓવવરોવિયા** સુધી દશ પદ વડે દશ ગુણા કરતાં **૫૬૩૦** તેને રાગ અને દ્વેષવડે બમણા કરતાં **૧૧૨૬૦** થાય, તેને મનવચન અને કાયાયે કરી ત્રણ ગુણા કરતાં **૩૩૭૮૦** થાય. તેને કરવા કરાવવા તથા અનુમોદવાથી ત્રણ ગુણા કરતાં **૧૦૧૩૪૦** થાય તેને અતિત અનાગત અને વર્તમાન એ ત્રણે કાલે ત્રણ ગુણા કરતાં **૩૦૪૦૨૦** થાય, તેને અરિહંતની સાખે, સિદ્ધની સાખે; સાધુની સાખે, દેવની સાખે, ગુરૂની સાખે, તથા આત્માની સાખે એ ૬ ની સાખે છ ગુણા કરતાં **૧૮૨૪૧૨૦** મિચ્છામિ દુક્કડં દેવાય એવી રીતે જીવને ખમત ખામણાં દીજે એ ઇરિયાવહી પડિક્કમતાં શુભધ્યાને કરી અનેક ઘોર પાપ વિલય થાય.

તેની વિશેષ શુદ્ધિને માટે તસ્સ ઉત્તરી કહેવામાં આવે છે.

अथ तस्सउत्तरी.

તસ્સ–તે પાપને	**વિસોહી**–વધારે શોધવું	**નિગ્ઘાયણટ્ઠાએ**–ટાળવાને અર્થે.
ઉત્તરી–વિશેષ શુદ્ધ	**વિસલ્લી**–શલ્યરહિત	
કરણેણં–કરવે	**પાવાણં**–પાપોને	**ઠામિ**–રહું છું
પાયચ્છિત્ત–આલોયણનું તપ.	**કમ્માણં**–કર્મોને	**કાઉસ્સગ્ગં**–કાઉસ્સગ્ગમાં

તસ્સઉત્તરી કરણેણં—તે પાપને વિશેષે શુદ્ધ કરવાને.
પાયચ્છિત્ત કરણેણં—તે પાપને છેદ કરવાને (આલોયણનું તપ કરવે)
વિસોહી કરણેણં—આત્માને વધારે શોધવે કરીને.

વિસલ્લી કરણેણું—આત્માને (માયા, નિયાણ અને મિથ્યાત્વ)એ ત્રણ શલ્યથી રહિત કરવાને,

પાવાણંકમ્માણં નિગ્ઘાયણઠ્ઠાએ—એ પાપકર્મોને ટાળવાને અર્થે.

ઠામિ કાઉસ્સગ્ગં—કાઉસ્સગ્ગમાં રહું છું.

अन्नत्थ उससिएणं.

કાઉસ્સગ્ગમાં આગાર રાખવા માટે આ સૂત્ર કહેવામાં આવે છે.

અન્નત્થ-અન્યત્ર, બીજે ઠેકાણે.	**ખાસિએણં**-ખાંસીવડે	**વાયનિસગ્ગેણં**-વાગં-ચરવાવડે
ઉસસિએણં-ઉંચ શ્વાસવડે	**છીએણં**-છીંકવડે	**ભમલીએ**-તમ્મરઆવે
નીસસિએણં-નીચા શ્વાસવડે	**જંભાઇએણં**-બગાસા વડે.	**પિત્તમુચ્છાએ**-પિત્તના ઉછાળે કરી
	ઉડ્ડુએણં-ઓડકારવડે.	

અન્નથ્થ—(નીચે જે આગારો કહેવાશે તે શિવાય) બીજે ઠેકાણે કાયાને પ્રવર્ત્તાવવાથી કાઉસ્સગ્ગ ભાગે.

ઉસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં.—ઉંચોશ્વાસ લેવે. નીચો શ્વાસ મુકવે, ઉધરસ આવે, છીંક આવે.

જંભાઇએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં—બગાસું આવે, ઓડકાર આવે, વા સરવે કરીને.

ભમલિએ પિત્તમુચ્છાએ ॥૧॥—તમ્મર આવે પિત્તના ઉછાળે કરી.

સુહુમેહિં-સૂક્ષ્મ રીતે	**સંચાલેહિં**-સંચારવડે	**દિટ્ઠિ**-દષ્ટિ
અંગ-શરીર	**ખેલ**-કફ, થુંક	

સુહુમેહિં અંગસંચાલેહિં—સુક્ષ્મ રીતે શરીર હાલવે કરી.
સુહુમેહિં ખેલસંચાલેહિં—સૂક્ષ્મ રીતે કફ અથવા થુંક ગળવે કરી.
સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં—સૂક્ષ્મ રીતે દૃષ્ટિ સંચારવે કરી.

એવં—એ પ્રકારે	**અભગ્ગો**—અખંડિત	**હુજ્જ**—હોજો
આઇએહિં—ઇત્યાદિલેઇને	**અવિરાહિઓ**—અવિરાધિત	**મે**—મારો
આગારેહિં—આગારોવડે		**કાઉસ્સગ્ગો**—કાઉસ્સગ્ગ.

એવમાઇએહિં આગારેહિં—એ પ્રકારે બીજા પણ આગારોવડે.

અભગ્ગો, અવિરાહિઓ—અખંડિત અને અવિરાધિત (સંપૂર્ણ)

હુજ્જમે કાઉસ્સગ્ગો ॥ ૩ ॥ મારો કાઉસ્સગ્ગ હોજો.

અહીંઆં બીજા આગારો કયા લેવા તે કહે છે—વીજલીનું અથવા દીવાનું અજવાળું આવતાં ઓઢવાને વસ્ત્ર લેવાથી, ઉંદર બિલાડી આડી થવાથી આઘાપાછા થવું પડવાથી ચોર અથવા રાજાના ભયથી આઘાપાછા થતાં, અગ્નિ લાગતાં, ભીંત પડવાથી, સર્પ ડંસ મારે તેથી આઘાપાછા થતાં, કાઉસ્સગ્ગ પારતાં થોડી વિરાધના થતાં કાઉસ્સગ્ગ ભાગે નહીં.

જાવ—જ્યાં સુધી	**નપારેમિ**—નાપારૂં	**મોણેણં**—મોનવડે
અરિહંતાણં—અરિહંતોને	**તાવ**—ત્યાં સુધી	**ઝાણેણં**—ધ્યાનવડે
ભગવંતાણં—ભગવંતોને	**કાયં**—કાયાને	**અપ્પાણં**—મારી કાયાને
નમુક્કારેણં—નમસ્કારવડે	**ઠાણેણં**—સ્થાનકવડે	**વોસિરામિ**—વોસિરાવુંછું (તજું છું.)

જાવ અરિહંતાણં ભગવંતાણં—જ્યાં સુધી આરહંત ભગવંતોને.

નમુક્કારેણં નપારેમિ ॥ ૪ ॥—નમસ્કારવડે ન પારૂં.

તાવકાયં—ત્યાં સુધી મારી કાયાને.

ઠાણેણં મોણેણં ઝાણેણં—સ્થાનવડે, મૌનવડે, ધ્યાનવડે.

અપ્પાણં વોસિરામિ ॥ ૫ ॥—મારી કાયાને (આત્માને વોસિરાવું છું.

અહીંઆં પચ્ચીસ શ્વાસોશ્વાસનો કાઉસ્સગ્ગ કરવાનો છે, અને પચીસ શ્વાસોશ્વાસ લોગસ્સનાં પચીસ પદ પુરા થાય માટે કાઉસ્સગ્ગ " ચંદેસુ નિમ્મલયરા " સુધી કરવામાં આવે છે.

अथ लोगरस.

ચોવીસ તીર્થંકરોની સ્તુતિને માટે લોગસ્સ કહેવામાં આવે છે.

લોગસ્સ—લોકને વિષે.	તીર્થના કરનાર	**ચઉવીસંપિ**—ચોવીસે પણ
ઉજ્જોઅગરે—ઉદ્યોતના કરનાર	**જીણે**—રાગદ્વેષ જીતનાર	**કેવલી**—કેવલજ્ઞાની
ધમ્મતિત્થયરે-ધર્મ	**અરિહંતે**—અરિહંતની	
	કિત્તઇસ્સં—સ્તુતિ કરીશ	

લોગસ્સ ઉજ્જોઅગરે—લોકને વિષે (કેવળજ્ઞાને કરી) ઉદ્યોતના કરનાર **ધમ્મતિત્થયરેજીણે**—ધર્મ તીર્થના કરનાર અને રાગદ્વેષના જીતનાર એવા **અરિહંતે કિત્તઇસ્સં**—અરિહંત ભગવાનની હું સ્તુતિ કરીશ.

ચઉવીસંપિ કેવલી ॥ ૧ ॥ એ ચોવીસ કેવલજ્ઞાની છે તેમને તથા બીજા પણ તીર્થકરોને.

ઉસભ—ઋષભદેવને	**અભિણંદણં**—અભિનંદન સ્વામીને	**સુપાસં**—સુપાર્શ્વનાથયે
અજિઅં- અજિતનાથને		**જિણં**—જિનેશ્વરને
ચ—વળી	**સુમઇંચ**—સુમતિનાથને	**ચંદપ્પહં**—ચંદ્રપ્રભુને
વંદે—વાંદુ છું		
સંભવ—સંભવનાથને	**પઉપ્પહં**—પદ્મપ્રભુને	**વંદે**—વાંદુછું

ઉસભમજિઅંચ વંદે—ઋષભદેવ તથા અજીતનાથને વાંદુ છું
સંભવ મભિણંદણંચ સુમઇંચિ—સંભવનાથ, તથા અભિનંદન સ્વામી તથા સુમતિનાથ પ્રત્યે વલી.

પઉમપ્પહં સુપાસં—પદ્મપ્રભુ તથા સુપાર્શ્વનાથને
જિણંચચંદપ્પહંવંદે ॥૨॥—રાગદ્વેષના જીતનાર એવા ચંદ્ર પ્રભુને વાંદુ છું.

સુવિહિં—સુવિધિનાથને	**વાસુપૂજ્જંચ**—વાસુપૂજ્ય સ્વામીને	**ધમ્મં**—ધર્મનાથને
પુપ્ફદંતં—પુષ્પદંતને		**સંતિંચ**—શાંતિનાથને
સિઅલ—શીતળનાથને	**વિમલ**—વિમલનાથને	**વંદામિ**—વાંદુ છું.
સિજ્જંસ—શ્રેયાંસનાથને	**અણંતં**—અનંતનાથને	

સુવિહિંચપુપ્ફદંતં—સુવિધિનાથને અથવા પુષ્પદંતને (એ બે નામ નવમાનાં છે.)
સિઅલસિજ્જંસ વાસુપૂજ્જંચ—શીતલનાથ, શ્રેયાંસનાથ તથા વાસુપૂજ્ય સ્વામી પ્રત્યે વલી.

વિમલ મણંતંચ જિણં—વિમલનાથ અનંતનાથ જે કર્મશત્રુના જીતનાર છે.
ધમ્મં સંતિંચ વંદામિ ॥ ૩ ॥—ધર્મનાથ તથા શાંતિનાથને વાંદુ છું.

કુંથું—કુંથુનાથને	સ્વામીને	**તહ**—તથા, તેમજ
અરં—અરનાથને	**નમિજિણં**—નમિજિનને	
મલ્લિ—મલ્લિનાથને	**વંદામિ**—વાંદુ છું	**વદ્ધમાણંચ**—વર્ધમાન સ્વામીને
વંદે—વાંદુ છું	**રિટ્ઠનેમિં**—અરિષ્ટનેમિને	
મુણિસુવ્વયં—મુનિસુવ્રત	**પાસં**—પાર્શ્વનાથને	

કુંથું અરંચ મલ્લિ—કુંથુનાથ, અરનાથ તથા મલ્લિનાથને
વંદે મુણિ સુવ્વયં નમિજિણંચ—મુનિસુવ્રત સ્વામીને તથા નમિનાથને વાંદુ છું.

વંદામિ રિટ્ઠનેમિં—અરિષ્ટનેમિ (નેમનાથને) વાંદુ છું.

પાસં તહ વદ્ધમાણં ચ ॥ ૪ ॥—પાર્શ્વનાથ તેમજ વર્દ્ધમાન સ્વામીને

એવં-એ પ્રકારે	**પહીણ**-અતિ ક્ષયકર્યા	**જિણવરા**-જિનવરો
મએ-મારેજીવે	**જર**-જરા, ઘડપણ	**તિત્થયરા**-તીર્થંકરો
અભિથુઆ-સ્તવ્યા	**મરણા**-મરણ	**મે**-મ્હારા ઉપર
વિહુય-ટાળ્યા	**ચઉવીસંપિ**-ચોવીસે પણ	**પસિયંતુ**-પ્રસન્ન થાઓ
રયમલા-રજ અને મેલ		

એવં મએ અભિથુઆ—એ પ્રકારે મારે જીવે સ્તવ્યા

વિહુય રયમલા પહીણ જરમરણા-(એ તીર્થંકરો કેવા છે ? તો કે) જેમણે કર્મરૂપ રજ અને મેલ ટાળ્યા છે, તથા જેમણે ઘડપણ અને મરણ ક્ષય કર્યા છે,

ચઉવીસંપિ જિણવરા-એ ચોવીસે જિનવરો (તથા બીજા પણ તીર્થંકરો)

તિત્થયરામે પસિયંતુ ॥ ૫ ॥—તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ.

કિત્તિય—સ્તવ્યા	**ઉત્તમા**—ઉત્તમ	**સમાહિ**—સમાધિ
વંદિય—વાંદ્યા	**સિદ્ધા**—સિદ્ધ થયા છે.	**વરમુત્તમં**—ઉત્તમ અને શ્રેષ્ઠ
મહિયા—પૂજ્યા	**આરુગ્ગ**-રોગરહિતપણું	**દિંતુ**—આપો
જેએ—જેએ	**બોહિ**-બોધિ બીજનો	
લોગસ્સ—લોકને વિષે	**લાભં**—લાભ	

કિત્તિય વંદિય મહિયા—સ્તવ્યા, વાંદ્યા અને પૂજ્યા

જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા-એવા જે લોકને વિષે ઉત્તમ સિદ્ધ થયા છે તે

આરુગ્ગ બોહિલાભં—રોગરહિતપણું અને બોધિ બીજનો લાભ

સમાહિવર મુત્તમં દિંતુ ॥ ૬ ॥-ઉત્તમ અને પ્રધાન એવી સમાધિ (ચિત્તની સ્થિરતા) આપો

ચંદેસુ–ચંદ્રથકી	**પયાસયરા**–પ્રકાશકરનાર	**સિદ્ધિ**–મોક્ષ
નિમ્મલયરા–ઘણાનિર્મલ	**સાગરવર**–સમુદ્રની પેઠે	**મમ**–મને
આઇચ્ચેસુ–આદિત્યથી	**ગંભીરા**–ગંભીર	**દિસંતુ**–આપો
અહિયં–અધિક વધારે	**સિદ્ધા**–સિદ્ધો	

ચંદેસુ નિમ્મલયરા–ચંદ્રમા થકી ઘણાજ નિર્મલ
આઇચ્ચેસુ અહિયંપયાસયરા—સૂર્યથી વધારે પ્રકાશના કરનાર
સાગરવર ગંભીરા–સમુદ્રની પેઠે ગંભીર
સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥ ૭ ॥ એવા હે સિદ્ધો મને સિદ્ધિ આપો.

કરેમિ–હું કરૂં છું,	**પજ્જુવાસામિ**–સેવું	**તસ્સ**–તે પ્રત્યે
ભંતે–હે ભગવંત	**દુવિહં**–બે પ્રકારે	**પડિક્કમામિ**–પડિક્કમું છું
સામાઇયં–સામાયિક	**તિવિહેણં**–ત્રણ પ્રકારે-	**નિંદામિ**–હૂંનિંદુ છું
સાવજ્જં–પાપવાળા	**મણેણં**–મને કરી [કરી	**ગરિહામિ**–ગુરૂની સા-
જોગં–યોગને, વેપારને	**વાયાએ**–વચને કરી	ક્ષીએ નિંદુ છું
પચ્ચક્ખામિ–ત્યાગ-	**કાએણં**–કાયાએ કરી	**અપ્પાણં**–મારા આ-
જાવ–જ્યાંસુધી [કરૂંછું.	**નકરેમિ**–ન કરૂં	ત્માને
નિયમં–નિયમને	**નકારવેમિ**–ન કરાવું	**વોસિરામિ**–વોસિરાવુંછું

કરેમિભંતે સામાઇયં–હે ભગવંત ! હું (સમતારૂપ સાંમાયક કરૂં છું
સાવજ્જં જોગંપચ્ચક્ખામિ–સાવદ્ય(પાપવાળા)વેપારનેત્યાગકરૂંછું(ક્યાંસુધી?
જાવનિયમં પજ્જુવાસામિ–જ્યાંસુધી(સાંમાયકવ્રતના)નિયમને સેવું (ત્યાં સુધી
દુવિહંતિવિહેણં–બેપ્રકારે (કરવા કરાવવારૂપ) તથા ત્રણ પ્રકારે તે
મણેણં, વાયાએ, કાએણં–મન, વચન અને કાયાએ કરી
નકરેમિ નકારવેમિ–ન કરૂં તથા ન કરાવું
તસ્સભંતે પડિક્કમામિ–તે (સાવદ્ય પાપથી) હે ભગવંત હું પડિક્કમું છું.
નિંદામિગરિહામિ–નિંદુ છું તથા ગુરૂ સાખે ગર્હું છું (નિંદુ છું)

અપ્પાણં વોસિરામિ-વળી તેથી મારી કાયાને (આત્માને) વોસિરાવું છું.

અથ સામાइय વયजुत्तो.

સામાઇય-સામાયક	**હોઈ**—હોય	**અસુહં**—અશુભ
વયજુત્તો-વ્રતયુક્ત	**નિયમ**—નિયમે કરીને	**કમ્મં**—કર્મને
જાવ-જ્યાંસુધી	**સંજુત્તો**—સહિત	**જત્તિઆવારા**—જેટલીવાર
મણે-મન	**છિન્નઇ**—છેદે	

સામાઇય વયજુત્તો—સામાયકના વ્રતે કરીને યુક્ત

જાવમણેહોઇ નિયમસંજુત્તો-જ્યાંલગી મન નિયમેકરી સહિત હોય ત્યાં સુધી

છિન્નઈ અસુહં કમ્મં-અશુભ કર્મને છેદે

સામાઇય જત્તિઆવારા ॥૧॥—જેટલીવાર સામાયક કરે તેટલીવાર

સામાઇયંમિ-સામાયકમાં	**સાવઓ**—શ્રાવક	**કારણેણં**-કારણે કરીને
એ—કય છતે	**હુવઇ**—હોય	**બહુસો**-ઘણીવાર
સમણોઇવ-સાધુની પેઠે	**જમ્હા**—જે માટે	**સામાઇયં**-સામાયક
	એએણ-એ, એણે	**કુજ્જા**-કરવાં જોઇએ

સામાઇયંમિઉકએ—(જે માટે) સામાયિક (કર્યે છતે) કરતી વખતે

સમણોઇવ સાવઓ હુવઈ જમ્હા-શ્રાવકસાધુની પેરે (સમાન) હોય (તેમાટે)

એએણ કારણેણં-એ કારણે કરીને

બહુસો સામાઇયં કુજ્જા ॥ ૨ ॥—ઘણીવાર સામાયક કરવાં જોઇએ.

સામાયિક વિધિ લીધું, વિધિ પાર્યું, વિધિ કરતાં જે કોઇ અવિધિ હુઓ હોય તે સવિહું મન વચન કાયાએ કરી મિચ્છામિ દુક્કડં ॥ દશ મનના, દશ વચનના, બાર કાયાના એવં બત્રીશ દોષમાં જે કાંઇ દોષ લાગ્યો હોય તે સાવ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં ॥

सामायक लेवानो विधि.

પ્રથમ શુદ્ધ વસ્ત્ર પહેરી ઊંચે આસને પુસ્તક પ્રમુખ મુકીને શ્રાવક શ્રાવિકા કટાસણું મુહપતિ ચરવલો લઇ, જગ્યા પુંજી કટાસણા ઉપર બેશી, મુહપત્તિ ડાબા હાથમાં મુખ પાસે રાખી જમણો હાથ સ્થાપના સનમુખ રાખી એક નવકાર ગણી પંચિંદિયનો પાઠ કહેવો. પછી ખમાસમણ દઇ ઇરિયાવહી, તસ્સઉત્તરી અન્નથ્થ ઉસસિએણં કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ કરવો, તે પારીને પ્રગટ લોગસ્સ કહેવો પછી ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયક મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં. એમ કહી મુહપત્તિ તથા અંગની પડિલેહણના પચાશ બોલ કહી મુહપતિ પડિલેહીએ. પછી ખમાસમણ દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયક સંદિસાહું ? ઇચ્છં. કહી પાછું ખમાસમણ દેઇ ઇચ્છા૦ સામાયક ઠાઊં ? ઇચ્છં. એમ કહી બે હાથ જોડી એક નવકાર ગણી ઇચ્છકારી ભગવન્ પસાય કરી સામાયક દંડક ઉચ્ચરાવોજી. તે વારે વડીલ કરેમિભંતે કહે. વડીલ ન હોય તો પોતાની મેળે કહેવો. પછી ખમાસમણ દેઇ ઇચ્છા૦ બેસણે સંદિસાહુ ? ઇચ્છં. પછી ખમાસમણ દેઇ ઇચ્છા૦ બેસણે ઠાઊં ? ઇચ્છં. પછી ખમાસમણ દેઇ ઇચ્છા૦ સજ્ઝાય સંદિસાહુ ? ઇચ્છં૦ પછી ખમાસમણ દેઇ ઇચ્છા૦ સજ્ઝાય કરૂં ॥ ઇચ્છં ॥ એમ કહી ત્રણ નવકાર ગણવા પછી બે ઘડી [અથવા ૪૮ મીનીટ] સજ્ઝાય ધર્મધ્યાન કરવું ॥ ઇતિ ॥

सामायक पारवानो विधि.

ખમાસમણ દઇ ઇરિયાવહી તસ્સઉત્તરી અન્નથ્થ કહી એક

લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસગ્ગ કરવો તે પારી પ્રગટ લોગસ્સ કહેવો પછી ખમાસમણ દઇ ઇચ્છા૦ મુહપત્તિ પડિલેહું. એમ કહી મુહપત્તિ પડિલેહીએ. પછી ખમાસમણ દઇ ઇચ્છા૦ સામાયક પારૂં ? યથાશકિત વળી ખમાસમણ દઇ ઇચ્છા. સામાયક પાર્યું ? તહત્તિ એમ કહી પછી જમણો હાથ ચરવળા અથવા કટાસણા ઉપર સ્થાપી એક નવકાર ગણી સામાઇય વયજુત્તો કહેવો. પછી જમણો હાથ સ્થાપના સન્મુખ સવળો રાખીને એક નવકાર ગણીને ઉઠી જવું. ॥ ઇતિ ॥

મહુપત્તિના પચીસ બોલ.

૧ સૂત્ર અર્થ તત્ત્વ કરી સદ્દહું. ૨ સમકિત મોહની, ૩ મિશ્ર મોહની, ૪ મિથ્યાત્વ મોહની પરિહરૂં, ૫ કામરાગ, ૬ સ્નેહરાગ, ૭ દૃષ્ટિરાગ પરિહરૂં, ૮ સુદેવ, ૯ સુગુરૂ, ૧૦ સુધર્મ આદરૂં, ૧૧ કુદેવ, ૧૨ કુગુરૂ, ૧૩ કુધર્મ પરિહરૂં, ૧૪ જ્ઞાન ૧૫ દર્શન ૧૬ ચારિત્ર આદરૂં, ૧૭ જ્ઞાન વિરાધના, ૧૮ દર્શન વિરાધના, ૧૯ ચારિત્ર વિરાધના પરિરૂં, ૨૦ મનગુપ્તિ, ૨૧ વચનગુપ્તિ. ૨૨ કાયગુપ્તિ આદરૂં, ૨૩ મનદંડ, ૨૪ વચનદંડ, ૨૫ કાયદંડ પરિહરૂં.

પચીસ બોલથી મહુપત્તિ પડિલેહવાની રીત,

પ્રથમ મુહપત્તિ ઉકેલીને બે છેડા બે હાથે પકડી પહેલે પાસે સૂત્ર અને બીજે પાસે અર્થ, તેનું તત્વ સમ્યક્ પ્રકારે હૃદયને વિષે ધરૂં એમ ચિંતવી બે પાસાં જોઈ લેવાં: ત્યારપછી જમણા હાથમાં પકડેલો છેડો ડાબા હાથ ઉપર નાંખી ડાબા હાથમાં પકડેલો છેડો જમણા હાથે પકડવો, એમ ફેરવી બે હાથે પકડી ડાબા હાથવાળો છેડો ૨-૩-૪ એ ત્રણ બોલથી નચાવવાની પેઠે હ-

*ગુરૂમહારાજના સ્થાપનાચાર્યજી હોય તો નવા સ્થાપવાની જરૂર નથી.

ખાવવા, તેજ પ્રમાણે જમણા હાથના છેડાના ૫-૬-૭ એ ત્રણ બોલથી પખોડા કરવા. પછી મુહપત્તિ ફેરવી એકેક પડથી વાળી ત્રણ વધુટક કરી જમણા હાથની ચાર આંગળીઓ વચ્ચે. ભરાવી ડાબા હાથની પસલી કરીને ૮-૯-૧૦ મા બોલથી ત્રણ અખોડા પસલી ભરવી, પછી મુહપત્તિ ઉંચી રાખી પસલી અવળી કરી હાથના તલાને મુહપત્તિન અડકે તેવી રીતે ૧૧-૧૨-૧૩ મા બોલથી ખંખેરી ત્રણ પખોડા કરવા. પછી ૧૪-૧૫-૧૬ મા બોલથી ત્રણ પ્રમાર્જના પસલીમાંહેથી ઘશી કાઢવી, પછી મુહપત્તિ ડાબા હાથમાં લઇ તેવીજ રીતે જમણા હાથને ત્રણ ત્રણ બોલથી અખોડા, પખોડા તથા પ્રમાર્જના કરવા. એમ પચીસ બોલથી મુહપત્તિ પડિલેહવી.

अंगना २५ बोल.

મુહપત્તિને વધુટકની પેરે ગ્રહણ કરીને નવ જગ્યાએ પચીસ બોલથી પ્રમાર્જના કરવી.

૧ હાસ્ય. ૨ રતિ, ૩ અરતિ પરિહરૂં—ડાબા હાથની ભુજાએ કોણીથી ઉપરના ભાગે ત્રણ

૪ ભય, ૫ શોક, ૬ દુગંછા પરિહરૂ—જમણા હાથની ભુજાએ ત્રણ

૭ કૃષ્ણલેશ્યા,૮નીલલેશ્યા.૯કાપોતલેશ્યાપરિહરૂં-મસ્તકે ત્રણ પ્રમાર્જના

૧૦રસ ગારવ૧૧ઋદ્ધિગારવ,૧૨શાતાગારવપરિહરૂં-મુખે ત્રણ પ્રમાર્જના

૧૩ માયાશલ્ય ૧૪નિયાણશલ્ય,૧૫મિથ્યાત્વશલ્ય પરિહરૂં-છાતીયેત્રણ

૧૬ક્રોધ, ૧૭ માનપરિહરૂં-ડાબા ખભાની ઉપર તથા નીચે પીઠનીબાજુએબે

૧૮ માયા. ૧૯લોભપરિહરૂં-જમણાખભાનીઉપરતથાનીચેપીઠની બાજુએબે

૨૦ પૃથ્વીકાય, ૨૧ અપકાય, ૨૨તેઉકાયની જયણા કરૂં-ડાબા પગે ઢીંચણથી નીચે ત્રણ

૨૩ વાઉકાય, ૨૪ વનસ્પતિકાય. ૨૫ ત્રસકાયની રક્ષા કરૂં-જમણા પગે ત્રણ પ્રમાર્જના

ઉપર કહેલા પચ્ચાસ બોલ સાધુ તથા શ્રાવકને કહેવાના છે. પરંતુ સ્ત્રીનું શરીર વસ્ત્રે કરી ઢાંકેલું હોય માટે એને શરીરની પચ્ચીસ પડિલેહણામાંથી મસ્તકપર ૩ લેશ્યાની, હૃદયપર ત્રણ શલ્યની, બે ખભા તથા બે પાસાની ચાર કષાયની એ દશ પડિલેહણા ન હોય એટલે ૧૫ અંગની તથા ૨૫ મુહપત્તિની મળી ચાલીસ પડિલેહણા હોય અને સાધ્વીને ઉઘાડે મસ્તકે ક્રિયા કરવાનો વ્યવહાર છે. માટે મસ્તકની ત્રણ પડિલેહણા હોય તેથી સાત વર્જવી.

सामायकना बत्रीस दोष.

દશ મનના—૧ વેરી દેખી રીસ કરે ૨ અવિવેક ચિંતવે, ૩ અર્થ નચિંતવે. ૪ મનમાં ઉદ્વેગ ધરે, ૫ યશની વાંચ્છા કરે. ૬ વિનય ન કરે, ૭ ભય ચિંતવે, ૮ વ્યાપાર ચિંતવે, ૯ ફળનો સંદેહ રાખે ૧૦ નિયાણું કરે.

દશ વચનના—૧ કુવચન બોલે, હુંકારા કરે, ૩ પાપ આદેશ દીએ, ૪ લવારો કરે, ૫ કલહ કરે, ૬ આવોજાઓ કહે, ૭ ગાળ બોલે, ૮ બાળક રમાડે, ૯ વિકથા કરે, ૧૦ હાંસી કરે.

બાર કાયાના—૧ આસન ચપળ, ૨ ચાર દિશાએ જુએ. ૩ સાવદ્ય કામ કરે, ૪ આળસ મરડે. ૫ અવિનયે બોલે, ૬ ઓઠું લઇ બેસે, ૭ મેલ ઉતારે, ૮ ખરજ ખણે, ૯ પગ ઉપર પગ ચડાવે, ૧૦ અંગ ઉઘાડું મૂકે, ૧૧ અંગ ઢાંકે, ૧૨ ઉંઘે.

अथ जंकिंचि.

જંકિંચિ-જે કાંઇ	**માણુસેલોએ**-મનુષ્ય લોકમાં	**તાઇં**—તે
નામતિત્થં-નામતીર્થ		**સવ્વાઇં**—સર્વેને
સગ્ગે-સ્વર્ગમાં	**જાઇં**—જે કોઈ	
પાયાલિ—પાતાલમાં	**જિણબિંબાઇં**;જિનબિંબ	**વંદામિ**—વાંદુછું.

જંકિંચિ નામતિત્થં—જે કોઇ નામ તીર્થ હોય

સગ્ગે પાયાલિ માણુસે લોએ—સ્વર્ગ, પાતાલ, અને મનુષ્ય લોકમાં

જાઇં જિણ બિંબાઇં—જે કોઇ જિનેશ્વર ભગવાનની પ્રતિમા હોય

તાઇં સવ્વાઇં વંદામિ ॥ ૧ ॥—તે સર્વ પ્રત્યે હું વાંદું છું.

अथ नमुथ्थुणं वा शक्रस्तव.

તીર્થંકરના જન્મ કલ્યાણક અવસરે ઇંદ્ર પોતાના આસન ઉપરથી ઉઠી ભગવાનની નમુથ્થુણંથી સ્તુતિ કરે માટે તેનું બીજું નામ શક્રસ્તવ છે. શક્ર એટલે ઇંદ્ર.

નમ્મુથ્થુણં-નમસ્કારહો	**સયં**-પોતે પોતાની મેળે	**પુરિસવર**-પુરૂષોમાં ઉત્તમ
અરિહંતાણં-અરિહંતોને	**સંબુદ્ધાણં**;બોધપામેલા	**પુંડરિઆણં**-પુંડરીક કમળ જેવાને
ભગવંતાણં-ભગવંતોને	**પુરિસ**-પુરૂષને વિષે (તે	**ગંધહથ્થિણં**-ગંધ હસ્તી જેવાને
આઇગરાણં-આદિ યા શરૂઆતના કરનારને	**ઉત્તમાણં**-ઉત્તમને	
તિત્થયરાણં;તીર્થંકરોને	**સીહાણં**-સિંહસમાનને	

નમુથ્થુણં—નમસ્કાર થાઓ. કોને ? તે કહે છે.

અરિહંતાણં, ભગવંતાણં ॥૧॥—અરિહંતોને તથા ભગવંતોને

આઇગરાણં. તિથ્થયરાણં—ધર્મની આદિના કરનારને તથા તીથકરોને

સયંસંબુદ્ધાણં ॥૨॥—પોતે પોતાની મેળે બોધ પામલા છે તેમને

પુરિસુત્તમાણં, પુરિસસીહાણં—પુરૂષોને વિષે ઉત્તમ છે, તેમને તથા પુરૂષોમાં સિંહ સમાન છે તેમને

પુરિસવર પું ડરીઆણં—પુરૂષોને વિષે ઉત્તમ પુંડરીક કમળ જેવા છે તેમને

પુરિસવર ગંધહથ્થીણં ॥૩॥—પુરૂષોને વિષે ઉત્તમ ગંધ હસ્તી જેવાને

લોગુત્તમાણં-લોકમાં ઉત્તમને
લોગનાહાણં-લોકના નાથને
હિઆણં-હિતકરનારને
પઈવાણં-દીવા સમાનને
પજ્જોઅગરાણં-પ્રકાશના કરનારને
અભય-ભય રહિતપણું
દયાણં-આપનારને
ચક્ખુ-ચક્ષુઓ
મગ્ગ—માર્ગ
સરણ-શરણ
બોહિ-બોધિ, સમકિત

લોગુત્તમાણં, લોગનાહાણં-લોકને વિષે ઉત્તમ છે તેમને તથા લોકના નાથને
લોગહિઆણં—લોકના હિત કરનાર છે તેમને
લોગપઇવાણં—લોકને વિષે (જ્ઞાનરૂપી) દીવા સમાન છે તેમને
લોગપજ્જો અગરાણં ॥૪॥—લોકને વિષે પ્રકાશના કરનારને
અભયદયાણં—સર્વ જીવોને અભય આપનાર છે તેમને
ચક્ખુદયાણં—(સમ્યક્ જ્ઞાનરૂપ) ચક્ષુના આપનાર છે તેમને
મગ્ગદયાણં—(જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ) માર્ગના આપનારને
સરણદયાણં—(કર્મરૂપ શત્રુની બીકથી) શરણ આપનારને
બોહિદયાણં ॥૫॥—બોધી બીજ (સમકિત) આપનારને

ધમ્મ—ધર્મના
દેસિયાણં—ઉપદેશ કરનારને
નાયગાણં—નાયકને
સારહીણં—સારથીને
ધમ્મવર-ઉત્તમધર્મરૂપ
ચાઉરંત-ચાર ગતિના અંત કરનાર
ચક્કવટ્ટીણં-ચક્રવર્તિને
અપ્પડિહય-કોઇથી હણાય રોકાય નહીં એવું
વરનાણ-ઉત્તમજ્ઞાન
દંસણ—દર્શન
ધરાણં—ધારણ કરનારને
વિ —નિવર્ત્યું છે
છઉમાણં-છદ્મસ્થપણું. કપટપણું

ધમ્મદયાણં-(દેશવિરતી અને સર્વ વિરતિરૂપ) ધર્મના આપનારને
ધમ્મદેસિયાણં—ધર્મના ઉપદેશ કરનારને
ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં—ધર્મના નાયકને, ધર્મના સારથીને
ધમ્મવર ચાઉરંત ચક્કવટ્ટીણં ॥૬॥—ચાર ગતિનો અંત કરનાર ઉત્તમ

ધર્મરૂપ ચક્રના ધરનારને

અપ્પડિહય વરનાણ, દંસણ ધરાણં—કોઇથી હણાય રોકાય નહી એવું ઉત્તમજ્ઞાન અને દર્શનના ધરનારને

વિયટ્ટછઉમાણં ॥૭॥—છદ્મસ્થપણાથી નિવર્ત્યા છે તેમને

જિણાણં-જીતનારને	**તારયાણં**-તારનારને	વનારને
જાવયાણં-જીતાવનારને	**બુદ્ધાણં**-બોધ પામેલાને	**મુત્તાણં**-મૂકાએલાને
તિન્નાણં-તરેલાને	**બોહિયાણં**-બોધ કરા	**મોઅગાણં**-મૂકાવનારને

જિણાણં જાવયાણં—કર્મશત્રુ જીતેલાને તથા જીતાવનારને

તિન્નાણં તારયાણં—સંસાર સમુદ્રથી તરેલાને તથા તારનારને

બુદ્ધાણં બોહયાણં—પોતે બોધ પામેલા છે તથા બીજાને બોધ કરાવનાર છે તેમને

મુત્તાણં મોઅગાણં ॥૮॥—કર્મથી મૂકાએલાને તથા બીજાને મૂકાવનારને

સવ્વન્નુણં-સર્વજ્ઞોને	**અરૂઅં**-રોગ રહિત	પાછું આવવું નથી
સવ્વદરિસિણં—સર્વે દેખનારને	**અણંતં**—અનંત	**સિદ્ધિગઇ**-સિદ્ધગતિ
	અક્ખયં—અક્ષય	**નામધેયં**-નામવાળું
શિવ—ઉપદ્રવ રહિત	**અવ્વાબાહં**-પીડારહિત	**ઠાણં**—સ્થાનકને
અયલં-અચલ સ્થિર	**અપુણરાવિત્તિ** ફરીથી	**સંપતાણં**—પામેલાને

સવ્વન્નૂણં, સવ્વદરિસિણં—સર્વ જાણનારને, તથા સર્વ દેખનારને

શીવ—સર્વ ઉપદ્રવ રહિતને

મયલ મરૂઅ અણંત મક્ખય—અચલ, રોગ રહિત, અનંત, અક્ષય

મવ્વાબાહ—સર્વ પ્રકારે પીડા રહિત છે.

મપુણરાવિત્તિ—જ્યાંથી ફરીથી પાછું આવવું નથી.

સિદ્ધિગઇ નામધેયં—સિદ્ધ ગતિ છે નામ જેનું.

ઠાણંસંપત્તાણં—એવા સ્થાનકને પામ્યા છે (તથા)

નમોજિણાણં જિઅભયાણં ॥ ૯ ॥—જે ભયોને જીતેલા છે એવા જિનોને નમસ્કાર થાઓ,

જેઅ—જે	**અણાગએકાલે**—અનાગતકાલે	**સવ્વે**—તે સર્વેને
અઇઆ—ભૂતકાળે		**તિવિહેણ**-ત્રણ પ્રકારે
સિદ્ધા—સિદ્ધ થયા	**સંપઇઅ**-સંપ્રતિ,હમણાં	**વંદામિ**—વાંદુછું.
ભવિસ્સંતિ—થશે	**વટ્ટમાણા**—વર્ત્તતા	

જેઅ અઇઆ સિદ્ધા—જે ભૂતકાળને વિષે સિદ્ધ થયા

જેઅ ભવિસ્સંતિણાગએ કાલે—જે ભવિષ્યકાલને વિષે સિદ્ધ થશે.

સંપઇઅ વટ્ટમાણા—સંપ્રતિ (વર્ત્તમાન) કાલને વિષે વર્ત્તતા (તીર્થકરો)

સવ્વે તિવિહેણ વંદામિ- તે સર્વેનેમન, વચન, અને કાયાએ કરી હું વાંદુછું

अथ जावंति चेइआइं.

જાવંતિ—જેટલા	**તિરિઆ**-તિર્યચ્છાલોકમાં	**વંદે**—વાંદુ છું
ચેઈઆઇં-ચૈત્ય. પ્રતિમા	**લોએઅ**-લોકોને વિષે	**ઇહસંતો**—અહી રહ્યો
ઉઢ્ઢેઅ—ઉર્ધ્વલોકમાં	**સવ્વાઈં**-સર્વેને	**તત્થ**—ત્યાં રહેલી
અહેઅ—અધોલોકમાં	**તાઈં**-તેમને	**સંતાઇં**—છતી રહેલી

જાવંતિ ચેઇઆઇં-જેટલી જિનપ્રતિમા

ઉઢ્ઢેઅ અહેઅ તિરિઅલોએઅ—ઉર્ધ્વ (સ્વર્ગ) અધો (પાતાળ) અને તિર્ચ્છો (મનુષ્ય). લોકને વિષે છે.

સવ્વાઇં તાઇં વંદે—તે સર્વ પ્રત્યે હું વાંદુ છું.

ઇહસંતોતત્થ સંતાઇં ॥૧॥—અહીં રહ્યો થકો ત્યાં રહેલી જિનપ્રતિમાઓને

अथ जावंत केविसाहू.

જાવંત—જેટલા	મહાવિદેહે-મહાવિદેહમાં	તિવિહેણ—ત્રણ પ્રકારે
કેવિ—કોઇપણ	સવ્વેસિં—સર્વેને	તિદંડ-ત્રણ દંડથી
સાહૂ—સાધુ	તેસિં—તેમને	વિરયાણં-વિરામ પા-
ભરહ—ભરત		
એરવય—એરવતમાં	પણઓ-નમસ્કારથાઓ	મેલા છે. (રહિત છે.)

જાવંતકેવિસાહૂ—જેટલા કોઈ પણ સાધુ

ભરહેરવય મહાવિદેહેઅ—પાંચ ભરત, પાંચ એરવત અને પાંચ મહા-
વિદેહ એ પંદર ક્ષેત્રમાં.

સવ્વેસિં તેસિં પણઓ—તે સર્વ પ્રત્યે મારો નમસ્કાર થાઓ.

તિવિહેણ તિદંડ વિરયાણં ॥ ૧ ॥ (તે સાધુ કેવા છે? મન વચન અને કાયા એ ત્રણ પ્રકારે કરીને. અશુભ મન વચન અને કાયાના ત્રણ દંડથી વિરામ પામેલા છે. (તેમને મારો નમસ્કાર થાઓ)

अथ नमस्कार स्तवन.

નમોઽર્હત્—નમસ્કાર થાઓ અરિહંત ભગવાનને તથા (સાધુને

સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્ય—સિદ્ધ, આચાર્ય ઉપાધ્યાય અને સર્વ

अथ उवसग्गहरं.

ઉવસગ્ગ-ઉપસર્ગ. સંકટ	વંદામિ-વાંદુ છું	નિન્નાસં-નાશકરનારને
હરં-હરણ કરનાર	કમ્મઘણ-કર્મના સમૂહથી	મંગલ-દુઃખની નિવૃતિ
પાસં-પાર્શ્વ યક્ષ	મુક્કં—મૂકાએલાને	કલ્લાણ—સુખની વૃદ્ધિ
પાસં-પાર્શ્વનાથ	વિસહર—વિષધર,સાપ	આવાસં-ઘર. સ્થાનક

ઉવસગ્ગહરં પાસં—ઉપસર્ગને હરનાર પાર્શ્વનામનો યક્ષ છે સેવક જેમનો
પાસં વંદામિ કમ્મઘણમુક્કં—એવા પાર્શ્વનાથને હું વાંદુ છું. (વળી તે-
પાર્શ્વનાથ કેવ છે ?) કર્મના સમૂહથી મૂકાએલા છે,
વિસહર વિસ નિન્નાસં—(મિથ્યાત્વ રૂપ) સાપના ઝેરનો નાશ કરનાર છે.
મંગલકલ્લાણ આવાસં ॥ ૧ ॥—મંગલ અને કલ્યાણનું ઘર છે.

વિસહરફુલિંગ—વિષધર ફુલિંગ	**સયા**—સદા	**મારી**—મરકી
મંતં—એ નામનો મંત્ર	**મણુઓ**—મનુષ્ય	**દુટ્ઠ**—દુષ્ટ
કંઠે—કંઠને વિષે	**તસ્સ**—તેના	**જરા**—જ્વર, તાવ
ધારેઇ—ધારણ કરે	**ગહ**—ગ્રહ	**જંતિ**—પામે છે
જો—જે	**રોગ**—રોગ	**ઉવસામં**-શાંતિ, નાશ

વિસહરફુલિંગમંતં—વિષધર ફુલિંગ એ નામનો મંત્ર
કંઠે ધારેઇ જો સયામણુઓ—જે માણસ કંઠને વિષે સદા ધારણ કરે
તસ્સગ્રહ રોગ મારી—તેના ગ્રહ, રોગ અને મરકી.
દુટ્ઠજરા જંતિ ઉવસામં ॥ ૨ ॥—દુષ્ટ શત્રુ તથા તાવ ઉપશમ પામે છે

ચિટ્ઠઉ—રહો	**વિ**—પણ	**જીવા**—જીવો
દૂરે—દૂર	**બહુફલો**=ઘણાફળવાળો	**પાવંતિન**—ન પામે
મંતો—મંત્ર	**હોઇ**—થાય છે	**દુઃખ**—દુઃખ
તુજ્જ—તમને	**નર**—મનુષ્ય (વિષે)	**દોગચ્ચં**-માઠીગતિ, દારિદ્રતા
પણામો—પ્રણામ	**તિરિએસુ**—તિર્યંચને	

ચિટ્ઠઉ દૂરે મંતો—એ મંત્ર તો દૂર રહો.
તુજ્જપણામોવિ બહુ ફલો હોઈ—પરંતુ તમને પ્રણામ કરવો તે પણ
ઘણા ફલવાળો થાય છે.
નરતિરિએસુ વિ જીવા—મનુષ્ય અને તિર્યંચને વિષે પણ જીવો
પાવંતિ ન દુઃખ દોગચ્ચં ॥ ૩ ॥—દુઃખ અને દારિદ્ર ન પામે.

તુહ—તમારા	કપ્પપાયવ-કલ્પવૃક્ષથી	જીવા—જીવો [મોક્ષ
સમ્મત્તે—સમ્યકત્વને	અબ્ભહિએ—અધિક	અયરામરં-અજરામર
લદ્ધે—પામે છતે (રત્ન	પાવંતિ—પામે	
ચિંતામણિ-ચિંતામણી	અવિગ્ઘેણં-વિઘ્નરહિતપણે	ઠાણં—સ્થાનકને

તુહસમ્મત્તેલદ્ધે—તમારૂં સમ્યકત્વ દર્શન પામે છતે.

ચિંતામણિ કપ્પપાય વબ્ભહિએ—(તે સમ્યકત્વ દર્શન કેવું છે ? તો) ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક છે (તેનાથી)

પાવંતિ અવિગ્ઘેણં—વિઘ્નરહિતપણે પામે છે (શું ?)

જીવા અયરામરંઠાણં ॥૪॥—જીવો અજરામર (મોક્ષ) સ્થાનકને (પામે છે)

ઇઅ—એ પ્રકારે	નિબ્ભરેણ-પૂર્ણ ભરેલા	બોહિ—બોધિ
સંથુઓ—સ્તવ્યો	હિઅએણ —હૈયાવડે	ભવેભવે—ભવોભવ
મહાયસ-મોટાયશવા-	તા—તે કારણ માટે	
ભત્તિ—ભકિતના [ળા	દેવ—હે દેવ	પાસ—હે પાર્શ્વ
ભર—સમૂહે કરી	દિજ્જ—આપો	જિણચંદ—જીનચંદ્ર

ઇઅ સંથુઓ મહાયસ—હે મહાયશ ! એ પ્રકારે સ્તવ્યો.

ભત્તિબ્ભર નિબ્ભરેણ હિઅએણ—ભકિતના સમૂહે કરી પૂર્ણ ભરેલા હૈયાવડે

તા દેવ દિજ્જ બોહિં—તે કારણ માટે હે દેવ સમકિત આપો.

ભવે ભવે પાસ જિણચંદ ॥૫॥—હે પાર્શ્વ જીનચંદ્ર ભવોભવને વિષોપા

अथ जयवीयराय.

જય-જયવંતા વર્તો	પભાવઓ-પ્રભાવથી	મગ્ગાણુસારિઆ-માર્ગાનુસારીપણું
વીયરાય-હે વીતરાગ !	ભયવં-હે ભગવન્	
જગગુરૂ-જગત્ ગુરૂ	ભવ—સંસારનો	ઈટ્ઠ-ઈષ્ટ (વાંછિત
હોઉમમં-મારે હોજો	નિવ્વેઓ-નિર્વેદ, ઉદાસીપણું	ફલ-ફલની
તુહ—તમારા		સિદ્ધિ—પ્રાપ્તિ

જયવીયરાય જગગુરૂ-હે શ્રી વીતરાગ ! જગત્રયગુરૂ જયવંતા વર્તો
હોઉમમં તુહ પભાવઓ ભયવં-હે ભગવંત તમારા પ્રભાવથી મારેહોજો
ભવનિવ્વેઓ મગ્ગા—(શું ?) ભવનિર્વેદપણું એટલે ચારિત્ર અને માર્ગા-
નુસારીપણું એટલે જૈન માર્ગને અનુસારે ચાલવું તે.
ણુસારિઆ ઇઠ્ઠ ફલસિદ્ધિ ॥૧॥—તથા વાંછિત ફલની પ્રાપ્તિ

લોગ-લોકથી	**પૂઆ**—પૂજા	**તવ્વયણ**-તેમનાંવચનની
વિરૂદ્ધ-ઉલટું	**પરથ્થ**-પરોપકાર	**સેવણા**—સેવા
ચ્ચાઓ-ત્યાગ	**કરણં**—કરવું	**આભવં**-મારે સંસાર
ગુરૂજણ-માતા પિતા-	**સુહગુરૂ**—સદ્ગુરૂનો	હોય ત્યાં સુધી
દિ વડેરાની	**જોગો**—યોગ મેળાપ	**અખંડા**-અખંડ હોજો

લોગ વિરૂદ્ધચ્ચાઓ—લોક વિરૂદ્ધ એટલે જેથી લોકોમાં નિંદા થાયતેનોત્યાગ
ગુરૂજણ પૂઆ પરથ્થ કરણંચ—વળી માતા પિતા તથા સદ્ગુરૂ આદિ
વડેરાની સેવા તથા પરોપકાર કરવો તે મારે થાઓ
સુહગુરૂજોગો તવ્વય—સારા ગુરૂનો મેળાપ થાઓ
ણ સેવણા આ ભવમખંડા ॥ ૨ ॥—તેમના વચનની સેવા મારે આ
ભવ એટલે સંસાર હોય ત્યાં સુધી અખંડ હોજો

વારિજ્જઈ-વાર્યું છે	**તુહ**—તમારા	**સેવા**—સેવા
જઇવિ—જો પણ	**સમયે**-સિદ્ધાંતને વિષે	**ભવેભવે**-ભવોભવ વિષે
નિઆણ-નિયાણાનું	**તહવિ**—તોપણ	**તુમ્હ**—તમારા
બંધણં—બાંધવું	**મમ**—મારે	
વીઅરાય-હેવીતરાગ	**હુજ્જ**—હોજો	**ચલણાણં**-ચરણની,પગ

વારિજ્જઇ જઇવિ નિઆ—વાર્યું છે (નિષેધ્યું છે) જો કે
ણબંધણં વીઅરાય તુહ સમયે—નિયાણાનું બાંધવું. હે શ્રી વીતરાગ
તમારા સિદ્ધાંતને વિષે

તહવિ મમ હુજ્જ સેવા—તો પણ મારે તમારી સેવા હોજો
ભવે ભવે તુમ્હ ચલણાણં ॥૩॥ ભવો ભવને વિષે તમારા ચરણની

દુક્ખક્ખઓ-દુખનો ક્ષય	**બોહિ**—બોધીબીજનો	**તુહનામ**-તુમનાથપ્રત્યે
કમ્મક્ખઓ-કર્મનોક્ષય	**લાભોઅ**—લાભ	**પણામ**—પ્રણામ
સમાહિ—સમાધિ	**સંપજ્જઉ**—થાઓ	
મરણં—મરણ	**મહ**—મારે	**કરણેણં**-કરવે કરીને

દુક્ખક્ખઓ કમ્મક્ખઓ—(શરીર અને મન સંબંધી)દુ:ખનો ક્ષય:
(૧) તથા અશુભ કર્મનો ક્ષય (૨) (આઠે કર્મનો નાશ)
સમાહિ મરણંચ બોહિલાભોઅ-સમાધિ મરણ (૩(,બોધિબીજનો લાભ
સંપજ્જઉ મહ એઅં—મારે એ ચાર બાબતો થાઓ
તુહનાહ પણામ કરણેણં ॥ ૪ ॥—તુમ નાથ પ્રત્યે પ્રણામ કરવે કરીને

સર્વ—સર્વ	**કલ્યાણ**—કલ્યાણનું	**જૈનં**—જૈન (શાસન)
મંગલ—માંગલિક	**કારણં**—કારણ	જયતિ-જયવંતુવર્તે છે
માંગલ્યં—માંગલિક	**પ્રધાનં**—પ્રધાન	
સર્વ—સર્વ	**સર્વધર્માણાં**-સર્વધર્મોમાં	**શાસનં**-(જૈન) શાસન

સર્વ મંગલ માંગલ્યં—સર્વ મંગલમાં માંગલિક
સર્વ કલ્યાણ કારણં—સર્વ કલ્યાણનું કારણ.
પ્રધાનં સર્વ ધર્માણાં—સર્વધર્મોમાંપ્રધાન (મુખ્ય)
જૈનં જયતિ શાસનં ॥૫॥—એવું જૈન શાસન સદા જયવંતુ વર્તેછે.॥૫॥

अथ अरिहंत चेइआणं.

અરિહંત-અરિહંતનાં	કાઉસ્સગ્ગં-કાઉસ્સગ્ગ	**પૂઅણ**—પૂજનના
ચેઇઆણં-ચૈત્યોના, પ્રતિમાઓના	**વંદણ**—વાંદવાના	**સક્કાર**—સત્કારના
કરેમિ—કરૂં છું.	**વત્તિઆએ**-ફળને અર્થે	**સમ્માણ**—સન્માન

અરિહંતચેઇઆણું—અરિહંતની પ્રતિમાઓને (વાંદવાને અર્થે)
કરેમિ કાઉસ્સગ્ગં—કાઉસ્સગ્ગ કરૂં છું
વંદણવત્તિઆએ—વાંદવાથી થતા ફલને અર્થે
પૂઅણવત્તિઆએ—પૂજવાથી થતા ફલને અર્થે
સક્કારવત્તિઆએ—વસ્ત્ર આભરણાદિકે કરી સત્કાર કરવાથી થતા ફલને અર્થે
સમ્માણવત્તિઆએ—સ્તવન સ્તોત્ર આદિ સન્માનથી થતા ફળને અર્થે

બોહિલાભ-બોધિબીજના લાભને અર્થે	**સદ્ધાએ**-શ્રદ્ધાવડે	**અણુપ્પેહાએ**—વારંવાર સંભારવાવડે
	મેહાએ-બુદ્ધિવડે	
નિરૂવસગ્ગ-ઉપસર્ગ રહિત (મોક્ષ)	**ધીઇએ**-ધીરજવડે	**વઙ્ઢમાણિએ**-વૃદ્ધિપામ
	ધારણાએ-ધારણાવડે	**ઠામિ**-રહુંછું (તેથકે

બોહિલાભ વત્તિઆએ—બોધિબીજના લાભને અર્થે
નિરૂવસગ્ગ વત્તિઆએ—મોક્ષ પામવાને અર્થે
સદ્ધાએ, મેહાએ, ધીઇએ—શ્રદ્ધાવડે, નિર્મળ બુદ્ધિવડે. ધીરજવડે.
ધારણાએ અણુપ્પેહાએ—ધારણાવડે, વારંવાર સંભારવા વડે.
વઙ્ઢમાણીએ ઠામિ કાઉસ્સગ્ગં—એ પાંચે બોલ વૃદ્ધિ પામતે થકે હું કાઉસ્સગમાં રહું છું.

अथ कल्लाण कंदंनी स्तुति.

કલ્લાણકંદં-કલ્યાણનું	**મુણિંદં**-મુનીંદ્ર પ્રત્યે	**ભત્તિઇ**-ભક્તિયે કરીને
પઢમં-પેહેલા (મૂળ	**પાસં**-પાર્શ્વનાથ	**વંદે**-વાંદું છું
જિણંદં-જીનેંદ્રને	**પયાસં**-પ્રકાશ કરનારને	**સીરિ**-શ્રી
સંતિં-શાંતિનાથ	**સુગુણિક્ક**-સારા ગુણના એક	**વદ્ધમાણં**-વર્દ્ધમાન સ્વામીને
તઓ-તે પછી દને		
નેમજિણં-નેમિજિણં	**ઠાણં**-સ્થાનકને	

કલ્લાણ કંદં પઢમં જિણંદં—સુખની વૃદ્ધિનું મૂળ એવા પેહેલા જિનેંદ્રને
સંતિંતઓ નેમિ જિણં મુણિંદં—શાંતિનાથ અને તે પછી મુનિઓના
ઇંદ્ર શ્રી નેમિ જિનેશ્વર પ્રત્યે
પાસં પયાસં સુગુણિક્કઠાણં-વળી ત્રણ ભુવનને વિષે પ્રકાશ કરનાર
શ્રી પાર્શ્વનાથને અને સારા ગુણના એક સ્થાનકરૂપ
ભત્તીઇ વંદે સિરિ વદ્ધમાણં ॥ ૧ ॥—શ્રી વર્દ્ધમાન સ્વામીને ભકિતયે
કરી વાંદુ છું.

અપાર-પાર વિનાના	દિંતુ-આપો	સુર-દેવતાઓના
સંસાર-સંસારરૂપ	સુઇ-શુચિ	વિંદ-વૃંદોને
સમુદ્દ-સમુદ્રના	ઇક્ક-એક	વંદા-વાંદવા યોગ્ય
પારં-પારને	સારં-સારને	કલ્લાણ-કલ્યાણરૂપ
પત્તા-પામ્યા	સવ્વે-સર્વે	વલ્લીણ-વેલીના
શિવં-મોક્ષ	જિણંદા-જિનેંદ્રો	વિશાલ-મોટા
		કંદા-કંદ

અપાર સંસાર સમુદ્દપારં—જે પાર વિનાના સંસાર સમુદ્રના પારને
પત્તા સિવં દિંતુ સુઇક્ક સારં—પામેલા એવા જિનેંદ્રો પવિત્ર વસ્તુ-
ઓના એક સાર રૂપ મોક્ષને આપો. (વાંદવા યોગ્ય છે
સવ્વે જિણંદા સુરવિંદ વંદા—તે સર્વે જિનેંદ્રો દેવતાઓના સમહે કરી
કલ્લાણ વલ્લીણ વિસાલ કંદા ॥૨॥—વળી કલ્યાણરૂપ વેલીનાં મોટા મૂળ છે.

નિવ્વાણ-નિર્વાણ (મોક્ષ	**અસેસ**-સમસ્ત	**સરણં**-શરણભૂત
મગ્ગે-માર્ગને વિષે	કુવાઇ-કુવાદિ,પાખંડિના	**બુહાણં**-પંડિતોને
વરજાણ-ઉત્તમ રથ	દપ્પં-અહંકારને	**નમામિ**-નમસ્કાર કરૂંછું
કપ્પં-સમાન, જેવું	**મયં**-મત	**નિચ્ચં**-નિત્ય, હમેશાં
પણાસિય-નાશકર્યા છે.	**જિણાણં**-જિનેંદ્રોનો	**તિજગ**-ત્રણ જગત્
		પ્પહાણં-પ્રધાન

નિવ્વાણ મગ્ગે વરજાણ કપ્પં—મોક્ષ માર્ગને વિષે (પહોંચાડવાને) ઉત્તમ રથ સમાન છે.

પણાસિયા સેસ કુવાઇ દપ્પં—વળી અતિશયપણે કરી નાશ કર્યો છે સંપૂર્ણ પાખંડીઓનો અહંકાર જેમણે એવો.

મયં જિણાણં સરણં બુહાણં—જિનેશ્વર ભગવાનનો મત તે પંડિતોને શરણભૂત છે.

નમામિ નિચ્ચં તિજગપ્પહાણં ॥ ૩ ॥—તથા ત્રણ જગતને વિષે પ્રધાન છે. એવા જિનમતને સદા નમસ્કાર કરૂં છું.

કુંદ-મચકુંદનું ફુલ	**હુથ્થા**-હાથને વિષે	**હુથ્થા**-હાથને વિષે
ઇંદુ-ચંદ્રમા	**કમલે**-કમલને વિષે	**સુહાય**-સુખને માટે
ગોખ્ખીર-ગાયનું દૂધ	**નિસન્ના**-બેઠેલી	**સા**-તે દેવી
તુસાર-બરફ	**વાએસિરિ**-વાગેશ્વરી	**અમ્હ**-અમને
વન્ના-વર્ણવાળી	**પુથ્થય**-પુસ્તકોનો	**સયા**-સદા
સરોજ-કમળ	**વગ્ગ**-વર્ગ,-સમૂહ	**પસથ્થા**-ઉત્તમ

કુંદિંદુ ગોખ્ખીર તુસાર વન્ના—મચકુંદ જાતિનાં ફુલ, ચંદ્રમા, ગાયનું દુધ અને બરફના જેવો ઉજવલ છે વર્ણ જેનો

સરોજ હુથ્થા કમલે નિસન્ના—તથા જેના હાથને વિષે કમલ ધારણ કરલું છે, અને કમલને વિષે બેઠેલી એવી

વાએસિરિ પુથ્થય વગ્ગ હુથ્થા—વળી પુસ્તકોનો સમુહ જેના હાથને વિષે છે એવી વાગેશ્વરી દેવી.

સુહાયસા અમ્હ સયાપસથ્થા ॥ ૪ ॥ તે અમને સદા સુખને માટે થાઓ.

અથ ચૈત્યવંદન વિધિ.

પ્રથમ ડાબે ખભે ઉત્તરાસન નાંખી ત્રણ ખમાસમણ દઇ ડાબો ઢીંચણ

ઉભો રાખી જમણો ઢીંચણ ભોંય સ્થાપી બે હાથ જોડી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં. પછી **ચૈત્યવંદન, જંકિંચિ** કહી બે હાથ નાસિકા સુધી ઉંચા રાખી **નમુત્થુણં** કહેવું, પછી **જાવંતિ ચેઇઆઇં** કહી ખમાસમણ દેઈ **જાવંત કેવિસાહૂ** કહી **નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ** કહી **સ્તવન** અથવા **ઉવસ્સગ્ગહરં** કહેવું, પછી બે હાથ લલાટ સુધી ઉંચા રાખી **જયવીયરાય** કહેવા. આભવમખંડાથી હાથ નીચા ઉતારવા પછી ઉભા થઈ **અરિહંત ચેઇઆણં અન્નત્થઉસસિએણં** કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી નમોર્હત્ કહી એક થોય કહેવી.

अथ संसार दावानी स्तुति.

સંસાર-સંસારરૂપ	**ધુલી**-રજ	**સાર**-તીક્ષ્ણ
દાવ-વનનો	**હરણે**-કાઢવામાં	**સીરં**-હળ (સમાન)
અનલ-અગ્નિ	**સમીરં**-વાયરો	**નમામિ**-નમસ્કાર કરૂંછું
દાહ-તાપ	**માયા**-કપટ	**વીરં**-મહાવીર સ્વામીને
નીરં-પાણી (સમાન)	**રસા**-પૃથ્વી	**ગીરિસાર**-મેરૂ પર્વત
સંમોહ-મોહ	**દારણ**-ઉખેડવાને	**ધીરં**-ધીર, અચળ,

સંસાર દાવાનલ દાહનીરં—સંસાર રૂપ વનનો અગ્નિ તેના તાપને ઓલવવાને પાણી સમાન

સંમોહ ધુલી હરણે સમીરં—મોહ એટલે અજ્ઞાનરૂપી જે રજ તેને હરણ કરવાને પવન સમાન

માયારસાદારણ સારસીરં—વળી કપટ રૂપી જે પૃથ્વી તેને ઉખેડવાને ઘણા તીક્ષ્ણ હળસમાન

નમામિ વીરંગીરિ સારધીરં ॥ ૧ ॥ તથા જે મેરૂપર્વતની પેઠે ધીર છે એવા મહાવીર સ્વામીને નમસ્કાર કરૂંછું. ॥ ૧ ॥

ભાવ–ભાવે કરીને	**વિલોલ**–દેદીપ્યમાન	**સમીહિતાનિ**–મનોવાંછિત
અવનામ–નમ્યા	**કમલ**–કમલની	**કામં**–યથેચ્છપણે
સુર–દેવતા	**આવલિ**–શ્રેણી	**નમામિ**–નમસ્કાર કરૂંછું
દાનવ–દૈત્ય	**માલિતાનિ**–પૂજેલા	**જિનરાજ**–જિનેશ્વર
માનવ–માણસના	**સંપૂરિત**–પૂર્યા	**પદાનિ**–પગ
ઇન–સ્વામી	**અભિનત**–નમેલા	**તાનિ**–તે
ચુલા–મુગટ	**લોક**–ભક્તલોક	

ભાવાવનામ સુરદાનવ માનવેન—ભાવે કરીને નમ્યા એવા દેવ દાનવ (ભુવનપતિ તથા વ્યંતર) અને મનુષ્યના જે સ્વામી.

ચૂલાવિલોલ કમલાવલિ માલિતાનિ—તેના મુગટ ઉપર રહેલી એવી દેદીપ્યમાન કમળની જે શ્રેણીઓ તે વડે પૂજિત છે એવા

સંપૂરિતાભિનત લોક સમીહિતાનિ—સમ્યક્ પ્રકારે પૂરણ કર્યા છે નમનાર ભવ્ય જીવોના મનોવાંછિત જેમણે એવા

કામં નમામિ જિનરાજ પદાનિ તાનિ ॥ ૨ ॥—તે પ્રસિદ્ધ જિનરાજના ચરણ પ્રત્યે યથેચ્છપણે હું નમુંછું.

બોધ–જ્ઞાન (વડે)	**લહરિ**–લેહેરો, તરંગ	**દૂર**–છેટે
અગાધં–ગંભીર	**સંગમ**–મળવે	**પારં**–પાર
સુપદ–સુંદરપદ	**અગાહ**–અગાધ અપાર	**સારં**–ઉત્તમ
પદવી–રચના	**દેહં**–શરીર	**વીર**–વીર પ્રભુનો
નીર–પાણીના	**ચૂલા**–ચૂલિકા	**આગમ**–સિદ્ધાંત
પૂર–સમૂહ	**વેલં**–વેલી	**જલનિધિં**–સમુદ્ર
અભિરામં–મનોહર	**ગુરૂ**–મોટા	**સાદરં**–આદર સહિત
જીવ–જીવની	**ગમ**–સરખા પાઠ	**સાધુ**–રૂડે પ્રકારે
અહિંસા–દયા	**મણી**–મણીરત્ન	**સેવે**–સેવુંછું
અવિરલ–અંતર રહિત	**સંકુલં**–ભરેલું	

બોધાગાધં સુપદ પદવી નીર પૂરાભિરામં-જ્ઞાને કરીને ગંભીર વળી સુંદર પદની રચના તે રૂપ પાણીના સમૂહે કરી શોભાયમાન એવો

જીવાહિંસાવિરલ લહરિ સંગમાગાહદેહં—જીવ દયારૂપ અંતર રહિત લેહેરોના સંગમ વડે કરીને અપાર છે દેહ એટલે સ્વરૂપ જેનું એવો

ચૂલાવેલં ગુરૂગમ મણી સંકુલં દૂરપારં—વળી સિદ્ધાંતોની ચૂલિકારૂપી વેલો વાળો તથા મોટા એવા સરખા પાઠ તે રૂપ રત્ને કરી ભરેલો વળી જેનો કાંઠો અત્યંત દૂર છે એવો

સારં વીરાગમ જલ નિધિં સાદરં સાધુ:સેવે ॥ ૩ ॥—એવો ઉત્તમ વીર ભગવાનનો આગમરૂપી જે સમુદ્ર તેને આદર સહિત સમ્યક્ પ્રકારે હું સેવું છું. ॥ ૩ ॥

આમૂલ-મૂલ સુધી	**સાર**-પ્રધાન	**કરે**-હાથને વિષે
આલોલ-ચપળ, ડોલતું	**અમલ**-નિર્મલ	**તારહાર**-દેદીપ્યમાનહાર
ધૂલી-ધૂળ	**દલ**-પાંદડું	**અભિરામ**-મનોહર
બહુલ-ઘણા	**કમલ**-કમળ	**વાણી**-વાણીનો
પરિમલ-સુગંધ	**આગાર**-ભુવન	**સંદોહ**-સમૂહ
આલીઢ-આસક્ત	**ભૂમિ**-જમીન	**દેહે**-દેહવાળી
લોલ-ચપળ	**નિવાસે**-વસતું	**ભવવિરહ**-મોક્ષ
અલિ-ભમરો	**છાયા**-કાંન્તિ	**વરં**-વરદાન
માલા-શ્રેણી	**સંભાર**-સમૂહ	**દેહિમે**-મને આપ
ઝંકાર-ગુંજાર	**સાર**-પ્રધાન	**દેવી**-હે દેવી !
આરાવ-શબ્દ	**વર**-ઉત્તમ	**સારં**-ઉત્તમ

આમૂલાલોલ ધૂલી બહુલ પરિમલાલીઢ લોલાલિમાલા—મૂલ સુધી ચપલ એવું, વળી મકરંદ સુગંધના કણીઆ તેના ઘણા સુગંધને

વિષે આશક્ત એવા જે ચપલ ભમરાઓ તેની માલા

ઝંકારારાવ સારામલદલ કમલાગાર ભૂમિનિવાસે(શ્રેણી) તેના ગુંજારના શબ્દ તેણે કરીને જે પ્રધાન છે એવું. વળી નિર્મલ એવાં પાંદડાંએ કરી સહિત એવું જે કમળ તેની ઉપર ઘર છે જેનું, તેના મધ્ય ભાગની ભૂમિને વિષે વસવું છે જેનું એવી

છાયા સંભાર સારે વરકમલકરે તારહારાભિરામે—કાન્તિના સમૂહે કરીને પ્રધાન એવી, સુંદર કમલ છે જેના હાથને વિષે એવી, વળી દેદીપ્યમાન હારે કરીને સુંદર છે હૃદય જેનું એવી.

વાણી સંદોહ દેહે ભવવિરહવરં દેહિમે દેવિસારં ॥૪॥—વળી દ્વાદશાંગીરૂપ વાણી તેનો સમૂહ તેજ છે શરીર જેનું એવી, હે દેવી મને ઉત્તમ મોક્ષરૂપી વરદાન આપ ॥

अथ पुक्खरवरदीवड्ढे.

પુક્ખરવર-પુષ્કરવર	**જંબુદીવે**-જંબુદ્વીપમાં	**ધમ્માઇગરે**-ધર્મની આદિના કરનારને
દીવડ્ઢે-અરધાદ્વીપમાં	**ભરહ**-ભરત	**નમંસામિ**-નમસ્કાર કરૂં છું
ધાયઇ-ધાતકી	**એરવય**-ઐરવત	
સંડેઅ-ખંડમાં	**વિદેહે**-મહાવિદેહક્ષેત્રમાં	

પુક્ખરવરદીવડ્ઢે—પુષ્કરવરનામા દ્વીપના અરધા ભાગમાં

ધાયઇ સંડેઅ જંબુદીવેઅ—ધાતકી ખંડમાં અને જંબુદ્વિપમાં

ભરહેરવય વિદેહે—પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહમાં

ધમ્માઇગરે નમંસામિ—ધર્મની આદિના કરનાર (વિચરતા તિર્થંકરો) ને હું નમસ્કાર કરૂંછું.

તમ–અજ્ઞાનરૂપ	**સુરગણ**–દેવસમૂહ	**ધરસ્સ**–ધારણ કરનારને
તિમિર–અંધકારના	**નરિંદ**–ચક્રવર્તિ	**વંદે**–વાંદુ છું (નાંખીછે)
પડલ–સમૂહને (નારને	**મહિઅસ્સ**–પૂજેલાને	**પપ્ફોડીઅ**–અત્યંતતોડી
વિદ્ધંસણસ્સ–નાશકર	**સીમા**–મર્યાદાને	**મોહજાલસ્સ**–મોહરૂપી જાલને

તમ તિમિર પડલ વિદ્ધં—અજ્ઞાનરૂપી અંધકારના સમૂહને નાશકરનાર
સણસ્સસુરગણનરિંદમહિઅસ્સ—દેવતાનાસમૂહતથાચક્રવર્તિએપૂજયાએવા
સીમા ધરસ્સ વંદે—મર્યાદામાં રાખનાર (સિદ્ધાંત(ને હું વાંદુ છું.
પપ્ફોડીઅ મોહજાલસ્સ ॥૨॥—અત્યંતપણે તોડી નાંખી છે મોહરૂપી જાળ જેણે એવા સિદ્ધાંતને હું વાંદુછું. (નો સમૂહ

જાઇ–જન્મ, જાતિ	**પુખ્ખલ**–પુષ્કળ	**નરિંદગણ**–રાજાઓ
જરા–ઘડપણ	**વિસાલ**–વિશાળ	**અચ્ચિઅસ્સ**–પૂજેલા
મરણ–મરણ	**સુહ**-સુખ	**ધમ્મસ્સ**–ધર્મના
સોગ–શોક	**આવહસ્સ**–લાવનારને	**સારં**–સારને
પણાસણસ્સ–નાશકર	**કો**–કોણ	**ઉવલબ્ભ**–પામીને
કલ્લાણ–કલ્યાણ (નારને	**દેવદાનવ**–દેવદાનવ	**કરેપમાયં**–પ્રમાદ કરે

જાઈ જરા મરણ સોગ પણાસણસ્સ—જન્મ જરા મરણ અને શોક તેના અતિશયે કરી નાશ કરનાર (તથા)

કલ્લાણ પુખ્ખલવિશાલ સુહાવહસ્સ—કલ્યાણનું કરનાર અને પુંષ્કળ વિસ્તિર્ણ એવા મોક્ષ સબંધી સુખના આપનાર.

કો દેવ દાણવ નરિંદ ગણચ્ચિઅસ્સ—કોણ દેવ દાનવ (પાતાળવાસી દેવ) અને રાજાઓના સમૂહે પૂજેલા એવા. •

ધમ્મસ્સ સારમુવલબ્ભકરે પમાયં ॥ ૩ ॥—શ્રુત ધર્મનો સાર પામીને કોણ પ્રમાદ કરે.

સિદ્ધેભો-હેજ્ઞાનવંતલોકો	**કિન્નર**-વ્યંતરદેવ	**મચ્ચ**-મનુષ્યલોક
પયઓ-આદરવાળો	**ગણ**-સમૂહ	**અસુરં**-ભુવનપતિ
નમો-નમસ્કાર કરૂંછું	**સબ્ભુયભાવ**-સત્યભાવે	**ધમ્મો**-ધર્મ
જિણમએ-જીનમતને	**અચ્ચિએ**-પૂજ્યો (કરી	**વડ્ઢઉ**-વૃદ્ધિ પામો
નંદીસયા-સદાસમૃદ્ધિ	**લોગો**-લોક	**સાસઓ**-સાશ્વત છે
સંજમે-ચારિત્રનેવિષે	**જથ્થ**-જ્યાં, જે	**વિજયઓ**-વિજયવંત છે
દેવં-વૈમાનિકદેવ	**પઇઠ્ઠિઓ**-રહેલું	**ધમુત્તરં**-ધર્મનુંપ્રધાનપણું
નાગ-નાગદેવ	**જગમિણં**-આજગત	**સુઅસ્સ**-શ્રુતસિદ્ધાંતને
સુવન્ન-જ્યોતિષીદેવ	**તેલુક્ક**-ત્રણલોક	**ભગવઓ**-હે ભગવંત

સિદ્ધેભો પયઓ નમોજિણમએ—હે જ્ઞાનવંત લોકો ! સિદ્ધ એવા જિનમતને આદરસહિત થકો હું નમસ્કાર કરૂં છું

નંદિસયા સંજમે-તે જિનમતના પ્રસાદથી સંજમને વિષે સદા સંમૃદ્ધિ થાઓ,

દેવં નાગ સુવન્ન કિન્નર ગણ—દેવ, નાગ, જ્યોતિષિ અને વ્યંતરના સમૂહે **સબ્ભૂય ભાવચ્ચિએ**—સત્ય ભાવે કરી પૂજ્યો.

લોગો જથ્થ પઇઠ્ઠિઓ જગમિણંતેલુક્ક મચ્ચાસુરં—વળી જે જિન. મતને વિષે ત્રિકાલ જ્ઞાન કહ્યું છે. તથા જેને વિષે ત્રણલોક (એટલે સ્વર્ગ મૃત્યુ અને પાતાળ તે મધ્યે દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી એ પ્રકારનું) આ જગત્ તેને પ્રકાસ્યું છે.

ધમ્મો વડ્ઢઉ સાસઓ વિજયઓ ધમ્મુત્તરં વડ્ઢઉ ॥૪॥—એવો શ્રુતધર્મ તે વૃદ્ધિને પામો. તે શાશ્વતો છે' વિશેષ જયવંત છે, તે ધર્મનું પ્રધાનપણું થાય તેમ વૃદ્ધિને પામો.

સુઅસ્સ ભગવઓ ॥ કરેમિ કાઉસગ્ગં ॥—હે ભગવંત! તે શ્રુત સિદ્ધાંતને આરાધવા ભણી કાઉસગ્ગ કરૂં છું.

अथ सिद्धाणं बुद्धाणं.

સિદ્ધાણં-સિદ્ધોને	ગયાણં-મોક્ષગએલાને	**નમો**-નમસ્કાર થાઓ
બુદ્ધાણં-બુદ્ધોને (લાને	**લોઅગ્ગ**-લોકના અગ્ર ભાગને	**સયા**-સદા
પારગયાણં-પાર પામે-	ઉવગયાણં-પામેલાને	**સિદ્ધાણં**-સર્વસિદ્ધોને
પરંપર-પરંપરાએ		

સિદ્ધાણં બુદ્ધાણં-સિદ્ધોને (તથા જ્ઞાનવડે સમસ્ત વસ્તુને જાણનારને)બુદ્ધોને

પારગયાણં પરંપરગયાણં—સંસાર સમુદ્રથી પાર પામેલાને તથા અનુક્રમે મોક્ષે પહોંચેલાને.

લોઅગ્ગ મુવગયાણં—લોકના અગ્રભાગને વિષે પહોંચેલા એવા.

નમો સયા સવ્વસિદ્ધાણં—॥૧॥ સર્વ સિદ્ધોને સદા નમસ્કાર થાઓ.

જો-જે	**પંજલી**-હાથજોડીને	**મહિઅં**-પુજાએલા
દેવાણુવિ-દેવનાપણ	**નમંસંતિ**-નમસ્કાર (કરે છે.	**સિરસા**-માથાવડે
દેવો-દેવ છે (એ	**તં**-તે	**વંદે**-વાંદુછું (ભુને
જંદેવા-જેમને દેવતા	**દેવદેવ**-દેવના દેવ	**મહાવીરં**-મહાવીર પ્ર-

જો દેવાણુવિ દેવો-જે દેવોના પણ દેવ છે,

જં દેવા પંજલી નમંસંતિ-જેમને દેવતાઓ હાથ જોડીને નમે છે

તં દેવદેવ મહિઅં—તે દેવનાદેવ ઇંદ્રવડે પૂજાએલાં એવાં

સિરસા વંદેમહાવીરં—॥૨॥ મહાવીર સ્વામીને મસ્તકે કરી નમસ્કારકરૂંછું

ઇક્કોવિ-એકપણ	**વદ્ધમાણસ્સ**-મહાવીર સ્વામીને	**તારેઈ**-તારે છે
નમુક્કારો-નમસ્કાર	**સાગરાઓ**-સંસાર સાગરથી	**નરંવ**-પુરૂષને, વળી
જિણવર-જિનવરોવિષે		**નારિંવા**-સ્રીને
વસહસ્સ-વૃષભસમાન		

ઇક્કોવિ નમુક્કારો—એક પણ નમસ્કાર

જિણવર વસહસ્સ વદ્ધમાણસ્સ—જિનવરમા એટલે સામાન્ય કેવળીમાં વૃષભ સમાન વર્દ્ધમાન સ્વામીને કરવાથી.

સંસાર સાગરાઓ—સંસાર સમુદ્રથી

તારેઈનરંવ નારિંવા—॥૩॥ પુરૂષોને, વળી સ્ત્રીઓને તારે છે.

ઉજિંત-ગિરનાર	**નાણં**-કેવળજ્ઞાન કલ્યાણક	**ધમ્મચક્કવટ્ટિં**-ધર્મ (ચક્રવર્તી
સેલ-પર્વતના	**નિસીહિઆ**-મોક્ષકલ્યાણક	
સિહરે-શિખર ઉપર	**જસ્સ**-જેમનાં	**અરિટ્ઠનેમિં**-અરિષ્ટનેમિ
દિક્ખા-દિક્ષાકલ્યાણક	**તં**-તે	**નમંસામિ**-નમસ્કારકરૂંછું

ઉજિંત સેલ સિહરે—ગિરનાર પર્વતના શિખર ઉપર

દિક્ખા નાણં નિસીહિઆ જસ્સ—દિક્ષા કલ્યાણક, કેવળજ્ઞાન કલ્યાણક અને મોક્ષકલ્યાણક જેમનાં થયાં છે.

તં ધમ્મચક્કવટ્ટિં—તે ધર્મ ચક્રવર્તી

અરિટ્ઠનેમિ નમંસામિ—॥૪॥ અરિષ્ટનેમિને હું નમસ્કાર કરૂં છું.

ચત્તારિ-ચાર	**જિણવરા**-જિનવરો	**અટ્ઠા**-અર્થ જેમના
અટ્ઠ-આઠ	**ચઉવ્વીસં**-ચોવીસ	**સિદ્ધા**-એવા હે સિદ્ધો
દસદોય-દસ અને બે	**પરમટ્ઠ**-પરમાર્થે કરી	**સિદ્ધિંમમ**-મને સિદ્ધિ
વંદિયા-વંદિત	**નિટ્ઠિ**-સિદ્ધ થયા છે	**દિસંતુ**-આપો

ચત્તારિ અટ્ઠદસ દોય—અષ્ટાપદ પર્વત ઉપર ચાર, આઠ, દસ અને બે

વંદિયા જિણવરાચઉવ્વીસં—તે ચોવીસે જિનવરો ઇંદ્રાદિકથી વંદિત છે,

પરમટ્ઠ નિટ્ઠિઅટ્ઠા—પરમાર્થે કરી સિદ્ધ થયા છે અર્થ જેમના

સિદ્ધાસિદ્ધિં મમ દિસંતુ-॥૫॥—એવા હે સિદ્ધો ? મને સિદ્ધિ આપો ॥ ૫ ॥

अथ वेयावच्च गराणं.

વેયાવચ્ચ-વૈયાવચ્ચ	**સંતિ**-શાંતિ	**સમાહિ**-ચિત્તની સમાધિ
ગરાણં-કરનારને	**સમ્મદ્દિટ્ઠિ**-સમકિત દૃષ્ટિ	**કરેમિકાઉસ્સગ્ગં**-કાઉસ્સગ્ગ કરૂં છું.

વેયાવચ્ચગરાણં, સંતિગરાણં—શ્રી જિનશાસનની વૈયાવચ્ચ એટલે સાર સંભાળના કરનાર અને શાંતિના કરનાર

સમ્મદ્દિટ્ઠિસમાહિ ગરાણં—સમકિત દૃષ્ટિ જીવોને સમાધિના કરનાર (દેવોને આશ્રીને)

કરેમિ કાઉસ્સગ્ગં—હું કાઉસગ્ગ કરૂં છું.

अथ गुरुवांदणा.

ગુરૂવંદન ત્રણ પ્રકારે છે, (૧) જઘન્ય પ્રણામ માત્ર જે ફેટાવંદન કરવું તે. (૨) મધ્યમ તે ખમાસમણ આપી વિધિયે કરી વાંદીયે તે થોભ વંદનને મધ્યમવંદન કહીએ, (૩) ઉત્કૃષ્ટ તે દ્વાદશાવર્ત્ત વંદન ગુરૂને પગે આપીએ. ત્યાં ગુરૂને વાંદણાં દેતાં સાધુનો ઓઘો તથા મુહપત્તિ અને શ્રા, વકને ચરવલો તથા મુહપત્તિ જોઈએ તથા તે વખત બીજું કાંબલી પછેડી પ્રમુખ વસ્ત્ર પાસે રાખવું નહીં. વાંદણાં દેતાં પચ્ચીસ આવસ્યક સાચવવાં જોઈએ. તે નીચે પ્રમાણે.

ગુરૂથી ચારે દિશાએ સાડાત્રણ હાથ પ્રમાણ અંતર રાખવું, અને સાધવી તથા શ્રાવિકાની અપેક્ષાએ તેર હાથનો અવગ્રહ જાણવો. ત્યાં લ. ગારેક નીચો નમી **અણુજાણહુમેમિઉગ્ગહં** કહે એ પ્રથમ આવશ્યક, (૧). પછી ભૂમિ પ્રમાર્જતો અવગ્રહમાં પ્રવેશ કરે તે બીજું આવશ્યક (૨), પછી સંડાસાદિક પડિલેહતો અધુગડો બેપી ગુરૂના ચરણ સમીપે રજોહરણ

મૂકી ડાબે હાથે મુહપત્તિ લઇ, મુહપત્તિવડે ડાબા કાનથી જમણા કાન સુધી લલાટ પૂંજી તથા ડાબો ઢીંચણ પૂંજી ત્યાં મુહપત્તિ મૂકી **અહોકાયં** ઇત્યાદિક કહેતો ત્રણ આવર્ત્ત કરે તે આવી રીતે બે હાથ લાંબા કરી, પસારી, કૂર્પરે સાથલ અણસ્પર્શ તો ગુરૂના ચરણ ઉપરે સંલગ્ન, બે હાથની દશે આંગલી લગાડતો મુખે **અ** અક્ષર કહે પછી તેમજ દશ આંગલી પોતાને લલાટે લગાડતો **હો** અક્ષર કહે એ બે અક્ષરે એક આવર્ત થાય (૩), તેમજ વળી **કા** અને **યં** એ બે અક્ષરે બીજો (૪), અને **કા** તથા **ય** એ બે અક્ષરે ત્રીજો આવર્ત્ત થાય (૫), **સંફાસં** શબ્દ કહેતો ગુરૂને પગે મસ્તક લગાડે તેને યથાજાત આવશ્યક કહે (૬). વલી બે હાથ કમલ કોશને આકારે જોડી માથે ચડાવી **ખમણિજ્જો ભે કિલામો અપ્પ કિલંતાણંબહુ સુભેણ ભે દિવસો વઇક્કંતો** કહે (૭), પછી બે હાથ મસ્તકથી ઉતારી પૂર્વનીપરે દશ આંગલી સામસામી કરી ગુરૂને પગે લગાડતો પેહેલો **જ** અક્ષર મંદસ્વરે કહે અને **ત્તા** અક્ષર મધ્યમસ્વરે કહે તથા **ભે** અક્ષર લલાટે હાથ ફસરતો ઉંચે સ્વરે કહે એવી રીતે **જત્તાભે** કહેતાં એક આવર્ત્ત થાય (૮), **જવણિ** કહેતાં બીજો (૯). અને **જ્જંચભે** કહેતાં ત્રીજો આવર્ત્ત થાય (૧૦). પછી બે હાથ અને મસ્તક ગુરૂને પગે લગાડી **ખામેમિ ખમાસમણો દેવસિયં વઇક્કમં** કહે (૧૧) પછી ઉભો થઇ પાછલી ભૂમી પમાર્જતો **આવસિઆએ** કહેતો અવગ્રહમાંથી બહાર નીકળે. તે અવગ્રહમાંથી બહાર નીકળવારૂપ એક આવસ્યક જાણવું (૧૨), પછી બાકીનું સૂત્ર બોલી જવું. બીજા વાંદણામાં **આવસિઆએ** ન કહે માટે અવગ્રહમાંથી બહાર નીકળવું નહી. આ બાર આવસ્યક પેહેલા વાંદણાનાં થયાં, બીજા વાંદણામાં **યથાજાત** તથા **આવસિઆએ** એ બે ન હોય એટલે દશ, એમ બાવીસ થયાં, તથા એ વાંદણાં દેતાં, **મનોગુપ્તિ** મનમાં એક ધ્યાનપણું કરવું (૨૩). **વચનગુપ્તિ** એટલે બે વાંદણાંની વચમાં

કાંઇપણ બોલવું નહીં, (૨૪), કાયગુપ્તિ એટલે શરીર આઘુંપાછું હલાવવું નહીં. (૨૫) એ ત્રણ ગુપ્તિરૂપ ત્રણ આવશ્યક જાણવાં એમ પચીસ આવશ્યક એ વાંદણાંનાં મલીને થાય.

ઇચ્છામિ-ઇચ્છુંછુ	સહિત	**મે**-મને
ખમાસમણો-હે ક્ષમા-	**નિસીહિઆએ**-પાપર-	**મિઉગ્ગહં**-મિત અવગ્રહ
વંદિઉં-વાંદવાને (શ્રમણ	હિત શરીરવડે	૩॥ હાથપ્રમાણ જગ્યા
જાવણિજ્જાએ-શક્તિ-	**અણુજાણહ**-આજ્ઞાઆપો	**નિસીહિ**-નિષેધુંછું

ઇચ્છામિ ખમાસમણો વંદિઉં—હે ક્ષમાદિક ગુણે કરી પ્રધાન હું વાંદવાને ઇચ્છુંછું.

જાવણિજ્જાએ નિસીહિઆએ ॥ ૧ ॥—શક્તિયે કરી સહિત એવા પાપ રહિત શરીર વડે

અણુજાણહ મે મિ ઉગ્ગહં ॥ ૨ ॥—મિત અવગ્રહ એટલે સાડાત્રણ હાથ પ્રમાણ જગ્યામાં પ્રવેશ કરવાની આજ્ઞા આપો. અહીંઆં શિષ્યનું વચન સાંભળી ગુરૂ કહે **અણુજાણામિ**—હું આજ્ઞા આપુંછું.

નિસીહિ—પછી શિષ્ય નિસીહિ એટલે ગુરૂ વંદન સિવાય બીજો વેપાર નિષેધું છું એમ કહી.

મિત અવગ્રહ એટલે સાડાત્રણ હાથ પ્રમાણ જગ્યા રાખી છે. તેમાં પ્રવેશ કરી ઉભા પગે બસી સાધુ ડાબા ઢીંચણ ઉપર અને શ્રાવક ચરવલા ઉપર મુહપત્તિ મુકી બે હાથ કપાળે લગાડી ગુરૂના ચરણ પ્રત્યે સ્પર્શ કરવા આવી રીતે કહે

અહોકાયં-નીચેની કાય	**ભે**-તમોયે	**બહુસુભેણ**-ઘણા શુભવડે
કાયં-શરીરે (પગને)	**કિલામો**-કિલામણાં	**ભે**-તમારો
સંફાસં-સ્પર્શથી	**અપ્પ**-થોડા	**દિવસો**-દિવસ
ખમણિજ્જો-ખમજો	**કિલંતાણં**-થાકેલાને	**વઇક્કંતો**-વીત્યો, ગયો

અહો, કાયં કાયસંફાસં—તમારી અધોકાય એટલે નીચેલી કાય જે

પગ, તે પ્રત્યે મસ્તકરૂપ કાયાયે કરી સ્પર્શ કરવાથી

ખમણિજ્જો ભે, કિલામો—જે કાંઇ ખેદ ઉપજાવ્યો હોય તેને તમોયે ખમવા યોગ્ય છે,

અપ્પકિલંતાણં, બહુ સુભેણભે—થોડો છે થાક જેને એવા તમને ઘણા શુભવડે એટલે ક્ષેમકુશળે આપનો

દિવસો વઇક્કંતો ॥ ૩ ॥—દિવસ વીત્યો ? પછી ગુરૂ કહે **તહત્તિ**-તેમજ

જત્તા-યાત્રા (તપસંયમ નિયમરૂપ)	**ચ**-વલી	શ્રમણ
ભે-ભગવંત તમારે	**ભે**-તમારૂં	**દેવસિયં**-દિવસ સંબંધી
જવણિજ્જં-શરીર	**ખામેમિ**-ખામુંછું	**વઇક્કમં**-અપરાધને
	ખમાસમણો-હે ક્ષમા	

જત્તાભે ॥ ૪ ॥—હે કરૂણા સમુદ્ર ! તમારે તપ, સંયમ, નિયમ સ્વાધ્યાય રૂપ યાત્રા અવ્યાબાધપણે વર્તે છે ? તે સાંભળી ગુરૂ કહે **તુજ્જં વિવટ્ટએ**—તને પણ વર્તે છે ?

જવણિજ્જં ચ ભે ॥ ૫ ॥—ઇંદ્રિય અને નોઇંદ્રિયોયે પીડિત નહી એવું તમારૂં શરીર છે ? ત્યારે ગુરૂ કહે **એવં**-એમજ

ખામેમિ ખમાસમણો—હે ક્ષમાશ્રમણ હું ખમાવું છું

દેવસિઅં વઇક્કમં—દિવસ સબંધી અપરાધ પ્રત્યે—

ત્યારે ગુરૂ કહે કે **અહમવિ ખામેમિ**—હું પણ સારણા વારણાદિકમાં થયેલો પ્રમાદ ખમાવું છું.

પછી ઉભો થઇ પગે જીનમુદ્રા અને હાથે યોગમુદ્રા સાચવતો નીચે પ્રમાણે કહે.

આવસિઆએ-અવસ્ય કર્તવ્યથી	**દેવસિઆએ**-દિવસ સંબંધીની	**અન્નયરાએ**-અનેરી
પડિક્કમામિ-નિવર્તુંછું	**આસાયણાએ**-આશાતનાએ કરી	**જંકિંચિ**-જે કાંઇ
ખમાસમણાણં-ક્ષમાશ્રમણો સંબંધીની	**તિત્તીસ**-તેત્રીસ	**મિચ્છિઆએ**-મિથ્યાભાવ (રૂપ આશાતના

આવસ્સિઆએ, પડિક્કમામિ—અવશ્ય કર્તવ્ય જે ચરણ સત્તરી અને કરણ સિત્તરી રૂપ પડિલેહણ પ્રમુખ કરતાં જે અતિચાર લાગ્યાં હોય, માઠું આચર્યું હોય તે થકી હું નિવર્તું છું.

ખમાસમણાણું, દેવસિઆએ, આસાયણાએ—ક્ષમાશ્રમણ સંબંધીની દિવસને વિષે થયેલી આશાતનાયે કરીને (તે કયી આશાતનાયે ?)

તિત્તીસન્નયરાએ, જંકિંચિ મિચ્છાએ—તેત્રીસ માંહેની અનેરી કોઈ આશાતનાયે કરીને, જે કાંઈ કૂડું આલંબન લઇ મિથ્યાભાવરૂપ આશાતનાયે કરીને

મણ–મન સંબંધી	**કોહાએ**-ક્રોધે કરી	કાલ સંબંધી
દુક્કડાએ–પાપરૂપ આશાતનાયે	**માણાએ**-માને કરી	**સવ્વ**-સર્વ
	માયાએ-માયાએ કરી	**મિચ્છોવયારાએ**-સવ મિથ્યા ઉપચારરૂપ
વય–વચન સંબંધી	**લોભાએ**-લોભે કરી	
કાય–કાયા સંબંધી	**સવ્વકાલિઆએ**-સર્વ	

મણદુક્કડાએ, વયદુક્કડાએ, કાયદુક્કડાએ—મન સંબંધી, વચન સંબંધી અને કાયસબંધી પાપરૂપ આશાતનાયે કરી.

કોહાએ, માણાએ, માયાએ, લોભાએ—ક્રોધ, માન, માયા અને લોભ રૂપ આશાતનાયે કરી

સવ્વકાલિઆએ, સવ્વમિચ્છોવયારાએ—સર્વ કાલને વષે ગુરૂનાં અવિનયાદિક આશાતનાયે તથા મિથ્યા ઉપચારતે કુડ કપટરૂપ આશાતનાયે કરી

સવ્વધમ્મ–સર્વધર્મતે આઠ પ્રવચન માતારૂપ	**જો મે**–જે માહારે જીવે	**પડિક્કમામિ**–પ્રતિક્રમું છું
અઇક્કમણાએ–ઓળંગવારૂપ	**અઇઆરો**-અતિચાર	**નિંદામિ**–નિંદુછું
	કઓ–કર્યો હોય	**ગરિહામિ**–ગર્હુંછું
આસાયણાએ–આશાતનાયે કરી	**તસ્સ**–તે અતિચારપ્રત્યે	**અપ્પાણં**–મારાઆત્માને
	ખમાસમણો–હેક્ષમાશ્રમણ	**વોસિરામિ**–વોસિરાવું છું.

સવ્વધમ્માઈક્કમણાએ આસાયણાએ—સર્વ ધર્મ તે આઠ પ્રવચન માતા રૂપ ધર્મની કરણીને ઓળંગવા રૂપ આશાતનાયે કરી

જો મે અઈઆરોકઓ તસ્સ ખમાસમણો—જે મેં અતિચાર કર્યો હોય તે અતિચાર પ્રત્યે; હે ક્ષમાશ્રમણ તમારી સમીપે

પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણંવોસિરામિ—પ્રતિક્રમું છું નિંદુ છું, ગુરૂની સાખે વિશેષ નિંદુ છું, પાપીષ્ટ આત્મા પ્રત્યે વોસિરાવું છું.

અહીંઆં બીજીવાર વાંદણાં દેતી વખત "આવસિઆએ" ન કહેવું

अथ अतिचारनी आठ गाथा.

નાણંમિ—જ્ઞાનને વિષે	**તહય**—તથા	**ઇઅ**—એ પ્રકારે
દંસણંમિ—દર્શનને વિષે	**વિરિયંમિ**—વીર્યને વિષે	**એસો**—એ
ચરણંમિ—ચારિત્રનેવિષે	**આયરણં**-આચરણ,વેપાર	**પંચહા**—પાંચ પ્રકારે
તવંમિ—તપને વિષે	**આયારો**—આચાર	**ભણિઓ**—કહ્યો છે.

નાણંમિ દંસણંમિઅ—જ્ઞાનને વિષે, દર્શનને વિષે

ચરણંમિ, તવંમિ તહય વિરિયંમિ—ચારિત્રને વિષે, વળી તપને વિષે, તેમજ વીર્યને વિષે

આયરણં આયારો—જે આચરણ એટલે વેપાર તેને આચાર કહીએ.

ઇઅ એસો પંચહાભણિઓ—એમ એ પ્રત્યક્ષ પાંચ પ્રકારે આચાર તે શ્રી તીર્થંકરદેવે કહ્યો છે.

કાલે—કાલને વિષે	**તહય**-તથા (ઓળવવા	**તદુભયે**-તે બે
વિણયે—વિનયને વિષે	**અનિન્હવણે**-(ગુરૂ)નહીં	**અટ્ઠવિહો**—આઠ પ્રકારે
બહુમાણે—બહુમાનને	**વંજણ**-શુદ્ધ ઉચ્ચાર	**નાણમાયારો**—જ્ઞાના
ઉવહાણે—ઉપધાન(વિષે	**અત્થ**-અર્થ	ચાર

કાલે વિણએ બહુમાણે—૧ કાલને વિષે (એટલે જે ભણવાનું

હોય તેજ ભણવું તેને કાલ કહીએ), ૨ વિનયને વિષે (એટલે જ્ઞા. નીનો વિનય વંદનાદિક કરવું) અને ૩ જ્ઞાની તથા જ્ઞાનને વિષે બહુમાન કરવું,

ઉવહાણે તહયનિન્હવણે-૪ ઉપધાન વહેવું તેમજ ૫ વિદ્યાગુરૂ તેને વિસારવા નહિ-

વંજણ અથ્થ તદુભએ—૬ સૂત્ર અક્ષર શુદ્ધ ભણવો, ૭ અર્થ શુદ્ધ ભણવો. તથા ૮ તે બે શુધ્ધ ભણવાં

અટ્ઠવિહો નાણમાયારો ॥ ૨ ॥—એ આઠ પ્રકારે જ્ઞાનાચાર જાણવો.

નિસ્સંકિઅ-શંકારહિત	**અમૂઢદિટ્ઠીઅ**-અમૂઢદૃષ્ટિ	**વચ્છલ**-ભક્તિભાવ મૈત્રીભાવ
નિક્કંખિઅ-વાંછારહિત	**ઉવવુહ**-પ્રશંસા કરવી	**પ્પભાવણે**-પ્રભાવના
નિવ્વિતિગિચ્છા-ફલના સંદેહ રહિત	**થિરીકરણે**-સ્થિર કરવું.	**અટ્ઠ**-આઠ

નિસ્સંકિઅ નિક્કંખિઅ—નિશંકિત=વીતરાગના વચનમાં શંકા ન કરવી (૧), નિ=કાંક્ષિત=જિનમત વિના બીજા મતની ઇચ્છા કરવી નહીં)૨)

નિવ્વિતિગિચ્છા અમૂઢ દિટ્ઠીઅ—નિર્વીતિગિચ્છા=સાધુ સાધ્વીનાં મેલાં વસ્ત્ર દેખી દુર્ગંછા નિંદા કરવી નહી (૩).અમૂઢદૃષ્ટિ=બીજા મતના લોકનો ચમત્કાર દેખી એ મતમાં કાંઇક છે એમ વિચારવું નહીં, તથા નવતત્વમાં પ્રવીણ થવું (૪)

ઉવવુહ થીરિકરણે—ઉપવૃંહક=સમકિત ધારી ગુણવંતના અલ્પગુણની શ્રધ્ધાપૂર્વક પ્રશંસા મોઢે પ્રકાશવી તે, (૫)સ્થિરિકાર=જીનમતથી પડતા પ્રાણીને સ્થિર કરનાર (૬)

વચ્છલ પ્પભાવણેઅટ્ઠ ॥ ૩ ॥ વચ્છલ—સાધર્મીકની વિશેષ ભક્તિ કરવી તથા સર્વ જીવોને વિષે મૈત્રીભાવ રાખવો તે (૭). પ્રભાવિક બીજા

ધર્મના લોક જીનધર્મની અનુમોદના કરે એવા કામ કરવાં (૮) એ આઠ લક્ષણ દર્શનાચારનાં જાણવા ॥૩॥

પણિહાણ-પ્રણિધાન	સમિઇહિં-સમિતિયેકરી	ચરિત્તાયારો-ચારિત્રાચાર
જોગ-યોગ	તિહિં-ત્રણ	અટ્ઠવિહો-આઠ પ્રકારે
જુત્તો-યુક્ત	ગુત્તિહિં-ગુપ્તિવડે	હોઇ-છે
પંચહિં-પાંચ	એસ-એ	નાયવ્વો-તે જાણવો

પણિહાણ જોગ જુત્તો—પ્રણિધાન એટલે એકાગ્ર સાવધાનપણે કરી મન વચન કાયાના યોગ સર્વ ચારિત્ર પાળવાને વિષે યુક્ત હોય એવો.

પંચહિં સમિઇહિં તિહિં ગુત્તીહિં—પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિયે કરી

એસ ચરિત્તાયારો—એ ચારિત્રાચાર

અટ્ઠવિહો હોઇનાયવ્વો ॥૪॥—આઠ પ્રકારે છે તે જાણવું.

બારસ-બાર	બાહિરે-બાહ્ય સહિત	અણાજીવી-આજીવિકારહિત
વિહંમિ-પ્રકારના	કુશલ-તીર્થંકરોએ	નાયવ્વો-જાણવો
વિતવે-તપનેવિષેનિશ્ચે	દીઠે પ્રકાસ્યું છે	સો-તે
અબ્ભિંતર-અભ્યંતર સહિત	અગિલાઇ-દુર્ગંછારહિત	તવાયારો-તપાચાર

બારસ વિહંમિવિ તવે—બાર પ્રકારના તપને વિષે નિશ્ચે

અબ્ભિંતર બાહિરે કુશલ દિટ્ઠે—છ ભેદ અભ્યંતર અને છ ભેદ બાહ્ય સહિત છે, વળી તિર્થંકરોએ પ્રકાસ્યું છે એવા તપને વિષે

અગિલાઇ અણાજીવી—દુર્ગંછા ભાવ રહિત છે, વળી આજીવિકાયે કરી રહિત છે એટલે જો હું તપ કરૂં તો પેટ ભરાઇ ચાલે એવી બુદ્ધિથી તપ ન કરવો.

નાયવ્વો સો તવાયરો ॥૫॥—તે તપાચાર જાણવો.

અણસણં-અનશનતપ	**રસચ્ચાઓ**-રસનોત્યાગ	**બજ્જો**-બાહ્ય
ઉણોરિયા-ઉણોદરી	**કાયકિલેસો**-કાયાને દમવું	**તવો**-તપ
વિત્તી-વૃત્તિ, આજીવિકા		
સંખેવણં-સંક્ષેપ, સંકોચ	**સંલીણયા**-સંલીનતા	**હોઇ**-છે

અણસણમૂણોયરિયા—અનશન તપ એટલે ચાર આહારનો ત્યાગ થોડાકાળ સુધી અથવા જાવજીવ સુધી કરવો તે, ઉણોદરિકા એટલે વસ્ત્ર પાત્ર ઓછાં કરવાં અથવા ભૂખ હોય તે કરતાં પાચ સાત કોળીઆ ઓછા જમવા તે

વિત્તી સંખેવણં રસચ્ચાઓ—વૃત્તિ સંક્ષેપ તપ એટલે આજીવીકાનો સંક્ષેપ કરવો (૩). અને રસનો ત્યાગ કરવો (૪),

કાયકિલેસો સંલી, ણયાય બજ્જો તવો હોઇ ॥૬॥—કાયોત્સર્ગ કરવો એટલે કાયાને દમવી (૫), સંલીનતા એટલે વિષય કષાયને ઉદીરવા નહીં અને અંગોપાંગ કુકડીની પેઠે સંકોચી રાખવાં (૬) એ બાહ્યતપ છે.

પાયચ્છિત્તં-પ્રાયશ્ચિત	**સજ્ઝાઓ**-સજ્જાય	**અભ્ભિતરઓ**-અભ્યંતર
વિણઓ-વિનય	**ઝાણં**-ધ્યાન	
વેયાવચ્ચં-વૈયાવચ્ચ	**ઉસ્સગ્ગો**-કાઉસ્સગ	**તવો**-તપ
તહેવ-તેમજ		**હોઇ**-હોય છે

પાયચ્છિત્તં વિણઓ—પ્રાયશ્ચિત તપ એટલે અપરાધ કરેલો હોય તેની ગુરૂ પાસે આલોયણ લેવી (૧), તથા વિનય તપ એટલે ગુરૂનો વિનય તથા ભક્તિ સાચવવી (૨),

વેયાવચ્ચં તહેવ સજ્ઝાઓ—વૈયાવચ્ચ તપ એટલે ગુરૂને આહારાદિક લાવી આપવાં, પગ ચાંપવા વગેરે વૈયાવચ્ચ કરવી (૩), તથા સજ્ઝાય તપ એટલે ભણવું, વાંચવું પૂછવું આદિ પાંચ પ્રકારનો સ્વાધ્યાય (૪),

ઝાણં ઉસ્સગ્ગોવિઅ—ધ્યાન તપ એટલે શુભધ્યાનનું ધ્યાવવું (૫),

ઉત્સર્ગ તપ એટલે કર્મક્ષય અર્થે કાઉસ્સગ્ગ કરવો (૬), નિશ્ચે
અભિંતરઓ તવો હોઇ ॥ ૭ ॥—એ ૭ પ્રકારે અભ્યંતર તપ છે.

અણિગૂહિઅ-અણુ ઢાંકેલું.	**જો**-જે	**જહાથામં**-યથાશક્તિ
	જહુત્તં-યથોક્ત	**નાયવ્વો**-જાણવો
બલવિરિઓ-બલવીર્ય	**આઉત્તો**-સાવધાન થકો	**વીરીઆયારો**-વીર્યાચાર
પડિક્કમઇ-ઉદ્યમ કરેછે	**જુંજઈ**-જોડે	

અણિગૂહિઅ બલ વીરીઓ—આણુઢાંકેલું એટલે પ્રગટ છે વીર્ય જેનું
પડિક્કમઇ જો જહુત્તમાઉત્તો—જે યથોકત એટલે તીર્થંકર દેવે કહ્યું છે,

તેમ ખેદ નહી પામતો ધર્મને વિષે સાવધાનથકો ઉદ્યમ કરે
જુંજઇ અ જહાથામં—પોતાના બળના અનુસારે યથાશક્તિ પ્રમાણે

ધર્મ કાર્યને વિષે જોડે એટલે લાગે
નાયવ્વો વિરિઆયારો ॥ ૮ ॥—એ વીર્યાચાર જાણવો ॥ ૮ ॥

अथ इच्छामि ठामि काउस्सग्गं.

ઇચ્છાકારેણ-ઇચ્છાયે કરી	**આલોઉં**-આલોચું, પ્રકાસું	**કઓ**-કર્યો હોય
	ઇચ્છં-ઇચ્છુંછું	**કાઇઓ**-કાયા સબંધી
સંદિસહ-આદેશઆપો	**આલોએમિ**-પ્રકાસુંછું	**વાઇઓ**-વચન સંબંધી
ભગવન્-હે ભગવાન્	**જોમે**-જે મેં	**માણસિઓ**-મન સબંધી
દેવસિઅં દિવસ સબંધી	**અઇઆરો**-અતિચાર	

ઇચ્છાકારેણસંદિસહ ભગવન્ - હે ભગવન્ ! (પોતાની)ઇચ્છાયે કરી
આદેશ આપો.

દેવસિઅં આલોઉં-દિવસ સંબંધી જે અતિચાર તે પ્રત્યે આલોચું, પ્રકાસુ

ઇચ્છં આલોએમિ—ઇચ્છુંછું, પ્રકાસું છું.

જોમે દેવસિઓ અઇયારોકઓ—જેમેં દિવસ સંબંધી અતિચાર કર્યો હોય

કાઇઓવાઇઓ માણસિઓ—કાયા સંબંધી, વચન સંબંધી અને મન સંબંધી

ઉસ્સુત્તો-ઉત્સૂત્રભાખથી
ઉમ્મગ્ગો—અવળા માર્ગથી
અકપ્પો-અવિધિથીકરેલું
અકરણિજ્જો—નહીં કરવા યોગ્ય
દુજ્ઝાઓ-દુર્ધ્યાનથી
દુવ્વિચિંતિઓ-માઠું ચિંતવવાથી
અણાયારો—અનાચારથી
અણિચ્છિઅવ્વો-નહીં ઇચ્છવા યોગ્ય
અસાવગપાઉગ્ગો—શ્રાવકને ઉચિત નહીં

ઉસ્સુત્તો ઉમગ્ગો અકપ્પો અકરણિજ્જો—ઉત્સૂત્ર એટલે જિનાગમથી વિરૂદ્ધ બોલવાથી તથા મિથ્યાત્વાદિક ભાવે કરી અવળા માર્ગથી અવિધિયે કરી નહીં કરવા યોગ્ય કાર્યને કરવે કરી.

દુજ્ઝાઓ, દુવ્વિચિંતિઓ અણાયારો—દુર્ધ્યાનનું ધ્યાવવું, અને તેથી દુષ્ટકાર્યને મનમાં ચિંતવવું તે માટેજ અનાચાર જે થકી વ્રતાદીકનો સર્વથા ભંગ થાય તે માટેજ

અણિચ્છિઅવ્વો અસાવગ પાઉગ્ગો—જે ઇચ્છવા યોગ્ય નથી તે માટેજ શ્રાવકને ઉચીત નથી એ રીતે મન સંબંધી અતિચાર તે શેને વિષે લગાડયા હોય ?

નાણે—જ્ઞાનને વિષે
દંસણે—દર્શનને વિષે
ચરિત્તાચરિત્તે—દેશવિરતિ ચારિત્રને વિષે
સુએ—શ્રુતને વિષે
સામાઇએ—સામાયકને વિષે
તિન્હંગુત્તીણં—ત્રણગુપ્તિને
ચઉન્હં—ચાર
કસાયાણં—કષાયને
પંચહન્હં—પાંચ
અણુવ્વયાણં—અણુવ્રતોને
ગુણવ્વયાણં—ગુણવ્રતો
સિક્ખાવયાણં—શિક્ષાવ્રતો
બારસ—બાર
વિહુસ્સ—પ્રકારના
સાવગધમ્મસ્સ—શ્રાવક ધર્મ
જં—જે
ખંડિયં—ખંડયું હોય
વિરાહિયં—વિરાધ્યું હોય

નાંણેદંસણે ચરિત્તા ચરિત્તે—જ્ઞાનને વિષે, દર્શનને વિષે, કાંઇક વિરતિરૂપ કાંઇક અવિરતિરૂપ એવું જે દેશવિરતિરૂપ શ્રાવકનું ચારિત્ર તેને વિષે
સુએ સામાઇએ તિન્હ ગુત્તીણં—શ્રુતસિદ્ધાંતને વિષે, સામાયકને વિષે, ત્રણ ગુપ્તિને વિષે.
ચઉન્હં કસાયાણં—ક્રોધ, માન, માયા અને લોભ) એ ચાર કષાયે કરી
પંચન્હ માણુવ્વયાણં—પાંચ અણુવ્રતમાંહેથી
તિન્હં ગુણવ્વયાણં—ત્રણ ગુણવ્રતમાહેથી
ચઉન્હં સિખ્ખાવયાણં—ચાર શિક્ષાવ્રતમાંહેથી
બારસવિહસ્સ સાવગધમ્મસ્સ—એ બારપ્રકારના વ્રતરૂપ જેશ્રાવકધર્મતમાંહેથી
જં ખંડિઅં જં વિરાહિઅં—જે ખંડ્યુ (એટલે દેશ થકી ભાગ્યુ), જે વિરાધ્યુ (એટલે સર્વ થકી ભાગ્યુ) હોય.
તસ્સ મિચ્છામિ દુક્કડં—તેનુ પાપ મારે મિથ્યા થાઓ.

अथ सातलाख.

પૃથ્વીકાય—માટીપાણા ણાદિકના જીવ	**પ્રત્યેક**—એક શરીરમાં એક જીવવાળી	લાદિકોના જીવ
અપકાય—પાણીનાજીવ	**સાધારણ**—એક શરીરમાં અનંતા જીવવાળી	**યોનિ**—ઉત્પત્તિસ્થાન
તેઉકાય—અગ્નિના જીવ		**હણ્યો**—માર્યો
વાઉકાય—વાયરાનાજીવ	**વનસ્પતિકાય**—ઝાડપા-	**હણાવ્યો**—મરાવ્યો
		અનુમોદ્યો—વખાણ્યો

સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપ્પકાય, સાત લાખ તેઉકાય, સાત લાખ વાઉકાય, દસ લાખ પ્રત્યેક વનસ્પતિકાય, ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાય, બે લાખ બેઇંદ્રિય, બે લાખ તે ઇંદ્રિય, બે લાખ ચઉરિંદ્રિય, ચાર લાખ દેવતા, ચાર લાખ નારકી, ચાર લાખ તિર્યંચ પંચેંદ્રિય, ચૌદ લાખ મનુષ્ય એવંકારે ચોરાસી લાખ જીવાયોનિમાંહે મારે જીવે જે કોઇ જીવ હણ્યો હોય, હણાવ્યો હોય, હણતા પ્રત્યે અનુમોદ્યો હોય, તે સર્વે મને વચને

કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં ॥ ઇતિ ॥

अथ अढार पापस्थान.

પ્રાણાતિપાત–જીવહિંસા	માન–અહંકાર	અભ્યાખ્યાન–કોઇને આળ ચઢાવવું
મૃષાવાદ–જૂઠું બોલવું	માયા–કપટ	
અદત્તાદાન–ચોરી	લોભ–લાલચ	પૈશુન–ચાડી
મૈથુન–વિષય સેવવા	રાગ–હેત	રતિ–સુખ
પરિગ્રહ–ધન,ધાન્યનો	દ્વેષ–તિરસ્કાર	અરતિ–દુઃખ
ક્રોધ-ગુસ્સો (સંગ્રહ)	કલહ–કજીઆ	પરપરિવાદ–પારકીનિંદા
માયામૃષાવાદ-કપટ સાથે જૂઠું	મિથ્યાત્વ–દેવ ગુરૂધર્મની અશ્રદ્ધા	શલ્ય–સાલ

પેહેલે પ્રાણાતિપાત, બીજે મૃષાવાદ, ત્રીજે અદત્તાદાન, ચોથે મૈથુન, પાંચમે પરિગ્રહ, છઠે ક્રોધ, સાતમે માન, આઠમે માયા, નવમે લોભ, દશમે રાગ, અગિયારમે દ્વેશ, બારમે કલહ, તેરમે અભ્યાખ્યાન, ચઉદમે પૈશુન્ય, પંદરમે રતિ અરતિ, સોળમે પરપરિવાદ, સત્તરમે માયામૃષાવાદ, અઢારમે મિથ્યાત્વ શલ્ય. એ અઢાર પાપસ્થાનક માંહે મહારે જીવે જે કોઇ પાપ સેવ્યું હોય, સેવરાવ્યું હોય, સેવતા પ્રત્યે અનુમોદ્યું હોય તે સર્વે હું મને વચને કાયાયે કરી તસ્સ મિચ્છામિ દુક્કડં ॥

अथ देवसिअ पडिक्कमणे ठाउं.

સવ્વસ્સવિ–સર્વે પણ	દુચ્ચિંતિઅ–માઠું ચિંતવવાથી	દુબ્ભાસિઅ–માઠું બોલવાથી
દેવસિઅ–દિવસ સંબંધી		દુચ્ચિટ્ઠિઅ-માઠી ચેષ્ટાથી

સવ્વસ્સવિ દેવસિઅ—સર્વ પણ દિવસ સંબંધી અતિચાર **દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ**—માઠું ચિંતવવાથી, માઠું બોલવાથી દુઃચેષ્ટાથી એટલે ઉપયોગ રહિત હાલવા ચાલવા થકી જે અતિચાર લાગ્યો હોય **ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ઇચ્છં તસ્સ મિચ્છામિ દુક્કડં**—તેનું મિથ્યા દુષ્કૃત દેવાને હે ભગવન્ આદેશ આપો, (અહીં ગુરૂ આજ્ઞા આપે પછી શિષ્ય કહે) હું એજ ઇચ્છું છું.

અથ શ્રાવક પડિક્કમણ સૂત્ર અથવા વંદિતા સૂત્ર.

વંદિતા સૂત્ર શ્રાવકે દિવસ પ્રત્યે લાગેલા અતિચારને પડિક્કમવાને અર્થે કહેવામાં આવે છે. તે અતિચાર બારવ્રત આદિના સર્વ મળી એકસો ચોવીસ છે. તે કયા વ્રતના કેટલા છે તે નીચે પ્રમાણે.

બાર વ્રતોના ૭૫ અતિચાર.

૫ પાંચ અણુંવ્રત—

૧ પ્રાણાતિપાત વિરમણના	૫
૨ મૃષાવાદ વિરમણ	૫
૩ અદત્તાદાન વિરમણ	૫
૪ મૈથુન વિરમણ	૫
૫ પરિગ્રહ પરિમાણ	૫

૩ ગુણવ્રત— ૫

૬ દિગવિરમણ	૫
૭ ભોગોપભોગ પરિમાણ	૨૦
૮ અનર્થદંડ વિરમણ	૫

૪ શિક્ષાવ્રત—

૯ સામાયક	૫
૧૦ દેશાવગાસિક	૫
૧૧ પોષધોપવાસ	૫
૧૨ અતિથિસંવિભાગ	૫
જ્ઞાનાચાર	૮
દર્શનાચાર	૮
ચારિત્રાચાર	૮
તપાચાર	૧૨
વીર્યાચાર	૩
સમ્યક્ત્વ	૫
સંલેષણા	૫

૧૨૪

વંદિતુ-વાંદીને	**અ**-વળી	**પડિક્કમિઉં**-પડિક્કમવાને
સવ્વ-સર્વજ્ઞને		
સિદ્ધે-સિદ્ધને	**સવ્વસાહૂઅ**-સર્વસાધુને	**સાવગધમ્મ**-શ્રાવકધર્મના
ધમ્માયરિએ-ધર્માચાર્યને	**ઇચ્છામિ**-ઇચ્છુ છું	**અઇઆરસ્સ**-અતિચારને

વંદિત્તુસવ્વસિદ્ધે—સર્વજ્ઞ એવા તીર્થંકર તથા સિદ્ધ ભગવાનને વાંદીને

ધમ્માયરિએ અ સવ્વસાહુઅ—ધર્માચાર્ય, ઉપાધ્યાય તથા સર્વ સાધુ મુનિરાજને નમસ્કાર કરીને

ઇચ્છામિ પડિક્કમિઉં-પડિક્કમવાને અથવા નિવર્ત્તવાને ઇચ્છું છું.(શાથી?)

સાવગધમ્માઇઆરસ્સ—શ્રાવક ધર્મને વિષે લાગેલાં અતિચાર થકી

જોમે-જે માહારે	**દંસણે**-દર્શનને વિષે	**વા**-અથવા
વયાઇયારો-વ્રતોનાઅ-તિચાર	**ચરિત્તે**-ચારિત્રને વિષે	**તંનિંદે**-તેને નિંદુ છું
	અ-તપ તથા વીર્યને વિષે	**તંચ**-વળી તેને
નાણે-જ્ઞાનને વિષે	**સુહુમોઅ**-સૂક્ષ્મ વળી	**ગરિહામિ**-ગુરૂની સા-ક્ષીએ નિંદુછું.
તહ-તથા	**બાયરો**-બાદર	

જોમે વયાઇઆરો-(હવે કહેવાશે તેમાંનો) જે અતિચાર માહારે હુઓ હોય

નાણે તહ દંસણે ચરિત્તેઅ—જ્ઞાનને વિષે, દર્શનને વિષે ચારિત્રને વિષે.

અ એટલે ચ શબ્દથી તપાચાર તથા વીર્યાચારને વિષે

સુહુમો અ બાયરોવા—સૂક્ષ્મ એટલે જાણવામાં ન આવે તેવો અને બાદર તે પ્રગટ જાણવામાં આવે તેવો જે અતિચાર લાગ્યો હોય.

તં નિંદે તંચ ગરિહામિ ॥ ૨ ॥-તેને હું નિંદુ છું તથા ગુરૂની સાક્ષીએ ગહુંછું.

દુવિહે-બે પ્રકારના	**બહુવિહેઅ**-ઘણાપ્રકારના	**કરણે**-કરવાથી
પરિગ્ગહંમિ-પરિગ્રહને વિષે	**આરંભ**-આરંભને વિષે	**પડિક્કમે**-પડિક્કમું છું
	કારાવણે-કરાવવાથી	**દેસિઅં**-દિવસ સંબંધી
સાવજ્જે-પાપવાળા	**અ**-અનુમોદવાથી	**સવ્વં**-સર્વે

દુવિહે પરિગ્ગહંમિ—બે પ્રકારનો પરિગ્રહ છે તેની ઉત્પત્તિનું કારણ

સાવજ્જે બહુ વિહેઅ આરંભે—પાપ સહિત એવા ખેતી પ્રમુખ ઘણા પ્રકારના આરંભ તેને

કારાવણે અ કરણે—પોતે કરવાથી બીજા પાસે કરાવવાથી તથા કરતાને અનુમોદવાથી

પડિક્કમે દેસિઅંસવ્વં ॥૩॥—જે અતિચાર લાગ્યો હોય તે દિવસસંબંધી અતિચારને હુ પ્રતિક્રમું છું.

જંબદ્ધં-જેબાંધ્યુંહોય	**અપ્પસત્થેહિં**-માઠાભાવે	**તંચ**-વળી તેને
ઇંદિએહિં-ઇદ્રિયોવડે	**રાગેણ**-રાગે કરી	**ગરિહામિ**-ગુરૂનીસાક્ષીએ નિંદુ છુ
ચઉહિં-ચાર	**દોસેણ**-દ્વેષ કરી	
કસાએહિં-કષાયોવડે	**તં નિંદે**-તેને નિંદુ છું	

જંબદ્ધ મિંદિએહિં—જે અશુભ કર્મ ઉપાર્જ્યું હોય; ઇદ્રિઓવડે

ચઉહિં કસાએહિં અપ્પસત્થેહિં—ચાર કષાયોવડે કરી માઠા ભાવે કરી

રાગેણ વ દોસેણ વ-રાગે કરી અથવા દ્વેષ કરી બાંધ્યું હોય

તં નિંદે તંચ ગરિહામિ-તેને હુ નિંદુ છું, તથા ગુરૂની સાખે ગુહુંછું,નિંદુછું

આગમણે-આવતાં	**ચંકમણે**-ફરતાં	**અભિઓગે**-આગ્રહથી
નિગ્ગમણે-જતાં		
ઠાણે-મિથ્યાત્વીનેસ્થાનકે	**અણાભોગે**-અનુપયોગથી	**નિઓગે**-આજ્ઞાથી

આગમણે નિગ્ગમણે—આવવામાં તથા જવામાં

ઠાણે ચંકમણે અણાભોગે-મિથ્યાત્વીને સ્થાનકે ઉભા રહેતાં તથા ત્યાં આમ તેમ ફરતાં અનુપયોગથી

અભિઓગે અ નિઓગે-વળી રાજાના આદેશથી તથા ઘણા લોકોના-આગ્રહથી તથા (પરાધીનપણે આજીવિકા ચલાવતાં જેની ચાકરી કરીએ.

તેની) આના થકી જે મિથ્યાદષ્ટિ સંબંધી રથયાત્રા પ્રમુખ જોવાને અર્થે જે કરવું પડે તેથી જે અતિચાર લાગે તે.

પડિક્કમે દેસિઅં સવ્વં ॥૫॥–તે દિવસ સંબંધી સર્વ અતિચારને પ્રતિક્રમુંછું.

સંકા–શંકા, સંદેહ	**પસંસ**–પ્રસંસા વખાણ	**કુલિંગીસુ**-મિથ્યાત્વીનેવિષે
કંખ કાંક્ષા, ઇચ્છા	**તહ**-તથા	**સમ્મત્તસ્સ**–સમકિતના
વિગિચ્છિા-દુગછા સંદેહ	**સંથવો**–પરિચય	**ઇઆરે**–અતિચાર

સંકા કંખ વિગિચ્છા—૧ શંકા એટલે જિન વચનમાં સંદેહ ૨ કાંક્ષા એટલે પરમતવાળાનો થોડો ગુણ દેખી તે ઊપર અભિલાષ ઉપજે, ૩ વિગિચ્છા એટલે સાધુ સાધ્વીનાં મેલાં વસ્ત્ર દેખી દુગંછા કરે અથવા દાનાદિક ધર્મ કર્યાનું ફલ હશે કે નહીં એવો સંદેહ ધરવો.

પસંસ તહ સંથવો કુલિંગીસુ—કુલીંગી એટલે મિથ્યાત્વીને વિષે. વખાણ કરે (૪) તથા પરિચય કરે (૫)

સમ્મત્તસ્સ ઇઆરે—એ સમકિતના પાંચ અતિચાર આશ્રયી જે.

પડિક્કમે દેસિઅં સવ્વં ॥૬॥–દિવસ સંબંધી સર્વ અતિચારને પડિક્કમુંછું.

છક્કાય–છકાય (ને)	**જે**-જે	**ઉભયટ્ઠા**–પોતાના પરના બેના અર્થે
સમારંભે–આરંભનેવિ	**દોસા**–દોષ	
પયણે રાંધતાં	**અત્તટ્ઠા**–પોતાને અર્થે	**ચેવ**–નિશ્ચે
પયાવણે-રંધાવતાં	**પરટ્ઠા**-પરને અર્થે	**તં નિંદે**–તેને નિંદુ છુ

છક્કાયસમારંભે—પૃથ્વીકાયાદિક છ કાય જીવોના આરંભમાં

પયણે અ પયાવણેઅ જે દોસા—પોતે રાંધતાં, બીજા પાસે રંધાવતાં, વળી રાંધતાને અનુમોદતાં જે દોષ.

અત્તટ્ઠાય પરટ્ઠા—પોતાને અર્થે અથવા પરને અર્થે.

ઉભયટ્ઠા ચેવ તં નિંદે ॥ ૭ ॥—તે બેઉનેઅર્થે કરવામાં જે દોષ લાગ્યો હોય તે નિશ્ચે હું નિંદુ છું

પંચન્હં-પાંચ	**ગુણવ્વયાણં**-ગુણવ્રત	**સિક્ખાણં**-શિક્ષાવ્રત
અણુવ્વયાણં-અણુવ્રતનેવિષે	**તિન્હં**-ત્રણને વિષે	**ચઉન્હં**-ચારને વિષે
	અઇયારે-અતિચાર	

પંચન્હ મણુવ્વયાણં—પાંચ અણુવ્રતને વિષે

ગુણવ્વયાણં ચ તિન્હં મઇયારે—વળી ત્રણ ગુણવ્રતને વિષે જે અતિચાર લાગ્યો હોય.

સિક્ખાણં ચ ચઉન્હં—ચાર શિક્ષાવ્રતને વિષે વળી તપ સંલેષણાદિકને વિષે જે અતિચાર લાગ્યા હોય તે

પડિક્કમે દેસિઅં સવ્વં ॥ ૮ ॥–દિવસ સંબંધી સર્વ અતિચારને પડિક્કમુછું.

પઢમે-પહેલા	**પાણાઇવાય**-પ્રાણાતિપાતને	**અપ્પસત્થે**-માઠાભાવે
અણુવ્વયંમિ-અણુવ્રતને વિષે	**વિરઇઓ**-વિરતિથી	**ઇત્થ**-અહીં
	આયરિઅં-આચર્યુંહોય	**પમાય**-પ્રમાદના
		પ્પસંગેણં-પ્રસંગેકરી

પઢમે અણુવ્વયંમિ—પેહેલા અણુવ્રતને વિષે

થૂલગ પાણાઇવાય વિરઇઓ—મોટા (ત્રસજીવ સંબંધી) પ્રાણનો અતિપાત એટલે નાશ તેની વિરતિ થકી.

આયરિઅ મપ્પસત્થે—જે દોષ માઠાભાવ હુએ છતે આચાર્યો હોય

ઇત્થ પમાય પ્પસંગેણં ॥ ૯ ॥—આ વ્રતને વિષે પ્રમાદના પ્રસંગથી જે અતિચાર સેવ્યો હોય તે આગલી ગાથામાં પડિક્કમીશ.

વહ-વધ	**અઇભારે**-અતિભારવડે	**પઢમ**-પહેલા
બંધ-બાંધવું	**ભત્તપાણ**-ભાતપાણી	**વયસ્સ**-વ્રતના
છવિ-શરીરનાં અંગ	**વુચ્છેએ**-અંતરાય	**અઇયારે**-અતિચારને વિષે
ચ્છેએ-છેદવાથી		

વહ બંધ છવિચ્છેએ—મારવું, દોરડાદિકે બાંધવું, બળદાદિકના શરીરના અવયને છેદવાં.

અઇભારે ભત્તપાણ વુચ્છેએ—ઘણો ભાર ભર્યો ભાતપાણીનોઅંતરાય કર્યો

પઢમવયસ્સ ઇઆરે—પેહેલા વ્રતના અતિચાર મધ્યે જે અતિચાર

પડિક્કમે દેસિઅં સવ્વં ॥ ૧૦ ॥—દિવસ સંબંધી સર્વ અતિચારને પડિક્કમુંછું

બીએ-બીજા (તનેવિષે	**અલિય**-અલિક, જૂઠું	**અપ્પસથ્થે**-માઠાભાવે
અણુવ્વયંમિ-અણુવ્ર	**વયણ**-વચન	**ઇથ્થ**-એ વ્રતને વિષે
પરિ-અતિશયે કરી	**વિરઇઓ**-વિરતિથી	**પમાયપ્પસંગે**-પ્રમા-
થુલગ-મોટા	**આયરિઅ**-આચર્યુંહોય	દના પ્રસંગે કરીને

બીએઅણુવ્વયંમિ—બીજા અણુવ્રતને વિષે.

પરિથુલગ અલિઅવયણ વિરઇઓ—અતિશયે કરી મોટા અલિક વચન—જુઠું તેની વિરતિ થકી.

આયરિઅ મપ્પસથ્થે—માંઠા ભાવે જે કાંઇ આચર્યુ હોય.

ઇથ્થ પમાયપ્પસંગેણં ॥ ૧૧ ॥—આ વ્રતમાં પ્રમાદના પ્રસંગવડે જે કાંઇ દોષ લાગ્યો હોય તે આગલી ગથામાં પડિક્કમીશ.

સહસ્સા-અણવિચાર્યુ	**મોસ**-મૃષા, જૂઠો	**લેહેઅ**-લેખને વિષે
રહસ્સ-છાનું	**ઉવએસે**-ઉપદેશે	**બીઅવયસ્સ**-બીજા
દારે-સ્વદારા મંત્રભેદ	**કુડ**-જૂઠા	વ્રતને વિષે

સહસ્સા રહસ્સદારે—સહસાત્કાર એટલે અણવિચાર્યે કોઇને જૂઠું આલ દેવું તથા કોઇને છાની વાત કરતા જોઇ કહેવું કે તમે અમુક વિચાર કરો છો એમ કહેવું,: તથા સ્ત્રીએ કહેલી ગુપ્ત વાત બીજાને કહેવી

મોસુવએસેઅ કુડલેહેઅ—કોઇ ને કષ્ટમાં પાડવા કૂડી બુદ્ધિ આપવી તથા જૂઠાં ખત વગેરે લખવાં

બીઅ વયસ્સ ઇઆરે—બીજા વ્રતને વિશે જે કોઇ અતિચાર લાગ્યો હોય

પડિક્કમે દેસિયં સવ્વં ॥ ૨ ॥–દિવસસંબંધી સર્વ અતિચારને હું પડિક્કમું છું.

તઇએ–ત્રીજા (તનેવિષે	**થુલગ**–મોટા	**હરણ**–હરવાની
અણુવ્વયંમિ–અણુવ્રત	**પરદવ્વ**–પારકું ધન	**વિરઇઓ**–વિરતિથી

તઇએ અણુવ્વયંમિ—ત્રીજા અણુવ્રતને વિષે

થૂલગ પરદવ્વ હરણ વિરઇઓ–મોટા પારકા ધનની ચોરીની વિરતિનેવિષે

આયરિઅ મપ્પસત્થે—માઠા ભાવે આચરવાથી

ઇથ્થપમાય પ્પસંગેણં ॥ ૧૨ ॥–પ્રમાદના પ્રસંગથી આ વ્રતને વિષે જે કાંઈ અતિચાર લાગ્યો હોય તે આગલી ગાથામા પડિક્કમીશ ॥ ૧૩ ॥

તેન–ચોરે	તપ્પડિરૂવે–તેના જેવી	કુડતુલ ખોટાંતોલ
આહુડ–ચોરેલી	વિરૂદ્ધ–ઉલટું	કુડમાણે ખોટાંમાપ
પ્પયોગે–પ્રયોગે	ગમણે અ–ગમન,આચરણ	

તેના હડપ્પઓગે—ચોરની હરણ કરેલી વસ્તુ સોંઘી જાણી લેવાથી, તથા ચોરને સહાય આપવાથી

તપ્પડિરૂવે વિરૂદ્ધ ગમણેઅ—ખોટી વસ્તુને ખરોના જેવી કરી વેચવાથી, તથા દાણચોરી પ્રમુખ રાજવિરૂદ્ધ આચારવાથી

કુડતૂલ કુડમાણે ખોટું તોલ તથા ખોટું માપ રાખવાથી જે અતિચાર લાગ્યો હોય.

પડિક્કમેદેસિઅં સવ્વં ॥ ૧૪ ॥તે દિવસ સંબંધી સર્વ અતિચારને પડિક્કમુંછું

ચઉત્થે-ચોથા (તનેવિષે	**નિચ્ચં**-નિત્ય	**ગમણ**-ગમનકરવાની
અણુવ્વયંમિ-અણુવ્રત	**પરદાર**-પરસ્ત્રી સાથે	**વિરઇઓ**-વિરતિથી

ચઉત્થે અણુવ્વયંમિ—ચોથા અણુવ્રતને વિષે

નિચ્ચંપરદાર ગમણ વિરઇઓ—હંમેશાં પરસ્ત્રીની સાથે ગમન એટલે કામભોગ ભોગવવાની વિરતિને

આયરિઅ મપ્પસત્થે—અશુભ ભાવે કરી આચરવાથી

—**ઇત્થપમાયપ્પસંગેણં ॥૧૫॥**—આ વ્રતમાં પ્રમાદના પ્રસંગે કરીને જે અતિચાર લાગ્યો હોય તે આગલી ગાથામાં પડિક્કમીશ-

---

અપરિગ્ગહિઆ-નહીં	**વિવાહ**-વિવાહ	**ચઉત્થ**-ચોથા
ઇત્તર-રાખેલી [પરણેલી	**તિવ્વ**-તિવ્ર	**વયસ્ય**-વ્રતના
અણંગ-કામક્રીડા	**અણુરાગે**-અભિલાષ	**ઇઆરે** અતિચાર

અપરિગ્ગહિઆ ઇત્તર—અપરિગહિતા બીજા કોઇએ નહીં ગ્રહણ કરેલી એટલે કુમારી, અથવા વિધવાની સાથે તથા કોઇએ વેશ્યાદિકને સ્ત્રીને ઠેકાણે રાખેલી હોય તેની સાથે મૈથુન સેવવું.

અણંગવિવાહ તિવ્વ અણુરાગે—કામક્રીડા એટલે પરસ્ત્રીની સાથે હાંસી વગેરે કરવું, તથા પોતાનાં છોકરાં સિવાય પારકાં છોકરાંનાં વિવાહ કરવા, કરાવવા વિગેરે કામભોગને વિષે તિવ્ર અભિલાષ કરવો.

ચઉત્થવયસ્સ ઇઆરે—ચોથા વ્રતના અતિચારને વિષે

પડિક્કમે દેસિઅં સવ્વં ॥ ૧૬ ॥—જે અતિચાર લાગ્યો હોય તે દિવસ સંબંધી સર્વ અતિચારને હું પ્રતિક્રમુંછું.

ઇત્તો—એ ઉપરાંત	વિષે	**પરિમાણ**-પરિમાણ
અણુવ્વએ-અણુવ્રત	**આયરઅં**-આચર્યું હોય	**પરિચ્છેએ**-ઓલંગ-
પંચમંમિ-પાંચમાને	**અપસત્થંમિ**-માઠાભાવે	વાથી

ઈત્તો અણુવ્વએ પંચમંમિ—તે પછી પાંચમા અણુવ્રતને વિષે
આયરિઅમપ્પસત્થંમિ-અશુભભાવે કરી જે આચર્યો હોય
પરિમાણ પરિચ્છેએ-પરિગ્રહના પરિમાણનોપરિચ્છેદ કરવાથી (ઓળંગવાથી)
ઇથ્થપમાય પ્પસંગેણં ॥૧૭॥-આ વ્રતને વિષે પ્રમાદના પ્રસંગથી જે
અતિચાર લાગ્યો હોય તે આગલી ગાથામાં પડિક્કમીશ

ધણ-ધન*	**રૂપ્પ**-રૂપું	**પરિમાણે**-પરિમાણનેવિષે
ધન્ન-ધાન્ય	**સુવન્નેઅ**-સોનું	**દુપએ**-બે પગવાળા
ખિત્ત-ક્ષેત્ર	**કુવિઅ**-હલકી ધાતુના	**ચઉપ્પયંમિ**-ચતુષ્પદ
વથ્થુ-વાસ્તુ (ઘર,હાટ)		

ધણ ધન્ન ખિત્ત વત્થુ—ધન, ધાન્ય, ખેતર, તથા વાસ્તુ એટલે ઘરહાટપ્રમુખ,

રૂપ્પ સુવન્નેઅ કુવિઅપરિમાણે—રૂપુ સોનું અને કુપિત એટલે થાળ વગેરે હલકી ધાતુ ઘરવાખરાનો સઘળો સામાન તેના પરિમાણનો નિયમ

દુપએ ચઉપ્પયંમિ-બે પગવાળા તે દાસદાસી વગેરે, તથા ચાર પગવાળાં

તે ગાય ભેંસ પ્રમુખપ્રમાણ ઉપરાંત રાખવાથી જે અતિચાર લાગ્યો હોય.
પડિક્કમેદેસિઅંસવ્વં ॥૧॥-તે સર્વ દિવસ સંબંધી અતિચારને પડિક્કમું છું.

ગમણસ્સઉ-જવાના	**અહે**-અધોદિશિ	**અંતરદ્ધા**-માર્ગમા
પરિમાણે-પરિમાણનેવિષે	**તિરિઅંચ**-તીર્છિદિશીમાં	**પઢમંમિ**-પહેલા
દિસાસુ-દિશાઓમાં	**વુઢિ**-વૃદ્ધિ, વધારો	**ગુણવ્વએ**-ગુણવ્રતનેવિષે
ઉઢ્ઢં-ઉચી	**સઈ**-સ્મૃતિ	**નિંદે**-નિંદુછું

* ધન ચાર પ્રકારનાં છે. એક ગણવા રૂપ તે નાળિયેર પ્રમુખ. બીજું તોળવારૂપ તે ગોળ, ખાંડ, પ્રમુખ. ત્રીજું માપવા રૂપ તે ઘી-દૂધ, તેલ જમીન પ્રમુખ,અને ચોથું પરીક્ષા કરીને લેવારૂપ તે નાણું, હીરા મોતી પ્રમુખ

ગમણસ્સઉ પરિમાણે—જવાના પરિમાણને વિષે

દિસાસુ ઉડ્ઢં અહેઅ તિરિઅંચ—ઉચે, નીચે અને તીર્છિ દિશાઓમાં જવાના નિયમ ઉપરાંત જવાથી

વુઢ્ઢિસઈ અંતરદ્ધા—એક દિશિ ઘટાડી બીજી દિશિ વધારવી, તથા મારગમાં યાદી જતી રહેવાથી નિયમ ઉપરાંત જવું.

પઢમંમિ ગુણવ્વએ નિંદે ॥૧૯॥—પેહેલા ગુણવ્રતને વિષે લાગેલા અતિચારને હું પ્રતિક્રમું છું.

મજ્જંમિઅ-મદિરા	**ગંધ**-સુગંધી પદાર્થ	**બીઅંમિ**-બીજા
મંસંમિઅ-માંસ	**મલ્લે**-માલા	**ગુણવ્વએ**-ગુણવ્રતને વિષે
પુપ્ફેઅ-ફુલમાં	**ઉવભોગ**-ઉપભોગ	**નિંદે**-નિંદુ છું
ફલેઅ-ફલમા	**પરિભોગે**-પરિભોગને વિષે	

મજ્જંમિઅ મંસંમિઅ—મદિરા, વળી માંસ તથા બીજા પણ અભક્ષ એટલે નહીં ખાવા યોગ્ય પદાર્થ

પુપ્ફેઅ ફલેઅ ગંધમલ્લેઅ—ફુલ, ફળ, સુગંધી પદાર્થ તે બરાસ વગેરે અને ફુલાદિકની માળા ભોગવવાથી

ઉવભોગ પરિભોગે-ઉપભોગ પરિભોગ નામે-ઉપભોગ એટલે જે એકજવાર ઉપયોગમાં આવે જેવાં કે ખાન, પાન, ફુલ વિલેપન વગેરે-તથા પરિભોગ એટલે ફરીફરીને ઉપયોગમાં આવે જેવાં કે ઘર, વસ્ત્ર આભરણ સ્ત્રીવગેરે

બીઅંમિગુણવ્વએ નિંદે॥૨૦॥—બીજા ગુણવ્રતને વિષે જે અતિચાર લાગ્યો હોય તેને હું નિંદુ છું

સચિત્તે-સચિત્ત	**આહારે**-ભક્ષણ કરવું	**પડિક્કમે**-પ્રતિક્રમું છું
પડિબદ્ધે-વળગેલી	**તુચ્છોસહિ**-તુચ્છઔષધિ	**દેસિઅંસવ્વં**-સર્વ-
અપોલ-કાચી	**ભક્ખણયા**-ભક્ષણ કર-	દિવસ સંબંધી
દુપ્પોલીઅં-કાચું પાકું	વાથી	

સચિત્તે પડિબદ્ધે—સચિત્ત આહાર તથા સચિત્ત પ્રતિબદ્ધ આહાર એ બે અતિચાર. સચિત્ત આહાર એટલે સચિત્તનો ત્યાગ કરીને તે વાપરવું અથવા પરિમાણ કરીને તેથી વધારે વાપરવું; તથા સચિત્ત પ્રતિબદ્ધ આહાર એટલે સચિત્તને વળગેલી વસ્તુ જેવી કે ઝાડ ઉપરથી ગુંદર ઉખેડી ખાવો, તથા ગોટલી સહિત કેરી ખાવી તથા ઠલીઆ સહિત રાયણ ખાવી વિગેરે.

અપોલ દુપ્પોલિઅંચ આહારે—અપોલ એટલે સચિત્ત મિશ્રિત કાચી વસ્તુ, જેવી કે તરતનો દળેલો તથા અણચાળેલો લોટ[૧] વગેરે તથા દુપોલ કહેતાં કાચું પાકું તે ઓળા, પુખ, પાપડી વગેરે ખાવા.

તુચ્છો સહિ ભક્ખણયા—તુચ્છોષધિ ભક્ષણ એટલે મગની કોમળ ફળી તથા બોર વગેરે તુચ્છ વસ્તુ ખાવી એ પાંચમો અતિચાર એ રીતે જેને સચિત્ત વસ્તુ ખાવાનો નિયમ હોય તેને પાંચ અતિચાર સંભવે તેમાંનો કોઈ અતિચાર લાગ્યો હોય.

પડિક્કમે દેસિઅં સવ્વં ॥૨૧॥—તે સર્વ દિવસ સંબંધી અતિચારને હું પડિક્કમું છું.

---

૧. અણચાળ્યો લોટ શ્રાવણ ભાદરવા માસમાં પાંચ દિવસ, આસોમાં ચાર દિવસ, કારતક માગસર અને પોષમાસમાં ત્રણ દિવસ, મહા અને ફાગણ માંસમાં પાંચ પહોર, ચૈત્ર વૈશાખે ચાર પહોર, અને જેઠ તથા આસાડે ત્રણ પહોર મિશ્ર રહે પછી અચિત થાય.

ઇંગાલી–અંગાર–કર્મ	વજ્જએ–વર્જે	લખ્ખ–લાખનો વેપાર
વણ–વનકર્મ	કમ્મં–કર્મ	રસ–ઘી તેલ વગેરેનો
સાડી–શકટકર્મ	વાણિજ્જં–વેપાર	કેસ–વાળનો વેપાર
ભાડી–ભાડું ખાવું	ચેવય–વલીનિશ્ચે	વિસ–વિષનો, ઝેરનો
ફોડી–જમીન ફોડવી	દંત–દાંતનો વેપાર	વિસયં–શસ્ત્રાદિકનો
સુ–અત્યંતપણે		

ઇંગાલીવણસાડી—અંગારકર્મ (તે કુંભાર ભાડભુંજા વગેરેનું અગ્નિ સંબંધી જે કામ), વણકર્મ (તે વનસ્પતિ વગેરે ઉગાડવું, છેદવું તથા વેચવું, સાડી કર્મ (તે ગાડાં વગેરે વેચે વેચાવે.)

ભાડીફોડી સુવજ્જએ કમ્મં—ભાટીકર્મ તે ઘોડા ઉંટ ઘર વગેરે ભાડે આપવું, સ્ફોટિક કર્મ તે કુવા વાવ વગેરે ખોદવા ખોદાવવા, એ પાંચ સામાન્ય કર્મ તે પ્રત્યે શ્રાવક અત્યંતપણે વર્જે

વાણિજ્જં ચેવય દંત—વળી નિશ્ચે પાંચ કુવાણિજ્ય એટલે ખરાબ વેપાર વર્જવા જેવા કે દાંતનો એટલે હાથી દાંતનો, નખનો, શીંગડાં વગેરેનો

લખ્ખ રસ કેસ વિસ વિસયં ॥૨૨॥—લાખનો તે કસુંબો, હડતાલ, મહુડાં, ગલી વગેરેનો રસનો તે ઘી તેલ ગોલ વગેરેનો, કેસનો તે મોર સુડા વગેરે પક્ષી તથા ગાય ભેંસ પ્રમુખ પશુનો, વિષનો તે અફીણ સોમલ, સાણુ, ભાંગ વગેરેનો, શસ્ત્રાદિકનો તે છરી, તલવાર ધનુષ વગેરેનો

એવં–એમ	દવદાણં–દવ બાળવો	સોસં–શોષણ કરવું
ખુ–નિશ્ચે	સર–સરોવર	અસઈ–અસતી
જંતપિલ્લણ–યંત્રપિલણ	દહ–દ્રહ, ધરા	પોસં–પોષણ
કમ્મં–કર્મ	તલાય–તળાવ	વજ્જિજ્જા–વર્જવાં
નિલંછણં–નિ યપણાનો		

એવં ખુ જંતપિલ્લણ—એમ નિશ્ચે યંત્ર પિલણ કર્મ તે ઘંટી, ખાંડ-ણીઓ સાંબેલું, ઘાણી,શેરડી પીલવાનો કોલ વગેરેથી જે કર્મ લાગે તે

કમ્મં નિલ્લંછણંચ દવદાણં—નાક, કાન પ્રમુખ વિંધવા, ઘોડા ઉંટ પ્રમુખ આંકવા સમારવા તે નિર્લંછણકર્મ; તથા વનમાં દવ લગાડવો, કોઇને અગ્નિ આપવો તે દવદાન કર્મ કહીએ

સરદહ તલાય સોસં—સરોવર,દ્રહ અને તળાવ વગેરેનું પાણી શોષણ કરવું

અસઇ પોસંચ વજ્જિજ્જા ॥૨૩॥—અસતિ એટલે હિંસક જીવો જેવા કે કુતરાં, બિલાડાં, મોર તથા અસતિ એટલે વ્યભિચારી સ્ત્રી વગેરેનું પોષણ કરવું.

સથ્થ-શસ્ત્ર	**કટ્ઠ**-કાષ્ટ	**દવાવિએ**-અપાવવાથી
અગ્ગિ-અગ્નિ	**મંત**-મંત્ર	**વા**-અથવા
મૂસલ-સાંબેલું	**મૂલ**-મૂળ, જડીબુટી	**પડિક્કમે**-પ્રતિક્રમું છું
જંતગ-યંત્ર	**ભેસજ્જે**-ઓસડ	**દેસિઅં**-દિવસસંબંધી
તણ-તરણાં	**દિન્ને**-દેવાથકી	**સવ્વં**-સર્વ અતિચાર

સથ્થગ્ગિ મૂસલ જંતગ—શસ્ત્ર, અગ્નિ, મૂસળ અને યંત્ર તે ઘંટી પ્રમુખ

તણ કટ્ઠ મંત મૂલભેસજ્જે—તૃણ તે સાવરણી પ્રમુખ, કાષ્ટ તે લાકડી પ્રમુખ, મંત્ર તે સાપ ખીલવા પ્રમુખના, મૂલ તે નાગમણી પ્રમુખ જડીબુટી, ભૈષજ્ય એટલે ઓસડ તે ગોળીચૂર્ણ ઇત્યાદિક ઉપદ્રવકારી વસ્તુઓ દાક્ષિણતા ટાળી.

દિન્ને દવાવિએવા—બીજાને આપવાથકી તથા બીજા પાસે અપાવવા થકી અને આપનારને અનુમોદવા થકી જે અતિચાર લાગ્યો હોય.

પડિક્કમે દેસિઅં સવ્વં ॥૨૪॥—તે સર્વ દિવસ સંબંધી અતિચારને હું પ્રતિક્રમું છું.

ન્હાણુ-ન્હાવું, સ્નાન	**સદ્દ**-શબ્દ	**આસણ**-આસન
ઉવટ્ટણ-પીઠી પ્રમુખ	**રૂવે**-રૂપ	**આભરણે**-ઘરેણાં
વન્નગ-અબીર,ગુલાલાદિ	**રસ**-ખારોખાટોરસ	**પડિક્કમે**-પ્રતિક્રમું છું
વિલેવણે-વિલેપન(ચોપડવાની વસ્તુ)	**ગંધે**-કપુર વગેરે	**દેસિઅં**-દિવસ સંબંધી
	વથ્થ-વસ્ત્ર	**સવ્વં**-સર્વ

ન્હાણુ વટ્ટણ વન્નગ—અજતનાએ ન્હાવાથી, પાડીએ કરી શરીરનો મેલ ઉતારવાથી, અબીર ગુલાલાદિક પદાર્થ.

વિલેવણે સદ્દરૂવ રસ ગંધે—વિલેપન એટલે કેસર ચંદન વગેરે ચોપડવું, વિણાદિકના શબ્દ કૌતુકથી સાંભળવા, સ્ત્રી પ્રમુખનાં રૂપ જોવાં, ખાટા ખારા વગેરે રસ, તથા કપુર કસ્તુરી વગેરેના સારા ગંધ.

વથ્થાસણ આભરણે—વસ્ત્ર, આસન એટલે બેઠક, ઘરેણાં તથા દ્યુત ક્રીડા-મદ્યપાન વગેરે દુષ્ટ વાનાં કરવાં, જોવાં, તેથી જે અતિચાર લાગ્યો હોય **પડિક્કમે દેસિઅં સવ્વં** ॥૨૫॥-તે સર્વ દિવસસંબંધી અતિચારને પડિક્કમું છું.

કંદપ્પે-કંદર્પ	**ભોગ**-ભોગનીવસ્તુ	**તઇઅંમિ**-ત્રીજા
કુક્કુઇએ-કુચેષ્ટા	**અઇરિત્તે**-માપથી વધારે	**ગુણવ્વએ**-ગુણવ્રતને વિષે
મોહરિ-વાચાલપણું	**દંડંમિઅણટ્ઠાએ**-અનર્થ દંડને વિષે	**નિંદે**-નિંદુ છું
અહિગરણ-અધિકરણ		

કંદપ્પે કુક્કુઇએ-કંદર્પ એટલે કામ ભોગની કથાનું કરવું, તથા કુચેષ્ટા એટલે જેથી લોકોને હાંસી આવે તેવું બોલવું તે

મોહરિ અહિગરણ ભોગ અઇરિત્તે—વાચાલપણું એટલે ઘણું બબડવું, અધિકરણ એટલે શસ્ત્ર મૂશળ વગેરે સજ્જ કરી રાખવાં તથા ભોગ ઉપભોગની વસ્તુ ખપ કરતાં વધારે રાખવી તે ભોગ અતિરિક્ત

દંડંમિ અણટ્ઠાએ—અનર્થદંડ વિરમણ નામે

તઇઅંમિ ગુણવ્વએ નિંદે ॥૨૬॥—ત્રીજાગુણ વ્રતને વિષે પૂર્વોક્ત જે અતિચાર લાગ્યો હોય તેને હું નિંદુંછું. ॥૨૬॥

તિવિહે-ત્રણ પ્રકારે	**તહા**-તથા	**વિતહકએ**-જૂઠો કર્યો
દુપ્પણિહાણે-દુ:પ્રણિધાન	**સઇવિહૂણે**-યાદિરહિત	**પઢમે**-પેહેલા
અણવટ્ઠાણે-અનવસ્થાન	**સામાઇએ** સામાયિક	**સિખ્ખાવએ**-શિક્ષાવ્રતને

તિવિહેદુપ્પણિહાણે—મન વચન કાયાના ત્રણ પ્રકારે દુ:પ્રણિધાન એટલે દુષ્ટ વ્યાપાર છે. તે ત્રણ અતિચાર

અણવટ્ઠાણે તહા સઇવિહૂણે—અનવસ્થાન એટલે અવિનયપણે સામાયક કરવું તથા પારવું. તથા બેઘડી કરતાં ઓછા વખતે સામાયક પારવું. તથા સ્મૃતિ વિહિન એટલે પ્રમાદથી સામાયક કીધું કે નહીં તેનો ઉપયોગ ન રહે તે પાંચમો અતિચાર.

સામાઇઅ વિતહકએ—એ રીતે સામાયક પ્રત્યે જૂઠો કીધે થકે

પઢમે સિખ્ખાવએ નિંદે ॥ ૨૭ ॥—પેહેલા સામાયક નામે શિક્ષાવ્રતને વિષે હું નિંદુ છું,

આણવણે-અણાવવામાં	**પુગ્ગલ**-પુદ્ગલ	**બીએ** બીજા
પેસવણે-મોકલવામાં	**ખેવે**-નાંખવું	**સિખ્ખાવએ**-શિક્ષાવ્રતને વિષે
સદ્દે-શબ્દ કરવો	**દેસાવગાસિઅંમિ**-દેશાવગાસિકમાં	**નિંદે**-નિંદુ છું
રૂવે-રૂપ દેખાડવું		

આણવણે પેસવણે—પરિમાણ કરેલી ભૂમિ બહારથી કંઈ ચીજ મંગાવવાથી તથા દાસ દાસી પ્રમુખને તે જગાની બહાર મોકલવાથી.

સદ્દે રૂવે અ પુગ્ગલખ્ખેવે-ખુંખારાદિ શબ્દવડે પોતાપણું છતું જણાવવું તે

શબ્દાનુપાતિ અતિચાર, રૂપ દેખાડી કોઇને બોલાવવું, તેની નજરે પડવુ અથવા તેની પાસે જવું તે રૂપાનુપાતિ અતિચાર કાંકરો નાખી પોતાપણું જણાવવું તે પુદ્ગલોત્ક્ષેપ અતિચાર

દેસાવગાસિઅંમિ—એ પાંચ અતિચારમાંથી દેશવગાસિક નામે

બીએ સિક્ખાવએ નિંદે ॥ ૨૮ ॥-બીજા શિક્ષાવ્રતને વિષે જે અતિચાર લાગ્યા હોય તે પ્રત્યે હું નિંદુ છું.

સંથાર-સંથારો,શય્યા	**તહચેવ**-તેમજ નિશ્ચે	**વિવરીએ**-વિપરીત
ઉચ્ચાર-ઝાડો,પેશાબ	**ભોઅણ**-ભોજનનું	**તઇએ**-ત્રીજા (વિષે
વિહી-વિધિ	**આભોએ**-ચિંતન કરવું	**સિક્ખાવએ**-શિક્ષાવ્રતને
પમાય-પ્રમાદ	**પોસહવિહી**-પોસાવિધિ	**નિંદે**-નિંદુ છું

સંથારૂચ્ચારવિહિ-શય્યા,સંથારો તથા વડીનીત્તિ અને લઘુનીતિના વિધિને વિષે

પમાય તહ ચેવ ભોઅણાભોએ-પ્રમાદ કરવો તેના ચાર [1]અતિચાર તેમજ વળી પોસો લીધા પછી ભોજનની ચિંતા કરે તે પાંચમો અતિચાર

પોસહ વિહી વિવરીએ-એ પાંચ અતિચારે કરી પોસાવિધિ વિપરીત કરેથકે

તઈએ સિક્ખાવએ નિંદે ॥૨૯॥—પોષધવ્રત નામે ત્રીજા શિક્ષાવ્રતને વિષે જે અતિચાર લાગ્યો હોય તેને હું નિંદુછું.

સચ્ચિત્તે-સચિતતીઉપર	**મચ્છરે**-કોપ ભાવે	**દાણે**-દાનને વિષે
નિક્ખિવણે-મૂકવું	**ચેવ**-નિશ્ચે	**ચઉત્થે**-ચોથા
વિહિણે-ઢાંકવું	**કાલ**-વખત	**સિક્ખાવએ**-શિક્ષાવ્રતને
વવએસ વ્યપદેશકરવો ફારફેર બોલવું	**અઇક્કમ**-ઓલંગીને	**નિંદુ**-નિંદુછું

સચ્ચિત્તે નિક્ખિવણે—સાધુને દેવા યોગ્ય આહાર પાણી ઉપર સચિતવસ્તુ મુકવાથી.

---

૧ અપ્પડિલેહિઆ દુપ્પડિલેહિઅ સજ્ઝાસંથારે અતિચાર એટલે

પિહિણે વવએસ મચ્છરે ચેવ—તથા સાધુને દેવા યોગ્ય વસ્તુને સચિત વસ્તુએ કરી ઢાંકવાથી તથા ફારફેર બોલવાથી એટલે દેવાની બુદ્ધિએ પારકી પોતાની કહેવી અને અણદેવાની બુદ્ધિએ પોતાની પારકી કહેવાથી તથા કોપ ભાવે **મત્સરે** દાન આપવાથી **તથા નિશ્ચે.**

કાલાઇક્કમદાણે—મુનિને ગોચરીનો વખત ઓળંગીને વોહોરવા તેડે, એવું જાણીને કે સાધુ વોહોરશે પણ નહીં અને મારો નિયમ ભાગશે પણ નહીં

ચઉત્થે સિક્ખાવએ નિંદે ॥૩૦॥—એ ચોથા અતિથિ સંવિભાગ નામે શિક્ષાવ્રતને વિષે જે અતિચાર લાગ્યો હોય તેને હું નિંદુ છું ॥૩૦॥

સુહિએસુ-સુખીઆઉપર	ઇચ્છાએ નહીં વિચરનારા	**દોસેણ**–દ્વેષેકરી
દુહિએસુ-દુખીઆઉપર	**અણુકંપા**–અનુકંપા	**તંનિંદે**–તેને નિંદુ છું.
જામે–જે મારી	**રાગેણ**–રાગેકરી	**તંચ**–વળી તે પ્રત્યે
અસંજએસુ–પોતાની	**વ**–અથવા	**ગરિહામિ**–ગર્હુંછું

સુહિએસુઅ દુહિએસુઅ—સમ્યક્જ્ઞાન દર્શન અને ચારિત્ર જેમનું રૂડી રીતે છે એવા સુવિહિત ઉપર તથા રોગે કરી દુખીઆ ઉપર

જામે અસ્સંજએસુ અણુકંપા—જે પોતાની ઇચ્છાએ વિચરનારા નહીં પણ ગુરૂની આજ્ઞાને વિષે વિચરનાર સુસાધુ ઉપર

સજ્યાસંથારાને ન પડિલેહે અથવા પરિલેહણ કરે તો કંઇક કરે કાંઇક ન કરે,

૨. અપ્પમજ્જિઅ દુપ્પમજ્જિઅ સજ્ઝાસંથારે એટલે શય્યા સંથારાને ન પ્રમાર્જવુ અથવા પ્રમાર્જે તો કાંઇક પ્રમાર્જે કાંઇક ન પ્રમાર્જે

૩–૪ તેવીજ રીતે વડીનીતિ લઘુનીતિ પરઠવવાની ભૂમિને પડિલેહવાના તથા પ્રમાર્જવાના બે અતિચાર એક અપ્પડિલેહિઅ દુપ્પડિલેહિઅ ઉચ્ચાર પાસવિણ તથા અપ્પમજ્જિઅ દુપ્પમજ્જિઅ ઉચ્ચાર પાસવિણભૂમિ.

રાગેણવદોસેણવ—ગુણવંતની બુદ્ધિયે નહીં પણ આ મારો સગો છે એવા રાગથી તથા આ બિચારાને આપણે નહીં આપીએ તો કોણ આપશે એવી નિંદા રૂપ દ્વેષભાવથી મેં જે અસનાદિક દાને કરી દયા ભક્તિ કીધી હોય.

તંનિંદે તં ચ ગરિહામિ ॥ ૩૧ ॥—તેને હું નિંદુછું તથા ગુરૂની સાખે વધારે નિંદુછું.

આ ગાથાનો બીજો અર્થ.

વસ્ત્રપાત્રાદિકે કરી સુખીઆ એવા, તથા રોગે કરી દુખીઆ એવા અસંયતિ એટલે વેશધારી, પાસથ્થા, એવાઓને આતો મારા ગામના છે. અથવા મારા સગા છે. વગેરે રાગે કરી, અથવા જૈનશાસનના દ્વેષી છે નિર્લજ છે ઇત્યાદિક દ્વેષ ઉપન્યો તોપણ ઘેર આવ્યા માટે દાન આપ્યું ઇત્યાદિ ભાવે કરી જે મેં દયા કીધી હોય તેને હું નિંદુછું. ॥ ૩૧ ॥

સાહુસુ-સુસાધુ	**ચરણ**-ચરણ સિત્તરીયે	**ફાસુ**-નિર્દોષ
સંવિભાગો-વોહોરાવવું	**કરણ**-કરણ સિત્તરીયે	**અદાણે**-દાન ના આપ્યું
નકઓ-ન કર્યો હોય	**જુત્તેસુ**-સહિત	**તંનિંદે**-તેને નિંદુ છું
તવ-તપે કરીને	**સંતે**-છતે	**ગરિહામિ**-ગર્હુ છું

સાહુસુ સંવિભાગો—સાધુઓને વિષે સંવિભાગ.

ન કઓ તવ ચરણ કરણ જુત્તેસુ ॥—ન કીધો હોય. ચરણસિત્તરી તથા કરણ સિત્તરી સહિત એવા સુસાધુને વિષે

સંતે ફાસુ અદાણે—નિર્દોષ દાન છતે પણ ન આપ્યું હોય

તં નિંદેતંચગરિહામિ ॥૩૨॥—તેને હું નિંદુછું તથા ગુરૂની સાખે ગર્હુછું.

ઇહલોએ-આલોકે	**આસંસ**-આશંસાનો	**મામજઝંહુજઝ**-મને ન હોજો
પરલોએ-પરલોક	**પઓગે**-પ્રયોગ	
જીવિઅ-જીવવાની	**પંચવિહો**-પંચવિધ	**મરણંતે**-મરણને અંતે
મરણેઅ-મરવાની	**અઇઆરો**-અતિચાર	

ઇહલોએ પરલોએ—આ લોકને વિષે ઋદ્ધિવંત થવાની તથા પરલોકને વિષે દેવેંદ્ર થવાની.

જીવિઅ મરણેઅ આસંસપઓગે ॥—સુખ આવે જીવવાની તથા દુઃખ આવે મરવાની ઇચ્છાનો તથા કામભોગની ઇચ્છાનો પ્રયોગ.

પંચવિહો અઇઆરો—એ પાંચ પ્રકારના અતિચારમાંનો કોઈ પણ અતિચાર

મામજ્જ હુજ્જ મરણંતે ॥ ૩૩ ॥ મરણાંત સુધી મને ન હોજો

કાયેણ-કાયાયે કરી	**વાઇઅસ્સ**-વચનસંબંધી	સંબંધી
કાઇઅસ્સ-કાયા સંબંધી	**વાયાયે**-વચને કરી	**સવ્વસ્સ**-સર્વ
	મણસા-મને કરી	**વય**-વ્રતના
પડિક્કમે-પડિક્કમુંછું	**માણસિઅસ્સ**-મન	**અઇઆરસ્સ**-અતિચાર

કાએણ કાઇઅસ્સ—કાયાવડે એટલે કાઉસ્સગ્ગ વગેરે કાયાનો શુભ વેપાર કરવા વડે કાયા સંબંધી કરેલા અતિચાર

પડિક્કમે વાઇઅસ્સ વાયાએ—મિચ્છામિ દુક્કડં દેવું ઇત્યાદિક વચનના શુભ વેપાર કરવાવડે વચનસંબંધી કરેલા અતિચાર પડિક્કમુંછું.

મણસા માણસિઅસ્સ ॥—અનિત્યભાવનાદિક મનનાં શુભ વેપારે કરી મન સંબંધી કરેલા અતિચાર

સવ્વસ્સ વયા ઇઆરસ્સ ॥ ૩૪ ॥—એમ સર્વ વ્રતના અતિચાર પ્રત્યે ત્રિકરણ શુદ્ધે કરી પ્રતિક્રમુંછું.

વંદણ-વંદન	**સન્ના**-સંજ્ઞા	**સમિઇસુ**-સમિતિને
વય-વ્રત	**કસાય**-કષાય	**જો**-જે (વિષે
સિક્ખા-શિક્ષા	**દંડેસુ**-દંડને વિષે	**અઇઆરો**-અતિચાર
ગારવેસુ-ગારવનેવિષે	**ગુત્તીસુ**-ગુપ્તિને વિષે	**તંનિંદે**-તેને નિંદુછું

વંદણવય સિક્ખાગારવેસુ—બે વંદન,[1] બારવ્રત,[2] બે શિક્ષા,[3] ત્રણ

૧ દેવવંદન તથા ગુરૂવંદન. ૨ પ્રાણાતિપાત વિરમણાદિ. ૩. ગૃહણ

ગારવનું[૪] સેવન.

સન્નાકસાય દંડેસુ—૭ સંજ્ઞા (આહાર, ભય, મૈથુન, પરિગ્રહ શોક નિદ્રા,) ચાર કષાય (ક્રોધ, માન, માયા, લોભ), અને ત્રણ દંડ (મન, વચન, કાયા) વડે

ગુત્તીસુ અ સમિઇસુઅ—ત્રણગુપ્તી તથા પાંચ સમિતિને વિષે

જો અઇઆરો અ તંનિંદે ॥૩૫॥—(એ નવ બોલ મધ્યેથી જે કરવા યોગ્ય છે તે ન કરવાથી તથા જે નિષેધવા યોગ્ય છે તે કરવાથી) જે અતિચાર લાગ્યો હોય તેને હું નિંદુ છું.

સમ્મદિઠ્ઠી-સમ્યગ્‌દષ્ટિ	**સમાયરે**-સમાચારે	**બંધો**-બંધ
જીવો-જીવ	**કિંચિ**-કિંચિત્	**જેણ**-જે માટે
જઇવિ-જોપણ	**અપ્પો**-અલ્પ	**ન**-નહીં
હુ-તોપણ	**સિ**-તે	**નિદ્ધંધસં**-નિર્દયપણે
પાવં-પાપ	**હોઇ**-હોય	**કુણઇ**-કરે

સમ્મદિઠ્ઠી જીવો—સમ્યક્‌દષ્ટિ જીવ.

જઇવિ હુ પાવં સમાયરે કિંચિ ॥—જો પણ થોડું (કૃષિ પ્રમુખ આરંભરૂપ) પાપ નિર્વાહ અર્થે સમાચરે (કરે)

અપ્પોસિ હોઇબંધો—તે શ્રાવકને થોડો કર્મનો બંધ હોય.

જેણ ન નિદ્ધંધસં કુણઇ ॥૩૬॥ કારણ કે તે નિર્દયપણે પાપનો બંધ ન કરે

તંપિ-તે પ્રત્યે પણ	**સઉત્તરગુણં**-ઉત્તરગુણ સહિત	**વહિ**—વ્યાધિ
હુ-નિશ્ચે (સહિત		**વ્વ**-જેમ (સીખેલો
સપડિક્કમણં-પ્રતિક્રમણ	**ખિપ્પં**-ઉતાવળો	**સુસિક્ખિઓ**-સારો
સપરિઆવં-પશ્ચાત્તાપ સહિત	**ઉવસામેઇ**-ઉપશમાવે	**વિજ્જો**-વૈદ્ય

શિક્ષા એટલે સૂત્રઅર્થ ભણવાં તથા આસેવના શિક્ષા એટલે શ્રાવક **સમા**-ચારી. ૪ રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવ.

તંપિ હુ સપડિક્કમણં—તે પાપના બંધ પ્રત્યે નિશ્ચે પ્રતિક્રમણ કરવે કરી
સપરિઆવં સઉત્તરગુણંચ—પરિતાપ સહિત એટલે પશ્ચાત્તાપ કરવે કરી
વળી ઉત્તરગુણે સહિત એટલે ગુરૂએ દીધેલું પ્રાયશ્ચિત તપ કરવે કરી
ખિપ્પં ઉવસામેઇ—ઉતાવળો ઉપશમાવે છે એટલે ટાળે છે (કોનીપેઠે?)
વાહિવ્વ સુસિક્ખિઓ વિજ્જો ॥ ૩૭ ॥—જેમ સારો શીખેલો વૈદ્ય
વ્યાધિ એટલે રોગને ઉપશમાવે છે તેમ ॥ ૩૭ ॥

જહા-જેમ	**વિસારયા**-જાણ	**તોતં**-તેવારે તે
વિસં-વિષ-ઝેર	**વિજ્જા**-વૈદ્ય	**હુવઇ**-હોય
કુટ્ઠગયં-કોઠામાં	**હણંતિ**-હણેછે	**નિવિસં**-વિષરહિત
મંતમૂલ-મંત્રમૂલના	**મંતેહિં**-મંત્રોએ કરીને	

જહા વિસં કુટ્ઠગયં—જેમ શરીરમાં વ્યાપેલું સર્પાદિકનું ઝેર
મંતમૂલ વિસારયા—મંત્રમૂલના જાણ
વિજ્જા હણંતિ મંતેહિં—વૈદ્યો મંત્રોએ કરીને હણે છે-દૂર કરે છે
તો તં હુવઇ નિવ્વિસં ॥ ૩૮ ॥—તે વારે તે શરીર વિષરહિત થાય
છે તેમ ગુરૂના વાક્યાનુસાર તદક્ષર શ્રવણથી લાભ થાય છે.

એવં-એમ	**સમજ્જીઅં**-મેળવેલુ	**ખિપ્પં**-ઉતાવળો
અટ્ઠવિહં-આઠ પ્રકારનું	**આલોઅંતો**-આલોવતો	**હણઇ**-હણે
કમ્મં-કર્મ	**નિંદંતો**-નિંદતો	**સુસાવઓ**-ભલોશ્રાવક
રાગદોસ-રાગદ્વેષે		

એવંઅટ્ઠવિહં કમ્મં—એમ આઠ પ્રકારનાં કર્મ
રાગદોસ સમજ્જીઅં—રાગદ્વેષે કરી ઉપાર્જેલાં તે પ્રત્યે
આલોઅંતો અ નિંદંતો—આલોવતો તથા નિંદતો થકો
ખિપ્પં હણઈ સુસાવઓ ॥ ૩૯ ॥ ભલો શ્રાવક જલદીથી હણે છે

કયપાવોવિ-પાપનોકરનાર પણ	**ગુરૂસગાસે**-ગુરૂસમીપે	**ઓહરિઅ**-ઉતારીને
મણુસ્સો-મનુષ્ય	**હોઇ**-હોય	**ભરૂ**-ભાર
આલોઇઅ-આલોઇને	**અઇરેગ**-ઘણો	**વ્વ**-જેમ
નિંદિઅ-નિંદીને	**લહુઓ**-હળવો	**ભારવહો**-ભાર ઉપાડનાર

કયપાવોવિ મણુસ્સો—પાપનો કરનાર એવો પણ મનુષ્ય
આલોઇઅ નિંદિઅ ગુરૂ સગાસે—ગુરૂ પાસે આલોઇને તથા નિંદીને
હોઇઅઇરેગ લહુઓ—અત્યંત પાપ થકી હળવો થાય
ઓહરિઅ ભરૂવ્વ ભારવહો ॥ ૪૦ ॥—જેમ ભાર ઉપાડનાર મજુર ભાર ઉતારીને હલકો થાય તેમ

આવસ્સએણ-આવશ્યકે કરીને	**જઇવિ**-જો પણ	**અંતકિરિઅં**-અંતક્રિયા
એએણ-એણે, એ	**બહુરઓ**-ઘણાપાપવાળો	**કાહી**-કરશે
સાવઓ-શ્રાવક	**હોઇ**-હોય	**અચિરેણ**-થોડા
	દુખ્ખાણં-દુ:ખોની	**કાલેણ**-કાલમાં

આવસ્સએણ એએણ—એ પડિક્કમણાદિક ભાવાસ્યકે કરીને
સાવઓ જઇવિ બહુરઓ હોઈ-શ્રાવક જો ઘણા પાપવાળો હોય તોપણ
દુખ્ખાણમ તકિરિઅં-શારિરિક તથા માનસિક દુખોનો અંત લાવનારી ક્રિયા
કાહી અચીરેણ કાલેણ ॥ ૪૧ ॥—થોડા કાળ માંહે કરશે
આલોઅણા બહુવિહા—આલોયણા ઘણા પ્રકારની છે.

આલોઅણા-આલોચના	**પડિક્કમણ**-પ્રતિક્રમણ	**તંનિંદે**-તેને નિંદુછું
બહુવિહા-ઘણાપ્રકારની	**કાલે**-વખતે	**તંચ**-વળી તેને
નયસંભરિઆ-ન સાંભરી હોય	**મૂલગુણ**-મૂલગુણ	**ગરિહામિ**-ગર્હુ છું
	ઉત્તરગુણે-ઉત્તરગુણ	

નયસંભરિઆ પડિક્કમણ કાલે—પ્રતિક્રમણ કરવાના અવસરે ન સાંભરવા થકી.

મૂલગુણ ઉત્તરગુણે—મૂલગુણ ઉત્તર ગુણને વિષે જે અતિચાર લાગ્યો હોય

તંનિંદેતંચ ગરિહામિ ॥૪૨॥—તેને હું નિંદુ છું તથા ગુરૂની સાખે ગર્હું છું

નીચેની ગાથાઓ ઉભા રહીને અથવા જમણો પગ (ઢીંચણ) નીચે મૂકીને કહેવી.

તસ્સ-તે	**આરાહણાએ**-આરાધવાને	**તિવિહેણ**-ત્રણ પ્રકારે
ધમ્મસ્સ-શ્રાવક ધર્મ	**વિરિઓમિ**-નિવર્ત્યો છું	**પડિક્કંતો**-નિવર્ત્યો
કેવલિ-કેવલીનો	**વિરાહણાએ**-વિરાધના થકી	**વંદામિ**-વાંદુછું
પન્નત્તસ્સ-કહેલો (છું		**જિણે**-જિન પ્રત્યે
અબ્ભુટ્ઠિઓમિ-ઉઠ્યો		**ચઉવ્વીસં**-ચોવીસ

તસ્સ ધમ્મસ્સ કેવલીપન્નત્તસ્સ—તે કેવલી ભાષિત ધર્મની

અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ—આરાધના માટે ઉઠ્યો છું

વિરઓમિ વિરાહણાએ—તે ધર્મની વિરાધના થકી હું નિવર્ત્યો છું

તિવિહેણ પડિક્કંતો—મન વચન કાયાએ કરી પ્રતિક્રમતો થકો

વંદામિ જિણે ચઉવ્વીસં ॥ ૪૩ ॥—ચોવીસ જિન પ્રત્યે હું વાંદુ છું

જાવંતિ ચેઇઆઇં, ઉડ્ઢેઅ અહેઅતિરિઅ લોએઅ ॥ સવ્વાઇં તાઇંવંદે, ઇહસંતોતત્થ સંતાઇં ॥ ૪૪ ॥

જાવંત કેવિસાહૂ, ભરહેરવય મહાવિદેહેઅ ॥ સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડ વિરયાણં ॥ ૪૫ ॥

આ બે ગાથાનો અર્થ પાછળ આવી ગયો છે.

ચિર–ઘણા કાલનાં	હજારભવને	**કહાઈ**–કથા
સંચિઅ–એકઠાં કરેલાં	**મહણીએ**–હણનારી	**વોલંતુ**–જાઓ
પાવ–પાપ (નારી	**ચઉવીસજિણ**–ચોવીસ	**મે**–મારા
પણાસણીઈ–નાશકર	જિનવરોથી	**દિઅહા**–દિવસો
ભવસય સહસ્સ–સો	**વિણિગ્ગય**–નીકળેલી	

ચિર સંચિઅ પાવપણાસણીઇ–ઘણા કાળનાં સંચેલાં પાપને નાશ કરનારી

ભવસય સહસ્સમહણીએ—સો હજાર ભવને હણનારી એવી

ચઉવીસ જિણવિણિગય કહાઇં—ચોવીસ જિનવરોના મુખમાંથી નીકળેલી કથા કરવે કરીને

વોલંતુ મે દિઅહા—મારા દિવસો જાઓ ॥ ૪૬ ॥

મમ–મારે	**સાહૂ**–સાધુ	દષ્ટિ દેવતા
મંગલં–માંગલિક છે	**સુઅં**–શ્રુત ધર્મ	**દિંતુ**–આપો
અરિહંતા–અરિહંત	**ધમ્મોઅ**–ધર્મ	**સમાહિંચ**–સમાધિ
સિદ્ધા–સિદ્ધ ભગવાન	**સમ્મદિટ્ઠીદેવા**–સમ્યક	**બોહિંચ**–સમકિત

મમ મંગલ મરિહંતા—મારે ચાર માંગલિક છે. એક અરિહંત દેવ

સિદ્ધા સાહૂ સુઅંચ ધમ્મોઅ—બીજા સિદ્ધ ભગવાન, ત્રીજા સાધુ મુનિરાજ અને ચોથો શ્રુતધર્મ તથા ચારિત્રાત્મક ધર્મ

સમ્મદિટ્ઠી દેવા—સમ્યક દષ્ટિ દેવતાઓ મને

દિંતુ સમાહિંચ બોહિંચ ॥૪૭॥—સમાધિ એટલે ચિત્તની સ્થિરતા તથા બોધિ એટલે જિનધર્મની પ્રાપ્તિ ભવોભવને વિષે આપો

પડિસિદ્ધાણં–નિષેધ	**અકરણે**–નહીં કરવાથી	**વિવરીય**–વિપરીત
વા યોગ્ય	**પડિક્કમણં**–પ્રતિક્રમણ	**પરૂવણાએ**–પ્રરૂપણા
કરણે–કરવાથી	**અસદ્દહણે**–અશ્રદ્ધાએ	કરવે કરી
કિચ્ચાણં–કરવા યોગ્ય	**અતહા**–તથા વલી	

પડિસિદ્ધાણં કરણે—નિષેધવા યોગ્ય અશુભ કામ કરવાથી
કિચ્ચાણ અકરણે પડિક્કમણં-સામાયિકાદિ કરવા યોગ્ય કાર્ય નહીં કરવાથી
અસદ્દહણે અતહા-તેમજ વળી નિગોદાદિક સૂક્ષ્મ વિચારને અણસદ્દહવે કરી
વિવરીય પરૂવણાએઅ ॥૪૮॥—તથા વિપરિત પ્રરૂપણા કરવે કરી જે પાપ લાગ્યું હોય તે પાપ દૂર કરવાને પડિક્કમણ છે-મિચ્છામિ દુક્કડં છે

ખામેમિ–ખમાવુંછુ	**મે**–મારા પ્રત્યે	**વેર**–વેરભાવ
સવ્વજીવે-સર્વજીવ પ્રત્યે	**મિત્તિ**–મૈત્રીભાવ છે	**મજ્ઝં**–મારે
સવ્વેજીવા–સર્વે જીવો	**સવ્વ**–સર્વ	**ન**–નથી
ખમંતુ–ખમો	**ભૂએસુ**–ભૂતોને વિષે	**કેણઈ**–કોઈ સાથે

ખામેમિ સવ્વજીવે—સર્વ જીવ પ્રત્યે હું ખમાવું છું
સવ્વે જીવા ખમંતુમે—સર્વ જીવ મારા અપરાધ પ્રત્યે ખમો
મિત્તિમે સવ્વભૂએસુ—સર્વ જીવોને વિષે મારે મૈત્રીભાવ છે.
વેરંમજ્ઝં નકેણઇ ॥ ૪૯ ॥—કોઈ સાથે મારે વેરભાવ નથી

એવં–એમ	**ગરહિઅ**–ગર્હ્યું	**પડિક્કંતો**–પ્રતિક્રમતો
અહં–હું	**દુગંચ્છિઅં**–દુગંછયું	**વંદામિ**–વાંદુછું
આલોઇઅ–આલોચ્યું	**સમ્મં**–સમ્યક્ પ્રકારે	**જિણે**–જિનેશ્વર
નિંદિઅ–નિંદ્યું	**તિવિહેણ**–ત્રણ પ્રકારે	**ચઉવ્વીસં**–ચોવીસ

એવમહં આલોઇઅ—એમ પાપ સમ્યક્ પ્રકારે આલોચ્યું
નિંદિઅગરહિઅ દુગંચ્છિઅં સમ્મં—નિંદ્યું, ગર્હ્યું, દુગંછયું
તિવિહેણ પડિક્કંતો–મન વચન અને કાયા એત્રણ પ્રકારે કરીને પડિક્કમતો
વંદામિ જિણે ચઉવ્વીસં ॥૫૦॥—ચોવીસ જીનેશ્વર પ્રત્યે હું વાંદુછું

अथ अब्भुट्ठिओ हं गुरु खामणां

અબ્ભુટ્ઠિઓમિ-હું ઉઠયો	**ખામેઉં**-ખમાવવાને	**જં કિંચિ**-જે કાંઇ
અબ્ભિંતર-અંદર છું	**ઇચ્છં**-ઇચ્છુ છું	**અપત્તિઅં**-અપ્રીતિ
દેવસિઅં-દિવસમાં	**ખામેમિ**-ખામું છું	**પરપત્તિયં**-વિશેષેઅપ્રીતિ

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્-ઇચ્છાએ કરી હે ભગવન્ મને આદેશ આપો

અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર દેવસિઅં ખામેઉં—દિવસ માંહે કીધેલા અપરાધ ખમાવવાને હું ઉઠયો છું (ત્યારે ગુરૂ કહે ખામેહ એટલે ખમાવ)

ઇચ્છં ખામેમિદેવસિઅં—એજ હું ઇચ્છું છું દિવસ સંબંધી કીધેલા અપરાધ પ્રત્યે ખમાવું છું.

જંકિંચિ અપત્તિઅંપરપત્તિયં—જે કાંઇ અપ્રીતિભાવ ઉપજાવ્યો હોય વળી વિશેષપણે અપ્રીતિભાવ ઉપજાવ્યો હોય (તેને વિષે તે કહે છે)

ભત્તે-આહારને વિષે	**આલાવે**-એકવારબોલાવવે	**અંતરભાસાએ**-વચ્ચે બોલતાં
પાણે-પાણીને વિષે	**સંલાવે**-વારંવાર બોલાવવે	**ઉવરિભાસાએ**-વિશેષ પણે કહેતાં
વિણયે-વિનયને વિષે	**ઉચ્ચાસણે**-ઉચાઆસને	
વેઆવચ્ચે-વૈયાવ્રચ્ચને વિષે	**સમાસણે**-સરખાઆસને	

ભત્તે પાણે વિણએ વેઆવચ્ચે—ભોજનને વિષે, પાણીને વિષે, વિનયને વિષે, વૈયાવચ્ચ એટલે ગુરૂસેવાને વિષે

આલાવે સંલાવે—એકવાર બોલાવવાને વિષે વારવાર બોલાવવાને વિષે

ઉચ્ચાસણે સમાસણે—ગુરૂથી ઉંચા આસને બેસવાથી તથા ગુરૂની શરખું આસન કરી બેસવાથી,

અંતરભાસાએ ઉવરિભાસાએ—ગુરૂ વાત કરતા હોય તેની વચ્ચે બોલવાને વિષે, તથા ગુરૂએ વાત કરી હોય તેજ વાત પોતાની સ્ફુરતી દેખાડવાને વિશેષપણે કહેવામાં

જંકિંચિ-જે કાંઈ	**બાયરં**-મોટું	**નયાણામિ**-નથીજાણતો
મજઝ-મારે	**તુમ્હે**-તમે	**તસ્સ**-તે
વિણય-વિનય	**જાણહ**-જાણો છો	**મિચ્છામિદુક્કડં**-મારૂં
પરિહીણં-રહિતપણું	**અહં**-હું	પાપ મિથ્યા થાઓ
સુહુમં-નાનું		

જંકિંચિ મજઝ વિણય પરિહીણં-જે કાંઇ મારે વિનયરહિતપણું થયુ હોય

સુહુમંવા બાયરંવા—થોડા પ્રાયશ્ચિત્ત શુદ્ધ થાય તેવું નાનું, અથવા ઘણા પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ થાય તેવું મોટું

તુમ્હેજાણહ અહં નયાણામિ—તમો જાણો છો અને હું નથી જાણતો

તસ્સ મિચ્છામિ દુક્કડં-તે (અપ્રીતિ પ્રમુખ અતિચારનું લાગ્યું જે)પાપ તે મારૂં મિથ્યા થાઓ.

अथ आयरिय उवज्झाए.

આયરિય-આચાર્ય	**કુલ**-એક આચાર્યનો પરિવાર	**કેઇકસાયા**-કોઇકષાય
ઉવજઝાએ-ઉપાધ્યાય		**સવ્વ**-તે સર્વે
સીસે-શિષ્ય, સાધુ	**ગણેઅ**-ઘણા આચાર્યના પરિવાર	**તિવિહેણ**-ત્રિવિધેકરી
સાહમ્મિએ-સાધર્મિક ને વિષે	**જેમે**-મારે જીવે જે	**ખામેમિ**-ખમાવું છું

આયરિય ઉવજઝાએ—આચાર્ય તથા ઉપાધ્યાય પ્રત્યે

સીસે સાહમ્મિએ-કુલગણેઅ—સાધુ, સાધર્મિક, એક આચાર્યનો પરિવાર

તથા ઘણા આચાર્યના પરિવાર પ્રત્યે

જેમે કેઇ કસાયા—જે કોઈપણ કષાય મહારે જીવે કીધો હોય

સવ્વે તિવિહેણ ખામેમિ ॥ ૧ ॥—તે સર્વ ત્રિવિધે (મન,વચન કાયાએ) કરી ખામુંછું.

સવ્વસ્સ-સર્વ	**અંજલિકરિય**-બેહાથ જોડવે કરીને	**ખમાવઇત્તા**-ખમાવીને
સમણ સંઘસ્સ-શ્રમણ સંઘ	**સીસે**-મસ્તક ઉપર	**ખમામિ**-ખમુંછું
ભગવઓ-ભગવંત	**સવ્વં**-સર્વ અપરાધ	**સવ્વસ્સ**-સર્વના
		અહયંપિ-હું પણ

સવ્વસ્સ સમણ સંઘસ્સ—સર્વ શ્રમણ સંઘરૂપ

ભગવઓ અંજલિકરિય સીસે—ભગવંતના કીધેલા અપરાધ પ્રત્યે બે હાથ જોડી મસ્તકે લગાડી

સવ્વં ખમાવઇત્તા—સર્વ પ્રત્યે ખમાવીને

ખમામિ સવ્વસ્સ અહયંપિ ॥૨॥—ને સર્વના કરેલા અપરાધ પ્રત્યે હું પણ ખમાવું છું

સવ્વસ્સ-સર્વ	**નિહિય**-સ્થાપ્યું છે	**ખમાવઇત્તા**-ખમાવીને
જીવરાસિસ્સ-જીવસમૂહનો	**નિય**-પોતાનું	**ખમામિ**-ખમુંછું
ભાવઓ-ભાવથી	**ચિત્તો**-ચિત્ત	**અહયંપિ**-હું પણ
ધમ્મ-ધર્મને વિષે	**સવ્વં**-સર્વ	

સવ્વસ્સ જીવરાસિસ્સ—સર્વ જીવ સમૂહના મેં કીધેલા અપરાધ

ભાવઓ ધમ્મ નિહિય નિયચિત્તો—ભાવથી ધર્મને વિષે સ્થાપ્યું છે પોતાનું ચિત્ત જેણે એવા

સવ્વં ખમાઇત્તા—સર્વને ખમાવીને

ખમામિ સવ્વસ્સ અહયંપિ ॥૩॥—હું પણ સર્વ પ્રત્યે ખમું છું ॥૩॥

अथ श्रुत देवता स्तुति.

સુઅદેવયા-શ્રુતદેવતા	**કમ્મ**-કર્મ	**સયયં**-નિરંતર
ભગવઇ-ભગવતી	**સંઘાયં**-સમૂહ	**જેસિં**-જેની
નાણાવરણીય-જ્ઞાનાવરણીય	**તેસિં**-તેની	**સુયસાયરે**-શ્રુત સાગરને
	ખવેઉ-ખપાવો	**ભત્તિ**-ભક્તિ

સુઅદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં૦—શ્રુત દેવતાને આરાધવા નિમિત્ત કાઉસ્સગ્ગ કરૂં છું.

સુઅદેવયા ભગવઈ—ભગવતી (સરસ્વતી) એવી શ્રુત દેવતા

નાણાવરણીય કમ્મસંઘાયં—(તેમના) જ્ઞાનાવરણી કર્મના સમૂહ પ્રત્યે

તેસિં ખવેઉ સયયં—હમેશાં ક્ષય કરો (કોનાં ?)

જેસિં સુયસાયરે ભત્તિ ॥ ૧ ॥—જે પુરૂષોની શ્રુતસાગરને વિષે ભક્તિ છે તેમનાં

अथ क्षेत्र देवतानी स्तुति.

જીસે-જેના	**નાણેહિં**-જ્ઞાને કરીને	**મુક્ખમગ્ગં**-મોક્ષમાર્ગને
ખિત્તે-ક્ષેત્રને વિષે	**ચરણ સહિએહિં**-ચારિત્ર સહિત	**સાદેવી**-તે દેવી.
સાહુ-સાધુ મુનીરાજ		**હરઉ**-હરો
દંસણ-દર્શન	**સાહંતિ**-સાધે છે	**દુરિયાઈ**-પાપોને

જીસે ખિત્તે સાહુ—જેના ક્ષેત્રને વિષે સાધુ મુનિરાજ

દંસણનાણેહિં ચરણ સહિએહિં—ચારિત્ર સહિત દર્શન અને જ્ઞાને કરી

સાહંતિ મુક્ખ મગ્ગં—મોક્ષ માર્ગને સાધે છે.

સાદેવી હરઉ દુરિઆઇં ॥ ૧ ॥—તે દેવી પાપોને હરો-દુર કરો

અથ કમલદલ સ્તુતિ.

કમલ-કમળની	ગર્ભ-ગર્ભ	ભગવતી-ભાગ્યશાળી
દલ-પાંખડી જેવા	સમ-સરખી	દદાતુ-આપો
વિપુલ-વિશાળ	ગૌરી-ગોરી	શ્રુતદેવતા-શ્રુતદેવી
નયના-આંખવાળી	સ્થિતા-રહેલી	સિદ્ધિં-ધર્મની સિદ્ધિ
મુખી-મુખવાળી		

કમલ દલ વિપુલ નયના—કમળની પાંખડી જેવા વિશાળ નેત્રવાળી

કમલ મુખી કમલ ગર્ભ સમગૌરી—કમલના જેવા મુખવાળી અને કમળના જેવા ગૌરવર્ણ વાળી.

કમલે સ્થિતા ભગવતી—તથા કમળને વિષે રહેલી એવી ઠકુરાણી વાળી

દદાતુ શ્રુતદેવતા સિદ્ધિં ॥ ૧ ॥—સિદ્ધાંતની અધિષ્ઠાયિકા દેવી અમને સિદ્ધિ પ્રત્યે આપો.

અથ ભુવન દેવતાનિ સ્તુતિ.

જ્ઞાનાદિગુણ-જ્ઞાનાદિ ગુણે કરી	સંયમ-સંયમને વિષે	શિવં-કલ્યાણ પ્રત્યે
યુતાનાં-યુક્ત	રતાનાં-રક્ત, આશક્ત	સદા-નિરંતર
નિત્યં-હંમેશાં	વિદધાતુ-કરો	સર્વ-સર્વ
સ્વાધ્યાય-સજ્ઝાય	ભુવન-ઘરની	સાધુનાં-સાધુ પ્રત્યે
	દેવી-અધિષ્ઠાયિકા દેવી	

ભુવણ દેવયાએ કરેમિકાઉસ્સગ્ગં-ભુવન દેવતાને આરાધવા નિમિત્તે કાઉસ્સગ્ગ કરૂં છું.

જ્ઞાનાદિ ગુણયુતાનાં—જ્ઞાનાદિ ગુણે કરીને સહિત.

નિત્યં સ્વાધ્યાય સંયમ રતાનાં—હમેશાં વાંચનાદિક (સ્વાધ્યાય)-સજઝાય અને સંયમને વિષે આશક્ત એવા

વિદધાતુ ભુવનદેવી, શિવં સદા સર્વ સાધુનામ્ ॥ ૧ ॥—સર્વ સાધુઓનું ભુવનદેવી હમેશાં કલ્યાણ કરો

અથ ક્ષેત્ર દેવતાની સ્તુતિ.

યસ્યા-જેના	**સાધ્યતે**-સધાય છે	**ભૂયાત્**-હોય
ક્ષેત્રં-ક્ષેત્રને વિષે	**ક્રિયા**-ધર્મક્રિયા	**નઃ**-અમને
સમાશ્રિત્ય-અંગીકાર કરીને	**સા**-તે	**સુખદાયિની**-સુખની દેવાવાળી
	ક્ષેત્રદેવતા-ક્ષેત્રદેવી	
સાધુભિઃ-સાધુઓએ	**નિત્યં**-નિરંતર (હમેશાં)	

યસ્સાક્ષેત્રં સમાશ્રિત્ય—જેના ક્ષેત્રને અંગીકાર કરીને
સાધુભિઃ સાધ્યતે ક્રિયાઃ—સાધુઓએ તપ સંયમરૂપ ક્રિયા સધાય છે
સાક્ષેત્ર દેવતા નિત્યં—તે ક્ષેત્ર દેવી હમેશાં
ભૂયાન્નઃ સુખદાયિની—અમને સુખ આપનારી થાઓ

અથ નમોસ્તુ વર્દ્ધમાનાય.

ઇચ્છામો-અમે ઇચ્છીએ છીએ	**નમોસ્તુ**-નમસ્કાર થાઓ	**અવાપ્ત**-પામ્યા છે
	વર્દ્ધમાનાય-વીરસ્વામીને	**મોક્ષાય**-મોક્ષ પ્રત્યે
અણુસટ્ઠિં-શિખામણ	**સ્પર્દ્ધમાનાય**-ઇર્ષ્યા કરનારને	**પરોક્ષાય**-દ્રષ્ટિથી દૂર
નમો-નમસ્કાર		**કુતીર્થીનામ્**-મિથ્યા દ્રષ્ટિઓને
ખમસમણાણં-ક્ષમા શ્રમણોને, સાધુઓને	**કર્મણા**-કર્મોની સાથે	
	તજ્જયા-તેકર્મોને જીતીને	

ઇચ્છામો અણુસટ્ઠિં નમો ખમાસમણાણં—અમો (શિક્ષા પ્રત્યે) સ્તુતિ કરવા ઇચ્છીએ છીએ

નમોઽર્હત્ સિદ્ધાચાર્યો પાધ્યાય સર્વ સાધુભ્યઃ—નમસ્કાર થાઓ અરિહંત સિદ્ધ આચાર્ય, ઉપાધ્યાય તથા સર્વ સાધુપ્રત્યે૦

નમોસ્તુ વર્દ્ધમાનાય—વર્દ્ધમાન સ્વામીને નમસ્કાર થાઓ

સ્પર્દ્ધમાનાય કર્મણા—જે કર્મોની સાથે ઇર્ષ્યા કરનાર છે (કર્મના વેરી છે)

તજ્જયા વાપ્ત મોક્ષાય—તે કર્મનો જય કરી મોક્ષ પ્રત્યે પામેલા છે

પરોક્ષાય કુતીર્થિનાં ॥ ૧ ॥—મિથ્યાદૃષ્ટિ જીવોને દૃષ્ટિથી દૂર છે

યેષાં-જેમના	**આવલિં**-શ્રેણી, હાર	**પ્રશસ્યં**-વખાણ કરવા લાયક
વિકચ-પ્રફુલ્લિત	**દધત્યા**-ધારણ કરતી	**કથિતં**-કહ્યું છે
અરવિંદ-કમળોની	**સદૃશૈઃ**-સરખાની સાથે	**સંતુ**-થાઓ
રાજ્યા-શ્રેણીવડે	**ઇતિ**-એ પ્રકારે	**શિવાય**-કલ્યાણને અર્થે
જ્યાય-વખાણવાલાયક	**સંગતં**-મેલાપ	**તે જિનેંદ્રાઃ**-તેજિનેંદ્રો
ક્રમકમલ-ચરણકમલની		

યેષાંવિકચારવિંદ રાજ્યા—જે પ્રભુના દેવતાયે રચેલા પ્રફુલ્લિત કમળની શ્રેણીઓ

જ્યાયઃ ક્રમ કમલાવલિંદધત્યા—વખાણવા યોગ્ય ચરણ કમળની હાર ધારણ કરતી હુઇ

સદૃશૈરિતિસંગતં પ્રશસ્યં—જેથી સરખાની સાથે મળવું તે ઘણું વખાણવા યોગ્ય છે-એટલે પ્રભુનાં ચરણકમળ અને સુવર્ણમય નવકમળ તે બંને સરખાં મળવાથી અત્યંત શોભા થઇ

કથિતંસંતુ શિવાય તે જિનેંદ્રાઃ—તે ઉપર કહ્યા તેવા જિનેંદ્રો કલ્યાણને અર્થે થાઓ ॥ ૨ ॥

કષાય–કષાયરૂપ	**જૈનમુખ**–જીનનું મુખ	**સન્નિભો**–સરખો
તાપાર્દિત–તાપથી પીડાએલા	**અંબુદ**–મેઘ	**દધાતુ**–કરો
જંતુ–જીવોને	**ઉદ્ગત:**–નીકળેલું	**તુષ્ટિં**–સંતોષ
નિર્વૃતિં–શાંતિ	**સ**–તે	**મયિ**–મારે
કરોતિ–કરે છે	**શુક્રમાસ**–જેઠમાસ	**વિસ્તરો**–વિસ્તાર
યો–જે	**ઉદ્ભવ**–ઉપન્યો	**ગિરાં**–વાણીઓનો
	વૃષ્ટિ–વરસાદ	

કષાય તાપાર્દિત જંતુ નિર્વૃત્તિં—કષાય રૂપ તાપથી પીડાએલા પ્રાણીઓને શાંતિ પ્રત્યે.

કરોતિ યો જૈન મુખાંબુદોદ્ગત:—જે કરે છે. જિનરાજના મુખરૂપ મેઘથી નીકળેલો

સશુક્રમાસોદ્ભવ વૃષ્ટિ સંનિભો—અને જેઠ માસથી ઉત્પન્ન થએલી વૃષ્ટિના જેવો.

દધાતુ તુષ્ટિં મયિવિસ્તરોગિરાં ॥ ૩ ॥—વાણીઓનો વિસ્તાર મારે વિષે પુષ્ટિ કરો

अथ विशाल लोचन.

વિશાલ–વિસ્તીર્ણ	**દંત**–દાંતના	**જિનેંદ્રસ્ય**–જિનેંદ્ર સંબંધી
લોચન–આંખો	**અંશુ**–કિરણ	
દલં–પત્ર	**કેસરં**–કેસર	**મુખપદ્મં**–મુખ કમલ
પ્ર–અત્યંત	**પ્રાત:**–પ્રભાતે	**પુનાતુ**–પવિત્ર
ઉદ્યત–જલહલતું	**વીર**–મહાવીર	**વ:**–તમને

વિશાલ લોચનદલં—વિશાલ નેત્રરૂપ પત્ર છે જેને વિષે

પ્રોદ્યદ્દંત્તાંશુકેસરં—વળી અત્યંત જળહળતા એવા દાંતના કિરણરૂપ કેસર સુગંધના કણીઆ છે જેને વિષે એવું

પ્રાતર્વિર જિનેંદ્રસ્ય—પ્રભાત સમયે શ્રીવીર સ્વામીનું

મુખ પદ્મં પુનાતુવઃ ॥૧॥—મુખરૂપી કમલ તમને પવિત્ર કરો ॥ ૧ ॥

યેષાં–જેમના	**સુખં**–સુખે	**નાકં**–સ્વર્ગ સંબંધી
અભિષેકકર્મ-સ્નાનકર્મ	**સુરેંદ્રા**–દેવેંદ્રો	**પ્રાતઃ**–પ્રભાત સમયે
કૃત્વા–કરીને	**તૃણમપિ**–તૃણતુલ્યપણ	**સંતુ**–હો
મત્તા–માતા (મૃહથી	**ગણયંતિ**–ગણે છે	**શિવાય**–મોક્ષને અર્થે
હર્ષભરાત્-હર્ષનાસ-	**નૈવ**–નહીજ	**તેજિનેંદ્રા**–તે જિનેંદ્રો

યેષામભિષેક કર્મ કૃત્વા—જે જિનેંદ્રોના અભિષેક કર્મ પ્રત્યે કરીને

મત્તા હર્ષભરાત્ સુખં સુરેંદ્રાઃ—હર્ષના સમૂહથી મગ્ન થતા જે દેવેંદ્રો

તૃણમપિગણયંતિનૈવનાકં—દેવલોક સંબંધી જે સુખ તેને તૃણતુલ્યગણે છે

પ્રાતઃ સંતુ શિવાયતે જિનેંદ્રાઃ ॥ ૨ ॥—તે જિનેંદ્રો પ્રભાત સમયે કલ્યાણ અર્થે થાઓ

કલંકનિર્મુક્ત-કલંકરહિત	**ગ્રસનં**-ભક્ષણ કરનાર	**દિનાગમે**-પ્રભાતસમયે
અમુક્ત–નહીં મુકાયેલી	**સદોદયં**-સદા ઉગેલો	**નૌમિ** હું સ્તવું છું
પૂર્ણતં-પૂર્ણતા	**અપૂર્વચંદ્રં**-પહેલાં નહીં	**બુધૈઃ**–પંડિતોયે
કુતર્ક–ખોટા વિચાર	જોએલો એવો ચંદ્ર	**નમઃ**–નમસ્કાર
રાહુ–રાહુગ્રહ	**ભાષિતં**–કહેલો	**કૃતં**–કર્યો છે

કલંક નિર્મુક્ત મમુક્તપૂર્ણતં—કલંક રહિત અને નથી મૂકાઈ પૂર્ણતા જેની એટલે સંપૂર્ણ

કુતર્ક રાહુ ગ્રસનંસદોદયં—કુતર્ક કરનારા એવા જે પરદર્શની રૂપ રાહુ તેને ભક્ષણ કરનાર એવું, તથા નિરંતર ઉગેલા એવા

અપૂર્વચંદં જિનચંદ્ર ભાષિતં-અપૂર્વચંદ્ર જેવું જીનચંદ્ર સંબંધી ભાષિત
દિનાગમે નૌમિ બુધૈર્નમસ્કૃતમ્ ॥૩॥—વળી પંડિત પુરૂષોયે જેને નમસ્કાર કર્યો છે એવું છે, તે આગમને પ્રભાત સમયે હું સ્તવું છું ॥૩॥

अथ वरकनक.

વરકનક-ઉત્તમ સોનું	**સન્નિભં**-સરખું	**સવ્વ**-સર્વ
સંખ-શંખ	**વિગતમોહં**-મોહરહિત	**અમર**-દેવતા
વિદ્રુમ-પરવાળાં	**સપ્તતિશતં**-એકસો સિત્તેર	**પૂજિતં**-પૂજેછે
મરકત-પાનાં		**વંદે**-હું વાંદુછું
ઘન-વરસાદ	**જિનાનાં**-જિનેંદ્રોનું	

વરકનક સંખવિદ્રુમ—ઉત્તમ સોનું, શંખ, પરવાળાં
મરકત ઘન સન્નિભં વિગતમોહં—લીલમ અને સજ્લ મેઘ તેના જેવા એટલે પાંચ રંગ છે જેના તથા જે મોહ રહિત છે
સપ્તતિશતં જિનાનાં—એવા એકસોને સિત્તેર તીર્થંકરો વળી કેવા છે?
સવ્વામરપૂજિતં વંદે ॥૧॥—જેને સર્વ દેવતાઓ પૂજે છે એવા તીર્થંકરોને હું વાંદુછું.

अथ अड्ढाइजेसु.

અડ્ઢાઇજ્જેસુ-અઢીમાં	**કમ્મભૂમિસુ**-કર્મભૂમિમાં	**રયહરણ**-રજોહરણ
દીવ-દ્વીપ	**જાવંત**-જેટલા	**ગુચ્છ**-ગુચ્છો
સમુદ્દેસુ-સમુદ્રને વિષે	**કેવિ**-કોઇપણ	**પડિગ્ગહ**-પાત્રુ
પનરસસુ-પંદરમા	**સાહુ**-સાધુ	**ધારા**-ધારણ કરનાર

અડ્ઢાઇજ્જેસુ દીવસમુદ્દેસુ—અઢીદ્વીપ તથા સમુદ્ર સંબંધી
પનરસસુ કમ્મભૂમીસુ—પંદર કર્મ ભૂમિને વિષે

જાવંત કેવિસાહુ—જેટલા કોઈ પણ સાધુ

રયહરણ ગુચ્છ પડિગ્ગહધારા ॥ ૧ ॥—રજોહરણ એટલે ઓઘો, ગુચ્છો એટલે પાત્રાંની ઝોળી ઉપરનું લુગડું તથા પાત્રાં આદિ ધર્મો પગરણના ધરનારા

પંચમહવ્વય-પાંચ મહાવ્રત	**સીલંગ**-શિયળના અંગ	**સિરસા**-લલાટે કરી
ધારા-ધરનાર	**અખ્ખુય**-સંપૂર્ણ	**મણસા**-મનેકરી
અઠ્ઠારસ-અઢાર	**આયાર**-આચાર	**મથ્થએણ**-મસ્તકે કરી
સહસ્સ-હજાર	**ચરિત્તા**-ચારિત્રવાળા	**વંદામિ**-વાંદુછું
	તે સવ્વે-તે સર્વ પ્રત્યે	

પંચમહવ્વય ધારા—પાંચ મહાવ્રતના ધરનારા

અઠ્ઠારસ સહસ્સ સીલંગ ધારા—અઢાર હજાર શીયલનાં અંગના ધરનારા

અખ્ખુયાયાર ચરિત્તા—સંપૂર્ણ આચારરૂપ ચારિત્રના ધરનારા

તે સવ્વે સિરસા મણસા મથ્થએણ વંદામિ ॥ ૨ ॥—તે સર્વને લલાટે કરીને મને કરીને તથા મસ્તકે કરીને હું નમસ્કાર કરૂંછું.

ભગવાનહં, આચાર્યહં, ઉપાધ્યાયહં, સર્વ સાધુહં

अथ लघुशान्ति.

બૃહદ્ ગચ્છીય પ્રસિદ્ધ પ્રભાવી શ્રી માનદેવસૂરિ નાડુલ નગરમાં ચોમાસુ રહ્યા હતા. તે સમયે શાકંભરી નગરમાં શ્રી સંઘ શાકિનીએ ઉત્પન્ન કરેલા ઉપદ્રવથી પીડિત થયો, તેવારે ત્યાંના સંઘે વિનંતિ પત્ર લખી મોકલવાથી, જેમને પદ્મા, જયા, વિજયા અને અપરાજિતા એ ચાર દેવીઓ પ્રસન્ન છે એવા શ્રી માનદેવ સૂરિયે શ્રી સંઘને ઉપદ્રવની શાંતિને અર્થે આ લઘુશાન્તિ સ્તોત્રની રચના કરીને આપ્યું, પછી તે સ્તોત્રનું શાકંભરી નગરના કેટલાક લોકોએ અધ્યયન કર્યું, કેટલાકોએ બીજા પાસે સાંભળ્યું તથા એ

સ્તોત્રથી પાણી મંત્રીને સર્વત્ર છંટાવ્યું તેથી સંઘનો ઉપદ્રવ શાંત પામ્યો. તે દિવસથી એ સ્તોત્ર પ્રતિક્રમણ અવસરે ભણાય છે.

શાંતિં–શાંતિનાથને
શાંતિ–શાંતિ
નિશાંતં–ઘર
શાંતં–રાગદ્વેષરહિત
શાંત–શાંત પામ્યા છે
અશિવં–ઉપદ્રવ
નમસ્કૃત્ય–નમસ્કાર કરીને
સ્તોતુ–સ્તુતિ કરનારના
શાંતિનિમિત્તં–શાંતિના હેતુ
મંત્રપદૈ:-મંત્રનાપદોએ
શાંતયે–શાંતિને માટે
સ્તૌમિ–સ્તુતિ કરૂંછું

શાંતિં શાંતિ નિશાંતં—શ્રી શાંતિનાથ જે શાંતિના ઘર છે તેમને
શાંતં શાંતા શિવંનમસ્કૃત્ય—જે રાગદ્વેષ રહિત છે અને શાંત પામ્યા છે અકલ્યાણકારક ઉપદ્રવો જેથકી એવા શાંતિનાથ પ્રત્યે નમસ્કાર કરીને
સ્તોતુ: શાંતિ નિમિત્તં—સ્તુતિ કરનારને શાંતિના હેતુ છે
મંત્રપદૈ: શાંતયે સ્તૌમિ ॥ ૧ ॥ મંત્રોના પદોએ એટલે અક્ષર ગર્ભિત મંત્રવડે કરીને હું શાન્તિને અર્થે સ્તુતિ કરૂંછું ॥ ૧ ॥

ઓ–રક્ષણ કરવું હા
ઇતિ–એ પ્રકારે
નિશ્ચિત–નિશ્ચય કરેલું
વચસે–વચનવાલા
નમો–નમસ્કાર થાઓ
ભગવતે–ભગવાનને
અર્હતે–યોગ્યને
પૂજાં–પૂજાને
શાંતિજિનાય–શાંતિ જીનને
જયવતે–જયવતને
યશસ્વીને–યસવતને
સ્વામીને–સ્વામી
દમિનાં-મુનિઓનાં

ઓ મિતિ નિશ્ચિત વચસે—ઓઁ એટલે પરંજ્યોતિ એ પ્રકારે નિર્ધાર કર્યું છે વાચક પદ જેમનું એવા, અથવા ઓઁ વચને કરીને કહેવા યોગ્ય છે વાચ્ય વાચક ભાવ જેમનો એવા

નમો નમો ભગવતેઽર્હતે પૂજામ્—પૂજાને યોગ્ય છે એવા ભગવાનને નમસ્કાર થાઓ

શાંતિ જિનાય જયવતે—જે:જય યુક્ત છે એવા શાંતિનાથને

યશસ્વિને સ્વામિને દમિનાં ॥ ૨ ॥—પ્રસિદ્ધ છે યશ જેમનો, વળી ઇંદ્રિયોને દમન કરનાર જે મુનિરાજ તેમના નાથ છે તેમને

સકલ—સમસ્ત	**સમન્વિતાય**—સહિત	**નમો**—નમસ્કાર થાઓ
અતિશેષક—અતિશય	**શસ્યાય**—પ્રસંસવા યોગ્ય	**શાંતિ**—શાંતિનાથ
મહા—મોટી	**ત્રૈલોક્ય**—ત્રણલોકે	**દેવાય**—તીર્થંકરને
સંપત્તિ—સંપદા	**પૂજિતાય**—પૂજેલા	

સકલાતિશેષકમહા—સમસ્ત ચોત્રીસ અતિશય રૂપ મોટી.

સંપત્તિ સમન્વિતાયશસ્યાય ॥—સંપ્રદાયે કરી સહિત તથા પ્રશસવાયોગ્યએવા

ત્રૈલોક્ય પૂજિતાય ચ ॥—વળી ત્રણ લોકે પૂજિત એવા

નમો નમઃ શાંતિ દેવાય ॥૩॥—શ્રી શાંતિનાથને નમસ્કાર થાઓ ॥૩॥

સર્વામર—સર્વ દેવતા	**નિર્જિતાય**—નહીજીતા-	**ઉદ્યતનમાય**-ઘણા સા-
સસમૂહ-સમૂહસહિત	**ભૂવન**—ત્રણભુવનનાયેલા	વધાન
સ્વામિક—સ્વામિએ	**જન**—લોકોનું	**સતતં**—નિરંતર
સં—સમ્યક્પ્રકારે	**પાલન**—પાલવામાં	**નમઃ**—નમસ્કાર થાઓ
પૂજિતાય—પૂજીત		**તસ્મૈ**—તે શાંતિજિનને

સર્વામરસ સમૂહ—સમસ્ત દેવતાના સમૂહ સહિત

સ્વામિક સંપૂજિતાય નિર્જિતાય—તેના સ્વામી જે ચોસઠ ઇંદ્રો તેમણે સમ્યક્પ્રકારે પૂજેલા એવા, વળી દેવાદિકોએ નથી જીત્યા એવા

ભૂવન જન પાલનોદ્યત,તમાય સતતં નમસ્તસ્મૈ ॥ ૪ ॥—તથા ત્રણ ભુવનના લોકોને પાલન કરવામાં અત્યંત સાવધાન એવા શાંતિનાથ ભગવાનને નિરંતર નમસ્કાર થાઓ

સર્વદુરિત-સર્વ પાપનો	**પ્ર**-પ્રકર્ષે કરી	**શાકિનીનાં**-શાકિની
ઓઘ-સમૂહ	**શમનાય**-શમાવનાર	**પ્રમથનાય**-અત્યંતનાશ કરનાર, મટાડનાર
નાશન-નાશ	**દુષ્ટગ્રહ**-માઠાગ્રહ	
કરાય-કરનાર	**ભૂત**-ભૂત	
સર્વાશિવ-સર્વ ઉપદ્રવ	**પિશાચ**-રાક્ષસ	

સર્વદુરિતૌઘનાશન—વળી કેવા છે ? તોકે સર્વ પાપના સમૂહનો નાશ કરનાર છે.

કરાય સર્વાશિવ પ્રશમનાય—વળી સર્વ ઉપદ્રવને અતિશયપણે સમાવનાર છે

દુષ્ટગ્રહ ભૂતપિશાચ, શાકિનીનાં પ્રમથનાય ॥૫॥—વળી આકરાગ્રહ, ભૂત, રાક્ષસ તથા શાકિની વગેરેના ઉપદ્રવને અતિશયે કરી નાશ કરનારછે.

યસ્ય-જે શાંતિનાથનો	**ઉપયોગ**-સ્મરણ	**જનહિતં**-જનનુંહિત
ઇતિ-એ પ્રકારે	**કૃત**-કરેલો	**નુતા**-નમેલી
નામમંત્ર-નામરૂપમંત્ર	**તોષા**-સંતોષ	**નમત**-પ્રણામ કરો
પ્રધાન-સર્વોત્તમ	**વિજયા**-વિજયાદેવી	**તંશાંતિં**-તે શાંતિનાથ પ્રત્યે
વાક્ય-વચન	**કુરૂતે**-કરો	

યસ્યેતિનામમંત્ર—એ શાંતિજિનનો એ પ્રકારે નામમંત્રે કરીને

પ્રધાન વાક્યોપયોગ કૃતતોષા—સર્વોત્તમ પવિત્ર વચનનો ઉપયોગ એટલે સ્મરણે કરીને કર્યો છે ચિત્તને વિષે સંતોષ જેણે એવી

વિજયા કુરૂતે જનહિત-વિજયાદેવી શાંતિનાથ મહારાજનું સ્મરણ કરનારા મનુષ્યનું હિત કરે છે.

મિતિ ચનુતા નમત તં શાંતિં ॥૬॥-એ પ્રકારે તે દેવી નમેલી છે તે શાંતિનાથ પ્રત્યે હે ભવ્યજનો તમે પ્રણામ કરો.

ભવતુ-થાઓ	**પર**-ઉત્કૃષ્ટ	**જગત્યાં**-જગતમાં
નમસ્તે-તમોનેનમસ્કાર	**અપર**-બીજા	**જયતિ**-જયવંતાવર્ત્તો
ભગવતિ-હે ભગવતિ	**અજીતે**-ન જિતાય એવી	**ઇતિ**-એમ [હેજયાવહા
વજયે-હે વજયા	**અપરાજિતે**-હે અપરા જિતા દેવી	**જયાવહે**-જયઆપનારી
સુજયે-હે સુજયા		**ભવતિ**-હે તમે

ભવતુ નમસ્તે ભગવતિ—નમસ્કાર થાઓ તમને હે ભગવતિ !

વિજયે સુજયે પરાપરૈરજિતે-હે વિજયા ! હે સુજયા ! તથા બીજા ઉત્કૃષ્ટ દેવોથી નહીં જીતાયેલી એવી હે અજિતા

અપરાજિતે જગત્યાં—તથા કોઈ ઠેકાણે પરાજય નહીં પામેલી એવી હે અપરાજિતા તમો પૃથ્વિને વિષે.

જયતીતિ જયાવહે ભવતિ ॥૭॥—જયવંતી વર્તો એમ સ્તુતિકરવાથી ભક્તજનને જયની આપનાર તેથી હે જયાવહા તથા હે ભગવતિ ? એમ ચારે દેવીઓ તમને નમસ્કાર થાઓ,

સર્વસ્યાપિચ-સર્વપણ	**પ્રદદે**-દેનારી	**તુષ્ટિ**-શાંતિ
સંઘસ્ય-સંઘને	**સાધુનાં**-સાધુઓને	**પુષ્ટિ**-ધર્મનીવૃદ્ધિ
ભદ્ર-સુખ	**સદા**-નિરંતર	**પ્રદે**-દેનારી
કલ્યાણ-કલ્યાણ	**શીવ**-નિરૂપદ્રવપણું	**જીયા**-જયવંતીહો
મંગલં-મંગલ	**સુ**-રૂડી	

સર્વસ્યાપિચ સંઘસ્ય-ચતુર્વિધ એવા સંઘને

ભદ્રકલ્યાણ મંગલ પ્રદદે—સુખ, નિરૂપદ્રવપણું, માંગલિક ઇત્યાદિને અતિશયે કરી આપનારી એવી હે દેવી !

સાધુનાંચસદા શિવ–વળી મોક્ષના સાધનાર એવા મુનિઓને સર્વદા ઉપદ્રવ રહિતપણું.

સુતુષ્ટિ પુષ્ટિપ્રદે જીયાઃ ॥૮॥—ભલી એવી ચિત્તની શાંતિ, તથા ધર્મની વૃદ્ધિ તેને દેનારી એવી હે દેવી ! તું જયવંતી હો ॥૮॥

ભવ્યાનાં–ભવ્ય જીવોને	**જનનિ**–ઉત્પન્ન કરનારી	**નમોસ્તુ**–નમસ્કારહો
કૃત–કરી છે	**સત્વાનાં**–ભવ્યજીવોને	**સ્વસ્તિ**–કલ્યાણ
સિદ્ધે–સિદ્ધિ	**અભય**–નિર્ભયપણું	**પ્રદે**–અતિશે દેનારી
નિર્વૃત્તિ–ચિત્તસમાધિ	**પ્રદાન**–અતિશેદેવાને	**તુભ્યં**–તને
નિર્વાણ–મોક્ષ	**નિરતે**–તત્પર	

ભવ્યાનાં કૃત સિદ્ધે—ભવ્યજીવોને કરી છે સિદ્ધિ જેણે એવી

નિર્વૃતિ નિર્વાણ જનનિ સત્વાનાં—વળી ભવ્ય જીવોને ચિત્તની સમાધિ તથા મોક્ષ એટલે પરમાનંદને ઉત્પન્ન કરનારી એવી

અભય પ્રદાન નિરતે—તથા પ્રકર્ષે કરી નિર્ભયપણું દેવાને તત્પર એવી

નમોસ્તુ સ્વસ્તિપ્રદે તુભ્યં ॥૯॥—તથા પ્રકર્ષે કરી કલ્યાણ દેનારી એવી હે દેવી તને નમસ્કાર હો

ભક્તાનાં–ભક્તિવંત	**ઉદ્યતે**–સાવધાન	**રતિ**–પ્રીતિ
જંતૂનાં–જીવોને	**સમ્યગદૃષ્ટિનાં**–સમ્યગદૃષ્ટિ જીવોને	**મતિ**–બુદ્ધિ
શુભાવહે-શુભપમાડના(રી	**ધૃતિ**–ધીરજ	**પ્રદાનાય**–અતિશયપણે આપવાને
નિત્ય–હમેશાં		

ભક્તાના જંતૂનાં—પોતાની સેવા કરનાર ભક્ત જીવોને

શુભાવહે નિત્ય મુદ્યતે દેવી—સર્વ પ્રકારે શુભ પમાડવામાં હમેશાં સાવધાન એવી હે દેવી !

સમ્યગ્દૃષ્ટિનાં ધૃતિ–તથા સમ્યગદૃષ્ટિ જીવોને ધીરજ

રતિમતિ બુદ્ધિ પ્રદાનાય ॥૧૦॥–પ્રીતિ ભવિષ્યકાળ જાણનારી મતિ, તથા વર્તમાનકાળ જાણનારી બુદ્ધિ અતિશયપણે આપવાને નિત્ય સાવધાનછો

જિનશાસન-જૈનશાસન	**જનતાનાં**-જનસમુદાયોને	**વર્દ્ધનિ**–વધારનાર
નિરતાનાં–રાગવંત	**શ્રી**–લક્ષ્મી	**જયદેવી**–હે જયાદેવી
શાંતિ–શાંતિનાથ	**સંપત**–ઋદ્ધિ	**વિજયસ્વ**–વિજય પામો
નિતાનાં–નમનારા	**કીર્ત્તિ**–ખ્યાતિ	
જગતિ-જગતમાં	**યશો**–યશ	

જિનશાસન નિરતાનાં—જિનશાસનને વિષે રાગવંત એવા

શાંતિ નતાનાંચ જગતિ જનતાનાં ॥—અને શ્રી શાંતિનાથ પ્રત્યે નમસ્કાર કરનાર એવા જગતને વિષે જે જનસમુદાયો છે તેમને

શ્રી સંપત્કીર્ત્તિયશો–લક્ષ્મિ, ઋદ્ધિ વિસ્તાર, કીર્તિ (તે એક દિશા વ્યાપિ) અને જશ (તે સર્વ દિશા વ્યાપિ) તેની

વર્દ્ધનિ જયદેવી વિજયસ્વ ॥૧૧॥—વધારનારી એવી હે જયા નામે દેવી! તું જય પામ ॥ ૧૧ ॥

સલિલ–પાણી	**રોગ**–રોગ	**મારી**–મરકી
અનલ–અગ્નિ	**રણ**–સંગ્રામ	**ચોર**–ચોર
વિષ–ઝેર	**ભયતઃ**–ભયથકી	**ઇતિ**–સાત ઇતિ
વિષધર–સાપ	**રણ**–લડાઈના	**રિપુગણ**–શત્રુના સમૂહ
દુષ્ટગ્રહ–માઠાગ્રહ	**ભયત**–ભયથી	**શ્વાપદ**–શિકારી પશુ
રાજ–રાજા	**રાક્ષસ**–વ્યંતર	**આદિભ્યઃ**–વગેરે

સલિલાનલ વિષ વિષધર—જળ, અગ્નિ, ઝેર અને સાપ

દુષ્ટગ્રહ રાજરોગ રણભયત:-ખરાબગ્રહ,દુષ્ટરાજા,રોગ અને લડાઈના ભયથી
રાક્ષસ રિપુગણમારી—રાક્ષસ, શત્રુઓના સમૂહ, મરકીનો રોગ
ચૌરેતિ શ્વાપદાદિભ્ય: ॥૧૨॥—ચોર, સાત, ઇતિના ભય[1] તથા શિકારી પશુ તે સિંહ, મદોન્મત્ત હાથી વગેરેના ભયથી

અથ-હવે, એટલાથી	**કુરૂ**-કર	**તુષ્ટિ**-સંતોષ
રક્ષ-રક્ષાકર.	**શાંતિં**-શાંતિ	**પુષ્ટિ**-વૃદ્ધિ
સુ-રૂડું	**સદા**-નિરંતર	**સ્વસ્તિ**-કલ્યાણ
શિવં-નિરૂપદ્રવપણું	**ઇતિ**-એ પ્રકારે	**ત્વં**-તું

અથ રક્ષ રક્ષ સુશિવં—એટલા થકી રક્ષણકર રક્ષણકર અને અતિશય નિરૂપદ્રવપણું તેને કર. [ણે કર,
કુરૂકુરૂ શાંતિં ચ કુરૂકુરૂ સદેતિ—વળી શાંતિને કર વળી નિરંતર એ પ્રમા-
તુષ્ટિં કુરૂકુરૂ પુષ્ટિં-સંતોષપણાને કરકર,તથા પુષ્ટિજેશરીરનું નિરોગપણું તેનેકર
કુરૂકુરૂ સ્વસ્તિંચ કુરૂકુરૂ ત્વં—વળી કલ્યાણ પ્રત્યે કર કર, એટલાં વાનાં હે વિજયા માતા ! તું કર

ભગવતિ-હે ભગવતિ	**પુષ્ટિ**-વૃદ્ધિ	**ઓ**-જ્યોતિસ્વરૂપિણી
ગુણવતિ-ગુણવાલી	**સ્વસ્તિ**-કુશળ	**નમોનમો**-નમસ્કારહો
શિવ-કલ્યાણ	**ઈહ**-અહિંઆં	**હૂઁ હ્રીઁ**-આ સર્વ મંત્રાક્ષર છે
શાંતિ-રોગનીઉપશાંતિ	**કુરૂ**-કર	
તુષ્ટિ-સંતોષ	**જનાનાં**--સર્વ લોકોને	

ભગવતિ ગુણવતિ શિવ શાંતિ—હે ભગવતિ ! એટલે ઐશ્વર્યાદિ ગુણવાળી તથા હે ગુણવંતી કલ્યાણ તથા શાંતિ પ્રત્યે

---

૧. ૧ મારી, ૨ મરકી,૩ અતિવૃષ્ટિ ૪ અનાવૃષ્ટિ ૫ દુર્ભિક્ષ, ૬ સ્વચક્ર તે પોતાના સૈન્યનો ભય,તથા ૭ પરચક્રપર એટલે બીજા રાજાના લશ્કરનો ભય

તુષ્ટિ પુષ્ટિ સ્વસ્તીહ કુરૂકુરૂ જનાનાં—સંતોષ, શરીરની વૃદ્ધિ, કલ્યાણ એટલાં વાનાં આ જગતને વિષે રહેલાં સર્વ લોકોને કર કર

ઓમિતિ નમો નમો—જ્યોતિ સ્વરૂપિણી એવી હે દેવી ! તને નમસ્કાર થાઓ

હૂઁા, હ્રીં, હૂઁ, હ્ર:, ય:, ક્ષ:, હ્રીઁ ફુટ્ ફુટ્ સ્વાહા ॥ ૧૪ ॥ હૂઁા હ્રીઁ ઇત્યાદિ અક્ષરો તે શાંતિનો મૂલ મંત્ર છે અને ફુટ્ ફુટ્ સ્વાહા એ વિઘ્ન નાશ કરનાર મંત્રાક્ષર છે

એવં-એ પ્રકારે
યત્-જેના (મંત્ર
નામાક્ષર-નામાક્ષર
પુરસ્સરં-પૂર્વક
સંસ્તુતા-સ્તવેલી
જયાદેવી-જયાદેવી !
કુરૂતે-કરે છે
નમતાં-નમનારાંને
શાંતિ-શાંતિ
નિમિત્તં-હેતુ
નમોનમ:-નમસ્કાર થાઓ
શાંતયે-શાંતિનાથને
તસ્મૈ-તે

એવં યન્નામાક્ષર,—એ પ્રકારે જેના નામાક્ષર મંત્ર પૂર્વક

પુરસ્સરં સંસ્તુતા જયાદેવી—સ્તુતિ કરાયેલી એવી જયાનામા દેવી તે

કુરૂતે શાંતિં નમતાં-(પાઠાંતર-**કુરૂતે શાંતિ નિમિત્તં**) શ્રી શાંતિનાથ પ્રત્યે નમસ્કાર કરનાર ભવ્યજીવોને શાંતિ પ્રત્યે કરે છે. (પાઠાંતર) શાંતિના હેતુને ઉત્પન્ન કરે છે.

નમો નમ: શાંતયે તસ્મૈ ॥ ૧૫ ॥—તે શાંતિનાથ પ્રત્યે વારંવાર નમસ્કાર થાઓ.

ઇતિ-એ પ્રકારે
પૂર્વસુરિ-પૂર્વાચાર્ય
દર્શિત-દર્શિત
મંત્રપદ-મંત્રના પદ
વિદર્ભિત:-વિરચિત
સ્તવ-સ્મરણ
શાંતે:-શાંતિનાથનું
સલિલાદિ-જલઆદિ
ભય-ભય
વિનાશી-નાશ કરનાર
શાંત્યાદિ-શાંતિ આદિ
કરશ્ચ-કરનાર
ભક્તિમતાં-ભક્તોને

ઇતિ પૂર્વ સુરિ દર્શિત—એ પ્રમાણે પૂર્વાચાર્યે બતાવેલા એવા

મંત્રપદ વિદર્ભિતઃ સ્તવઃ શાંતેઃ—મંત્રપદ એટલે મંત્રાક્ષર બીજ તેણે વિરચિત્ શ્રી શાંતિનાથનું સ્તવન જે તે

સલિલાદિ ભય વિનાશી—પાણી આદિક એટલે અગ્નિ, સર્પ, દુષ્ટ હાથી, સિંહ વગેરે ભયનો નાશ કરનાર

શાંત્યાદિ કરશ્ચભક્તિમતાં ॥ ૧૬ ॥—અને ભક્તિમાન પ્રાણીઓને શાંતિ આદિ સુખ કરનાર થાઓ ॥ ૧૬ ॥

યઃ-જે પુરૂષ	**શૃણોતિ**-સાંભળે છે	**હિ**-નિશ્ચે
ચ-વળી	**ભાવયતિ**-ભાવે છે.	**શાંતિપદં**-શાંતિપદ
એનં-એ સ્તોત્રને	**વા**-અથવા (ઓલંઘીને	**યાયાત્**-પામે
પઠતિ-ભણે છે	**યથાયોગમ્**-યોગનેનહી	**સુરિશ્રી માનદેવશ્ચ**-
સદા-હમેશાં	**સ**-તે પુરૂષ	શ્રીમાનદેવ સૂરિ

યશ્ચૈનં પઠતિ સદા—વળી જે માણસ આ સ્તોત્રને સર્વદા ભણે છે,

શૃણોતિ ભાવયતિ વા યથાયોગમ્—યોગને નહીં ઉલ્લંઘન કરીને એટલે ઠેકાણે રાખીને જે બીજા પાસેથી સાંભળે છે અથવા મનમાં સ્મરણ કરેછે

સહિ શાંતિ પદં યાયાત્—તે પુરૂષ નિશ્ચે શાંતિપદને પામે છે.

સુરિશ્રી માનદેવશ્ચ ॥ ૧૭ ॥—વળી શ્રી માનદેવસૂરિ પણ શાંતિપદને પામે. આ પદે કરીને સ્તોત્ર કર્ત્તાએ પોતાનું નામ સૂચવ્યું છે.

ઉપસર્ગાઃ-ઉપસર્ગો	**વિઘ્નવલ્લયઃ**-વિઘ્નનીવેલો	**એતિ**-પામે છે
ક્ષયં-ક્ષય, નાશ પ્રત્યે	**મનઃ**-મન	**પૂજ્યમાને**-પૂજે છતે
યાંતિ-પામે છે	**પ્રસન્નતાં**-પ્રસન્નતાં પ્રત્યે	**જિનેશ્વરે**-જિનેશ્વરને
છિદ્યંતે-છેદાય છે		

ઉપસર્ગાઃ ક્ષયંયાંતિ—ઉપસર્ગો ક્ષય પામે છે.

છિદ્યંતે વિઘ્નવલ્લય:—વિઘ્નરૂપી વેલો તે પણ છેદાય છે
મન: પ્રસન્નતા મેતિ—મન પ્રસન્નતાને પામે છે
પૂજ્યમાને જિનેશ્વરે ॥ ૧૮ ॥—શ્રી જિનેશ્વરને પૂજે છતે

સર્વ-સર્વ	**કારણમ્**-કારણ	**જૈનં**-જૈન-(શાસન)
મંગલ-મંગલમાં	**પ્રધાનં**-પ્રધાન	**જયતિ**-જય પામેછે
માંગલ્યં-માંગલિક	**ધર્માણાં**-ધર્મોમાં	**શાસનં**-(જૈન)શાસન
કલ્યાણ—કલ્યાણનું		

સર્વ મંગલ માંગલ્યં—સર્વ મંગલમાં માંગલિક
સર્વ કલ્યાણ કારણં—સર્વ કલ્યાણનું કારણ
પ્રધાનં સર્વ ધર્માણાં—સર્વ ધર્મોમાં પ્રધાન મુખ્ય એવું
જૈનં જયતિ શાસનં ॥ ૧૯ ॥—જૈનશાસન જયવંતુ વર્તે છે

अथ चउक्कसाय.

ચઉક્કસાય-ચાર કષાય	**મુસુમૂરણુ**-ભાગનાર	**ગામીઉ**-ગતિવાળા
પડિમલ્લ-વેરી	**સરસ**-રસવાલો	**જયઉ**-જયવંતા વર્તો
ઉલ્લુરણુ-ઉચ્છેદનાર	**પિયંગુ**-રાયણે	**પાસુ**-પાર્શ્વનાથ
દુજ્જય-દુખે જીતાય	**વન્નુ**-વર્ણ	**ભુવણત્તય**-ત્રણભુવન
મયણ-કામદેવના	**ગય**-હાથીનીપેરે	**સામિઉ**-સ્વામિ
બાણ-બાણ		

ચઉક્કસાયપડિમલ્લુલ્લુરણુ—ચાર કષાયરૂપ જે વેરી તેના ટાળનાર
દુજ્જય મયણ બાણ મુસુમુરણુ—દુ:ખે જીતાય એવા કામદેવના બાણના ભાંગનાર છે.
સરસપિઅંગુ વન્નુ ગય ગામિયું—પાકી રાયણના ઝાડના જેવા વર્ણવાલા તથા હાથીના જેવી ગતિવાલા

જયઉપાસુ ભુવણત્તય સામિયું ॥૧॥—ત્રણ ભુવનના સ્વામી શ્રી પાર્શ્વનાથ મહારાજ જયવંતા વર્તે છે ॥ ૧ ॥

જસુતણુ-જેનાશરીરની	**મણિ**-મણીરત્ન	**તડિત**-વીજળી
કંતિ-કાન્તિ	-	**લય**-લતા
કડપ્પ-સમૂહ	**આલિદ્ધઉ**-સહિત	**લંછિઉ**-સહિત
સિણિદ્ધઉ-શોભે છે.	**નં**—નવો	**સોજિણુપાસુ**-તેપાર્શ્વ-
સોહઇ-શોભેછે	**નવ**—નવો	**પયચ્છઉ**-આપો(જિન)
ફણિ-સાપની ફેણ	**જલહર**-મેઘ	**વંછિઉ**—વાંછિત

જસુતણુકંતિકડપ્પસિણિદ્ધઉ—જેના શરીરની કાંતિનો સમૂહ સ્નિગ્ધછે

સોહઇ ફણિમણિ કિરણા લિદ્ધઉ—વળી નાગેંદ્ર મણિના કિરણોએ કરી સહિત (શોભે છે.)

નં નવજલહર તડિલ્લય લંછિઉં—વિજળીની લત્તાએ કરીને સહિત જેમ નવો મેઘ શોભે છે તેમ તે કાંતિ સમૂહે શોભે છે.

સોજિણુ પાસુ પયચ્છઉ વંછિઉં ॥ ૨ ॥—તે પાર્શ્વજિન મારા વંછિત પ્રત્યે આપો.

अथ भरहेसरनी सज्झाय.

આના છુટા શબ્દના અર્થ સુગમ હોવાથી આપ્યા નથી.

ભરહેસર બાહુબલી—શ્રી ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્ત્તી તથા તેમના ભાઇ બાહુબલ.

અભયકુમારો અ ઢંઢણકુમારો—શ્રેણીક રાજાના પુત્ર અભયકુમાર, તથા કૃષ્ણજીના પુત્ર ઢંઢણકુમાર.

સિરિઓ અણિઆઉત્તો—શ્રી થુલિભદ્રના નાના ભાઇ શ્રીયક, તથા અનિકા પુત્ર આચાર્ય.

અઇમુત્તો નાગદત્તો અ ॥ ૧ ॥—અતિમુક્તકુમાર જેણે ૭ વરસની ઉમરે દિક્ષા લીધી. વળી આઠમા શ્રેષ્ટીના પુત્ર નાગદત્ત

મેઅજ્જથુલિભદ્દો—મેત્તારજ મુનિ જેના માથે સોનીએ વાધર વીંટી તથા થૂલિભદ્ર મુનિ

વયરરિસી નંદિસેણ સીંહગિરી—વજ્જસ્વામી, નંદીષેણ જેણે બાર વરસ સુધી વેશ્યાને ઘેર રહી રોજ દશ જણને પ્રતિબોધ્યા, સીંહગીરિ જે વજ્ર સ્વામીના ગુરૂ

કયવન્નોઅ સુકોસલ—કૃતવર્ણ શ્રેષ્ટીપુત્ર, સુકોસલ મુનિ જેમનું શરીર વાઘણે ભક્ષણ કર્યુ

પુંડરિઓ કેસિ કરકંડુ ॥ ૨ ॥—પુંડરિકજી તે (ઋષભદેવના પેહેલા ગણધર,) કેશીકુમાર જે પરદેશી રાજાના ગુરૂ, તથા કરકંડુ મુનિ જે વૃષભને જોઇને સાધુ થયા.

હલ્લ વિહલ્લ સુદંસણ—હલ્યકુમાર તથા વિહલ્યકુમાર એ બે શ્રેણીકરાજાના પુત્ર તથા સુદર્શન શેઠ, જેના શીલ પ્રભાવે શળીનું સિંહાસન થયું

સાલ મહાસાલ સાલિભદ્દોઅ—શાલમુનિ તથા મહાશાલ મુનિ અને શાલિભદ્ર

ભદ્દો દસન્ન ભદ્દો—ભદ્રબાહુ સ્વામી, દશાર્ણભદ્ર રાજા જે ઇંદ્રની ઋદ્ધિ દેખીને બુઝયો.

પસન્નચંદો અ જસભદ્દો ॥ ૩ ॥—પ્રસન્નચંદ રાજર્ષિ જેણે રૌદ્ર ધ્યાનથી નરકમાં જતા અટકી શુકલ ધ્યાનવડે કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું. તથા યશોભદ્રસૂરિ.

જંબુપહૂ વંકચૂલો—જંબુપ્રભુસ્વામી, વંકચૂલ રાજકુમાર
ગયસુકુમાલો અવંતીસુકુમાલો—ગજસુકુમાલ, અવંતિસુકુમાર
ધન્નોઇલાઇપુત્તો—ધનાશેઠ, વળી એલાચીપુત્ર
ચિલાઇપુત્તોઅબાહુમુણી ॥ ૪ ॥—ચિલાતિપુત્ર, વળીયુગબાહુ મુનિ
અજ્જગિરિ અજ્જરક્ખિઅ—આર્ય મહાગિરીજી, તથા આર્યરક્ષિતસૂરિ
અજ્જસુહત્થી ઉદાયગો મણગો—આર્યસુહસ્તિસૂરી, ઉદાઈ રાજા વળી
કાલયસૂરિ સંબો—કાલિકાચાર્ય, શાંબકુમાર. (મનકપુત્ર.
પજ્જુન્નો મૂલદેવો અ ॥ ૫ ॥—પ્રદ્યુમ્નકુમાર, મૂલદેવરાજા
પભવો વિન્હુકુમારો—પ્રભવસ્વામીજી, તથા વિષ્ણુકુમાર
અદ્દકુમારો દઢપ્પહારી અ—આર્દ્રકુમાર, વળી દઢપ્રહારી ચોર
સિજ્જંસ કૂરગડૂઅ—શ્રેયાંસકુમાર, તથા કૂરગડૂ સાધુ.
સિજ્જંભવ મેહકુમારો અ ॥ ૬ ॥—શ્રી જંભવ આચાર્ય, અને મેઘકુમાર
એમાઇ મહા સત્તા—ઇત્યાદિક બીજા પણ મોટા પરાક્રમી પુરૂષો.
દિંતુ સુહં ગુણગણેહિં સંજુત્તા—જ્ઞાનાદિ ગુણોના સમુહે કરી સહિત
એવા સુખ પ્રત્યે આપો.

જેસિં નામગ્ગહણે—જેમનાં નામ લેવાથી
પાવપબંધા વિલય જંતિ॥ ૭ ॥—પાપના બંધ તે વિનાશ પામે છે.
સુલસા ચંદનબાલા—સુલસા શ્રાવિકા, તથા ચંદનબાલા
મણોરમા મયણરેહા દમયંતી—મનોરમા, મદનરેખા, વળી દમયંતી
નમયાસુંદરી સીયા—નર્મદાસુંદરી, સીતાસતિ
નંદાભદ્દાસુભદ્દા ય ॥ ૮ ॥—નંદા, ભદ્રા શેઠાણી, સુભદ્રા
રાઇમઇ રિસિદત્તા—રાજેમતી, ને ઋષિદત્તા
પઉમાવઇ અંજણા સિરીદેવી—પદ્માવતી, અંજનાસુંદરી, વળી શ્રીદેવી.

જિટ્ઠ સુજિટ્ઠમિગાવઈ——જ્યેષ્ટા, સુજ્યેષ્ટા, મૃગાવતી

પભાવઇ ચિલ્લણા દેવી ॥ ૯ ॥—પ્રભાવતી, ચેલણારાણી એ પાંચે ચેડારાજાની પુત્રીઓ જાણવી

બંભી સુંદરી રૂપ્પિણી—બ્રાહ્મી સુંદરી રૂકિમણી

રેવઈ કુંતીસિવા જયંતિ ય-રેવતિ શ્રાવિકા, કૂંતી, શિવા, અને જયંતી,

દેવઇ દોવઇ ધારિણી—દેવકી દ્રૌપદી અને ધારણી

કલાવઇ પુપ્ફચૂલાય ॥૧૦॥—કલાવતી, તથા પુપ્ફચૂલા

પઉમાવઈય ગોરી—પદ્માવતી, ગોરી,

ગંધારી લખ્ખમણા સુસીમાય—ગંધારી, લક્ષ્મણા, સુંસીમા.

જંબુવઇ સચ્ચભામા—જંબુવતી, સત્યભામા,

રૂપ્પિણી કન્હટ્ઠ મહિસીઓ ॥ ૧૧ ॥—રૂકિમણી, કૃષ્ણની એ આઠ પટરાણીઓ છે.

જખ્ખાય જખ્ખદિન્ના—યક્ષા, યક્ષદિન્ના

ભૂઆ તહ ચેવ ભૂઅદિન્ના ય—ભૂતા, તથા વળી નિશ્ચે ભૂતદિન્ના.

સેણા વેણા રેણા—સેના, વેણા, અને રેણા એ સાત

ભયણીઓ થુલિભદ્દસ્સ ॥૧૨॥—શ્રીસ્થુલિભદ્રજીની બેનો જાણવી

ઇચ્ચાઈ મહાસઇઓ—ઈત્યાદિ મોટી સતીઓ

જયંતિ અકલંક સીલ કલિઆઓ—નિર્મલ શીલગુણે કરીને સહીત જયવંતી વર્તે છે.

અજ્જવિ વજ્જઇ જાસિં—વળી જેના આજ પણ વાગે છે.

જસ પડહો તિહુઅણે સયલે ॥ ૧૩ ॥—સકળ ત્રિભુવનને વિષે જસના ડંકા ॥ ૧૪ ॥

તીર્થવંદન.

સકળ તીર્થ વંદુ કરજોડ, જિનવરનામે મંગલ કોડ; પહેલે સ્વર્ગે લાખબત્રીશ, જિનવર ચૈત્ય નમું નિશદિસ ॥ ૧ ॥ બીજે લાખ અઠ્ઠાવીસ કહ્યાં, ત્રીજે બાર લાખ સદ્દહ્યાં, ચોથે સ્વર્ગે અડલખધાર, પાંચમે વંદુ લાખજ ચાર ॥ ૨ ॥ છઠ્ઠે સ્વર્ગે સહસ પચાસ, સાતમે ચાલીશ સહસ પ્રાસાદ, આઠમે સ્વર્ગે છ હજાર, નવ દશમે વંદુ શત ચાર ॥ ૩ ॥ અગીયાર બારમે ત્રણસે સાર, નવગ્રૈવેયકે ત્રણસેં અઢાર, પાંચ અનુત્તર સર્વે મળી, લાખ ચોરાશી અધિકાં વળી ॥ ૪ ॥ સહસ સત્તાણુ ત્રેવીસસાર, જિનવર ભુવન તણો અધિકાર, લાંબાં સો જોજન વિસ્તાર, પચાસ ઉંચા બોહોંતેર ધાર ॥ ૫ ॥ એકસોએંસી બિંબ પ્રમાણ, સભા સહિત એક ચૈત્યે જાણ, સો કોડ બાવનકોડ સંભાળ, લાખ ચોરાણું સહસ ચોંઆળ ॥ ૬ ॥ સાતસેં ઉપર શાઠ વિશાલ, સવિ બિંબ પ્રણમું ત્રણકાળ, સાતક્રોઢને બોંતેર લાખ, ભુવનપતિમાં દેવલ ભાખ ॥ ૭ ॥ એકસોએંશી બિંબ પ્રમાણ, એક એક ચૈત્યે સંખ્યા જાણ, તેરશેં ક્રોડ નવ્યાશી ક્રોડ, સાઠ લાખ વંદું કરજોડ ॥ ૮ ॥ બત્રીશેંને ઓગણસાઠ, તીર્છા લોકમાં ચૈત્યનો પાઠ, ત્રણ લાખ એકાંણું હજાર, ત્રણશેં વીશ તે બિંબ જુહાર ॥૯॥ વ્યંતર જયોતિષિમાં વળી જેહ, શાસ્વતા જિન વંદુ તેહ, રિષભ ચંદ્રાનન વારિખેણ, વર્દ્ધમાન નામે ગુણસેણ ॥ ૧૦ ॥ સમેતશિખર વંદુ જિન વીશ, અષ્ટાપદ વંદુ ચોવીસ, વિમલાચલને ગઢગિરનાર, આબુ ઉપર જિનવર જુહાર ॥૧૧॥ શંખેશ્વર કેસરિયો સાર, તારંગે શ્રી અજિત જુહાર, અંતરિક વરકાણો પાસ, જીરાવલોને થંભણ

પાસ ॥ ૧૨ ॥ ગામનગર પુરપાટણ જેહ, જિનવર ચૈત્ય નમું ગુણ ગેહ, વિહરમાન વંદુ જિનવીશ,સિદ્ધ અનંત નમું નિસદીસ ॥ ૧૩ ॥ અઢીદ્વીપમાં જે અણગાર, અઢાર સહસસિલાંગના ધાર, પંચમહાવ્રત સમિતિ સાર, પાલે પલાવે પંચાચાર ॥ ૧૪ ॥ બાહ્ય અભિંતર તપ ઉજમાલ, તે મુનિ વંદુ ગુણ મણિમાલ, નિત્ય નિત્ય ઉઠી કિર્તિ કરૂં, જીવ કહે ભવ સાયર તરૂં ॥ ૧૫ ॥

अथ जगचिंतामणि चैत्यवंदन.

જગચિંતામણિ-જગતને ચિંતામણી સમાન	ભાવ-જગતના ભાવ	ચઉવિસં-ચોવીસે
નાહુ-જગતનાનાથ	વિઅખ્ખણુ-વિચક્ષણ	પિજિનવરા-જિનવરો નિશ્ચે
ગુરૂ-જગતના ગુરૂ (જ	અઠ્ઠાવય-અષ્ટાપદ	જયંતુ-જયવંતાવર્તો
રખ્ખણુ-જગતનારખવા	સંઠવિય-સ્થાપેલાં	અપ્પડિહય-અપ્રતિહત
બંધવ-જગતનાભાઇ	રૂવ-રૂપ, પ્રતિમા	
સથ્થવાહ-વેપારી	કમ્મઠ્ઠ-આઠકર્મ	સાસણુ-શાસન
	વિણાસણુ-નાશ કરનાર	

જગચિંતામણિ જગનાહુ—જગતના જીવોના મનોવાંછિત પૂરવાને ચિંતામણિરત્ન સમાન તથા જગતના નાથ.

જગગુરૂ જગરખ્ખણુ—જગતના જીવોના ગુરૂ તથા જગતના જીવોના રક્ષક

જગબંધવ જગસથ્થવાહ—જગતના જંતુઓના મોટા વિવેકવંત ભાઈ અને મોક્ષાભિલાષી સાધુ પ્રમુખના સાર્થવાહ.

જગભાવ વિઅખ્ખણુ ॥—જગત એટલે ષડ્દ્રવ્ય તથા જીવાદિક નવપદાર્થોના રહસ્ય દર્શાવવાને વિષે વિચક્ષણુ એટલે ડાહ્યા છે.

અઠ્ઠાવય સંઠવિઅ—અષ્ટાપદ પર્વતની ઉપર ભરતેશ્વરે સંસ્થાપિત કર્યાં છે.

રૂવ કમ્મટ્ઠ વિણાસણ ॥—રૂપ એટલે બિંબ જેમનાં, વળી જ્ઞાનાવરણાદિક આઠ કર્મોનો નાશ કીધો છે જેમણે

ચઉવિસંપિ જિણવર—એવા ચોવીસે જિનવર નિશ્ચે

જયંતુ અપ્પડિહય સાસણ ॥૧॥ કોઈથી હણાય રોકાય નહી એવું જિન શાસન જયવંતુ વર્તો.

કમ્મભુમિહિં-કર્મભૂમિમાં	**નવકોડિહિં**-નવકોટિ	**મુણિબિહુકોડિહિં**-બે
પઢમ-પેહેલાવજ્રઋષભ નારાચ	**કેવલિણુ**-કેવલજ્ઞાનીની	ક્રોડમુનિ
સંઘયણિ-સંઘયણવાળા	**કે.ડિસહસ્સનવ**-નવ સહસ્રક્રોડ	**વરનાર**-ઉત્તમજ્ઞાનવાળા
ઉકકોસય-ઉત્કૃષ્ટપદે	**સાહુ**-સાધુ	**સમણહ**-સાધુ
સત્તરિસય-એકસોસિત્તેર	**ગમ્મઇ**—જાણીયે	**કોડિસહસ્સદુઅ**-બે સહસ્રક્રોડ
જિણવરાણ-જિનવરોના	**સંપઇ**-વર્તમાનકાલે	**થુણિજિઅ**-સ્તવીએ
વિહરંત-વિચરતા	**જિણવરવીસ**-વીસજિનવર	**નિચ્ચવિહાણિ**-નિત્ય પ્રભાનમાં
લબ્ભઇ-લાભે		

કમ્મભુમિહિં કમ્મભૂમિહિં—અસિ, મષી અને કૃષિ એ ત્રણ કર્મથી જ્યાં આજીવિકા ચાલે છે. એવાં કર્મભૂમિનાં પંદર ક્ષેત્રને વિષે

પઢમસંઘયણિ ઉકકોસય સત્તરિસય-પેહેલા વજ્રઋષભનારાચ સંઘયણના ધણી એવા ઉત્કૃષ્ટપદે અકસો સિત્તેર (જિનવરો)

જિણવરાણ વિહરંત લબ્ભઇ—જિનવરો વિચરતા લાભે

નવકોડિહિં કેવલિણ—કેવલજ્ઞાની ભગવાનની નવક્રોટી હોય.

કોડિસહસ્સ નવસાહુ ગમ્મઇ—નવ હજાર ક્રોડિ સાધુ જિનાગમથી જાણીયે

સંપઇ જિણવર વીસ મુણિ—સંપ્રતિ એટલે વર્તમાનકાળમાં સીમંધરસ્વામી પ્રમુખ વીશ જિનવર વિચરતા પામીએ. અને મુનિ

બિહુ કોડિહિં વરનાણ—બે ક્રોડમુનિ પ્રધાન કેવલજ્ઞાનના ધરનાર
સમણહ કોડિ સહસદુઅ—બે સહસ્રક્રોડિ સાધુ વિચરે છે તે સર્વને
થુણિજિઅ નિચ્ચ વિહાણી ॥૨॥—નિત્ય પ્રભાતે સ્તવીયે ॥ ૨ ॥

જયઉ-જયવંતાવર્તો	**ભરૂઅચ્છહિં**-ભરૂચનગરમાં	**તિત્થયરા**-તીર્થંકર
સામીઅ-સ્વામી	**મુણિસુવ્વય**-મુનિસુવ્રત	**ચિહુદિશિ**-ચારેદિશા
રિસહ-ઋષભસ્વામી	**મુહરિ**-મુહરિગામ	**વિદિસી**-ખુણામાં
સત્તુંજી-શત્રુંજયઉપર	**પાસ**-પાર્શ્વનાથ	**જિંકેવિ**-જે કોઈપણ
ઉજ્જિંત-ગીરનારઉપર	**દુહ**-દુખ	**તિઅ**-અતિતકાલ
પહુ-પ્રભુ	**દુરિય**-પાપ	**અણાગય**-ભવિષ્યકાલ
નેમિજિણ-નેમિજિન	**ખંડણ**-નાશ કરનાર	**સંપઇઅ**-વર્ત્તમાનકાલ
વીર-વીરસ્વામી	**અવર**-બીજા	**વંદૂ**-વાંદુછું
સચ્ચઉરિ-સત્યપુરી	**વિદેહિં**-મહાવિદેહમાં	**જીણસવ્વેવિ**-સર્વ જિનને
મંડણ-શોભાવનાર		

જયઉ સામી જયઉ સામી, રિસહ સત્તુંજિ ઉજ્જિંત પહુ નેમિજિણ ॥—શ્રી શત્રુંજય તીર્થ ઉપર શ્રી ઋષભદેવસ્વામી જયવંતા વરતો તથા શ્રી ગીરનારજી ઉપર શ્રી નેમિનાથ પ્રભુ જયવંતા વરતો.

જયઉવીર સચ્ચઉરિમંડણ ॥સત્યપુરી અથવા સાચોર નગરના આભૂષણરૂપ શ્રી મહાવીરસ્વામી જયવંતા વર્ત્તો.

ભરૂઅચ્છહિં મુણિસુવ્વય—ભરૂચનગરમાં શ્રી મુનીસુવ્રત સ્વામી.
મુહરિપાસ દુહ દુરિઅખંડણ—મુહરિગામના નાયક શ્રી પાર્શ્વનાથ એ જિન પંચક દુઃખ અને દુરિતનો નાશ કરનાર છે.

અવરવિદેહિં તિત્થયરા—બીજા પાંચ મહાવિદેહ ક્ષેત્રને વિષેજે તીર્થંકરોછેતે
ચિહુદિસિવિદિસિજિં કેવિ—ચાર દિશા અને ચાર ખુણાઓમાં જે કોઈપણ

તિઆણાગય સંપઇઅ—અતિત અનાગત અને વર્તમાનકાળ સંબંધિ

વંદુ જિણસવ્વેવિ ॥ ૩ ॥—સર્વ તીર્થંકર દેવને હું વાંદુ છું ॥ ૩ ॥

સત્તાણવઇ–સત્તાણું	**અટ્ઠકોડિઓ**–આઠકોડ	**તિઅલોએ**–ત્રણ લોકે
સહસ્સા–હજાર(લાખ	**બત્તીસ**–બત્રીસસેં	**ચેઇઅ**–ચૈત્યપ્રત્યે
લખ્ખાછપ્પન–છપ્પન	**બાસિઆઇં**–બ્યાસી	**વંદે**–વાંદુછું

સત્તાણવઈ સહસ્સા, લખ્ખાછપ્પન્ન અટ્ઠકોડિઓ—આઠ ક્રોડ છપ્પન્ન લાખ સત્તાણું હજાર.

બત્તીસ બાસિઆઇં—(બતીસય બાસિઆઇં) બત્રીસસેંને બ્યાસી.

તિઅલોએ ચેઇએવંદે ॥૪॥—એટલાં ત્રણ લોકમાં જિનપ્રાસાદ છે તે પ્રત્યે હું વાંદુછું.

પનરસ–પંદર	**લખ્ખ**–લાખ	**અસિઇ**–એંશી
કોડિ–ક્રોડ	**અડવન્ના**–અઠ્ઠાવન	**સાસય**–શાશ્વતાં
સયાઇ–સો	**છત્તીસ**–છત્રીસ	**બિંબાઇં**–પ્રતિમાઓ
બાયાલ–બેતાલીસ	**સહસ**–હજાર	**પણમામિ**–પ્રણમુંછું

પનરસ કોડિ સયાઈં, કોડિ બાયાલલખ્ખ અડવન્ના—પંદરસેં ક્રોડ એટલે પંદર અબજ બેતાલીસક્રોડ અઠ્ઠાવનલાખ

છત્તીસ સહસ અસિંઈં (અસિઆઈં)—છત્રીસ હજાર અને એંશી

સાસય બિંબાઈં પણમામિ ॥ ૫ ॥—એટલા શાશ્વતાં જિનબિંબ છે તે પ્રત્યે હું પ્રણમું છું.

अथ मन्हजिणाणंनी सज्झाय.

મન્હ–માનવી	**આણં**–આજ્ઞા	**પરિહરહ**–ત્યાગ કરવો
જિણાણં–જિનેશ્વરની	**મિચ્છં**–મિથ્યાત્વનો	**ધર**–ધારણ કરવું

સમ્મત્ત–સમ્યકત્વનેવિષે	**આવસયંમી**–આવશ્યક	**હોઇ**–હોય
છવ્વિહ–છપ્રકારના	**ઉજ્જુત્તો**–ઉદ્યમવંત	**પઇદિવસં**–પ્રતિદિવસ

મન્હજિણાણં આણં—જિનેશ્વર ભગવાનની આજ્ઞા માનવી.

મિચ્છં પરિહરહ ધર સમ્મત્તં—મિથ્યાત્વનો ત્યાગ કરવો અને સમક્તિને ધારણ કરવું

છવ્વિહ આવસ્સયંમિ—છપ્રકારના આવશ્યકમાં

ઉજ્જુત્તો હોઇ પઇ દિવસં ॥૧॥—પ્રતિ દિવસ ઉદ્યમવંત હોય

પવ્વેસુ–પર્વદીવસે	**તવો**–તપ કરવું	**પરોવયારો**–પરોપકાર
પોસહવયં–પોષધવ્રત	**ભાવો**–ભાવના	**અ**–વળી
દાણં–સુપાત્રે દાન કરવું	**સજઝાય**-સજ્ઝાય ધ્યાન	
સીલ–શીયળ પાળવું	**નમુક્કારો**–નમસ્કાર	**જયણા**–યતનાઓ

પવ્વેસુ પોસહવયં—પર્વ દિવસોને વિષે પોષધ વ્રત કરવું.

દાણં સીલં તવોઅ ભાવોઅ—સુપાત્ર દાન કરવું, શીળ પાળવું, તપ કરવું અને ભાવનાઓ ભાવવી.

સજઝાય નમુક્કારો—સજ્ઝાય તથા, નમસ્કાર કરવો.

પરોવયારોઅ જયણાઅ ॥ ૨ ॥—પરોપકાર કરવો અને જતના રાખવી

જિણપૂઆ–જિનપૂજા	**સાહમ્મિઆણ**–સાધમિ	**સુદ્ધિ**—શુદ્ધિ
જિણથુણિણં-જિનેશ્વરની સ્તુતિ	**વચ્છલં**-વાત્સલતા (કની	**રહજત્તા**—રથયાત્રા
ગુરૂથુઅ-ગુરૂસ્તુતિ	**વવહારસય**-વ્યવહારની	**તિત્થજત્તા**-તીર્થયાત્રા

જિણપૂઆ જિણ થુણિણં—વળી પર્વ દિવસને વિષે જિનેશ્વર ભગવાનની પૂજા તથા જિનેશ્વરની સ્તુતિ

ગુરૂથુઅ સાહમ્મિઆણ વચ્છલં-ગુરૂની સ્તુતી અને સાધર્મીઓનું વાત્સલ્ય

વવહારસ્સય સુદ્ધી-વ્યવહારની શુદ્ધિ તે

રહજત્તા તિત્થજત્તાય ॥ ૩ ॥ રથયાત્રા અને તીર્થયાત્રા સહિત કરવી.

ઉવસમ-ઉપશમ	**છજીવ**-છકાય જીવ	**કરણ**-ઇંદ્રિયોને
વિવેક-વિવેક	**કરૂણાય**-દયા	**દમો**-દમવી
સંવર-સંવર (મિતિ)	**ધમ્મિયજણ**-ધાર્મિકજન	**ચરણ** ચારિત્ર
ભાસાસમિઇ-ભાષા સ	**સંસગ્ગો**-સંસર્ગ-(સોબત)	**પરિણામો**-પરિણામ

ઉવસમ વિવેક સંવર-ઉપશમ એટલે ક્ષમા, વિવેક અને સંવર ભાવ રાખવો

ભાષાસમિઇ છજીવ કરૂણાય-ભાષા સમિતિ અને છકાય જીવની દયા

ધમ્મિઅ જણ સંસગ્ગો-ધાર્મિક માણસનો સંસર્ગ-(સોબત)

કરણદમો ચરણ પરિણામો ॥૪॥-ઇંદ્રિયોને દમવી, અને ચારિત્રનો પરિણામ

સંઘોવરિ-સંઘની ઉપર	**પભાવણા**-પ્રભાવના	**એયં**-એ
બહુમાણો-બહુમાન	**તિત્થે**-તીર્થમાં	**નિચ્ચં**-નિત્ય
પુથ્થય-પુસ્તક	**સડ્ઢાણ**-શ્રાવકના	**સુગુરૂ**-સુગુરૂના
લિહણં-લખાવવું	**કિચ્ચં**-કૃત્ય	**વએસેણં**-ઉપદેશવડે

સંઘોવરિ બહુમાણો—શ્રી સંઘની ઉપર બહુમાન રાખવું

પુથ્થય લિહણં પભાવણા તિત્થે—પુસ્તક લખાવવું અને તીર્થને વિષે પ્રભાવના કરવી

સડ્ઢાણ કિચ્ચમેઅં—શ્રાવક લોકોનાં આ કૃત્ય

નિચ્ચં સુગુરૂવએસેણં ॥ ૫ ॥—નિત્ય કરવા યોગ્ય છે. તે સુગુરૂના ઉપદેશથી જાણી લેવાં. ॥ ૫ ॥

अथ पोसहनुं पच्चखाण.

કરેમિભંતે પોસહં—હે ભગવંત હું પોષધ વ્રત કરૂં છું.

આહાર પોસહં દેસઓ સવ્વઓ—આહારનો પોષધ દેશ થકી તથા સર્વ થકી એટલે અપવાસ તથા એકાસણું કરવાથી

શરીર સક્કાર પોસહં સવ્વઓ—શરીરનો સત્કાર પોષધ સર્વ થકી એટલે શરીરને બીલકુલ સમારવું નહીં.

બંભચેર પોસહં સવ્વઓ—બ્રહ્મચર્યનો નિયમ સર્વ થકી

અવ્વાવાર પોસહં સવ્વઓ—અવ્યાપારનો નિયમ સર્વ થકી

ચઉવ્વિહે પોસહં ઠામિ—ચાર પ્રકારના પોસહવડે હું રહું છું

જાવદિવસં અહોરત્તં પજ્જુવાસામિ—આખો દીવસ અથવા રાત દિવસ સેવું એટલે પાળું ત્યાં સુધી

દુવિહં તિવિહેણં—બે કરણને ત્રણ જોગવડે

મણેણં વાયાએ કાએણં—મન; વચન ને કાયાના ત્રણ જોગવડે

નકરેમિ નકારવેમિ—નકરૂં અને ન કરાવું એ બે કરણથી

તસ્સભંતે પડિક્કમામિ—તે પ્રત્યે હે ભગવંત ! હું પ્રતિકમું છું

નિંદામિ ગરિહામિ—નિંદુ છું અને ગુરૂની સાખે વધારે નિંદું છું

અપ્પાણં વોસિરામિ ॥ ૧ ॥—મારા આત્માને વોસિરાવું છું

पोसह पारतां गाथा.

સાગરચંદો કામો—સાગરચંદ અને કામદેવ.

ચંદવડિંસો સુદંસણો ધન્નો—ચંદ્રાવતંસક, સુદર્શનશેઠ, અને ધનાજી

જેસિંપોસહ પડિમા—જેની પોષધ પ્રતિમા.

અખંડિયા જીવિયંતેવિ ॥ ૧ ॥—જીવિતના અંત સુધી પણ અખંડ

રહી. એટલે મરણાંત કષ્ટ આવે છતે લગાર માત્ર પણ ડગ્યા નહીં **ત્તેજ્ઞા સલાહુણિજ્જા**—ધન્ય છે તે પુરૂષોને અને તેઓ વખાણવા લાયક છે **સુલસા આણંદ કામદેવાય**-સુલસા શ્રાવિકા, આણંદ અને કામદેવ શ્રાવક **જેસિંપસંસઇભયવં દઢવ્વયં તં મહાવીરો ॥ ૨ ॥**—જેમને ભગવાન મહાવીર સ્વામી દ્રઢ વ્રતને સારૂં વખાણે છે ॥ ૨ ॥

પોસહ વિધિ લિધું વિધિં પારિઉં વિધિ કરતાં જે કોઈ અવિધિ હુઓ હોય તે સવિ હું મન વચન કાયાએ કરિ મિચ્છામિ દુક્કડં ॥ ઇતિ ॥

अथ संथारा पोरसि.

ગોયમાઈણં-ગૌતમાદિકાને	**પાસેણં**-પાસાએ	**પમાઓ**—પ્રમાદ
આઇણ—આદિક	**કુક્કુડિ**-કુકડી	**ઇમસ્સ**-આ
જિટ્ઠિજ્જા-વૃદ્ધસાધુઓ	**પસારણ**-પસારીને	**દેહસ્સ**-દેહના
ટ્ઠિજ્જા-બેસો	**અંતરંત**-અસમર્થપણા થી ન રહેવાયતો	**ઇમાઇ**-આ
રયણેહિં-રત્નોએકરી		**રયણિએ**-રાત્રિને વિષે
મંડિઅ-શોભિત	**પમજ્જએ**-પૂજીને	**ઉવહિ**—ઉપધિ
સરીરા-શરીરવાલા	**સંકોઇઅ**-સંકોચે	**વોસિરિઅં**-વોસિરાવું
બહુ પડિપુન્ના-ઘણી પરિપૂર્ણ	**સંડાસા**—સાથલો	**પન્નત્તો**-પ્રરૂપેલો
	ઉવ્વટ્ટંતે-પાસુ ફેરવે	**પવજ્જામિ**-અંગીકાર
સંથારએ-સંથારામાં	**પડિલેહા**-પૂજીને	**ચોરિક્કં**-ચોરી (કરવું
સંથારં-સંથારા પ્રત્યે	**દવ્વાઇ**-દ્રવ્યાદિક	**મેહુણં**—મૈથુન
બાહુવહાણેણ-હાથના ઓશીકાવડે	**ઉવઓગં**-ઉપયોગ	**દવિણ**-દ્રવ્યનું
	નિરૂંભણ-રૂંધવું રોકવું	**મુચ્છં**—મૂર્ચ્છા
વામ—ડાબુ	**આલોએ**—જુએ	**કોહં**—ક્રોધ

માણં—માન
માયં—કપટ
લોહં—લોભ
પિજ્જં—પ્રેમ રાગને
દોસં—દ્વેષ
કલહં-કલેશ(ભ્યાખ્યાન
અબ્ભક્ખાણં-અ-
પેસુન્નં-ચાડી
સમાઉત્તં—સહિત
પરપરિવાયં-પરપરિવાદ
માયામોસં—માયામૃ-પાવાદ
મિચ્છત્તસલ્લં-મિથ્યાત્વશલ્ય
વોસિરિસુ-ત્યાગ કર

વિગ્ઘભૂઆઇં-વિઘ્નભૂત
દુગ્ગઇ-દુર્ગતિ
નિબંધણાઇં-કારણ
પાવઠાણાઇં-પાપસ્થાન
એગોહં-હું એકલો
નત્થિ—નથી
અન્નસ્સ-બીજાનો
કસ્સઇ-કોઇનો
અદીણમણસો-અદીન મન થકો
અપ્પાણં-આત્માને
અણુસાસઇ-શીખામણ આપે
સંજુઓ-સહિત
સેસા-શેષ

બાહિરા-બાહ્ય
સંજોગ-સંયોગ
મુલા-મૂલ
જીવેણ-જીવે
પરંપરા-શ્રેણી
તમ્હા-તે માટે
મહ-મારા
જાવાજ્જીવં-જ્યાં સુધી જીવું ત્યાં સુધી
તત્ત-તત્ત્વ
ગહિઅં-ગ્રહ્યું
ખમિઅ—ખામીને
ખમાવિઅ-ખમાવીને
મુજ્જહ-મારે
ખમંત-ખમે

પડિક્કમણું સજ્ઝાય કર્યા પછી આચાર્ય સમીપે આવીને ખમાસમણ દેવું પછી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ બહુ પડિપુ-ણ્ણા પોરિસિ રાઇઅ સંથારએ ઠામિ એમ કહેવું તે આજ્ઞા લઇ ઇરીયાવહિયા પૂર્વક ચૈત્યવંદન કરવું. પછી લઘુશંકાદિક કાર્ય કરવું હોય તો કરવું. પછી યત્ના સાથે સંથારો કરવો તેની વિધિ તથા સુત્ર, આ પાઠ અને તેનો અર્થ વાંચવાથી સમજાશે.

નિસીહિ, નિસીહિ, નિસીહિ, નમોખમાસમણાણં ગોયમાઈણં મહા મુણીણં—ત્રણ નિસિહિ કહેવી, ક્ષમાશ્રમણ ગૌતમાદિ મહામુનિઓને

નમસ્કાર થાઓ એ પાઠ બોલીને નવકાર તથા કરેમિભંતે એ બંને પાઠ ત્રણવાર ભણવા પછી

અણુજાણહ જિટ્ઠિજ્જા,—હે વૃદ્ધ સાધુઓ ! મને આજ્ઞા આપો

અણુજાણહ પરમ ગુરૂ—હે પરમ ગુરૂ ! મને આજ્ઞા આપો

ગુરૂ ગુણ રયણેહિં મંડિઅ સરીરા—આચાર્ય મોટા ગુણ રૂપ રત્ને કરી શોભાયમાન છે શરીર જેનાં એવા તમે (આજ્ઞા આપો)

બહુ પડિપુન્ના પોરિસિ, રાઈઅ સંથારએ ઠામિ ॥૧॥—ઘણી વ્યતીત થઈ છે પોરિસિ માટે રાત્રિ સંબંધી સંથારાને વિષે હું વિશ્રામ કરૂં,

અણુજાણહ સંથારં—સંથારાની મને આજ્ઞા આપો, તે કેવી રીતે તે કહે છે

બાહુ વહાણેણ વામપાસેણં—હાથનું ઉપધાન એટલે ઓશિકું કરીને અને ડાબા પાસા ઉપર સુઈ રહીને

કુક્કુડિપાય પસારણ—વળી કુકડીની પેઠે આકાશમાં પગ પસારીને સુવે

અંતરંત પમજ્જએ ભૂમિં ॥૨॥—નહી તો ભૂમીને પ્રમાર્જીને ત્યાં પગ મૂકે

સંકોઇઅ સંડાસા—પગ સંકોચ કરવો હોય તો સાથળો આખી પુંજવી

ઉવટ્ટંતેય કાય પડિલેહા—પાસુ બદલવું હોય તો આખુ શરીર પડિલેહવું

દવ્વાઇ ઉવઓગં—લઘુશંકાદિક માટે ઉઠવું હોય તો દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ એ ચારનો ઉપયોગ રાખવો, અને મનમાં વિચારવો

ઉસાસ નિરૂંભણાલોએ ॥૩॥—તેમ છતાં નિંદ્રા રહે તો શ્વાસને રૂંધવો એટલે નિદ્રા દૂર જાય પછી બહાર નીકળવાના દ્વાર પ્રત્યે જુવે અને બહાર જઈ આવીને પાછો ધર્મ ધ્યાનમાં પ્રવર્તે.

જઇ મે હુજ્જ પમાઓ—જો મહા પ્રમાદ એટલે મરવું થાય

ઇમસ્સ દેહસ્સિમાઈ રયણીએ—આ રાત્રિને વિષે આ દેહ સંબંધી

આહાર મુવહિદેહં—ચાર આહાર, વસ્ત્ર પાત્ર તથા શરીર

સવ્વં તિવિહેણ વોસિરિઅં ॥ ૪ ॥—તે સર્વે મન, વચન, કાયાએ કરી હું વોસિરાવું છું.

ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં—ચાર માંગલીક છે, તેમાં એક અરિહંત માંગલીક છે.

સિદ્ધા મંગલં, સાહુ મંગલં—બીજા સિદ્ધ તથા ત્રીજા સાધુ માંગલીક છે.

કેવલિ પન્નત્તો ધમ્મો મંગલં ॥૫॥—ચોથો કેવલી પ્રરૂપિત શ્રુત ચારિત્રરૂપ ધર્મ માંગલિક છે.

ચત્તારિ લોગુત્તમા, અરિહંતા, લોગુત્તમા—લોકને વિષે ચાર ઉત્તમ એક અરિહંત લોકને વિષે ઉત્તમ છે.

સિદ્ધા લોગુત્તમા, સાહુ લોગુત્તમા—બીજા સિદ્ધ ભગવાન ત્રીજા સાધુ મુનિરાજ લોકને વિષે ઉત્તમ છે.

કેવલિ પણ્ણત્તો ધમ્મો લોગુત્તમા ॥ ૬ ॥—ચોથો કેવલી પ્રરૂપિત ધર્મ લોકને વિષે ઉત્તમ છે.

ચત્તારિ સરણં પવજ્જામિ—ચાર શરણ હું અંગીકાર કરૂંછું

અરિહંતે સરણં પવજ્જામિ—અરિહંતનું શરણ હું અંગીકાર કરૂંછું

સિદ્ધે સરણં પવજ્જામિ—સિદ્ધનું શરણ હું અંગીકાર કરૂં છું.

સાહુ સરણં પવજ્જામિ—સાધુનું શરણ હું અંગીકાર કરૂં છું.

કેવલિપણ્ણત્તં ધમ્મં સરણં પવજ્જામિ ॥ ૭ ॥—કેવલી પ્રરૂપિત ધર્મનું શરણ હું અંગીકાર કરૂં છું

પાણાઇવાયમલિયં—પ્રાણાતિપાત મૃષાવાદ

ચોરિક્કમેહુણદવિણમુચ્છં—અદત્તાદાન-ચોરી, મૈથુન, દ્રવ્યની મૂર્છા તે પરિગ્રહ

કોહં માણં માયં—ક્રોધ, માન, માયા.
લોભં પિજ્જં તહા દોસં ॥ ૮ ॥—લોભ, રાગ તથા દ્વેષ
કલહં અબ્ભક્ખાણં—કલહ, અભ્યાખ્યાન (આળ દેવું તે)
પેસુન્નં રઇ અરઇ સમાઉત્તં—પૈશુન્ય-ચાડી, રતિઅરતિ, તેણે કરી યુક્ત
પરપરિવાયં માયા—પરપરિવાદ, માયા મૃષાવાદ
મોસં મિચ્છત્તસલ્લં ચ ॥ ૯ ॥—તથા મિથ્યાત્વ શલ્ય.
વોસિરિસુ ઇમાઇં—આનો ત્યાગ કર
મુક્ખમગ્ગ સંસગ્ગ વિગ્ઘ ભૂઆઇં–જે મોક્ષ માર્ગનો સંસર્ગ કરનાર પ્રાણિઓને વિઘ્નભૂત છે.
દુગ્ગઇ નિબંધણાઇં—વળી જે દુર્ગતિના કારણ છે.
અઢારસપાવઠાણાઈં ॥ ૧૦ ॥—એ અઢાર પાપસ્થાનક ત્યાગ કર.
એગો હું નત્થિમે કોઇ—હું એક છું મ્હારો કોઈ નથી
નાહં મન્નસ્સ કસ્સ ઇ—હું પણ બીજા કોઇનો નથી.
એવં અદીણમણસો—એ પ્રકારે અદીન મન થકો
અપ્પાણમણુસાસઇ ॥ ૧૧ ॥—પોતાના આત્માને શિખામણ આપે.
એગો મે સાસઓ અપ્પા—મારો આત્મા શાશ્વતો અને એકજ છે
નાણદંસણસંજુઓ—તે જ્ઞાન તથા દર્શને કરી સહિત છે.
સેસામે બાહિરા ભાવા—બાકીના ભાવ મારા દ્રવ્યરૂપ થકી બાહ્ય છે
સવ્વે સંજોગ લક્ખણા ॥૧૨ ॥—તે સર્વેનું મૂલ સંજોગ તે મેલાપ છે
સંજોગમૂલા જીવેણ—આ જીવે, સંજોગ છે મૂલ કારણ જેનું
પત્તા દુઃખ પરંપરા—એવી દુઃખની શ્રેણી તે પામી.
તમ્હા સંજોગસંબંધં—તે કારણ માટે સંજોગ સંબંધ
સવ્વં તિવિહેણ વોસિરિયં ॥ ૧૩ ॥—સર્વ ત્રિવિધે હું વોસિરાવું છું

અરિહંતો મહ દેવો—અરિહંત તથા સિદ્ધ મારા દેવ છે
જાવજ્જીવં સુસાહુણો ગુરૂણો—જ્યાંસુધી જીવું ત્યાં સુધી સુસાધુ મારા ગુરૂછે
જીણપન્નત્તં તત્તં—જીનેશ્વર ભગવાને પ્રરૂપ્યું જે તત્વ.તે મુજ ધર્મ છે
ઇઅસમ્મત્તં મએ ગહીયં ॥૧૪॥—આ સમકિત મેં ગ્રહણ કર્યું છે.॥૧૪॥
ખમિઅ ખમાવિઅ મઇ ખમિઅ—ખમીને તથા ખમાવીને મારા વિષે
સવ્વહ જીવનિકાય—સર્વ નિકાયના જીવો [ખમજો.
સિદ્ધહ સાખ આલોયણહ—સિદ્ધની સાખે હું આલોવું છું
મુજ્જહ વઇર ન ભાવ ॥૧૫॥—મારે કોઈ સાથે વૈરભાવ નથી
સવ્વે જીવા કમ્મવસ—સર્વ જીવો કર્મના વશ થકી
ચઉદહ રાજ ભમંત—ચઉદ રાજલોકમાં ભમે છે
તે મે સવ્વ ખમાવિઆ—ને સર્વ જીવોને મેં ખમાવ્યા છે
મુજ્જવિ તેહ ખમંત ॥૧૬॥—તેઓ મારા પ્રત્યે ખમો
જં જં મણેણ બદ્ધં—જે જે પાપ મનવડે કરી બાંધ્યું હોય
જં જં વાએણભાસિઅં પાવં—જે જે પાપ વચને કરીને બોલવાથી
જં જં કાએણ કયં—જે જે પાપ કાયાથી કર્યું હોય [લાગ્યું હોય
મિચ્છામિદુક્કડં તસ્સ ॥ ૧૭ ॥—તે સર્વ પાપ મારૂં મિથ્યા થાઓ

પચ્ચખ્ખાણના અર્થ.

ઉગ્ગએ-ઉગે છતે	**પોરિસિં**-પહોર દિવસ સુધી	**દિસા**-દિશા (ના)
સૂરે-સૂર્ય		**મોહેણં**-મોહવડે
નમુક્કાર-નવકાર	**પચ્છન્ન**-ઢંકાએલા	**વયણેણં**-વચને
સહિઅં-સહિત	**કાલેણં**-વખતવડે	**પરિમડ્ઢ**-પહેલો અરધો (દીવસ) બે પહોર
મુટ્ઠિ-મુઠિ	**સાઢ**-દોઢ	

અગ્નટ્ઠં-ત્રણ પહોરસુધી	મક્ખિઅએણં-મસળ્યું ચોપડયું	અસિત્થેણ-અન્નાદિક દાણાના સ્વાદરહિત
વિગઇ-વિગય (ઘી, દુધ વગેરે)	પારિટ્ઠાવણિ-પરઠવવા યોગ્ય	એકાસણ-એક આહારનું
વિગઇઓ-એક વિગયથી	બેઆસણં-બે આહાર	આયંબિલ-આંબિલ
નિવિગઇઅ-બધી વિગઈનું	સાગારિ-ગૃહસ્થ	અભત્તટ્ઠ-નહી ખાવાને
લેવાલેવેણં-ખરડેલા લુછેલા વડે	આઉંટણ-અંગોપાંગ સંકોચતાં	ઘર-ઘર (અર્થ
ગિહત્થ-ગૃહસ્થ (ના)	પસારેણં-પસારવાવડે	સહિઅં-સહિત
સંસટ્ઠેણં-ખરડેલા વાસણવડે	અબ્ભુટ્ઠાણેણં-ઉઠવાવડે	ચઉત્થભત્તં-ચાર ભોજનનો ત્યાગ
ઉક્ખિત્ત-પાછા લીધેલા	પાણસ્સ-પાણીના	અટ્ઠમભત્તં-આઠ ભોજનનો ત્યાગ
વિવેગેણં-ગાઢી વિગય વડે	લેવેણ-લેપવડે	ગંઠ-ગાંઠે
પડુચ્ચ-વાસણને ઘી પ્રમુખના લેપથી	અલેવેણ-અલેપવડે	વેટ્ઠ-વીંટી
	અચ્છેણ-ઉકાળ્યાપાણીવડે	દિવ-દીવો
	બહુલેવેણ-બહુ લેપ	થિબુગ-પાણીનું ટપકું
	સસિત્થેણ-અન્નાદિકઆટાના દાણાના સ્વાદવાળું	તંબોલ-પાનસોપારી
		કુસુમેસુ-ફુલોમાં

નમુક્કારસહિઅંનું પચ્ચક્ખાણ.

ઉગ્ગએસુરે નમુક્કારસહિઅં—સૂર્યોદયથી બે ઘડી પછી નવકાર કહીને પારૂં ત્યાં સુધી

પચ્ચક્ખાઇ ચઉવિહંપિઆહારં—ચારે આહારનું પચ્ચક્ખાણ કરૂં છું (પચ્ચક્ખાઈ એવું ગુરૂનું વચન સાંભળી શિષ્ય પચ્ચક્ખામિ-પચ્ચ-

ખ્ખાણ કરૂંછું એમ કહે)

અસણં પાણં ખાઇમં સાઇમં-ખાવાનું, પીવાનું, ખાદિમ, સ્વાદિમ

અન્નત્થણાભોગેણં—પચ્ચખ્ખાણનો ઉપયોગ વિસરવાથી અજાણપણે કાંઈ મોંમાં નાંખવાથી

સહસાગારેણં—કાર્ય કરવામાં પ્રવર્તતાં યોગ્ય લક્ષણ સહસાત્કાર-સ્વભાવે જે મોંમાં પ્રવેશ થાય તેથી પચ્ચખાણ ન ભાગે એ બે આગારે કરી

વોસિરે—વોસિરાવું છું (વોસિરે એ ગુરૂનું વચન સાંભળી શિષ્ય વોસિરામિ કહે એ પ્રમાણે સર્વે પચ્ચખ્ખાણમાં સમજવું)

अथ नमुक्कारसहिअं मुठसहिअंनुं पच्चख्खाण.

ઉગ્ગએસૂરે નમુક્કારસહિઅં મુટ્ઠસહિઅં—સૂર્યોદયથી બે ઘડી પછી નવકાર કહીને પારૂં ત્યાં સુધી મુઠ્ઠી સહિત, એટલે જ્યારે નવકાર ગણી મુઠ્ઠી મોકળી મુકું ત્યારે પચ્ચખ્ખાણ મોકળું થાય.

પચ્ચખ્ખાઈ ચઉવિહંપિઆહારં અસણં પાણં ખાઈમં સાઇમં—ખાવાનું પીવાનું ખાદિમ સ્વાદિમ એ ચારે આહારનું પચ્ચખ્ખાણ કરૂંછું

અન્નત્થણાભોગેણં સહસાગારેણં—ઉપયોગ ન રહે અજાણપણે તથા સ્વભાવે કાંઈ વસ્તુ મોંમાં પડવાથી

મહત્તરાગારેણં—મોટાના આદેશથી મોટા લાભને અર્થે પચ્ચખ્ખાણ પારવાનો વખત પૂર્ણ ન થયે છતે પારવાથી

સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરે-હું સર્વ પ્રકારે શરીરમાં અસમાધિ રહે છતે પચ્ચખ્ખાણનો વખત પૂર્ણ થયા પહેલાં પારવાથી પચ્ચખ્ખાણ ન ભાગે, એવા આગારવડે હું વોસિરાવું છું

अथ पोरसिसाड्ढपोरसिनुं पच्चख्खाण.

ઉગ્ગએસૂરે નમુક્કારસહિઅં—સૂર્યોદયથી નવકારે કરી પારૂં ત્યાં સુધી

પોરિસિં સાઢપોરિસિં મુઠ્ઠ સહિઅં પચ્ચખ્ખાઇ—પ્રહર દિવસ સુધી અને દોઢ પ્રહર દિવસ સુધી મુંઠ્ઠિ સહીત, નિયમ લઉંછું.

ઉગ્ગએસૂરે ચઉવ્વિહંપિ આહારં—સૂર્યોદયથી ચારે આહારને

અસણં પાણં ખાઇમં સાઇમં—ખાવાનું પીવાનું ખાદિમ, સ્વાદિમ

અન્નથ્થણા ભોગેણં સહસાગારેણં—અનુપયોગે વસ્તુ મોંમાં નાખવાથી સ્વભાવે વસ્તુ મોંમાં પડવાથી

પચ્છન્નકાલેણં દિસામોહેણં—વખત બરોબર માલમ ન પડવાથી અધુરી પોરિસીએ પારવાથી દિશિ વિપર્યાસ થવાથી અજાણતાં વહેલું પારવાથી

સાહુવયણેણં મહત્તરાગારેણં—સાધુના વચનથી પોરિસિ ભણી સાંભળીને પારે, મોટાના આગારવડે

સવ્વસમાહિવત્તિયાગારેણં-સર્વ પ્રકારે શરીરમાં અસમાધિ રહ્યાથી, પચ્ચખ્ખાણ અધુરા વખતે પારવાથી પચ્ચખ્ખાણ ન ભાગે

વોસિરે—વોસિરાવું છું.

अथ पुरिमड्ढ अवड्ढनुं पच्चख्खाण.

સૂરેઉગ્ગએ નમુક્કારસહિઅં પુરિમઢ્ઢં અવઢ્ઢં મુઠ્ઠસહિઅં પચ્ચખ્ખાઇ-સૂર્યના ઉદયથી, પહેલા બે પોહોર સુધી પુરિમાર્દ્ધ; તે ઉપરાંત ત્રીજા પહોર સુધી અવઢ્ઢનું પચ્ચખ્ખાણ કરૂં છું નવકાર ગણી મુઠ્ઠી મોકળી મૂકું ત્યાં સુધી.

સૂરેઉગ્ગએ ચઉવીહંપિ આહારં અસણંપાણં ખાઇમં સાઇમં-અસણ

પાન, ખાદિમ, સ્વાદિમ એ ચાર આહારનું સૂર્યોદયથી

અન્નથ્થણા ભોગેણં સહસાગારેણં પચ્છન્નકાલેણં દિસામોહેણં–અનાભોગે, સહસાત્કારે કાળની પ્રચ્છન્નતાએ, દિશિ વિપર્યાસથી

સાહુવયણેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં વોસિરે— સાધુના વચનથી. મોટાના આગારથી, સર્વ પ્રકારે શરીરમાં અસમાધી રહ્યાથી અધુરે વખતે પચ્ચખ્ખાણ કરતાં ન ભાગે (વોસિરામિ–વોસિરાવું છું.)

विगइ निविगईनुं पच्चख्खाण.

વિગઇઓ નિવિગઇઅ પચ્ચખ્ખાઇ—ખાવામાં જેથી કામાદિક ઉત્પન્ન થાય એવી ચીજ તે વિગઇ; તે દશ છે. ચાર અભક્ષ્ય વિગય માંસ, મદિરા, માખણ અને મધ. ૭ ભક્ષ્ય વિગય, દૂધ દહીં, ઘી, તેલ, ગોળ, પકવાન એ ૭ વિગઈમાંથી એક પણ વિગઇનું જે પચ્ચખ્ખાણ તે વિગઈ પચ્ચખ્ખાણ કહીએ; અને સમસ્ત વિગઇનું જે પચ્ચખ્ખાણ તે નિવિગઇનું પચ્ચખ્ખાણ કહીએ. પચ્ચખ્ખાઇ–પચખું છું.

અન્નથ્થણાભોગેણં સહસાગારેણં—અનુપયોગે સ્વભાવે મોંમાં પડવાથી

લેવાલેવેણં ગિહથ્થસંસટ્ઠેણં—લેપાલેપ તે જે વિગયનો સાધુને ત્યાગહોય તે વિગયથી ગૃહસ્થનો હાથ ખરડાએલો હોય તે લુંછી નાંખીને વહોરાવે તેથી ગૃહસ્થના ખરડેલા વાસણથી જે અન્ન આપે તે વિગઇથી મિષ્ટ હોય તે અન્ન જમવાથી પચ્ચખ્ખાણ ન ભાગે

ઉખ્ખિત્ત વિવેગેણં—ગાઢી વિગઇ જે ગોળ પકવાનાદિક તેના ઉપર રોટલી પ્રમુખ મુકી હોય પછી તે ઉપાડી કોરે કરી હોય તો તે લેવાથી

પડુચ્ચ મખ્ખિએણં—દીવેલી રોટલી પ્રમુખ લેવાથી

પારિટ્ઠાવણિયાગારેણં મહત્તરાગારેણં—કોઇ સાધુને આહાર પરઠવતો દેખીને આહાર ગુરૂની આજ્ઞાથી ઉપવાસા દિપચ્ચખ્ખાણ હોય તોપણ લેવો પડે તો તે લેવાથી; મોટાના આગારથી ઇત્યાદિ,

વોસિરે—વોસિરાવે

બેઆસણા તથા એકાસણાનું પચ્ચખ્ખાણ.

ઉગ્ગએસૂરે નમુક્કારસહિઅં પોરિસિં સાઢ્ઢપોરિસિં પુરિમઢ્ઢ મુઠ્ઠસહિઅં પચ્ચખ્ખાઇ, ઉગ્ગએસૂરે ચઉવીહંપિઆહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં: અન્નથ્થણાભોગેણં, સહસાગારેણં; પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં, એકાસણં, બેઆસણં પચ્ચખ્ખાઇ, તિવિહંપિ-આહારં,અસણં, ખાઇમં, સાઇમં, અન્નથ્થણાભોગેણં,સહસાગારેણં.

સાગારિઆગારેણં—સાધુ આશ્રીને ગૃહસ્થ આવીને ચાલ્યો જાય તો થોડીવાર સબુરી કરી આહાર કરે; જો તે ઉભો રહે તો બીજે ઠેકાણે આહાર કરવા બેસે તો પચ્ચખ્ખણ ભાગે નહી; શ્રાવકને આશ્રીને ચોર બંધીવાન વીગેરેના ભીંત:પડવાના અને ખરાબ દ્રષ્ટિવાળા પુરૂષનું આગમન ઈત્યાદિ ભય જમવા બેઠા પછી આવે તો બીજે ઠેકાણે જઇ જમે તો પચ્ચખ્ખાણ ન ભાગે

આઉંટણપસારેણં-અંગોપાંગ સંકોચતાં તથા પસારવા વડે કરીને પચ્ચખ્ખાણ ન ભાગે

ગુરૂઅભ્ભુઠ્ઠાણેણં—ગુરૂ આવવાથી ઉઠે તો પચ્ચખ્ખાણ ન ભાગે

પારિઠ્ઠાવણિઆગારેણં—વિધિથી નિર્દોષપણે ગૃહણ કરેલું અને વિધિથી વહેંચી આપેલું અન્ન તેને સાધુએ વિધિએ ભુક્ત કર્યા થકાં કાંઈ

વધે એવું પરિષ્ટાપન યોગ્ય અધિક અન્ન તે સ્નિગ્ધ અન્ન પરઠવતાં જીવ વિરાધનાદિ દોષ ઉપજતા જાણીને ગુરૂની આજ્ઞાએ એકાસણા દિથી ઉપવાસ સુધી પચ્ચખ્ખાણવાળાને તે વધેલા આહારને જમતાં પચ્ચખ્ખાણ ભંગ ન થાય; તેમાં એટલું વિશેષ જે ચઉવીહાર ઉપવાસમાં પાણીનું પારિઠ્ઠાવણિયાગારેણું અને તિવિહાર ઉપવાસના પચ્ચખ્ખાણે અન્નાદિકનું પારિઠાવણિઆગારેણું થાંય આ આગાર સાધુ મુનિરાજને હોય, પણ શ્રાવકોને હોય નહીં તોપણ આળાવો તુટે, માટે ગૃહસ્થને એકજ પાઠ સંલગ્ન કહેતાં દોષ નથી.

મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં પાણસ્સ લેવેણવા–જે અન્નાદિકે કરી ભાજનાદિક ખરડાય તેણે લેપકૃત આચમ્લ, ઓસામણ અને દ્રાક્ષાદિકના પાણી પીવાથી પચ્ચખ્ખાણ ન ભાગે

અલેવેણવા—અલેપકૃત પાણી તે સૌવીર, ધોયણ ઇત્યાદિકના પાણી પીવાથી પચ્ચખ્ખાણ ન ભાગે

અચ્છેણવા—ઉષ્ણ જળ તથા બીજાં પણ ઉકાલ્યાં પાણી તથા નીતરેલું ફળાદિકનું ધોવણ તેને પીએ તો પચ્ચખ્ખાણ ન ભાગે

બહુલેવેણવા—બહુ લેપ એટલે ડાહોળું ચોખાદિકનું ધોયણ ગળીને પીએ તો પચ્ચખ્ખાણ ન ભાગે

સસિથ્થેણવા—સિથ્થ સહિત અન્નાદિક દાણાના સ્વાદ વિના ધોવણ તથા દાથરાદિકનું ધોવણ ગળીને પીએ તો પચ્ચખ્ખાણ ન ભાગે

અસિથ્થેણવા—સિથ્થ સહીત કણુક પ્રમુખે હાથ ખરડયો હોય તેનું ધોવણ ગાળીને પીએ તો પચ્ચખ્ખાણ ન ભાગે એ ૭ પ્રકારનાં પાણી સીવાય બાકીનાં પાણી

વોસિરામિ—વોસિરાવુંછું.

अथ आयंबिलनुं पच्चख्खाण.

ઉગ્ગએસૂરે નમુક્કારસહિઅં પોરસિં સાઢ્ઢપોરસિં મુટ્ઠિસહિઅં પચ્ચખ્ખાઇ ઉગ્ગએસૂરે ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નથ્થણાભોગેણં સહસાગારેણં પચ્છન્નકાલેણં દસામોહેણં સાહુવયણેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં આયંબિલ. પચ્ચખ્ખાઇ અન્નથ્થણાભોગેણં સહસાગારેણં લેવાલેવેણં ગિહથ્થસં સટ્ઠેણં ઉખિત્તવિવેગેણં પારિઠ્ઠાવણિઆગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં એગાસણં પચ્ચખ્ખાઇ તિવિહંપિ આહાર અસણં ખાઇમં સાઇમં અન્નથ્થણાભોગેણં સહસાગારેણં સાગારિઆગારેણં આઉંટણપસારેણં ગુરૂઅભ્ભુઠ્ઠાણેણં પારિઠ્ઠાવણિઆગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં પાણસ્સ લેવેણવા અલેવેણવા અથ્થેણવા બહુલેવેણવા સસિથ્થેણવા વોસિરે. આ પચ્ચખ્ખાણનો અર્થ આગળનામાં આવી ગયો છે માટે અત્રે લખ્યો નથી.

अथ चउविहार उपवासनुं पच्चख्खाण.

સુરે ઉગ્ગએ-અભત્તઠ્ઠં પચ્ચખ્ખાઈ ચઉવ્વિહંપિ આહારંઅસણંપાણં ખાઇમં સાઈમં અન્નથ્થણાભોગેણં સહસાગારેણં પારિઠ્ઠાવણિયાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણંવોસિરે.

अथ तिविहार उपवासनुं पच्चख्खाण.

સૂરે ઉગ્ગએ અભત્તઠ્ઠં પચ્ચખ્ખાઇ તિવિહંપિઆહારં અસ-

ણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં પારિટ્ઠાવણિયાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં પાણહાર પોરિસિં સાડ્ઢપોરિસિં મુટ્ઠિસહિઅં ઘરસહિઅં પચ્ચખ્ખાઇ ઉગ્ગએસૂરે પુરિમડ્ઢ અવડ્ઢં પચ્ચખ્ખાઇ અન્નત્થણાભોગેણં સહસાગારેણં પચ્છન્નકાલેણં દિસામોહેણં સાહુવયણેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં પાણસ્સલેવેણવા અલેવેણવા અચ્છેણવા બહુલેવેણવા સસિત્થેણવા અસિત્થેણવા વોસિરે.

अथ चउथ्थ छठभत्तादिकनुं पच्चख्खाण.

સૂરે ઉગ્ગએ ચઉત્થભત્ત અભત્તટ્ઠં-(ચાર વારનું ભોજન જમવાનો નિયમ એકાસણું ઉપવાસ અને એકાસણું)

પચ્ચખાઇ સુરે ઉગ્ગએ છટ્ઠભત્તં અભત્તટ્ઠં પચ્ચખ્ખામિ-ઇત્યાદિ પ્રકારે આગાર સહિત કહેવું.

છટ્ઠ અટ્ઠમાદિ તપમાં બીજે દિવસે પાણી વાપરવું હોય ત્યારે પાણહારનું પચ્ચખાણ કરે.

પાણહાર પોરિસિં મુટ્ઠિસહિઅં પચ્ચખાઇ અન્નત્થણા ભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસ માહિવત્તિઆગારેણં પાણસ્સલેવેણવા અલેવેણવા અચ્છેણવા બહુ લેવેણવા સસિત્થેણવા અસિત્થેણવા વોસિરે.

अथ गंठसहिअं आदि अभिग्रहोनुं पच्चख्खाण.

ગંઠસહિઅં વેઢસહિઅં દિવસહિઅં થિબુગસહિઅં મુટ્ઠિસહિઅં પચ્ચખાઇ અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં વોસિરે.

अथ चौद नियम धारनारने देशावगासिकनुं पच्चख्खाण.

દેસાવગાસિઅં ઉવભોગં પરિભોગં પચ્ચખાઇ અન્નથ્થણા. ભોગેણું સહસાગારેણું મહુત્તરાગારેણું સવ્વસમાહિવત્તિયાગારેણું વોસિરે.

સચિત્ત દવ્વ વિગઇ—પાણી ફળ બીજ દાતણ કણ તથા દ્રવ્ય અને ૭ વિગય પ્રમુખ ચીજનું પ્રમાણ કરે.

વાણહ તંબોલ વથ્થ કુસુમેસુ—પગરખાં, તંબોળ, વસ્ત્ર તથા ફુલ.

વાહણ સયણ વિલેવણ—વાહન, શય્યા, ચોપડવાની વસ્તુ.

બંભ દિસિ નાણ ભત્તેસુ—મૈથુનની મર્યાદા, દિશિ પરિમાણ, નહાવાનો નિયમ કરે, આની સાથે પૃથ્વીકાય, અપ્પકાય, તેઉકાય, વાઉકાય વનસ્પતિકાય ત્રસકાય, અસિ. મસિ અને કૃષિ એ બધા મળી ત્રેવીસમાંથી પોતાથી જે રીતે પળે તે રીતે પાળે.

अथ साजनां पच्चख्खाण.

अथ पाणहार दिवसचरिमनुं पचख्खाण.

પાણહાર દિવસચરિમં પચ્ચખાઇ અન્નથ્થણાભોગેણં સહસાગારેણં મહુત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરે.

अथ चउविहारनुं पच्चख्खाण.

દિવસચરિમં પચ્ચખાઇ ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નથ્થણાભોગેણં સહસાગારેણં મહુત્તરાગારેણં સવ્વંસમાહિવત્તિયાગારેણં વોસિરે.

अथ तिविहारनुं पच्चख्खाण.

દિવસ ચરિમં પચ્ચખ્ખાઇ તિવિહંપિ આહારં અસણં ખાઇમં સાઈમં અન્નથ્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરે.

अथ दुविहारनुं पच्चख्खाण.

દિવસ ચરિમં પચ્ચખ્ખાઈ દુવિહંપિ આહારં અસણં ખાઇમં અન્નથ્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરે.

अथ पच्चख्खाणना आगारनी गाथा.

દોચેવ નમુક્કારે, આગારા છચ્ચેવ પોરિસિએ—નમુક્કાર સહિયંમાં બે આગાર, પોરસિમાં વળી ૭ આગાર.

સત્તેવય પુરિમડ્ઢે, એકાસણંમિ અટ્ઠેવણં ॥ ૧ ॥—પુરિમડ્ઢમાં સાત અને એકાસણામાં આઠ આગાર.

સત્તેગઠ્ઠાણેસુ અ, અટ્ઠેવ ય અંબિલંમિ આગારા—એકલઠાણામાં સાત અને આંબિલ તપમાં આઠ આગાર.

પંચવય અત્તટ્ઠે, છપ્પાણે ચરિમચત્તારિ ॥ ૨ ॥-ઉપવાસાદિમાં પાંચ આગાર, પાણસ્સમાં ૭, દિવસના છેડાથી નવો સૂર્યોદય થાય ત્યાં સુધી એટલે રાત્રીના તેવિહાર, ચઉવિહારાદિના ચાર આગાર છે.

પંચ ચઉરો અભિગ્ગહે, નિવ્વિએ અટ્ઠ નવ આગારા—અભિગ્રહના પચ્ચખાણમાં પાંચ તથા ચાર. નિવિમાં આઠ કે નવ.

અપ્પાઉરણે પંચચઉ, હવંતિસેસેસુચત્તારિ ॥ ૩ ॥—મુનિને ચોળપટ્ટો

ન પહેરવાને વિષે પાંચ કે ચાર. બાકીનામાં ચાર હોય,

હવે છ પ્રકારે પચ્ચખાણ શુદ્ધ થાય છે તે કહે છે.

ફાસિઅં પાલિઅં—વિધિએ કર્યું તથા ઉચિત વેળાએ પ્રાપ્ત થયું પચ્ચખાણ વારંવાર ઉપયોગ દેઇ સંભાર્યું.

ફાસિઅ તીરિઅં—(પ્રથમ ગુરૂને આહારપાણી દેઈ બાકી રહેલું ભોજન પોતે કરે તથા અતિચાર ન લગાડે પચ્ચખ્ખાણ પહોચ્યા પછી પણ થોડો વખત ઉપર ગએ પારવું, નિર્મળ કરવું.

કિટ્ટિઅં આરાહિઅં—ભોજનવેળાએ મારે અમુક પચ્ચખ્ખાણ છે એમ સંભારવું, પચ્ચખ્ખાણ જે રીતે કીધું હોય એ રીતે આરાધવું એ છ શુદ્ધિ જાણવી.

જં ચ ન આરાહિઅં, તસ્સ મિચ્છામિદુક્કડં ॥—અને વળી જે મેં ન આરાધ્યું હોય તેથી થએલું મારૂં પાપ મિથ્યા થાઓ.

अथ पच्चखाण पारवानो विधि.

પ્રથમ ઇરિયાવહિયં પડિક્કમીએ, યાવત્ જગચિંતામણીનું ચૈત્યવંદન જયવીઅરાય સુધી કરવું, પછી મન્હજિણાણંની સજ્ઝાય કહી મુહપતિ પડિલેહવી. ઇચ્છામિ ખમાસમણો૦ ઇચ્છાકા૦ પચ્ચખ્ખાણ પાયું તહત્તિ, એમ કહી જમણો હાથ કટાસણા ચરવળા ઉપર થાપી એક નવકાર ગણી પચ્ચખાણ કર્યું હોય તે કહી પારવું તે લખીએ છીએ.

ઉગ્ગએસુરે નમુક્કારસહિઅં પોરસિં સાઢ્ઢપોરસિં ગંઠસહિઅંમુઠ્ઠસહિઅં પચ્ચખાણ કર્યું ચઉવ્વિહાર આંબિલ નિવિ એકાસણું બેઆસણું કર્યું તિવિહાર પચ્ચખાણ ફાસિઅં પાલિઅં સોહિઅં તીરિઅં કિટ્ટિઅં આરાહિઅં જંચ ન આરાહિયં તસ્સ મિચ્છામિ દુક્કડં.

અથ શ્રી દેવસિપ્રતિક્રમણ વિધિ.

૧ પ્રથમ સામાયિક લીજે

૨ પછી પાણી વાવર્યું હોય તો મુહપત્તી પડીલેહવી.

૩ આહર વાવર્યો હોય તો વાંદણાં બે દેવાં તેમાં બીજા વાંદણામાં આવસિઆએ પાઠ ન કહેવો.

૪ યથા શક્તિ પચ્ચખ્ખાણ કરવું.

૫ ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ૦ કહી વડેરા અથવા પોતે ચૈત્યવંદન કહીને પછી જંકિંચિ કહી.

૬ નમુંથ્થુણં કહી ઉભા થઇ અરિહંત ચેઇયાણં અનથ્થ કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી નમોર્હત્૦ કહીને પ્રથમ થોય કહેવી પછી

૭ લોગસ્સ કહી સવ્વલોએ અરિહંત ચેઇયાણં કહી અનથ્થ કહીને એક નવકારનો કાઉસગ્ગ પારીને બીજી થોય કહેવી પછી.

૮ પુખ્ખરવરદી કહી સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણ૦ કહી અનથ્થ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી ત્રીજી થોય કહેવી.

૯ પછી સિદ્ધાણં બુદ્ધાણં કહી વૈયાવચ્ચગરાણં કરેમિ કાઉસ્સગ્ગં અનથ્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી નમોર્હત્૦ કહી ચોથી થોય કહેવી.

૧૦ પછી બેશીને નમુથ્થુણં કહેવું. પછી

૧૧ ચાર ખમાસમણ દેવા પૂર્વક. ૧ ભગવાનહં, ૨ આચાર્યહં, ૩ ઉપાધ્યાયહં, ૪ સર્વ સાધુ પ્રત્યે થોભવંદન કરીએ.

૧૨ ઇચ્છાકારેણ૦ દેવસી પ્રતિક્રમણે ઠાઉં એમ કહી જમણો હાથ ચવળા અથવા કટાસણા ઉપર થાપીને ઇચ્છં સવ્વસવિદેવસિય૦ કહેવું પછી

૧૩ ઉભા થઇ કરેમિભંતે ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જો મે દેવસિઓ તસ્સઉત્તરી અનથ્થ કહી પછી

૧૪ અતિચારની આઠ ગાથાનો કાઉસગ્ગ કરવો આઠ ગાથા ન આવડે તો આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરવો તે પારીને પછી

૧૫ લોગસ્સ કહેવો પછી બેસીને ત્રીજા આવશ્યકની મુહપતિ પડિલેહીને વાંદણાં બે દેવાં.

૧૬ પછી ઉભા થઇને ઇચ્છાકા૦ દેવસિઅં આલોઉં ઇચ્છં-આલોએમિ જો મે દેવસિઓ કહીને

૧૭ પછી સાત લાખ કહેવા પછી અઢાર પાપસ્થાનક આલોઇને

૧૮ સવ્વસ્સવિ દેવસિઅ૦ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ઇચ્છં તસ્સ મિચ્છામિ દુક્કડં કહેવું. પછી

૧૯ બેસીને જમણો ઢીંચણ ઉભો રાખી એક નવકાર ગણી કરેમિભંતે૦ ઇચ્છામિ પડિક્કમિઉં જોમે દેવસિઓ૦ કહીને વંદીત્તુ કહેવું.

૨૦ વંદીત્તુ કહીને વાંદણાં બે દેવાં પછી

૨૧ અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર દેવસિઅં ખામિને વાંદણાં બે દેવા પછી ઉભા થઇ.

૨૨ આયરિઅઉવજ્ઝાએ કહીને કરેમિભંતે ઇચ્છામિઠામિ કાઉસ્સગ્ગં જો મે દેવસિઓ કહી તસ્સઉત્તરી અનથ્થ કહી પછી

૨૩ બે લોગસ્સનો અથવા આઠ નવકારનો કાઉસગ્ગ પારીને પ્રગટ

૨૪ લોગસ્સ કહેવો સવ્વલોએ અરિહંત ચેઇયાણં કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ પારીને

૨૫ પુખ્ખરવરદી સુઅસ્સ ભગવઓ કરેમિભંતે વંદણ૦ પછી અનથ્થ કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરીને

૨૬ સિદ્ધાણું બુદ્ધાણું કહી સુઅદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી નમોઽર્હત્૦ કહી પુરૂષે સુઅદેવયાની પહેલી થોય અને સ્ત્રીયે કમલદલની પહેલી થોય કહેવી પછી આદેશ લેઇ

૨૭ ખેત્રદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં અન્નથ્થ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી નમોઽર્હત્૦ કહી ક્ષેત્રદેવયાની થોય સ્ત્રીએ તથા પુરૂષે કહેવી પછી

૨૮ પ્રગટ એક નવકાર ગણી બેસીને

૨૯ છટ્ઠા આવશ્યકની મુહપત્તી પડિલેહી બે વાંદણાં દીજે પછી

૩૦ ૧ સામાયિક, ૨. ચઉવ્વિસથ્થો, ૩ વંદણુ, ૪ પડિક્કમણું. ૫ કાઉસ્સગ્ગ, ૬ પચ્ચખ્ખાણ કર્યુંછેજી એ ૭ આવશ્યક સંભારવા પછી

૩૧ ઇચ્છામો અણુસટ્ઠીં નમો ખમાસમણાણં કહી નમોઽર્હત્૦ કહીને પુરૂષ નમોસ્તુ વર્દ્ધમાનાય કહે અને સ્ત્રી સંસારદાવાની ત્રણ થોયો કહે પછી

૩૨ નમુથ્થુણં કહી સ્તવન કહેવું પછી

૩૪ જમણો હાથ ઉપધી ઉપર થાપી અટ્ઠાઇજ્જેસુ કહેવું પછી

૩૫ દેવસિય પાયચ્છિત્તનો કાઉસ્સગ્ગ ચાર લોગસ્સનો અથવા સોલ નવકારનો કરવો તે કાઉસ્સગ્ગ પારી પછી

૩૬ પ્રગટ લોગસ્સ કહીને

૩૭ ખમાસમણ બે દેઇ સજ્ઝાયનો આદેશ માગી એક નવકાર ગણી સજ્ઝાય કહીએ પછી એક નવકાર ગણીએ

૩૮ પછી ઇચ્છામિ૦ ઇચ્છા૦ દુખ્ખખ્ખઓ કમ્મખ્ખઓનો કાઉસ્સગ્ગ ચાર લોગસ્સનો સંપૂર્ણ અથવા સોળ નવકારનો પારીને નમોઽર્હત્૦ કહી લઘુ શાંતિ કહેવી પછી

૩૯ પ્રગટ લોગસ્સ કહેવો પછી

૪૦ ઇરિયાવહી, તસ્સઉત્તરી કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પ્રગટ લોગસ્સ કહેવો

૪૧ પછી ચઉક્કસાય નમુથ્થુણં કહી જાવંતિ બે કહી ઉવસગ્ગહરં જયવીઅરાય કહી મુહપત્તિ પડિલેહવી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ સામાયિક પારૂં યથાશક્તિ ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ સામાયિક પાર્યું તહત્તિ કહી પછી

૪૨ જમણો હાથ ઉપધી ઉપર થાપી એક નવકાર ગણીને સામાઇઅવયજુત્તો કહેવો પછી

૪૩ થાપેલી થાપના હોય તો એક નવકાર ગણી ઉઠે. ઇતિ દેવસિ પ્રતિક્રમણ વિધિ ॥ બાકી અંતરવિધિ વડેરાથી સમજવા.

अथ पडिलेहण करवानो विधि.

પૂર્વ રીતે ઇરિયાવહી પડિક્કમી જાવત્ લોગસ્સ કહી ઉભે પગે બેસી મુહપતિ કટાસણું ચરવળો, વસ્ત્ર કંદોરો આદિ પડિલેહવાં પછી કાજો કહાડવો પછી કાજો કહાડનાર થાપનાની સામો ઉભો રહી ઇરિયાવહિ પડિક્કમે પછી કાજો પરઠવવા જગ્યા શોધી અણુજાણહ જસ્સગ્ગો કહી કાજો પરઠવો પછી વાર ૩ વોસિરે કહેવાં ॥ ઇતિ ॥

अथ देव वांदवानो विधि.

પ્રથમ ઇરિયાવહિ પડિક્કમવાથી યાવત્ લોગસ્સ કહી પછી ઉત્તરાસણ નાખી ચૈત્યવંદન કહી જયવીઅરાય અડધા કહે વળી બીજું ચૈત્યવંદન કહી જાવત ચાર થોયો કહી ફરી નમુથ્થુણં કહી બીજી ચાર થોયો કહે પછી નમુથ્થુણં કહી બે જાવંતી સ્તવન કહી અડધા જયવીયરાય આભવમખંડા સુધી કહી પછી ચૈત્યવંદન કહી નમુથ્થુણં કહી આખા જયવીઅરાય કહેવા. સવારે દેવ વાંદવા તેમાં મન્હજિણાણુંની સઝાય કહેવી, બપોરે તથા સાંજે દેવ વાંદે તેમાં સઝાય ન કહેવી. ॥ ઇતિ ॥

अथ राइ प्रतिक्रमण विधि.

પ્રથમ પૂર્વ રીતે સામાયક લીજે પછી ઇચ્છામિ૦ ઇચ્છા૦ કુસુમિણ કુસુમિણ રાઇઉડ્ડાવણીનો કાઉસ્સગ્ગ ચાર (૪) લોગસ્સનો અથવા ૧૬ નવકારનો કરી પારી પ્રગટ લોગસ્સ કહેવો. પછી ખમાસમણ દેઈ જગચિંતામણીનું ચૈત્યવંદન જયવીઅરાય સુધી કહેવું. પછી ચાર ખમાસમણ પૂર્વક ચાર ભગવાનાદિને વાંદવા પછી બે ખમાસમણ પૂર્વક સઝાયનો આદેશ માગી એક નવકાર ગણીને ભરહેસરની. સઝાય કહીને નવકાર એક ગણવો પછી ઇચ્છકાર સુહરાઇનો પાઠ કહેવો. પછી ઇચ્છા૦ રાઇપ્રતિક્રમણે ઠાઉં કહીને જમણો હાથ ઉપધી ઉપર થાપીને

ઇચ્છં સવ્વસ્સવિરાઇય દુચિંતિય કહી પછી નમુથ્થુણં કરમિભંતે કહી ઇચ્છામિઠામિ કાઉસ્સગ્ગં તસ્સઉત્તરી અનથ્થ કહી એક લોગસ્સનો અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ પારી પ્રગટ લોગસ્સ કહી સવ્વલોએ અરિહંત૦ અનથ્થ કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ પારી પુખ્ખરવરદી૦ સુઅસ્સ૦ વંદણ૦ અનથ્થ કહી અતિચારની આઠ ગાથાનો અથવા આઠ નવકારનો કાઉસ્સગ્ગ પારી

સિદ્ધાણં બુદ્ધાણં કહીને ત્રીજા આવશ્યકની મુહપત્તી પડિલેહી વાંદણા બે દેવાં તિહાંથી તે અબ્ભુટ્ઠિઓ ખામિ વાંદણા બે દીજે તિહાં સુધી દેવસિની રીતે કરવું પણ જે ઠેકાણે દેવસિયં આવે છે, તે ઠામે રાઇયં કહેવું પછી આયરિય ઉવજ્ઝાએ કરેમિભંતે, ઇચ્છામિઠામિ કાઉસ્સગ્ગં, તસ્સઉત્તરી કહી તપચિંતામણીનો કાઉસગ્ગ કરવો તે ના આવડતો સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરવો તે પારીને પ્રગટ લોગસ્સ કહી પછી છઠ્ઠા આવશ્યકની મુહપતિ પડિલેહિને વાંદણા બે દેવાં તે પછી તીર્થ વંદન કરવું તે પછી યથાશક્તિયે

પચ્ચખ્ખાણ કરવું પછી સામાયક, ચઉવ્વિસથ્થો વંદણુ પડિક્કમણુંકાઉસ્સગ્ગ પચખ્ખાણ કર્યું છેજી એ છ આવસ્યક સંભારવા, પછી પચ્ચખ્ખાણ કર્યું હોય તો કર્યું છેજી કહેવું, ધાર્યું હોય તો ધાર્યું છેજી એમ કહેવું પછી ઇચ્છામો અણુસટ્ઠિં નમો ખમાસમણાણં નમો૦ કહીને પછી વિશાલલોચન કહીને નમુથ્થુણં કહી અરિહંત ચેઇયાણં અનથ્થ કહીને એક નવકારનો કાઉસ્સગ્ગપારીને નમોઽર્હત્૦ કહી કલ્લાણકંદંની પ્રથમ થોય કહેવી પછી લોગ્ગસ પુખ્ખરવરદી સિદ્ધાણં બુદ્ધાણં કહી અનુક્રમે ચાર થોયો કહીએજીએ તિહાં સુધી સર્વ કહેવું પછી નમુથ્થુણં કહી ભગવાનઆદિચારને ચાર ખમાસમણાંએ વાંદવા પછી જમણો હાથ ઉપધી ઉપર થાપી અઢ્ઢાઇજેસુ કહેવું પછી ત્રણ ખમાસણ પૂર્વક સીમંધરસ્વામીનું ચૈત્યવંદન સ્તવન જયવીઅરાય કાઉસ્સગ્ગ થોય પર્યંતનું કરવું પછી ત્રણ ખમાસમણ પૂર્વક શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન સ્તવન જયવીઅરાય કાઉસસ્સગ્ગ થોય કહીયે ત્યાં સુધી કરવું.

સામાયક પારવાના વિધિની રીતે સામાયક પારવા સુધી કરવું

અહીં રાઇ પ્રતિક્રમણમાં પ્રથમ જે સોળ નવકારનો તપચિંતામણિનો કાઉસ્સગ્ગ આવે છે તેનો વિધિ.

શ્રી મહાવીર સ્વામીના તીર્થનેવિષે ઉત્કૃષ્ટપણે છ માસી તપ વર્તે છે, માટે કાઉસ્સગ્ગમાં ચિંતવવવું કે હે જીવ ! એ છ માસી તપ તું કરી શકીશ કે નહીં ? જો ન કરી શકાય તો એક દીન ઓછો છ માસી તપ કરી શકશે કે નહીં ? તે ન થાય તો બે દીન ઓછા છ માસ, એમ એકેકા દીન ઓછો કરતાં ઓગણત્રીસ દિવસ થાય ત્યારે એક મહીનો કાપી પાંચ માસથી ચિંતવવું. પછી ચોમાસી, ત્રિમાસી, બે માસી એક માસી એમ ચિંતવવું. તેટલું પણ ન થઇ શકે તો એકેકો દિવસ ઓછો કરતાં તેર દિવસ, વળી ઓછો કરીને વળી ચિંતવવું કે હવે ચોત્રીસમ તપ કરી શકાશે નહીં, તે પણ જો ન થાય તો બત્રીસમ એમ યાવત્ દશમ, અટ્ઠમ, છટ્ઠ,

ચઉથ્થ, અને છેવટ આંબિલ સુધી આવવું ત્યાર પછી નિવિ, એકાસણું, અને પોરિસિ સુધી ચિતવના કરવી, એમ નવકારસી આદિ જેટલું કરી શકાય તે પચ્ચખ્ખાણ મનમાં ચિંતવવું અને તે નમોઅરિહંતાણં કહીને પારવું, તે ન આવડે તો સોળ નવકાર ગણવા.

॥ ઇતિ રાઇ પ્રતિક્રમણ વિધી. ॥

अथ पोसहनी विधि.

પ્રથમ ઇરિયાવહિયં પડિક્કમી ખમાસમણ દેઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પોસહ મુહપત્તિ પડીલેહું ? એમ કહી મુહપત્તિ પડિલેહવી, પછી ઇચ્છામિ० ઇચ્છાકારેણ० પોસહ સંદિસાહુ ? વળી ઇચ્છામિ० ઇચ્છાકા० પોસહ ઠાઉં ? પછી નવકાર ગણી ઇચ્છાંકારી ભગવાન પસાય કરી પોસહ દંડક ઉચ્ચરાવોજી એમ કહેવું ગુરૂ માહારાજ પોસહનું પચ્ચખાણ ઉચ્ચરાવે. પછી ઇચ્છામિ० ઇચ્છાકા० સામાયક મુહપત્તિ પડિલેહું ત્યાંથી તે સઝાય કરૂં એમ કહી ત્રણ નવકાર ગણી ઉઠે ત્યાં સુધી કહેવું. પછી ઇચ્છા० ઇચ્છાકારેણ० બહુવેલ સંદિસાહુ ઇચ્છં પછી ઇચ્છામિ० ઇચ્છા० બહુવેલ કરશું ઇચ્છં, ઇચ્છાકારેણ સંદીસહ ભગવાન. પડીલેહણ કરૂં એમ કહી મુહપત્તિ પડીલેહવી. ઇચ્છામિ० ઇચ્છકારી ભગવન્ પસાય કરી પડી લેહણા પડીલેહાવોજી પછી ઇચ્છામિ० ઇચ્છાકા० ઉપધિ. મુહપત્તિ પડીલેહું એમ કહી મુહપત્તિ પડીલેહવી પછી ઇચ્છામિ० ઇચ્છાકા० ઉપધિ સંદિસાહુ પછી ઇચ્છામિ० ઇચ્છા० ઉપધી પડીલેહુ પછી ઇચ્છામિ० ઇચ્છાકા० સઝાય કરૂં એમ કહી એક નવકાર ગણી મન્હજિણાણુંની સઝાય કહેવી, પોરસિના અવસરે ઇરિયાવહિયા પડિક્કમી ઇચ્છામિ० ઇચ્છાકા० પડીલેહણ કરૂં એમ કહી મુહપત્તિ પડીલેહવી.

સૌ સમક્ષ પોસહ ઉચરવો તે.

ઉપર લખ્યા પ્રમાણે સર્વે કહેવું પણ સઝાય ન કહેવી ને પછી રાઇ મુહપત્તિ પડીલેહવી, વાંદણાં બે દેવાં પછી રાઇય આલોઉં એમ કહી જો મે રાઇઓ કહી સવ્વસવિરાઇઅ કહી પન્યાસ હોય તો વાંદણાં બે દેવાં પછી અબ્ભુટ્ઠિઓ ખામવો. પછી વાંદણાં બે દેઈ પચ્ચખ્ખાણ કરવું પછી કાળના દેવ વાંદવા. પાછલી વખતે પડીલેહણ કરે તે વખતે ઇરિયાવહી પડિક્કમી પછી ગમણાગમણે આલોઉ એમ કહી ઇરિયાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભંડ નીખેવણાસમિતિ, પારિષ્ટાપનીકાસમિતિ, મનગુપ્તિ. વચનગુપ્તિ કાયગુપ્તિ એ પાંચ સમિત ત્રણ ગુપ્તિ આઠ પ્રવચન માતા પોસહ, સામાયક લીધે ખંડણા વિરાધના હુઈ હોય તે સર્વે મને, વચને કાયાએ કરી મિચ્છામી દુક્કડં ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ પડીલેહણ કરૂં ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ પોસહસાલ પ્રમાર્જુ એમ કહી મુહપતિ કટાસણુ ચરવલોં પલેવવાં પછી ઇચ્છામિ૦ ઇચ્છકારી ભગવાન્ પસાય કરી પડીલેહણા પડીલેહાવોજી, ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ ઉપધિમુહપત્તિ પડિલેહવી. ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ સઝાય કરૂ એમ કહી એક નવકાર ગણી મન્હજિણાણુંની સઝાય કહેવી પછી ખાધું હોય તો વાંદણાં બે દેઈ પચ્ચખાણુ કરે અને ખાધું ના હોય તો ખમાસમણ દેઈ પચ્ચખાણ કરે પછી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ ઉપધિ સંદિસાહુ ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ ઉપધી પડીલેહું એમ કહી જેટલાં વસ્ત્ર હોય તેટલાં પડીલેહવાં પછી દેવ વાંદી પ્રતિક્રમણ કરવું પછી પોસહ પારી નવકાર ગણી સાગરચંદો કહેવો.

પ્રભાતનો પોસો લીધેલાને રાત્રે લેવાની વિધિ.

પ્રભાતનો પોસો લેવાની વિધિ છે તે પ્રમાણે ખમાસમણ દેઇ ઇરીયાવહિયંથી યાવત્ બહુવેલ કરશું ત્યાં સુધી કહેવું, પણ પોસાના પચ્ચખાણમાં ફેર છે તે (સેસ દિવસં અહોરત્તં) પદ કહેવું પછી ખમાસમણ દેઈ ઇરિયાવહિ પડિક્કમી ઇચ્છામિ૦ ઇચ્છા૦ ડંડીલ પડીલેહું કહી માંડલાં ચોવીસ કરે.

સાંજે નવો પોસો લેવાની વિધિ.

ઉપવાસાદિ જઘન્યે એકાસણું કર્યું હોય તો તેણે લેવાય. ખમાસમણ દેઇ ઇરિયાવહી પડીક્કમી પડીલેહણ કરે, પછી ખમાસમણ દેઈ ઇરિયાવહીથી યાવત્ બહુવેલ કરવું ત્યાં સુધી કહેવું, પછી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ પડીલેહણ કરૂં કહી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ પોસહસાલ પ્રમાર્જુ કહી મુહપત્તિ પડીલેહવી પછી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ ઉપધિ મુહપત્તિ પડીલેહું કહી મુહપતિ પડીલેહવી પછી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ સઝાય કરૂં કહી સઝાય કરે ખાધું હોય તો વાંદણાં બે દેઈ પચ્ચખાણ કરે, ખાધું ના હોય તો ખમાસમણ દેઇ પચ્ચખાણ કરે પછી ઇચ્છામિ૦ ઇચ્છકા૦ ઉપધિ સંદિસાહુ ઇચ્છામિ, ઇચ્છાકા૦ ઉપધિ પડીલેહું કહી પછી દેવ વાંદી માંડલાં કરે, પતિક્રમણ કરે પછી પહોર એક રાત્રી આશરે જાય ત્યાં સુધી નિદ્રા લેવી નહીં પછી ખમાસમણ દેઇ ઇચ્છાકા૦ બહુ પડિપુન્ના પોરિસિ કહી ખમાસમણ દેઇ ઇરિયાવહિયા પડિક્કમી યાવત્ લોગસ્સ કહી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ બહુપડિપુન્ના પોરસી રાઇઅ સંથારએ ઠાઉં ? કહી પછી ઇચ્છામિ૦ ઇચ્છાકા૦ ચૈત્યવંદન કરૂં કહી ચઉક્કસાયનું ચૈત્યવંદન જાવત્ જયવીઅરાય સુધી કરે પછી ઇચ્છામિ ઇચ્છાકા૦ સંથારાવિધિ ભણવા મુહપત્તિ પડીલેહું એમ કહી મુહપત્તિ પડિલેહવી પછી સંથારા પોરિસિ ભણાવવી. જાગે ત્યાં સુધી સઝાયધ્યાન કરે.

પોસામાં એકાસણાદિ કર્યું હોય તો અવસરે પચ્ચખાણ પારી પોસહશાળામાંથી આવસ્સહી કહી નીજ ગૃહે ઇર્યા શોધતો ખમાસમણ દેઇ ઇરિયાવહી પડિક્કમી ખમાસમણ દેઇ ગમણાગમણે આલોઇ કાજો પૂજી યથા સંભવે અતિથી સંવિભાગ વ્રત ફરસી નિશ્ચલ આસને બેસી હાથ, મુખ, પગ પાત્ર પડિલેહી નવકાર સંભાળી પ્રાશુક આહાર જમે અથવા પોસહશાળાએ પૂર્વ પ્રેરીત નિજ પુત્રાદિકે આણેલો આહાર ભોગવે પણ સાધુની પેરે ગોચરી નહીં. તથા કારણ વિના મોદક, સ્વાદુ, લવિંગાદિ તંબોલ ન લેવો તતઃ નિસિહિ કહી પોસહશાળાયે આવી ખમાસમણ દઇ ઇરિયાવહી પડિક્કમી ચૈત્યવંદન કરવું. ઇતિશ્રી પોષધ વિધિ સંપૂર્ણ.

પોસાનાં ચોવીસ માંડલાં.

પ્રથમ સંથારા પાસેની જગ્યાએ.

૧ આઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અણહિયાસે,
૨ અગાડે આસન્ને પાસવણે અણહિયાસે,
૩ આઘાડે મજ્જે ઉચ્ચારે પાસવણે અણહિયાસે,
૪ આઘાડે મજ્જે પાસવણે અણહિયાસે.
૫ આઘાડે દુરે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.
૬ આઘાડે દુરે પાસવણે અણહિયાસે,

હવે ઉપાશ્રયના બારણાંના માંહેની તરફનાં.

૬ ઉપર પ્રમાણે પણ અણહિયાસે છે ત્યાં અહિયાસે કહેવું,

હવે ઉપાશ્રયનાં બારણાં નજીક રહિને કરે,

૬ પ્રથમ પ્રમાણે, પણ અઘાડે છે ત્યાં અણાઘાડે કહેવું.

હવે ઉપાશ્રયથી સો હાથ દુર રહે ને કરવાં,

૬ પ્રથમનાં છ પ્રમાણે પણ આઘાડે છે તે ઠેકાણે અણઘાડ કહેવું અણહિયાસેને ઠેકાણે અહિયાસે કહેવું.

અથ ચઉદ નિયમ ધારવાની વિગત લખીએ છીએ.

॥ ગાથા ॥ સચ્ચિત દવ્વ વિગઇ. વાણહ તંબોલ વથ્થ કુસુમેસુ ॥
વાહુણ સયણ વિલેવણ, બંભદિસિ ન્હાણ ભત્તેસુ.

૧ સચ્ચિત્ત—જે માટી, પાણિ, અગ્નિ મીઠું લીલી વનસ્પતિ, ફલફુલ, છાલ, કાષ્ટ, મૂલ, પત્ર, બીજ, ઇત્યાદિ કાચાં ધાન્ય, પાકાં પણ શસ્ત્ર લાગે બે ઘડી થયાના હોય તેનું સચિત્તમાં માન કરે.

૨ દ્રવ્ય——જે જે વસ્તુ મુખમાં જુદાસ્વાદ અર્થે નાંખવી તેની ગણતીનો નિયમ.

૩ **વિગઇ**—દુધ, દહીં, ઘી, ગોળ, તેલ કડહ (જે તાવડે તળે ને ત્રણ ઘાણ તળ્યા પદાર્થ કડાવિગે, બીજા ઘાણ નિવિયાતામાં તેનો નિયમ,
૪ **વાણુહ**—તે પગરખાં, મોજડી, પાવડી, ચાખડી, મોજાં તેનો નિયમ.
૫ **તંબોલ**—તે સોપારી, પાન, લવીંગ, એલચી, પ્રમુખ મુખ શુદ્ધિ થાય તેના તોલનો નિયમ.

૬ **વથ્થ**—તે પોતાને પહેરવામાં આવે તે વસ્ત્રની ગણુતીનો નિયમ.

૭ **કુસુમેસુ**—તે જે વસ્તુ નાકે સુંઘે તેના તોલનો નિયમ.

૮ **વાહુણ**—તે ત્રણ ભેદે ચરતુ તે ઘોડા, હાથી, ઉંટ, બળદ, પાડા, ફરતું તે ગાડી, રથ પ્રમુખ, તરતુ તે વહાણુ, નાવ ત્રાપા, બોટ પ્રમુખ તેનો નિયમ.

૯ **સયણ**—તે સુવાના ખાટલા, પલંગ, ગાદી, પાટ, પાટલા. પાથરણા પ્રમુખનો નિયમ.

૧૦ **વિલેવણ**—તે જે વસ્તુ પોતાના શરીરે વિલેપન કરે તેના તોલનો નિયમ,
૧૧ **બંભ**—તે સ્ત્રીના ભોગનો નિયમ,
૧૨ **દિસી**—તે પૂર્વ, દક્ષિણ. પશ્ચિમ ઉત્તર, ઉર્ધ્વ અધોદિશિએ જવાનું પ્રમાણુ કરે તે.
૧૩ **ન્હાણુ**—તે સર્વ અંગે ન્હાવું તેનું પરિમાણુ,
૧૪ **ભત્તેસુ**—ભોજન પાણી જમ્યામાં આવે તેનું તોલ,
૧૫ **પૃથ્વી કાય**—માટી. મીઠું, ખડી પ્રમુખ પોતાને નિમિત્તે વરે તેનો નિયમ.
૧૬ **અપકાય**...તે પાણી પીએ, વાપરે નાહ્યા પ્રમુખમાં આવે તેના તોલનો નિયમ.

૧૭ **તેઉકાય**—તે જે પોતાને શરીરે ભોગ ઉપભોગમાં ચારી, શગડી, પ્રમુખનું રાંધ્યું, નિપજ્યું, તાપ્યા, શેક્યામાં આવે તેનો નિયમ.

૧૮ **વાઉકાય**—તે પંખા, હિંચોલા, પડદા લુગડાદિકથી પવન નાંખીએ તેનું પ્રમાણ.

૧૯ **વનસ્પતિ કાય**—તે લીલાં ફળ, ફુલ. શાક ખાધા, વાપર્યામાં આવે તે દાતણ સુધાંનું પરિમાણ,

૨૦ **ત્રસકાય**—જે ત્રાસ પામે તે. કીડા, કીડી વીંછી, ગાય, મચ્છર, પંખી મનુષ્ય, દેવ નારકી તેમાંના કોઈને વિન અપરાધે સંકલ્પી મારૂનહી તેનો નિયમ.

૨૧ **અસિ**—તે તરવાર, ભાલા, તીર, છરી. કોસ, કોદાળા, પાવડા, ઘંટી પ્રમુખ જીવ વધનાં કરનારાં શસ્ત્ર તેનો નિયમ કરે તે.

૨૨ **મસી**—તે સાહીના ખડીઆ, કલમ, પ્રમુખનો નિયમ કરે તે.

૨૩ **કૃષિ**—તે જમીન ખોદવાદિક ઘર હાટ, ખેત્ર પ્રમુખ તલાવ કુવાદિ, પાવડાદિકે કરી ખોદે તેનો નિયમ.

કાઉસગના ૧૯ દોષ.

૧ **ઘોટકદોષ**—ઘોડાની પેઠે એક પગ ઉંચો રાખે.

૨ **લતાદોષ**—જેમ વાયરાથી વેલડી કંપે તેમ શરીરને ધુણાવે.

૩ **સ્તંભાદિદોષ**—થાંભલા પ્રમુખને ઓઠિંગે રહે.

૪ **માલદોષ**—મેડા ઉપરના માલે માથું લગાવી રહે.

૫ **ઉધિદોષ**—ગાડાની ઉધીપરે અંગુઠા તથા પાની મેળવી પગ રાખે તે.

૬ **નિગડદોષ**—પગ મોકળા રાખે તે.

૭ **શબરિદોષ**—ભીલડીની પેઠે ગુહ્ય સ્થાનકે હાથ રાખે તે.

૮ **ખાલણદોષ**—ઘોડાના ચોકડાની પરે હાથ રજોહરણે રાખે.

૯ **વધુદોષ**—ઘોડાના ચોકડાની પેઠે માથું નીચું રાખે તે.

૧૦ **લંબુત્તરદોષ**—નાભીની ઉપર અને ઢીચણથી નીચે જાડું ઉપરે લાંબુ વસ્ત્ર રાખે તે. એ દોષ સાધુનો જાણવો.

૧૧ **સ્તનદોષ**—ડાંસ મચ્છરની બીક અથવા અજ્ઞાનથી અથવા લજ્જાથી સ્ત્રીની પેઠે હૈયું ઢાંકી રાખે તે.

૧૨ **સંયતિદોષ**—ટાઢના ભયે સાધવીની પેઠે બેઉ ખભા ઢાંકી રાખે.

૧૩ **ભમુહંગુલીદોષ**—આલાવો ગણવાને અર્થે સંખ્યા કરવાને અંગુલી પાંપણના ચાળા કરે તે.

૧૪ **વાયસદોષ**—વાયસની પેરે આંખના ડોળા ફેરવે તે.

૧૫ **કપિથ્થદોષ**—પેહેરેલાં વસ્ત્ર મેલાં થવાના ભયે કોઠનીપેરે લુગડું ગોપવી રાખે તે.

૧૬ **શિરકંપદોષ**—યક્ષોવેશિતની પરે માથું ધુણાવે તે.

૧૭ **મુકદોષ**—મુગાનીપરે હું હું કરે તે.

૧૮ **મદિરાદોષ**—આલાવો ગણતો થકો મદિરા પીધાનીપેઠે બબડાટ કરે તે

૧૯ **પ્રેષ્યદોષ**—વાનરની પેઠે અરહુ પરહુ જોવે ઓષ્ટપુટે ચલાવે તે.

તે મધે લંબુત્તર; સ્તન અને સંયતિ એ ત્રણ દોષ સાધવીને ન હોય કેમકે એમનું વસ્ત્રાવૃત શરીર હોય પણ એટલું વિશેષ જે સાધવી પ્રતિક્રમણાદિ ક્રિયા કરતી વખતે મસ્તક ઉગાડું રાખે એટલે સોલદોષ સાધવીને લાગે અને આ ત્રણ દોષ તથા વધુ દોષ એ ચાર દોષ શ્રાવિકાને ન હોય.

अथ श्रावक दीन कृत्य.

શ્રાવકે હંમેશાં પાછલી રાતે ઉઠીને મનમાં નવકાર મંત્ર સ્મરણ કરવો પછી પોતાના દેવ ગુરૂધર્મ તથા આત્મા અને પોતાનાં કૃત્યનો વિચાર કરવો પછી સામાયિક અને પડિક્રમણું કરી રાત્રિએ કરેલાં પાપની આલોયણા લેવી ને યથાશક્તિ પચ્ચખ્ખાણ કરવું. પછી પ્રભુનાં સ્તવન તથા સઝાય વગેરે કરવું.

પછી ચઉદ નિયમ ધારવા, પછીથી યત્નાપૂર્વક દેહરે જઇ પ્રભુની દ્રવ્ય તથા ભાવપૂજા કરવી. તેની કિંચિત વિધિ નિચે બતાવે છે લીલ ફુલ તથા જીવ રહિત શુદ્ધ ભૂમિ જોઇને સ્નાન કરીને અંગુચા વતી દીલ સાફ કરવું; પછી પૂજાને વાસ્તે જુદાં રાખેલાં વસ્ત્ર પહેરવાં; એક સાડી ઉતરાસણ કરવું. આઠપડો મુખકોશ બાંધવો દેરાસરમાં ૮૪ આશાતના ટાળવી તેમાંની મહોટી દસ આશતનાઓ નીચે પ્રમાણે-૧ પાન સોપારી આદી કંઇ ચીજ ખાવી ૨ પાણી પીવું, ૩ ભોજન કરવું, ૪ પગરખાં પહેરી રાખવાં, ૫ મૈથુન સેવવું, ૬ પથારી કરી સુવું, ૭ થુંકવું, ગળફો વીગેરે નાંખવું. ૮ પેસાબ કરવો, ૯ ઝાડે જવું, ૧૦ જુગટું રમવું એ આશાતનાઓ તો અવશ્યે ટાળવી. પછી જીનપ્રતિમાની વિનય પૂર્વક પોથો તથા વાળાકુંચી કરવી, અંગલોહુણા કરી દ્રવ્ય એટલે કેશર તથા ફુલની પૂજા કરવી તેનું નામ દ્રવ્ય અંગ પૂજા, અને અક્ષત, ધુપ, અગર, દીપ વીગેરેથી પુજા કરવી તે દ્રવ્ય અગ્રપૂજા કહેવાય છે પૂજા કરવાની આંગળીના નખને કેસરમાં બોળવો નહિ તેમજ પ્રતિમાને પણ અટકે નહીં. તેમ પ્રભુના નવ અંગે પૂજા કરવી ૧ જમણા તથા ડાબા પગના અંગુઠે ૨ જમણા તથા ડાબા ઢીંચણે, ૩ જમણા તથા ડાબા કાંડે. ૪ જમણા તથા ડાબા ખભે ૫ મસ્તકે. ૬ લલાટે. ૭ કંઠે. ૮ છાતીએ. ૯ નાભીએ એ રીતે નવ અંગે પૂજા કરવી તથા સિદ્ધચક્રની પૂજા કરતાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ એ રીતે નવપદની અનુક્રમે પૂજા કરવી, પછી મંગળિકને અર્થે અષ્ટ મંગળિક આળેખવા પછી ત્રણ ખમાસમણ દઇ ઇરિયાવહીયા પડિક્કમિ ચૈત્યવંદન કરવું, વળી દેહેરાસરમાં

દસ ત્રિક સાચવવાં તે કહે છે. ૧ ત્રણ નિસિહિ. ઘર વ્યાપાર છોડવારૂપ પ્રથમ નિસિહિ દેહેરાસરના પ્રથમ બારણે કહેવી. બીજી દેહેરા સંબંધી વ્યાપાર છોડાવારૂપ ગભરામાં પેસતા કહેવી, ત્રીજી દ્રવ્ય પૂજા છોડવારૂપ ચૈત્યવંદન કરતાં પહેલાં કહેવી. ૩ ત્રણ પ્રણામ-બે હાથ જોડીને પ્રણામ કરવો તે ૧, કેડ ઉપરનો ભાગ નમાવીને કરવો તે ૨, ખમાસમણ દેઈ પ્રણામ કરવો તે ૩.

ત્રણ પૂજા. અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા. ૫ત્રણ અવસ્થા પ્રભુની. ભાવવી. ૬ દિશીત્રિક-ત્રણદિશિ ટાળીને ફક્ત પ્રભુના મુખની દિશિમાંજ નજર રાખવી, ૭ ત્રણવાર ભુમિ પ્રમાર્જન કરવુ. ૮ વર્ણત્રિક અક્ષર આલંબન, વર્ણ આલંબન અને ત્રિજુપ્રતિમા આલંબન ૯ ત્રણ મુદ્રા-૧ યોગમુદ્રા તે બે હાથ જોડી માંહે માંહે આંગળીઓ રાખવી. ૨ જીનમુદ્રા બે પગની નીચે ચાર આંગળ માર્ગ મુકી કાઉસ્સગ્ગ કરવો. ૩ મુક્તાશુક્તિ મુદ્રા કમળના ડોડાને આકારે બે હાથ જોડી સ્તુતિ કરવી. ૧૦ ત્રણપ્રણિધાન-૧ જાવંતિ ચેઇઆઇ ૨ જાવંત કેવિસાહૂ ૩ જયવિઅરાય. ઇતિ દસત્રિક સંપૂર્ણ, દેરાસરમાં જતા પાંચ અભિગમન સાચવવાં તેનાં નામ ૧ સચિત ફળાદિકનો ત્યાગ ૨ અચિત વસ્ત્રાદિકનું ધારણ કરવું. ૩ અખંડ એક સાડી ઉત્તરાસણ કરવું ૪ એકાગ્રચિત્ત કરવું. ૫ દૂરથકી પ્રણામ કરવા રાજાનાં પાંચ અભિગમન, ખડગ, છત્ર, ચામર, મુકુટ અને મોજડીઓ એ પાંચે દેહેરાસર બાહાર મુકવાં, એ રીતે દ્રવ્ય તથા ભાવપૂજા કરવી. પછી ગુરૂવંદન વાસ્તે ઉપાશ્રયે જઇ ત્યાં વ્યાખ્યાન એકચિત્તે સાંભળવું પછી દોષરહિત સુઝતો આહાર સાધુને વહોરાવીને પછી ભોજન કરે

પછી વ્યાપાર શુદ્ધ કરવો, ઓછું અધિકું આપવું લેવું નહીં; જુઠી સાખ ન પુરવી, તથાજુઠા લેખ ન કરવા. વળી બત્રીસ અનંતકાય તથા બાવીશ અભક્ષ્ય વીગેરે ખાવા નહિં. રાત્રિભોજન કરવું નહીં એમાં અતિશે પાપ છે. વળી સાજી. સાબુ લોહ, ગળી, મધુ. ધાવડી વીગેરે જણશો શ્રાવકે વેચવી નહીં તેમાં ઘણા દોષ છે. પાણી બેવાર ગળવું બ્રહ્મચર્ય પાળવું. પાપનું મુળ જે પંદર કર્માદાન તે ટાલવાં, અનર્થ દંડ કરવો નહીં. અસત્ય વચન ભાખવું નહી શુદ્ધ સમકીત પાળવું ઓછામાં ઓછી પાંચ તિથિ આરંભ કરવો નહીં. સુપાત્રે દાન કરવું. સારા કાર્યમાં દ્રવ્યનો ઉપયોગ કરવો. પરોપકાર કરવો. દિવસ થોડો બાકી રહે ત્યારે ચઉવિહાર કરવો; પછી દેવસીપ્રતિક્રમણ કરી દીવસના પાપ આળોવવાં, પછી મનમાં અરિહંત સિદ્ધ, સાહુ અને કેવલિ ભાષિત ધર્મ એ ચાર શરણ યાદ કરવાં મનમાં સેત્રુંજાદિકની યાત્રાનો ભાવ રાખવો. અને પછી સુઇ જવું. આ કરણી શ્રાવક બરોબર પાળે તો તેનાં કર્મ પાતળાં પડે ને અનુક્રમે મોક્ષનું સ્થાનક પામે.

પ્રતિક્રમણ ન બને તો સામાયક કરવું સાત વ્યસનનો ત્યાગ કરવો. કંદમુળનું ભક્ષણ ન કરવું. રાત્રિભોજન ન કરવું આઠમ, ચતુર્દશી વીગેરે પર્વ તિથિઓ પાળવી. વીગેરે ઘણા નિયમો શ્રાવકે કરવા જોઈએ. વળી શ્રાવકનું ષટકર્મ નીચે પ્રમાણે છે.

देवपूजागुरुपास्तिः स्वाध्यायः संयमस्तपः ।
दानं चेति गृहस्थानां षट्कर्माणि दिने दिने ॥

अथ भावनाओ.

પ્રભુ દર્શન સુખ સંપદા; પ્રભુ દર્શન નવનિદ્ધ; પ્રભુ દર્શનથી પામીએ, સકળ પદારથ સીદ્ધ ॥ ભાવે જીનવર પુજીએ, ભાવે દીજે દાન; ભાવે ભાવના ભાવિએ, ભાવે કેવળ જ્ઞાન.

જીવડા જીનવર પુજીએ, પુજ્યાના ફળ હોય; રાજ નમે પ્રજા નમે, આણ ન લોપે કોય. વાડી ચંપો મોરીઓ, સોવન પાંખડીએ; પાસ જીનેશ્વર પુજીએ, પાંચે આંગળીએ. આભને વહાલી વીજળી, ધરતીને વહાલો મેહ; રાજુલ વહાલા નેમજી, આપને વહાલો દેહ.

જગત્ર આધાર કૃપાવતાર, દુર્વાર સંસાર વિકાર વૈદ્ય;
શ્રી વીતરાગ ત્વયિ મુગ્ધ ભાવાત્, વિજ્ઞ પ્રભો વિજ્ઞપયામિ કિંચિત્

દેખીરે અદ્ભુત તાહરૂં રૂપ, અચરિજ ભવિકરૂપી પદ વરો;
તાહરી ગત તું જાણે હો દેવ, સ્મરણ ભજન તે વાચક જસ કહે.

તું અકલંકી રૂપ સ્વરૂપી, પરમાનંદ પદ તું દાઇ;
તું શંકર બ્રહ્મા જગદીશ્વર, વીતરાગ તું નીરમાઈ. ૧
અનોપમ રૂપ દેખી તુજ રીઝે, સુર નરનારી કે વૃંદા;
નમો નીરંજન ફણીપતી શેવીત, પાસ ગોડીચા સુખકંદા. ૨
કાને કુંડલ શીર છત્ર બીરાજે, ચક્ષુ ટીકા નીરધારી;
અષ્ટ બીજોરૂં હાથ સોહે, તુમ વંદે સહુ નરનારી. ૩
જળ આવી પ્રભુ નાકે અડીઆં, આસન કંપ્યા નીરધારી;
નાગ નાગણી છત્ર ધરે છે, જળ વરસાવ્યાં નીરધારી. ૪

રૂપવિજય કહે સુણો મેરી લાવણી, એસી શોભા બહુ સારી;
માત્ત પિતા બાંધવ સહુ સાથે, સંજમ લીધાં નર નારી. ૫

દર્શનં દેવ દેવસ્ય, દર્શનં પાપ નાશનં;
દર્શનં સ્વર્ગ સોપાનાં, દર્શનં મોક્ષ સાધનં.

अथ अष्टप्रकारी पूजानादूहा.

ન્હવણ, વિલેપન, કુસુમની, ધુપ, દીપ, મનોહાર;
અખંડ અક્ષત નૈવેદ્યની, અષ્ટમી ફળ સુવિચાર. ૧
ભાવ સ્તવને કારણે, દ્રવ્યસ્તવ અધિકાર;
કારણથી કારજ સધે, તેણે ધુર પુજ ઉદાર. ૨
ઇણી પરે જળ પુજા કરી, કરીએ આપા શુદ્ધ;
માને છિણું જે એહમાં, જાણો તેહ અશુદ્ધ. ૩
હવે કરવા સુણ વાસના, અસંખ્યાત પ્રદેશ;
ચંદનની પૂજા કરો. આણી ભાવ વિશેષ. ૪
પૂજાને પરિણામ દોઉ, કરો ચંદનકી રીત;
શીતળતાને સુગંધતા, જીમ ભાંજે ભવભીત. ૫
હવે ત્રીજી સુમનસ તણી, પૂજા અતિહિ ઉદાર;
સુમનસ સુખ જીણથી લહે, તિણે સુમનસ પ્રકાર. ૬
પ્રણિધાને સદ્‌ગતિ હોએ, પૂજથી કોમ નવી હોય;
સુમનસ ભાવે દુર્ગતા, પૂજ પંચાશક જોય. ૭
હુતાશનથી કક્ષ જ્યું, તિમ ધ્યાનાનલે કર્મ;
તિણે મિશે ધુપ પૂજા કરો, પામો જ્યું શિવશર્મ. ૮

ઇણીપરે ધુપ પૂજા કરી, જીન આગળ શુભ ભાવ
ટાળી વિભાવની પરિણતી, દુર કરો પરભાવ. ૯
જગ પ્રદીપ પુર દીપ શુભ, કરતાં ભાવો એહ;
અવરાણું જે અનાદિનું, જ્ઞાન લહો નિજ તેહ; ૧૦
કેવળનાણુ પઇત્રશું, જ્યું લહે લોકાલોક
ત્યું પૂજા દ્રવ્ય દીપતી, કરતાં શિવફળ રોક. ૧૧
હવે અક્ષત પૂજા કરો, શાળી વ્રિહિ ગોધુમ,
ઉજ્વળ પ્રભુ પર ઢોઇને, ટાળો મોહકી ધુમ. ૧૨
અક્ષત ફળ લેવા ભણી. અક્ષત પૂજાઉદાર;
ઇહ ભવ પણ નવિ ક્ષય હોયે, રાજ ઋધિ ભંડાર. ૧૩
હવે નવેદ્ય નિવેદના, કીજે જીમ હલીરાય;
ભવ નિર્વેદ પ્રભુ મુખે, માગો અવિચળ ઠાય. ૧૪
કર્ત્તા ભોક્તા મુજ નહી, પુદ્ગલ ભાવનો જીવ;
તિણે પુદ્ગલની ત્યાજના, કરતાં શર્મ સદૈવ. ૧૫
ફળ પૂજા કરતાં થકાં, સફળ કરો અવતાર;
ફળ માગો પ્રભુ આગલે, તાર તાર મુજ તાર. ૧૬
જસ ફલ ઓપમ જગ નહીં, પામ્યા પછી ન અંત;
અવ્યાબાધ અચળ અરૂજ, માગો સુખ અનંત. ૮૭

(ઇતિ અષ્ટપ્રકારી પુજાના દુહા સંપૂર્ણ.)

———:૦:———

जिन नव अंग पूजाना दूहा.

જળ ભરી સંપુટ પત્રમાં, યુગલીક નર પુજંત;
રિષભ ચરણ અંગુઠડે, દાયક ભવજલ અંત. ૧
જાનું બળે કાઉસગ્ગ રહ્યા, વિચર્યા દેશ વિદેશ.
ખડાં ખડાં કેવળ લહ્યું, પૂજો જાનુ નરેશ. ૨
લોકાંતિક વચને કરી, વરસ્યા વરસી દાન
કરકાંડે પ્રભુ પૂજનાં, પૂજો ભવિ બહુ માન. ૩
માન ગયો દોય અંશથી, દેખી વીર્ય અનંત;
ભૂજા બળે ભવજલ તરયા. પુજો ખંધ મહંત. ૪
સિદ્ધ સિલ્લા ગુણ ઉજળી, લોકાંતે ભગવંત.
વસીયા તેણે કારણ ભવી, શિર શિખા પૂજંત. ૫
તિર્થંકર પદ પુન્યથી, ત્રિભુવન જન સેવંત;
ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત. ૬
સોળ પહોર પ્રભુ દેશના, કંઠે વિવર વરતુલ;
મધુર ધ્વની સુરનર સુણે, તીણે ગળે તીલક અમૂલ; ૭
હૃદયકમળ ઉપસમ બળે, બાળ્યા રાગ ને રોષ;
હેમ દહે વન ખંડને, હૃદય તિલક સંતોષ. ૮
રત્નત્રયી ગુણ ઉજલી, સકળ સુગુણ વીસરામ.;
નાભિકમળની પૂજના, કરતા અવીચળ ધામ. ૯
ઉપદેશક નવ તત્વના, તિણે નવ અંગ જીણંદ;
પૂજો બહુ વિધ રાગશું, કહે શુભવીર મુણિંદ ૧૦

અર્હન્તો ભગવંત ઇંદ્ર મહિતા, સિદ્ધાશ્ચસિદ્ધિસ્થિતા,
આચાર્યા જીન શાશનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકા

શ્રી સિદ્ધાન્ત સુપાઠકા મુનીવરા રત્નત્રયારાધકા;
પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વંતુ વો મંગલં.

મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમ: પ્રભુ,
મંગલં સ્થુલિભદ્રાદ્યા, જૈન ધર્મોસ્તુ મંગલમ.
ૐકારં બિંદુ સંયુક્તં, નિત્ય ધ્યાયન્તિ યોગીનઃ
કામદં મોક્ષદં ચૈવં, ઓંકારાય નમો નમ:
નમસ્કાર સમો મંત્ર, શત્રુંજય સમો ગિરિ:
વીતરાગ સમો દેવો, ન ભુતો નભવિષ્યતિ
પાતાલે યાનિ બિંબાનિ, યાનિ બિંબાનિ ભુતલે
સ્વર્ગેપિ યાનિ બિંબાનિ, તાનિવંદે નિરંતરમ્

ચૈત્યવંદન.

સકળ કુશળ વલ્લી, પુષ્કરાવર્ત મેઘો, દુરિત તિમિર ભાનું; કલ્પવૃક્ષોપમાન; ભવજળનિધિપોત; સર્વ સંપત્તિ હેતુ ।। સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાંતિ નાથઃ શ્રેયસે પાર્શ્વનાથ.

૧

વિમળ કેવળ જ્ઞાન કમળા. કલીત ત્રીભુવન હિતકરં;
સુરરાજ સંસ્તુત ચરણ પંકજ, નમો આદી જીનેશ્વરં ૧
વિમળ ગિરીવર શ્રૃંગ મંડણ, પ્રવર ગુણ ગણ ભૂધરં;
સુર અસુર કીન્નર કોડી સેવીત નમો૦ ૨
કરતી નાટક કીન્નરી ગણ, ગાય જીન ગુણ મનહરં;
નિર્જરાવળી નમે અહનીશ. નમો૦ ૩

પુંડરીક ગણુપતી સિદ્ધિ સાધી, કોડી પણ મુનિ મનહરં;
શ્રી વીમલ ગીરીવર શૃંગ સિદ્ધા. નમો૦ ૪
નિજ સાધ્ય સાધન સુર મુનિવર કોડીનંત એ ગીરીવરં,
મુગતી રમણી વર્યા રંગે. નમો૦ ૫
પાતાળ નર સુર લોકમાંહી, વિમળ ગીરીવર તો પરં,
નહી અધીક તીરથ તીર્થપતી કહે, નમો૦ ૬
ઈમ વીમળ ગીરીવર શીખર મંડણુ દુઃખ વીહંડણુ ધ્યાઈએ,
નીજ શુદ્ધ સત્તા સાધનાર્થં પરમ જ્યોતી નિપાઈએ. ૭
જીત મોહ કોહ વીછોહ નીદ્રા, પરમ પદસ્થિત જયકરં,
ગીરીરાજ સેવા કરણુ તત્પર, પદ્મવિજય સુહીતકારં.

૨

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુરગતી વારે;
ભાવ ધરીને જે ચઢે, તેને ભવ પાર ઉતારે. ૧
અનંત સિદ્ધનો એહ ઠામ. સકળ તીરથનોરાય;
પુરવ નવાણું રીખવદેવ. જ્યાં ઠવીયા પ્રભુ પાય. ૨
સુરજ કુંડ સોહામણો, કવડ જક્ષ અભીરામ,
નાભીરાયા કુળ મંડણો, જીનવર કરૂં પ્રણામ, ૩

૩

આજ દેવ અરીહંત નમું, સમરૂં તોરૂં નામ;
જ્યાં જ્યાં પ્રતિમા જીન તણી, ત્યાં ત્યાં કરૂં પ્રણામ. ૧
શેત્રુંજે શ્રી આદી દેવ, નેમ નમું ગીરનાર;
તારંગે શ્રી અજીતનાથ, આબુ રીખવ જુહાર. ૨
અષ્ટાપદ ગીરી ઉપરે, જીન ચોવીશે જોય;

મણીમય મુરત માનશું ભરતે ભરાવી સોય. ૩
સમેતશીખર તીરથ વડો, જ્યાં વીશે જીન પાય,
વૈભાર ગીરીવર ઉપરે, શ્રી વીર જીનેશ્વર રાય. ૪
માંડવગઢનો રાજીઓ, નામે દેવ સુપાસ;
રીખવ કહે જીન સમરતાં, પહોંચે મનની આશ. ૫

શ્રી ચોવીશ જીનના વર્ણનું ચૈત્યવંદન.

પદ્મ પ્રભુને વાસુપુજ્ય, દોય રાતા કહીએ;
ચંદ્રપ્રભુને સુવિધીનાથ, દો ઉજ્વળ લહીએ. ૨
મલ્લીનાથને પાર્શ્વનાથ, દો નીલા નીરખ્યા;
મુનીસુવ્રત ને નેમનાથ, દો અંજન સરીખા, ૨
સોળે જીન કંચન સમાએ, એહવા જીન ચોવીશ;
ધીર વીમળ પંડીત તણો, જ્ઞાન વીમળ કહે શિષ્ય. ૩

શ્રી ચોવિશ જિનના લંછનનું ચૈત્યવંદન.

વૃષભલંછન ઋષભદેવ અજિતલંછન હાથી;
સંભવ લંછન ઘોડલો; શિવપુરનો સાથી. ૧
અભિનંદન લંછન કપિ, કૌંચ લંછન સુમતિ
પદ્મલંછન પદ્મપ્રભુ, વિશ્વદેવા સુમતિ ૨
સુપાર્શ્વલંછન સાથિયો, ચંદ્રપ્રભુ લંછનચંદ્ર;
મગર લંછન સુવિધિ પ્રભુ, શ્રીવચ્છ લંછન શીતલજિનંદ. ૩
લંછન ખડ્ગી શ્રેયાંસને, વાસુપૂજ્યને મહિષ,
સુવર લંછન પાયે વિમલદેવ, ભવિયા તે નામો શિષ. ૪
સિંચાણો જિન અનંતને એ, વજ્રલંછન શ્રીધર્મ;

શાંતિલંછન મરગલો, રાખે ધર્મનો મર્મ, ૫
કુંથુનાથ જિન બોકડો, અરજીન નંદાવર્ત;
મલ્લિ કુંભ વખાણીયે, સુવ્રત કચ્છપ વિખ્યાત; ૬
નમિજિનને નીલોકમલ, પામીએ પંકજમાંહિ;
શંખલંછન પ્રભુ નેમજી, દીસે ઉંચે આંહિ. ૭
પાર્શ્વનાથજીને ચરણે સર્પ, નીલવરણ શોભિત;
સિંહલંછન કંચન તનુ. વર્દ્ધમાન વિખ્યાત; ૮
એણીપરે લંછન ચિંતવો એ. ઓલખીએ જિનરાય;
જ્ઞાનવિમલ પ્રભુ સેવતા, લક્ષ્મીરતન સૂરિરાય. ૯

૫

બાર ગુણે અરિહંત દેવ, પ્રણમીજે ભાવે;
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે.
આચારજ ગુણ છત્રીસ, પચવીસ, ઉવઝાય;
સતાવીશ ગુણ સાધુના, જપતાં સુખ થાય. ૨
અષ્ટોતરસય ગુણ મળી, એમ સમરો નવકાર;
ધીર વીમળ પંડિત તણો, નય પ્રણમે નિત્ય સાર. ૩

૬

શ્રી સીમંધર વીતરાગ, ત્રીભૂવન તુમે ઉપગારી;
શ્રી શ્રેયાંસ પીતાકુળે, બહુ શોભા તુમારી. ૧
ધન્ય ધન્ય માતા સત્યકી, જેણે જાયો જયકારી;
વૃષભ લંછન બિરાજમાન, વંદે નર નારી. ૨
ધનુષ પાંચસેં દેહડીએ, સોહીએ સોવનવાન;
કીર્તિવિજય ઉવઝાયનો વીનય ધરે તુમ ધ્યાન. ૩

૭

શ્રી સીમંધર જગધણી, આ ભરતે આવો;
કરૂણાવંત કરૂણા કરી, અમને વંદાવો, ૧
સકળ ભક્ત તુમે ધણીએ, જો હોવે અમનાથ;
ભવોભવ હું છું તાહરો, નહિ મેલુ હવે સાથ. ૨
સયલ સંગ છંડી કરીએ, ચારિત્ર લેઇશું
પાય તુમારા સેવીને, શીવરમણી વરશું.
એ અળજો મુજને ગણોએ, પુરો સીમંધર દેવ? ૪
ઇહાં થકી હું વીનવું, અવધારો ગુણ ગેહ.

अथ श्री बीजनुं चैत्यवंदन.

દુવિધ ધર્મ જીણે ઉપદિસ્યો, ચોથા અભીનંદન;
બીજે જન્મા તે પ્રભુ; ભવ દુઃખ નિકંદન. ૧
દુવિધ ધ્યાન તુમે પરિહરો, આદરો દોય ધ્યાન;
ઇમ પ્રકાસ્યું સુમતિ જીને, તે ચવિયા બીજ દીન. ૨
દોય બંધન રાગ દ્વેષ, તેહને ભવી તજીએ;
મુજપરે સીતલ જીન કહે, બીજ દીન શીવ ભજીયે. ૩
જીવાજીવ પદાર્થનું, કરો નાણુ સુજાણ:
બીજ દિને વાસુપૂજ્ય પરે, લહો કેવળ નાણ. ૪
નિશ્ચય નય વ્યવહાર દોય, એકાંત ન ગ્રહીએ;
અર જીન બીજ દિને ચવી, એમ જીન આગળ કહીએ. ૫
વર્ત્તમાન ચોવીશીએ, એમ જીન કલ્યાણ;
બીજ દિને કેઇ પામીયા, પ્રભુ નાણ નિર્વાણ. ૬
એમ અનંત ચોવીશીએ, હુઆ બહુ કલ્યાણ;
જીન ઉતમ પદ પદ્મને, નમતાં હોય સુખ ખાણ.

अथ श्रीज्ञानपंचमीनुं चैयवंदन.

ત્રીગડે બેઠા વીર જીન, ભાખે ભવિજન આગે,
ત્રીકરણશ્યું ત્રીહું લોકજન, નીસુણો મન રાગે. ૧
આરાધો ભલી ભાતસેં, પાંચમ અજુઆળી;
જ્ઞાન આરાધન કારણે, એહજ તીથી નીહાળી. ૨
જ્ઞાન વિના પશુ સારિખા, જાણો એણે સંસાર;
જ્ઞાન આરાધનથી લહે, શીવપદ સુખ શ્રીકાર. ૩
જ્ઞાન રહિત ક્રીયા નહી, કાસ કુસુમ ઉપમાન.
લોકાલોક પ્રકાશકર, જ્ઞાન એક પરધાન ૪
જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કરે કર્મનો છેહ.
પૂર્વ ક્રોડી વરસો લગે, અજ્ઞાને કરે તેહ. ૫
દેશ આરાધક ક્રિયા કહી, સર્વ આરાધક જ્ઞાન;
જ્ઞાનતણો મહિમા ઘણો, અંગ પાંચમે ભગવાન. ૬
પંચ માસ લઘુ પંચમી, જાવ જીવ ઉત્કૃષ્ટિ;
પંચ વરસ પંચ માસની, પંચમી કરો શુભ દષ્ટિ. ૭
એકાવનહી પંચનોએ, કાઉસ્સગ્ગ લોગસ્સ કેરો;
ઉજમણું કરો ભાવશું, ટાળે ભવ ફેરો. ૮
એણી પરે પંચમી આરાધીએ, આણી ભાવ અપાર;
વરદત ગુણમંજરી પરે, રંગવિજય લહો સાર. ૯

अथ श्रीअष्टमीनुं चैत्यवंदन.

મહા સુદી આઠમને દીને, વિજ્યાસુત જાયો;
તેમ ફાગણ શુદ આઠમે, સંભવ ચવી આવ્યો. ૧

ચૈતર વદની આઠમે, જન્મ્યા રૂષભ જીણંદ;
દિક્ષા પણ એ દીન લહીં, હુઆ પ્રથમ મુનીચંદ. ૨
માધવ સુદી આઠમ દીને, આઠ કર્મ કર્યા દૂર;
અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપૂર, ૩
એહિજ આઠમ ઉજળી, જન્મ્યા સુમતિ જીણંદ;
આઠ જાતિ કળશે કરી, ન્હવરાવે સુર ઇંદ. ૪
જન્મ્યા જેઠ વદી આઠમે, મુણીસુવ્રત સ્વામી;
નેમ અસાડ સુદી આઠમે, અષ્ટમી ગતિ પામી. ૫
શ્રાવણ વદની આઠમે, નમી જન્મ્યા જગ ભાણ;
તેમ શ્રાવણ સુદી આઠમે, પાસજીનું નીરવાણ. ૬
ભાદરવા વદી આઠમ દીને, ચવીયા સ્વામી સુપાસ;
જીન ઉત્તમ પદ પદ્મને, સેવ્યાથી શિવ વાસ. ૭

अथ श्री एकादशीनुं चैत्यवंदन.

શાસન નાયક વીરજી, પ્રભુ કેવળ પાયો:
સંઘ ચતુરવીધ થાપવા, મહસેન વન આયો. ૧
માધવ સીત એકાદશી, સોમલ બ્રીજ યજ્ઞ;
ઇંદ્રભુતી આદે મળ્યા, એકાદસ વિપ્ર, ૨
એકાદસસેં ચઉગુણા, તેહનો પરિવાર;
વેદ અર્થ અવળો કરે, મન અભિમાન અપાર. ૩
જીવાદિક સંશય હરીએ, એકાદશ ગણધાર;
વીરે થાપ્યા વંદીએ, જીન શાસન જયકાર ૪
મલ્લી જન્મ અર મલ્લી પાસ, વર ચરણ વિલાસી;
રીખભ અજીત સુમતિ નમી, મલ્લી ઘનઘાતી વિનાશી. ૫

પદ્મ પ્રભુ શીવવાસ પાસ, ભય ભવનાં તોડી;
એકાદશી દીન આપણી, રીધ્ર સઘળી જોડી. ૬
દશ ખેત્રે ત્રીહું કાળનાં, ત્રણસેં કલ્યાણુ;
વરસ અગીઆર એકાદશી, આરાધો વરનાણ. ૭
અગીઆર અંગ લખાવીયે, એકાદશ પાઠાં;
પુંજણી ઠવણી વીંટણી, મસી કાગળ કાઠાં. ૮
અગીઆર અવ્રત છાંડવાએ, વહો પડીમા અગીઆર;
ખીમાવિજય જીનશાસને, સફળ કરો અવતાર. ૯

अथ श्री स्तवनोनो संग्रह.

अथ श्री सिद्धाचळनां स्तवनो

દુહા.

એકું ડગલું ભરે, શેત્રુંજા સામો જેહ;
રીખવ કહે ભવ કોડનાં, કર્મ ખપાવે તેહ. ૧
શેત્રુંજા સમો તીરથ નહીં, રીખવ સમા નહી દેવ;
ગૌતમ સરખા ગુરૂ નહી, વળી વળી વંદુ તેહ, ૨
સિદ્ધાચળ સમરૂ સદા, સોરઠ દેશ મોજાર;
મનુષ જનમ પામી કરી, વંદુ વાર હજાર. ૩
સોરઠ દેશમાં સંચર્યો. ન ચઢયો ગઢ ગીરનાર;
શેત્રુંજી નદી નાહ્યો નહી, તેનો એળે ગયો અવતાર. ૪
શેત્રુંજી નદીમાં નાહીને, મુખ બાંધી મુખકોશ;
દેવ યુગાદી પુંજીએ, આણી મન સંતોષ.
જગમાં તીરથ દો વડા; શત્રુંજય ગીરનાર;

એક ગઢ રીખવ સમોસર્યા, એક ગઢ નેમકુમાર. ૬
સિદ્ધાચળ સિદ્ધિ વર્યા, ગ્રહી મુનીલિંગ અનંત;
આગે અનંતા સિદ્ધશે, પૂજો ભવી ભગવંત ૭
શેત્રુંજય ગીરી મંડણો, મરૂદેવીનો નંદ;
જુગલા ધર્મ નિવારકો, નમો યુગાદી જીણંદ.

સ્તવન પહેલું.

આંખડીએરે મે આજ, શેત્રુંજો દીઠોરે. સવા લાખ ટકાનો દહાડોરે, લાગે મને મીઠોરે. સફળ થયોરે મારા મનનો ઉમાગો, વાલા મારા ભવનો શંષય ભાગ્યોરે.

નરક તિર્યંચ ગતિ દૂર નીવારી, ચરણે પ્રભુજીને લાગ્યો રે. શે૦ ૧
માનવ ભવનો લાહો લીજે; વા૦ દેહડી પાવન કીજેરે.
સોના રૂપાને ફુલડે વધાવી, પ્રેમે પ્રદક્ષિણા દીજેરે. શે૦ ૨
દુધડે પખાળીને કેસર ઘોળી. વા૦ શ્રી આદેશ્વર પુજ્યારે;
શ્રી સિદ્ધાચળ નયણે જોતાં, પાપ મેવાસી ધ્રુજ્યારે. શે૦ ૩
શ્રીમુખ સુધર્મા સુરપતિ આગે, વા૦ વીરજીણંદ એમ બોલેરે;
ત્રણ્ય ભુવનમાં તીરથ મોટું, નહી કોઇ શત્રુંજા તોલેરે. શે૦ ૪
ઈંદ્ર સરીખા એ તીરથની, વા૦ ચાકરી ચીત્તમાં ચાહેરે;
કાયાની તો કાસળ કાઢી, સુરજ કુંડમાં નાહ્યારે. શે૦ ૫
કાંકરે કાંકરે શ્રી સિદ્ધક્ષેત્રે. વા૦ સાધુ અનંતા સિદ્ધારે;
તે માટે એ તીરથ મોટું, ઉદ્ધાર અનંતા કીધારે. શે૦ ૬
નાભીરાયા સુત નજરે જોતાં, વા૦ મેહ અમીરસ વુઠયારે;
ઉદયરત્ન કહે આજ મારે પોતે, શ્રી આદેશ્વર તુઠયારે. શે૦ ૭

સિદ્ધાચળ ગેરી ભેટયારે ધન્યભાગ્ય હમારા, એ આંકણી.
એ ગિરિવરનો મહિમા મોટો, કહેતાં ન આવે પારા;
રાયણરિખવ સમોસર્યા સ્વામી, પુરવ નવાણું વારારે ધ૦ ૧
મૂળનાયક શ્રી આદિજીનેશ્વર ચૌ મુખ પ્રતિમા ચારા;
અષ્ટદ્રવ્યસેં પુજો ભાવે, સમકિત મૂલ આધારારે. ધ૦ ૨
ભાવ ભગતિશું પ્રભુ ગુણ ગાતા, અપના જનમ સુધારા;
જાત્રા કરી ભવિજન શુભ ભાવે, નિરય તિર્યંચ ગતિં વાર્યારે.ધ૦ ૩
દુર દેશાંતરથી હું આવ્યો શ્રવણે સુણી ગુણ તોરા;
પતીત ઉદ્ધારન બિરૂદ તુમારો, એ તીરથ જગ સારાંરે ધ૦ ૪
અઢારસેં ત્યાસી માસ અષાડો, વદ આઠમ ભોમવાર;
પ્રભુકે ચરણ પસાયથી સંઘમાં, ક્ષેમારતન પ્રભુ પ્યારારે. ધ૦ ૫

अथ आदिनाथ स्तवन.

પ્રથમ જીનેશ્વર પ્રણમીએ, જાસ સુગંધીરે કાય;
કલ્પવૃક્ષ પરે તાસ ઇંદ્રાણી નયણ જે, ભંગ પરે લપટાય. ૧
રોગ ઉરગ તુજ નવિ નડે, અમૃત જે આસ્વાદ:
તેહથી પ્રતિહત તેહ માનુ કોઇ નવિ કરે જગમાં તુમશુંરે વાદ.૨
વગર ધોઈ તુજ નિર્મલી, કાયા કંચન વાન;
નહિ પ્રસ્વેદ લગાર તારે તું તેહને, જે ધરે તાહરૂ ધ્યાન. ૩
રાગ ગયો તુજ મનથકી. તેહમાં ચિત્ર ન કોય;
રૂધિર આમીષથી રાગ ગયો તુજ જન્મથી, દુધ સહોદર હોય.૪
શ્વાસોશ્વાસ કમળ સમો, તુજ લોકોત્તર વાત;
દેખે ન આહાર નિહાર ચર્મ ચક્ષુધણી, એહવા તુજ અવદાત.૫
ચાર અતિશય મુલથી, ઓગણીશ દેવના કીદ્ધ;

કર્મ ખપ્યાથી અગિયાર ચોત્રીસ એમ અતિશયા, સમવાયાંગે પ્રસિદ્ધ. ૬
જીન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ;
પદ્મવિજય કહે એહ સમય પ્રભુ પાળજો, જેમ થાઉં અખય અભંગ. ૭

भाव मंदिर समकितनु स्तवन.

સમકિત દ્વાર ગભારે પેસતાંજી, પાપ પડલ ગયાં દૂરરે;
માતા મરૂદેવીનો લાડલોજી, દીઠાં આનંદ પૂરરે. સમકિત, ૧
આયુવર્જીત સાતે કર્મનીજી, સાગર કોડા કોડી હીનરે;
સ્થિતિ પ્રથમ કરણે કરીજી, વીર્ય આપૂર્વ મોગર લીનરે. સ. ૨
ભુંગળ ભાંગી આદ્ય કષાયનીજી, મિથ્યા મોહની સાંકળ સાથરે
બાર ઉઘાડયાં શમ સંવેગનાંજી, અનુભવ ભવને બેઠો નાથરે સ. ૩
તોરણ બાંધ્યા જીવદયા તણાજી, સાથીઓ પૂર્યો શ્રદ્ધા રૂપરે;
ધુપ ઘટા પ્રભુ ગુણ અનુમોદનાજી, દીપ મંગળ આઠ અનૂપરે. સ ૪
સંવર પાણીએ અંગ પખાલિયાંજી, કેસર ચદન ઉત્તમ ધ્યાનરે;
આતમરૂચિ મૃગમદ મહમહેજી, પંચાચાર કુસુમ પ્રધાનરે. સ. ૫
ભાવે પૂજોરે પાવન આતમાજી, પૂજો પરમેસર પરમ પવિત્રરે;
કારણ જોગે કારજ નીપજેજી, ક્ષમાવિજય જિન આગમ રીતરે. સ. ૬

श्री वासुपूज्यस्वामीनुं स्तवन.

(સાહેબા મોતીડો અમારો એ દેશી.)

સ્વામી તુમે કાંઇ કામણ કીધું. ચિતડું અમારૂ ચોરી લીધું;
સાહેબા વાસુપૂજ્ય જીણંદા, મોહના વાસુપૂજ્ય, એ આંકણી.
અમે પણ તુમશું કામણ કરશું, ભક્તિ ગ્રહી મન ઘરમાં રમશું સાહેબા ૧
મન ઘરમાં ધરીયા ઘર શોભા, દેખત નિત્ય રહેશો થિરથોભા;

મન વૈકુંઠ અકુંઠિત ભક્તે, યોગી ભાખે અનુભવ યુક્તે. સાહેબા૦ ૨
ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશ રહીત મન તે ભવપાર;
જો વિશુદ્ધ મન ઘર તુમે આવ્યા, પ્રભુ તો અમે નવસિદ્ધિ રૂદ્ધિ પાવ્યા. સા૦ ૩
સાત રાજ અળગા જઈ બેઠા, પણ ભગતે અમ મનમાં પેઠા;
અળગાને વળગ્યા જે રહેવું, તે ભાણા ખડ ખડ દુઃખ સહેવું. સા૦ ૪
ધ્યાયક ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે;
ખીર નીર પરે તુમશું મળશું, વાચક જશ કહે હેજે હળશું. સા૦ ૫

श्री पार्श्वनाथजीनुं स्तवन.

આવો રે આવો પાસજી મુજ મળીયારે,
મારા મનના મનોરથ ફળીઆ, આ૦ એ આંકણી.
તારી મુરત મોહનગારી રે, સહુ સંઘને લાગે છે પ્યારી રે;
તમને મોહી રહ્યા સુરનરનારી,
અલબેલી મુરત પ્રભુ તારીરે, તારા મુખડા ઉપર જાઉં વારીરે;
નાગ નાગણિની જોડ ઉગારી. આ૦ ૨
ધન્ય ધન્ય દેવાધિદેવારે સુરલોક કરે છે સેવા રે,
અમને આપોને શિવપૂર મેવા. આ૦ ૩
તમે શિવ રમણીના રસિયારે, જઇ મોક્ષપુરીમાં વસિયા રે,
મારા હૃદય કમળમાં વસિયા. આ૦ ૪
જે કોઈ પાસ તણા ગુણ ગાશેરે, ભવ ભવનાં તે પાતિક જાશેરે;
તેનાં સમકિત નિર્મળ થાશે આ૦ ૫
પ્રભુ ત્રેવીસમા જિન રાયારે, માતા વામાદેવીના જાયા રે;
અમને દરીશન દ્યોને દયાળા. આ૦ ૬
હુંતો લળી લળી લાગું પાય રે. મારા ઉરમાં તે હરખ ન માય રે,
એમ માણેક વિજય ગુણ ગાય. આ૦ ૭

श्री महावीर स्वामीनुं स्तवन.

ગિરૂઆરે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જીન રાયારે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિર્મળ થાયે કાયારે. ગિ૦ ૧
તુમ ગુણ ગણ ગંગા જળે, ઝીલી નિર્મળ થાઉંરે
અવર ન ધંધો આદરૂં, નિશ દિન તોરા ગુણ ગાઉંરે. ગિ૦ ૨
ઝીલ્યા જે ગંગાજળે, તે છીલ્લર જળ નવિ પેસેરે.
જે માલતી ફુલે મોહીઆ, તે બાવલ જઈ નવિ બેસેરે. ગિ૦ ૩
ેમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યાને વળી માચ્યારે
તે કેમ પરસુર આદરૂં, જે પરનારી વશ રાચ્યારે, ગિ૦ ૪
તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારોરે.
વાંચક જસ કહે માહરે. તું જીવન જીવ આધારોરે. ગિ૦ ૫

(ભોલીડા હંસારે વિષય ન રાચીયે—એ દેશી.)

સીદ્ધારથનારે નંદન વીનવું, વીનતડી અવધાર;
ભવ મંડપમાં રે નાટક નાચીઓ, હવે મુજ દાન દેવરાવ. સી૦ ૧
ત્રણ રતન મુજ આપો તાતજી, જેમ નાવેરે, સંતાપ;
દાન દેયંતારે પ્રભુ કોસર કિસિ, આપો પદવી આપ. સી૦ ૨
ચરણ અંગુઠે તે મેરૂ કંપાવીઓ. મોડયાં સુરનાજ માન;
અષ્ટ કરમના તે ઝઘડા જીતવા, દીધાં વરશીદાન. સી૦ ૩
શાસન નાયક શીવ સુખ દાયક છો, ત્રીસલા કુખે રતન;
સીદ્ધારથનોરે વંશ દીપાવીઓ, પ્રભુજી તુમે ધન ધન. સી૦ ૪
વાચક શેખર કીર્તિ વિજય ગુરૂ; પ્રણમું તાસ પસાય,
ધરમ તણા એ જીન ચોવીસમા, વિનય વિજય ગુણ ગાય. સી૦ ૫

श्री सीमंधरस्वामीनुं स्तवन.

પુખ્ખલવઇ વિજયે જયોરે, નયરી પુંડરીગિણી સાર,
શ્રી સીમંધર સાહેબારે, રાય શ્રેયાંસ કુમાર, જીણુંદરાય ધરજ્યો ધર્મસ્નેહ.
મોટા નાહાના અંતરોરે, ગિરૂઆ નવી દાખંત
સશી દરીશણુ સાયર વધેરે, કૈરવ વન વિકસંત. જીણુંદરાય૦ ૨
ઠામ કુઠામ નવિ લેખવેરે, જળ વરસંત જલધાર.
કરદોય કુસુમે વાસીયેરે, છાયા સવિ આધાર. જીણુંદરાય૦ ૩
રાયને રંક સરીખા ગણેરે, ઉદ્યોતે સશિ સુર,
ગંગાજળ તે બેહુ તણારે, તાપ કરે સવિ દુર. જીણુંદરાય૦ ૪
સરિખા સહુને તારવારે, તિમ તુમે છો મહારાજ,
મુજશું અંતર કીમ કરોરે, બાંહે ગ્રહ્યાની લાજ. જીણુંદરાય૦ ૫
મુખ દેખી ટીલું કરેરે. તે નવિ હોય પ્રમાણુ,
મુજરો માને સવિ તણોરે, સાહિબ તેહ સુજાણુ. જીણુંદરાય૦ ૬
વૃષભ લંછન માતા સત્યકીરે, નંદન રૂખમણી કંત,
વાચક જસ એમ વિનવેરે, ભવ ભંજન ભગવંત. જીણુંદરાય૦ ૭

૨

સુણો ચંદાજી સીમંધર પરમાતમ પાસે જાજો,
મુજ વિનતડી, પ્રેમ ધરીને એણીપેરે તુમે સંભળાવજો.
જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઇંદ્ર પાયક છે,
નાણુ દરિસણુ જેહને ખાયક છે. સુણો૦ ૧
જેની કંચણુ વરણી કાયા છે, જસ ધોરી લંછન પાયા છે,
પુંડરીકગિણિ નગરીનો રાયા છે. સુણો૦ ૨
બાર પર્ષદા માંહી બિરાજે છે, જસ ચોત્રીસ અતિશય છાજે છે;

ગુણ પાંત્રીસ વાણીયે ગાજે છે. સુણો૦ ૩
ભવિજનને તે પડી બોહે છે, તુમ અધિક શીતળ ગુણ સોહે છે,
રૂપ દેખી ભવિજન મોહે છે. સુણો૦ ૪
તુમ સેવા કરવા રસીઓ છું, પણ ભરતમાં દુરે વસીઓ છું;
મહા મોહરાય કર ફસીઓ છું સુણો૦ ૫
પણ સાહીબ ચિત્તમાં ધરીઓ છે, તુમ આણા ખડગ કરગ્રહીઓ છે;
તો કાંઇક મુજથી ડરીઓ છે. સુણો૦ ૬
જીન ઉત્તમ પુંઠ હવે પુરો, કહે પદ્મવિજય થાઉં શુંરો;
તો વાધે મુજ મન અતિ નુરો. સુણો૦ ૭

अथ श्री ज्ञानपंचमीनुं स्तवन.

પંચમી તપ તુમે કરોરે પ્રાણી, જેમ પામો નિર્મળ ગ્નાનરે,
પહેલું ગ્નાન ને પછી ક્રિયા, નહીં કોઇ ગ્નાન સમાનરે. પંચમી. ૧
નંદી સુત્રમાં ગ્નાન વખાણ્યું, ગ્નાનના પાંચ પ્રકારરે;
મતિશ્રુત અવધિ ને મનઃ પર્યવ, કેવલ એક ઉદારરે. પંચમી. ૨
મતિ અઠ્ઠાવીસ શ્રુત ચઉદહ વીસ, અવધી છે અસંખ્ય પ્રકારરે;
દોય ભેદે મનઃ પર્યવ દાખ્યું, કેવલ એક ઉદારરે. પંચમી. ૩
ચંદ્ર સુર્ય ગ્રહ નક્ષત્ર તારા, એકથી એક અપારરે;
કેવલ ગ્નાન સમુ નહીં કોઇ, લોકાલોક પ્રકાશરે. પંચમીં ૪
પારસનાથ પ્રસાદ કરીને, મહારી પુરો ઉમેદરે;
સમય સુંદર કહે હું પણ પામું. ગ્નાનનો પાંચમો ભેદરે. પંચમી. ૫

श्री शीतल जिन स्तवन.

વારિ પ્રભુ દશમા શીતળનાથકે, સુણો એક વીનતિરે લોલ;
કે વારી પ્રભુ મહારે તુમથું પ્રીતકે, અવર શું આખડી રે લોલ. ૧

કે વારિ પ્રભુ ભદ્દિલપુર અવતાર કે, દ્રઢરથ રાજીઓ રે લોલઃ
કે વારિ પ્રભુ નંદા માત મલ્હાર કે, કુલમાં ગાજીઓ રે લોલ ૨

કે વારિ પ્રભુ શ્રીવચ્છ લાંછન પાયકે, પ્રભુજીને દીપતુંરે લોલ;
કે વરિ પ્રભુ ચંદ કહે કર જોડ કે. અવિહડ રંગશું રે લોલ. ૩

શ્રી ચંદ્રપ્રભ જિનનું સ્તવન.

જિનજી ચંદ્રપ્રભુ અવધારો કે, નાથ નીહાલજોરે લોલ;
કે બમણી બિરૂદ ગરીબ નીવાજની, વાચા પાલજોરે લોલ. ૧
હરખે હું તુમ શરણે આયો કે, મુજને રાખજોરે લોલ;
ચોરટા ચાર ચુગલ જે ભુંડા, તે દૂરે નાંખજોરે લોલ, ૨
પ્રભુજી પંચ તણી પરશંસા કે, રૂડી થાપજોરે લોલ,
મોહન મહેર કરીને દરિસન, મુજને આપજોરે લોલ. ૩
તારક તુમ પાલવ મે ઝાલ્યોકે, હવે મુને તારજોરે લોલ,
કુતરી કુમતિ થઇ છે કેડે કે, તેને વારજોરે લોલ, ૪
સુંદરી સુમતિ સોહાગણ સારી કે, પ્યારી છે ઘણુંરે લોલ,
તાતજી તે વિણ જીવે ચઊદ, ભુવન કર્યું આંગણુંરે લોલ, ૫
લખગુણ લખમણા રાણીએ જાયા કે, મુજ મન આવજોરે લોલ,
અનુપમ અનુભવ અમૃત મીઠી કે, સુખડી લાવજોરે લોલ ૬
દીપતી દોઢશો ધનુષ પ્રમાણ કે, પ્રભુજીની દેહડીરે લોલ,
દેવની દશ પૂરવ લખ માન કે, મન માંહે રહોરે લોલ, ૭
નિર્ગુણ નીરાગી પણ હું રાગી કે, મન માંહે રહોરે લોલ,
શુભગુરૂ સુમતિવિજય સુપસાયકે, રામે સુખ લહ્યુંરે લોલે, ૮

अथ श्री अनंतजिन स्तवन.

સાબરમતી આવ્યાં છે ભરપૂરજો. એ દેશી

સુજસા નંદન જગદાનંદન નાથ જો, નેહેરે નવરંગે નિત નિત ભેટીયેરે લોલ; ભેટયાથી શું થાએ મોરી સહીએ। જો, ભવ ભવનાં પાતિકડાં અલગાં મેટીયેરે લો. ૧ સુંદર સાડી પહેરી ચરણા ચીર જો, આવોને ચહુવટડે જિનગુણ ગાઇયેરે લો; જિનગુણ ગાએ શું થાયે મોરી બહેની જો, પરભવરે સુરપદવી સુંદર પામીયેરે લો. ૨ સહીયર ટોળી ભોલી પરીગલ ભાવે જો, ગાવેરે ગુણવંતી હૈયડે ગહગહેરે લો; જય જગનાયક શિવ સુદાયક દેવ જો, લાયક રે તુજ સરિખો જગમાં કો નહિ રે લો. ૩ પરમ નિરંજન નિર્જિત ભય ભગવંત જો, પાવનરે પરમાતમ શ્રવણે સાંભલ્યોરે લો; પામિ હવે મેં તુજ શાસન પરતીત જો, ધ્યાનેરે એક તાને પ્રભુ આવી મલ્યોરે લો. ૪ ઉંચપણે પંચાશ ધનુષનું માન જો, પાલ્યુંરે વલી આયુષ લાખ ત્રીશનુંરે લો; શ્રી ગુરૂ સુમતિ વિજય કવિરાય પસાયે જો, અહોનિશરે દીલ ધ્યાનવસે જગદીશનુંરે લો. ૫

श्री ऋषभजिन स्तवन.

ઓગલડી તે આદીનાથની જો, કાંઇ કીજએ મનને કોડ જો,
હોડ કરે કોણ નાથની જો, જેનાં પાય નમે સુર કોડ જો. ઓલગડી૦ ૧
વહાલો મરૂદેવીનો લાડલો જો, રાણી સુનંદાના હઇડાનો હાર જો,
ત્રણ ભુવનનો નાહલો જો, મારા પ્રાણ તણો આધારજો, ઓ૦ ૨
વહાલે વીશ પૂરવ લખ ભોગવ્યું જો, રૂડું કુંવરપણું રંગ રેલ જો,
મનડું મોહ્યુંરે જિન રૂપશું જો, જાણે જગમાં મોહનવેલ જો. ઓ૦ ૩
પ્રભુની પાંચશે ધનુષની દેહડી જો, લખ પૂરવ ત્રેશઠ રાજ જો,

લાખ પૂરવ સમતા વરી જો, થયા શિવસુંદરી વર રાજ જો. ઓલ૦ ૪
એના નામથી નવ નિધિ સંપજે જો, વળી અલિય વિઘન સવિ જાય જો.
શ્રી સુમતિ વિજય કવિરાયનો જો, એમ રામવિજય ગુણ ગાય જો ઓલ૦ ૫

श्री संभवनाथजीनुं स्तवन.

મનેસંભવ જિનશું પ્રીત અવિહડ લાગીરે, કાંઇ દેખત પ્રભુમુખચંદ ભાવઠ ભાગીરે. ૧ જિન સેનાનંદન દેવ. દિલડે વસીયારે. પ્રભુ ચરણ નમે કરજોડ. અનુભવ રસીયારે. ૨ તોરી ધનુ સય ચાર પ્રમાણ, ઉંચી કાયારે. મનમોહન કંચનવાન. લાગી તોરી માયારે. ૩ પ્રભુ રાય જિતારિ નંદ, નયણે દીઠોરે; સાવથ્થી પુરી શણગાર, લાગે મુને મીઠોરે. ૪ પ્રભુ બ્રહ્મચારી ભગવાન, નામ સુણાવેરે; પણ મુક્તિ, વધુ વશી મંત્ર, પાઠ ભણાવેરે. ૫ મુજ રઢ લાગી મન માંહે, પ્રભુ તુજ ગુણ કેરીરે; નહિ તુજ મૂર્તિને તોલ, સુરત ભલેરીરે ૬ જિન મહેર કરી ભગવાન, વાન વધરોરે; શ્રી સુમતિ વિજય ગુરૂ શિષ્ય, દિલમાં ધારો રે. ૭

श्री शांतिजिन स्तवन.

સુંદર શાંતિ જિણંદની, છબિછાજે છે, પ્રભુ ગંગાજળ ગંભીર. કીર્તિ ગાજે છે. ૧ ગજપુર નગર સોહામણું, ઘણું દીપે છે, વિશ્વસેન નરિંદનો નંદ, કંદર્પ જીપે છે, ૨ અચિરા માતાએ ઉર ધયો. મન રંજે છે. મૃગલંછન કચન વાન, ભાવઠ ભંજે છે. ૩ પ્રભુ લખ વર્ષ ચોથે ભાગે, વ્રત લીધું છે. પ્રભુ પામ્યા કેવળજ્ઞાન, કારજ સીધું છે. ॥ ૪ ॥ ધનુષ ચાલીશનું ઇશનુંતનું સોહે છે; પ્રભુદેશનાધ્વનિ વરસંત, ભવિ પડિબોહે છે. ॥ ૫ ॥ ભક્તવત્સલ પ્રભુતા ભણી, જન તારે છે; બુડંતાં ભવજલ માંહિ, પાર ઉતારે છે. ॥ ૬ ॥ શ્રી સુમતિવિજય ગુરૂ નામથી, દુઃખ નાસે છે; કહે રામવિજય જિનધ્યાન નવનિધિ પાસે છે. ॥ ૭ ॥

अथ श्री माहावीरस्वामीनुं स्तवन.

વ્હાલે અમૃત પાઇને ઉછેર્યાં, વ્હાલેજી અમનેરે. એ દેશી

આવે આવે જસોદાના કંથ એમ ઘેર આવોરે, ભક્તિ વત્સલ ભગવંત નાથ શે નાવોરે; એમ ચંદન બાળાને બોલડે, પ્રભુ આવીરે, મૂકી બાકુળા માટે પાછા વળીને બોલાવીરે. આ૦ ॥ ૧ ॥ સંકેત કરીને સ્વામી ગયા તમે વનમાંરે, થઇ કેવળી કેવળી કીધ, ધરી જો મનમાંરે; અમે કેસર કેરા કીચ કરીને પૂજ્જુંરે, તોએ પહેલે વ્રત અતિચાર થકી હું ધ્રુજ્જુંરે આ૦ ॥૨॥ જીવ હિંસાના પચ્ચખ્ખાણ થુલથી કરીએરે, દુવિહં તિવિહેણું પાઠ સદા અનુસરીએરે, વાશી બોળો વીદળ નીશી ભક્ષ હિંસા ટાળું રે, સવા વિસ્વા કેરી જીવ દયા નીત્ય પાળુંરે, આ૦ ॥ ૩ ॥ દશ ચંદરવા દશ ઠામ બાંધીને રહીએરે જીવ જાએ એવી વાત કોને નવી કહીએરે; વધ બંધનને છવિચ્છેદ, ભાર ન ભરીયેરે, ભાત પાણીનો વિચ્છેદ પશુને ન કરીયેરે. આ૦ ॥ ૪ ॥ લૌકિક દેવગુરૂ મિથ્યાત્વ ત્યાસી ભેદેરે, તુજ આગમ સુણતાં આજ હોય વિચ્છેદેરે; ચોમાસે પણ બહુ કાજ જયણા પાળુંરે, પગલે પગલે મહારાજ વ્રત અજવાળુંરે. આ૦ ॥ ૫ ॥ એક શ્વાસ માંહી સો વાર સમરૂં તમનેરે, ચંદનબાળા જેવું સાર આપો અમનેરે; માછી હરીબલ ફળદાય એ વ્રત પાળીરે. શુભવીર ચરણ સુપસાય નીત્ય દીવાળીરે આ૦ ॥ ૬ ॥

मल्लिनाथनूं स्तवन.

સખી આવી દેવદીવાલીરે ॥ એ દેશી. ॥

પંચમ સુરલોકનાવાસીરે, નવલોકાંતિક સુવિલાસીરે;
કરે વિનતી ગુણની રાશી । ૧ ॥ મલીજીન નાથજી વ્રતલીજેરે.
ભવિ જીવને શીવ સુખ દીજે ॥ મલ્લી૦ ॥ એ આંકણી ॥

તુમે કરૂણા રસ ભંડારરે, પામ્યા છો ભવનો પારરે;
સેવકનો કરોરે ઉદ્ધાર. મલ્લી૦
પ્રભુ દાન સંવત્સરી આપેરે, જગનાં દારિદ્ર દુઃખ કાપેરે,
ભવ્યત્વ પણે તસ થાપે. મલ્લી૦ ૩
સુરપતિ સઘળા મળી આવેરે, મણી રયણ સોવન વરસાવેરે;
પ્રભુ ચરણે શીશ નમાવે. મલ્લી૦ ૪
તીર્થોદક કુંભા લાવેરે, પ્રભુને સિંહાસન ઠાવેરે
સુરપતિ ભક્તે નવરાવે, મલ્લી૦ ૫
વસ્ત્રાભરણે શણગારેરે, ફુલમાલા હૃદયપર ધારેરે.
દુઃખડાં ઈંદ્રાણી ઉતારે. મલ્લી૦ ૬
મલ્યા સુરનર કોડા કોડીરે, પ્રભુ આગે રહ્યા કરજોડીરે;
કરે ભક્તિ યુક્તિ મદ મોડી. મલ્લી૦ ૭
મૃગસિર સુદીની અજુવાલીરે એકાદશી ગુણની આલીરે:
વર્યા સંયમ વધુ લટકાળી. મલ્લી૦ ૮
દિક્ષા કલ્યાણક એહરે, ગાતાં દુઃખ ન રહે રેહરે;
લહે રૂપ વિજય જસ નેહ. મલ્લી૦ ૯

अथ श्री सिद्धाचळनी स्तुति.

શ્રી શેત્રુંજય તીરથ સાર, ગીરીવરમાં જેમ મેરૂ ઉદાર !
ઠાકોર રામા પાર, મંત્ર માંહી નવકારજ જાણું;
તારામાં જેમ ચંદ્ર વખાણું, જળધર જળમાં જાણું,
પંખીમાં જેમ ઉત્તમ હંસ, કુળ માંહી જેમ ઋષભનો વંશ;
નાભી તણો એ અંશ; ક્ષમાવંત માં શ્રી અરિહંતઃ
તપશુરા મુનીવર મહંત, શેત્રુંજય ગિરિ ગુણવંત. ૧

૨

પુંડરગીરી મહીમા, આગમમાં પ્રસિદ્ધ, વિમલચલ ભેટી, લહીએ અવિચળ રિદ્ધ; પંચમ ગતિ પોહોંત્યા, મુનિવર કોડા કોડ; એણે તીરથે આવી, કર્મ વિપાક વિછોડ. ॥ ૧ ॥

सीमंधर स्वामीनी स्तुति.

સીમંધર જીનવર, સુખકર સાહેબ દેવ; અરિહંત સકળની ભાવ ધરી કરૂં સેવ. સકળ આગમ પારક, ગણધર ભાખિત વાણી; જયવંતી આણા, જ્ઞાનવિમળ ગુણખાણી. ॥ ૧ ॥

મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી, સોનાનું સિંહાસનજી.
રૂપાનું ત્યાં છત્ર બિરાજે, રત્નમણીમાં દીવા ચારજી. ૧
કુમકુમ વરણી ત્યાં ગહુંલી બીરાજે, મોતીના અક્ષત સારજી;
ત્યાં બેઠા સીમંધર સ્વામી, બોલે મધુરી વાણીજી.
કેસર ચંદન ભર્યા કચોળાં, કસ્તુરી બરાસજી;
પહેલી પુજા અમારી હોજો, ઉગમતે પ્રભાતેજી.

अथ श्री पार्श्वनाथनी स्तुति,

પાસજીણંદા વામાનંદા, જબ ગરભે ફળી; સુપના દેખે અર્થ વિષેખે, કહે મધવા મળી. જીનવર જાયા, સુર હુલરાયા હુઆ રમણી પ્રિયે; નેમિ રાજી ચિત્ત વિરાજી, વિલોકિત વ્રત લીએ. ॥ ૨ ॥

अथ श्री संखेश्वर पार्श्वजिन स्तुति,

સંખેશ્વર પાસજી પુજીએ નરભવનો લાહો લીજીએ;
મનવાંછિત પુરણ સુરતરૂ, જય વામાસુત અલવેસરૂ, ૧
દોય રાતા જીનવર અતિ ભલા, દોય ધોલા જીનવર ગુણનીલા;

દોય લીલા દોય સામળ કહ્યા, સોળે જીન કંચનવર્ણ લહ્યા. ૨
આગમ તે જીનવરે ભાખિઓ, ગણધર તે હૃપડેરાખીઓ;
તેહનો રસ જેણે ચાખીઓ, તે હુવો શિવ સુખ સાખીઓ. ૩
ધરણીધર રાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વ તથા ગુણ ગાવતી;
સહુ સંઘનાં સંકટ ચુરતી, નય વિમળનાં વંછાત પુરતી. ૩

શ્રી પર્યુષણની સ્તુતિ.

પુન્યનું પોષણ પાપનું શોષણ, પર્વ પજૂસણ પામીજી;
કલ્પ ઘેર પધરાવો સ્વામી, નારી કહે શીરનામીજી;
કુંવર ગયવર ખંધ ચઢાવી, ઢોલ નીશાન વજડાવોજી;
સદ્ગુરૂ સંગે ચઢતે રંગે, વીર ચરિત્ર સુણાવોજી. ૧
પ્રથમ વખાણ ધર્મ સારથી પદ, બીજે સુપનાં ચારજી;
ત્રીજે સુપન પાઠક વલી ચોથે, વીર જનમ અધિકારજી;
પંચમે દીક્ષા છઠે શિવપદ, સાતમે જિન ત્રેવીશજી.
આઠમે થિરાવલી સંભળાવે, પિઉડા પૂરો જગીશજી. ૨
છઠ અઠમ અઠાઇ કીજે, જિનવર ચઇત્ય નમીજેજી.
વરશી પડિક્કમણું મુનિવંદન, સંઘ સયળખામી જેજી;
આઠ દિવશ લગે અમર પ્રભાવના, દાન સુપાત્રે દીજેજી.
ભદ્રબાહુ ગુરૂ વયણ સુણીને, ગ્નાન સુધારસ પીજેજી. ૩
તીરથમાં વીમળાચળ ગીરીમાં, મેરૂ મહીધર નેમજી,
મુનિવર માંહી જિનવર મોહોટા, પરવ પજુસણ તેમજી;
અવસર પામી સાહમ્મી વચ્છલ, બહુ પકવાન વડાઇજી,
ખીમાવિજય જીન દેવી સીદ્ધાઇ, દીન દીન અધીક વધાઇજી. ૪

થોય સ્તુતિ બીજી.

સત્તર ભેદી જીન પુજા રચીને, સ્નાત્ર મહોત્સવ કીજેજી,
ઢોલ દદામાં ભેરી નફેરી, ઝલરી નાદ સુણીજેજી;
વિરજીન આગળ ભાવના ભાવી, માનવ ભવ ફળ લીજેજી;
પરવ પજુસણ પુરવ પુન્યે, આવ્યાં એમ જાણીજેજી. ॥ ૧ ॥
માસ પાસ વળી દસમ દુવાલસ, ચત્તારી અઠ્ઠ કીજેજી.
ઉપર વળી દસ દોય કરીને. જીન ચોવીસે પુજીજેજી,
વડા કલ્પને છઠ્ઠ કરીને, વીર ચરીત્ર સુંણીજેજી,
પડવેને દિન જન્મ મહોત્સવ, ધવળ મંગળ વરતીજેજી. ॥ ૨ ॥
આઠ દિવસ લગે અમર પળાવી, અઠ્ઠમને તપ કીજેજી,
નાગ કેતુની પેરે કેવળ લહીએ, જો શુભ ભાવે રહીએજી,
તેલાધર દીનત્રણ કલ્યાણક, ગણધર વાદ વદીજેજી;
પાસ નેમીસર અંતર ત્રીજે, રીખભ ચરીત્ર સુણીજેજી. ૩
બારસે સુત્રને સમાચારી, સંવચ્છરી પડીકમીએજી,
ચૈત્ર પ્રવાડી વિધિસ્યું કીજે, સકળ જંતુને ખામીજેજી;
પારણાને દીન સ્વામીવચ્છળ, કીજે અધિક વડાઇજી;
માનવીજય કહે સકળ મનોરથ, પુરે દેવી સીદ્ધાઇજી. ॥ ૪ ॥

બીજના.

દિન સકળ મનોહર, બીજ દિવસ સુવિશેષ, રાયા રાણા પ્રણમે, ચંદ્ર તણી જીહાં રેખ, તીહાં ચંદ્ર વિમાને, શાસ્વતા જીનવર જેહ; હું બીજ તણે દીન, પ્રણમું આણી નેહ, ॥ ૧ ॥ અભિનંદન ચંદન શીતળ શીતળનાથ, અરનાથ સુમતિ જીન, વાસુ પૂજ્ય શિવ સાથ;ઇત્યાદિક જિનવર જન્મ જ્ઞાન નીરવા-

ણુ, હું બીજ તણે દીન પ્રણમું તે સુવિહાણુ. ॥૨॥ પરકાશ્યો બીજે, દુવિધ ધર્મ ભગવંત, જેમ વિમલ કમળ હોય, વિપુલ નયન વિકસંત, આગમ અતિ અનુપમ જિહાં નિશ્ચય વ્યવહાર, બીજે સવી કીજે, પાતકનો પરિહાર. ॥૩॥ ગજગામિની કામિની કમલ સુકોમલ ચીર; ચક્રેસરી કેશરી, સરસ સુગંધ શરીર; કરજોડી બીજે હું પ્રણમું તસ પાય, એમ લબ્ધિવિજય કહે પુરો મનોરથ માય. ॥૪॥

પંચમીની.

શ્રાવણ શુદિ દીન પંચમીએ, જન્મ્યા નેમ જિણંદતો;
શ્યામ વરણ તનુ શોભતુએ. મુખ શારદકો ચંદ તો;
સહસ વરસ પ્રભુ આઉખુએ, બ્રહ્મચારી ભગવંત તો.
અષ્ટકરમ હેલે હણીએ, પોહોતા મુક્તિમહંતતો, ૧
અષ્ટાપદ આદિ જીનજીએ, પહોત્યા મુક્તિ મઝારતો;
વાસુ પૂજ્ય ચંપા પુરીએ, નેમ મુક્તિગિરનાર તો;
પાવાપુરી નગરીમાં વલીએ, શ્રી વીરતણું નિર્વાણતો;
સમેતશિખર વીશ સિદ્ધ હુઆએ, શિર વહુ તેહની આણતો; ૨
નેમનાથ જ્ઞાની હુવાએ, ભાખે સાર વચન તો;
જીવ દયા ગુણ વેલડીએ, કીજે તાસ જતન તો,
મૃષા ન બોલો માનવીએ, ચોરી ચિત્ત નિવારતો.
અનંત તીર્થંકર એમ કહે એ, પરહરીએ પરનારતો. ૩
ગોમેદ નામે જક્ષ ભલોએ, દેવીશ્રી અંબીકા નામતો,
સાશન સાનિધ્ય જે કરે એ, કરે વળી ધર્મનાં કામ તો;
તપ ગચ્છ નાયક ગુણ નીલોએ, શ્રી વીજય સેન સૂરિ રાય તો.
રીષભદાસ પાય સેવતાં એ, સફળ કરો અવતાર તો. ૪

આઠમની થોય.

મંગલ આઠ કરી જસ આગળ; ભાવ ધરી સુર રાજજી,
આઠ જાતીના કલશ ભરીને, ન્હવરાવે જિન રાજજી.
વીર જીનેશ્વર જન્મ મહોત્સવ, કરતાં શીવ સુખ સાધેજી;
આઠમનું તપ કરતાં અમઘેર, મંગલ કમલા વાધેજી. १
અષ્ટ કરમ વયરી ધજ ગંજન, અષ્ટપદ પરે બલીયાજી,
આઠમે આઠ સ્વરૂપ વિચારી, મદ આઠે તસ ગલીયાજી
અષ્ટમી ગતિ પેરે પહોતા જે જિનવર, ફરસ આઠ નહીં અંગજી;
આઠમનું તપ કરતાં અમ ઘેર, નિત્ય નિત્ય વાધે રંગજી. २
પ્રાતિહારજ આઠ બિરાજે, સમવસરણ જિનરાજેજી;
આઠમે આઠસો આગમ ભાખી, ભવિ મન સંશય ભાંજેજી,
આઠે જે પ્રવચનની માતા, પાળે નીરઅતીચારોજી;
આઠમને દીન અષ્ટપ્રકારી, જીવ દયા ચિત્તધારોજી, ३
અષ્ટપ્રકારી પૂજા કરીને માનવ ભવફળ લીજેજી;
સિદ્ધાઇ દેવી જિનવર સેવી, અષ્ટ મહાસીદ્ધિ દીજેજી-
આઠમનું તપ કરતાં લીજે. નીર્મળ કેવળ નાણજી;
ધીર વિમળ કવી સેવક નય કહે, તપથી કોડી કલ્યાણજી. ४

एकादशीनी स्तुति.

એકાદશી અતી રૂઅડી, ગોવિંદ પુછે નેમ;
કોણ કારણ એ પર્વ મોહોટું, કહો મુજશું તેમ;
જીનવર કલ્યાણક અતિ ઘણા, એકસોને પચાસ;
તે કારણ એ પર્વ મોહોટું. કરો મૌન ઉપવાસ. १

અગીઆર શ્રાવક તણી પ્રતિમા, કહી તે જીનવર દેવ
એકાદશી એમ અધીક શેવો, વનગજાજીમરેવ,
ચોવીસ જીનવર સયલ સુખ કર, જેસા સુરતરૂ ચંગ;
જેમ ગંગ નિર્મળ નીર જેહવું, કરો જીનસુ રંગ. ૨

અગીઆર અંગ લખાવીએ, અગીઆર પાઠાં સાર;
અગીઆર કવલી વીંટણાં, ઠવણી પુંજણી સાર,
ચાબખી ચંગી વીવીધ રંગી, શાસ્ત્ર તણે અનુસાર,
એકાદશી એમ ઉજવો, જેમ પામીએ ભવપાર, ૩

વર કમલ નયણી કમળ વયણી, કમલ સુકોમલ કાય;
ભુજ દંડ ચંડ અખંડ જેહને, સમરતાં સુખ થાય,
એકાદશી એમ મન વશી. ગણિ હર્ષ પંડીત શીષ;
શાસન દેવી વિઘન નિવારો. સંઘ તણાં નિશ દિશ. ૪

પ્રહ ઉઠી વંદુ રીખવ દેવ ગુણવંત; પ્રભુ બેઠા સોહે, સમવસરણ ભગવંત. ત્રણ છત્ર બીરાજે, ચામર ઢાળે ઇંદ્ર; જીનના ગુણ ગાવે, સુરનર નારીના વૃંદ.

સજઝાયો.

ક્રોધની સજઝાય.

કડવાં ફલ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે; રીસ તણો રસ જાણીએ હળાહળ તોલે ॥ કડ૦ ॥૧॥ ક્રોધે ક્રોડ પુરવતણું, સંજમ ફલ જાય ॥ ક્રોધ સહિત તપ જે કરે, તેતો લેખે ન થાય ॥ કડ૦ ॥૨॥ સાધુ ઘણો તપી-

ઓ હુતો, ધરતો મન વૈરાગ ॥ શિષ્યના ક્રોધ થકી થયો; ચંડ કોશીઓ નાગ ॥ ક૦ ॥ ૩ ॥ આગ ઉઠે જે ઘરથકી, તે પહેલું ઘર બાળે ॥ જળનો જોગ જો નવિ મળે, તો પાસેનું પ્રજાળે ॥ ક૦ ॥ ૪ ॥ ક્રોધ તણી ગતિ એહવી, કહે કેવળ નાણી, હાણ કરે જે હિતની, જાળવજો પ્રાણી ॥ક૦॥ ॥૫॥ ઉદય રતન કહે કોધને, કાઢજ્યો ગળે સાહી ॥ કાયા કરજ્યો નિર્મળી ઉપસમ રસ નાહીં ॥ ક૦ ॥ ૬ ॥

માનની સજ્ઝાય.

રે જીવ માન ન કીજીયે, માને વિનય ન આવેરે ॥ વિનય વિના વિદ્યા નહી, તો કિમ સમકિત પાવેરે ॥ રે૦ ॥ ૧ ॥ સમકિત વિણુ ચારિત્ર નહીં, ચારિત્ર વિણુ નહીં મુક્તિરે ॥ મુક્તિનાં સુખ છે શાસ્વતાં, તે કેમ લહીયે જુક્તિરે ॥ રે૦ ॥ ૨ ॥ વિનય વડો સંસારમાં, ગુણમાં અધિકારીરે ॥ માને ગુણ જાયે ગલી, પ્રાણી જો જો વિચારીરે ॥ રે૦ ॥ ॥ ૩ ॥ માન કર્યું જો રાવણે, તે તો રામે માર્યોરે ॥ દુર્યોધન ગરવે કરી, અંતે સવિ હાર્યોરે ॥ રે૦ ॥ ૪ ॥ સૂકા લાકડા સારિખો, દુઃખદાયી એ ખોટોરે ॥ ઉદય રતન કહે માનને, દેજ્યો દેશવટોરે ॥ રે જીવ૦ ॥ ૫ ॥

અથ શ્રી માયાની સજ્ઝાય.

સમકિતનું મૂળ જાણીયેજી, સત્ય વચન સાક્ષાત ॥ સાચામાં સમકિત વસેજી માયામાં મિથ્યાતરે ॥ પ્રાણી મ કરીશ માયા લગાર ॥ ૧ ॥ એ આંકણી. મુખ મીઠો જૂઠો મનેજી, કૂડ કપટનોરે કોટ ॥ જીભે તો જી જી કરેજી, ચિત્તમાં તાકે ચોટરે ॥ પ્રાણી૦ ॥ ૨ ॥ આપ ગરજે આઘોં પડેજી

પણ ન ધરે વિશ્વાસ ॥ મેલ ન છંડે મન તણોજી, એ માયાનો પાસરે ॥ પ્રા૦ ॥ ૩ ॥ જેહ શું માંડે પ્રીતડીજી, તેહ શું રહે પ્રતિકુળ ॥ મન શું ન મુકે આમળોજી, એ માયાનું મુળરે ॥ પ્રાણી૦ ॥ ॥ ૪ ॥ તપ કીધો માયા કરીજી મિત્ર શું રાખ્યોરે ભેદ ॥ મલ્લિ જિનેશ્વર જાણજોજી, તો પામ્યા સ્ત્રી વેદરે ॥ પ્રા૦ ॥ ૫ ॥ ઉદય રત્ન કહે સાંભળોજી, મેલો માયાની બુદ્ધ ॥ મુક્તિ પુરી જાવા તણોજી, એ મારગ છે શુદ્ધરે ॥ પ્રા ૦ ૬ ॥

અથ લોભની સજ્ઝાય.

તમે લક્ષણ જોજ્યો લોભનારે, લોભે મુનિજન પામે ક્ષોભનારે ॥ લોભે ડાહ્યા મન ડોલ્યા કરેરે, લોભે દુર્ઘટ પથે સંચરેરે ॥ તમે૦ ॥ ૧ ॥ તજે લોભ તેના લેઉં ભામણાંરે, વળી પાય નમીને કરૂં ખામણાં રે, ॥ લોભે મર્યાદા ન રહે કેહનીરે, તમે સંગત મુકો એહનીરે ॥ તમે૦ ॥ ૨ ॥ લોભે ઘર મુકી રણમાં મરેરે, લોભે ઉંચ તે નીચુ આદરેરે ॥ લોભે પાપ ભણી પગલાં ભરેરે, લોભે અકાર્ય કરતાં ન ઓસરેરે ॥ તમે૦ ॥ ૩ ॥ લોભે મનડું ન રહે નિર્મળુંરે, લોભે સગપણ નાસે વેગળુંરે ॥ લોભે ન રહે પ્રીતને પાવડુંરે, લોભે ધન મેળે બહુ એકઠુંરે ॥ તમે૦ ॥ ૪ ॥ લોભે પુત્ર પ્રત્યે પિતા હણેરે, લોભે હત્યા પાતક નવિ ગણેરે ॥ તે તો દામ તણે લોભે કરીરે, ઉપર મણિધર થાયે તે મરીરે ॥ તમે૦ ॥૫॥ જોતાં લોભનો થોભ દીસે નહીંરે. એવું સૂત્ર સિદ્ધાંતે કહ્યું સહીરે ॥ લોભે ચક્રી સુભુમ નામે જુઓરે, તે તો સમુદ્ર માંહે ડુબી મુઓરે ॥ તમે૦ ॥ ૬ ॥ એમ જાણીને લોભને છાંડજ્યોરે; એક ધર્મ શું મમતા માંડજ્યોરે ॥ કવિ ઉદય રતન ભાખે મુદારે, વંદુ લોભ તજે તેહને સદારે ॥ તમે૦ ॥ ૭ ॥

સમકિતના સડસઠ બોલની સજઝાય.

॥ દોહા ॥

સુકૃતવલ્લિ કાદંબિની, સમરી સરસતી માત ॥
સમકિત સડસઠ બોલની, કહિશું મધુરી વાત ॥ ૧ ॥

સમકિત દાયક ગુરૂતણો, પચ્ચુવયાર ન થાય ॥
ભવ કોડાકોડે કરી' કરતાં સર્વ ઉપાય ॥ ૨ ॥

દાનાદિક કિરિયા ન દિયે, સમકિત વિણુ શિવશર્મ ॥
તે માટે સમકિત વડું, જાણો પ્રવચન મર્મ ॥ ૩ ॥

દર્શન મોહવિનાશથી, જે નિર્મલ ગુણુઠાણુ ॥
તે નિશ્ચય સમકિત કહ્યું, તેહના એ અહિઠાણુ ॥ ૪ ॥

॥ ઢાલ ॥ દેઈ દેઇ દરિસણુ આપણું ॥ એ દેશી ॥

ચઉસદ્દહણા તિલિંગ છે, દશવિધ વિનય વિચારો રે ॥
ત્રિણુ શુદ્ધિ પંચ દૂષણુ, આઠ પ્રભાવિક ધારો રે ॥ ૫ ॥

॥ ત્રુટક ॥

પ્રભાવિક આઠ પંચ ભૂષણુ, પંચ લક્ષણુ જાણિયે;
ષટ જયણા ષટ આગાર ભાવના, છવ્વિહા મન આણિયે ॥
ષટ ઠાણુ સમકિત તણાં સડસઠ, ભેદ એહ ઉદાર એ;
એહનો તત્ત્વવિચાર કરતાં, લહી જે ભવપાર એ ॥ ૬

॥ ઢાલ ॥

ચહુવિહ સદ્દહણા તિહાં, જીવાદિક પરમત્થો રે ॥
પ્રવચનમાંહિ જે ભાખિયા, લીજે તેહનો અત્થો રે ॥ ૭ ॥

॥ ત્રુટક. ॥

તેહનો અર્થ વિચાર કરિયે, પ્રથમ સદ્દહણા ખરી ॥
બીજી સદ્દહણા તેહની જે, જાણ મુનિ ગુણજવહરી ॥
સંવેગ રંગ તરંગ ઝીલે, માર્ગ શુદ્ધ કહે બુધા ॥
તેહની સેવા કીજિયેં જિમ, પીજિયેં સમતા સુધા ॥ ૮ ॥

॥ ઢાલ. ॥

સમકિત જેણે ગ્રહી વમ્યું, નિન્હવને અહછન્દા રે ॥
પાસત્થાને કુશીલિયા, વેષ વિડંબક મંદારે ॥ ૯ ॥

॥ ત્રુટક ॥

મંદાં અનાણીં દૂર છંડો, ત્રીજી સદ્દહણા ગ્રહી ॥
પરદર્શનીનો સંગ તજિયેં ચોથી સદ્દહણા કહી ॥
હીણા તણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે ॥
જ્યું જલધિ જલમાં ભલ્યું ગંગા, નીર લૂણપણું લહે ॥ ૧૦ ॥

અથ શ્રી સ્થૂલિભદ્રજીની સઝાયઃ

શ્રી સ્થુલિભદ્ર મુનીગણ માહે શિરદાર જો, ચોમાસું આવ્યા કોશ્યા આગારજો; ચિત્રામણ શાળાએ તપ જપ આદર્યા જો. ૧

ગુ૦—આદરિયાં વ્રત આવ્યા છો અમ ગેહ જો, સુંદર સુંદર ચંપક વરણી દેહ જો, અમ તુમ સરિખો મેળો આ સંસારમાંજો ૨

થુ૦—સંસારે મેં જોયું સકળ સરૂપ જો, દરપણની છાંયામાં જેવુંરૂપ જો;

સુપનાની સુખલડી ભુખ ભાગે નહીં જો. ૩

ગુ૰—ના કહેશો તો નાટક કરશું આજ જો, બાર વરસની માયા છે મુનિરાજ જો, તે છોડી કેમ જાઓ હું આશા ભરી જો. ૪

થુ૰—આશા ભરિયો ચેતન કાળ અનાદી જો, ભમીયો ભવમાં હીણુ થયો પરમાદી જો; ના જાણી મેં સુખની કરણી જોગની જો. ૫

ગુ૰—જોગી તો જંગલમાં વાસો વસિયા જો, વેશ્યાને મંદિરીયે ભોજન રસિયા જો, તુંમને દીઠા એવા સંયમ સાધતા જો. ૬

થુ૰—સાધશું સંયમ ઇચ્છારોધ વિચારી જો. કુરમાપુત્ર થયા નાણી ઘરબારી જો; પાણી માંહે પંકજ કેરૂં જાણિયે જો. ૭

ગુ૰—જાણી એતો સઘળી તુમારી વાત જો. મેવા મીઠા રસવંતા બહુ જાત જો; અંબર ભુષણ નીત નીત નવલા લાવતાજો. ૮

થુ૰—લાવતાતો દેતી આદરમાંન જો, કાયા જાણું સંધ્યા રંગ સમાન જો; ઠાલી તે શું કરવી એવી પ્રીતડી જો. ૯

ગુ૰—પ્રીતલડી કરતાં તે રંગભેર સેજ જો, રમતા ને દેખાડતા ઘણું હેત જો; રીસાણી મનાવી મુજને સાંભરે જો. ૧૦

થુ૰—સાંભરેતો મુનિવર મનડું વાળે જો. ઢાંકયો અગ્નિ ઉગાડયે પરજાળે જો; સંયમ માંહે એ છે દુષણ મોટકું જો. ૧૧

ગુ૰—મોટકું આવ્યું રાજા નંદનું તેડું જો, જાતાં ન વહે કંઇ તુમારૂં મનડું જો; મેંતો તમને કોલ કરીને મોકલ્યા જો. ૧૨

થુ૰—મોકલિયા તો મારગ માંહિ મળીયા જો. સંભૂતિ આચારજ જ્ઞાને બળીયા જો. સંયમ દીધું સમકિત તેણે શીખવ્યું જો. ૧૩

ગુ૰—શીખવ્યું તો કહી દેખાડો અમને જો, ધર્મ કરતાં પુણ્ય વડેરૂં તમને જો; સમતાને ઘેર આવી વેશ્યા એમ વદે જો. ૧૪

થુ૦—વંદે મુનિવર શંકાનો પરિહારજો, સમકિત મુળે શ્રાવકનાં વ્રત બાર જો; પ્રાણાતિપાતાદિક સ્થુલ ઉચ્ચરે જો. ૧૫

ગુ૦—ઉચ્ચરે તો વીત્યું છે ચોમાસું જો, આણા લેઇને આવ્યા ગુરૂની પાસ જો; શ્રુતનાણી કહેવાણા ચૌદ પુરવી જો. ૧૬

થુ૦—પુરવી થઇને તાર્યા પ્રાણી થોક જો, ઉજ્વળ ધ્યાને તેહ ગયા દેવલોક જો; ઋષભ કહે નિત્ય તેહને કરીએ વંદના જો. ૧૭

શ્રાવકની કરણીની સજ્ઝાય.

શ્રાવક તૂં ઉઠે પરભાત, ચ્યાર ઘડી લે પાછલી રાત; ॥
મનમાં સમરે શ્રી નવકાર, જિમ પામે ભવસાયર પાર. ॥ ૧ ॥
કવણ દેવ કવણ ગુરૂ ધર્મ્મ, કવણ અમારે છે કુલ કર્મ્મ ॥
કવણ અમારે છે વિવસાય. એમ ચિંતવે જે મનમંહિ ॥ ૨ ॥

સામાઇક લે જે મન શુદ્ધ, ધર્મતણી હૈડે ધારિ બુદ્ધ ॥
પડિક્કમણો કરી રયણી તણો, પાતિક આલોયે આપણો ॥ ૩ ॥
કાયા શક્તિ કરે પચ્ચખાણ, સુદ્ધિ પાળે જિનવર આંણ ॥
ભણજે ગુણજે સ્તવન સીઝાય, જિણહુંતી નિસ્તારો થાયેં ॥ ૪ ॥

ચીત્તારે નીત ચઉદહ નીમ, પાળે દયા જીવોની સીમ ॥
દેહરે જાયેં જૂહારે દેવ; દ્રવ્યત ભાવિત કરજે સેવ ॥ ૫ ॥

પોસાલે ગુરૂ વંદજે જાઇ, સુણે વખાણ સદા ચિત્ત લાઈ ॥
નિરદૂષણ સૂઝતો આહાર, સાધુનેં દેજે સુવિચાર ॥ ૬ ॥

સાંહમીવત્સલ કરજે ઘણા, સગપણ મોટા સાંહમી તણા ॥
દુખિયા હીણાદીણા દેખ, કરજે તાસ દયા સુવિશેષ ॥ ૭ ॥

ઘર અનુસારેં દેજે દાન, મોટાં સ્યું મ કરે અભિમાન ॥
ગુરૂને મુખ લેજે આખડી, ધર્મ ન મેલીશ એક ઘડી ॥ ૮ ॥
વારૂ શુદ્ધ કરે વ્યાપાર, ઓછા અધિકાનો પરિહાર ॥
મભરે કેહની કુડી સાખ, કૂડાસુ કથન મત ભાખ ॥ ૯ ॥
અનંતકાય કહી બત્રીસ, અભક્ષ બાવીસે વીસવાવીસ ॥
તે ભક્ષણ નવિ કીજે કિમે, કાચા કુણા ફળ મત જમેં ॥ ૧૦
રાત્રી ભોજનના બહું દોષ, જાણીને કરે જે સંતોષ ॥
સાજી સાબુ લોહ ને ગુલી, મધુ ધાહડિયામમવેચીસવળી ॥ ૧૧ ॥
વળી મકરાવે રંગણુ પાસ, દોષણુ ઘણા કહ્યા છે તાસ ॥
પાણી ગળ જે બે બે વાર, અણુગળુ પીતેદોષઅપાર ॥ ૧૨ ॥
જીવાણીનાં કરજે યત્ન, પાતક છંડી કરજે પુંન્ય;
છાંણાં ઈંધણ ચૂલે જોઇ, વાવરજે જિમ પાપ ન હોય ॥ ૧૩ ॥
ધૃતની પરે વાવરજે નીર, અણુગલ નીર મ ધોયે ચીર ॥
બ્રહ્મવૃત સૂધા પાળજે, અતિચાર સઘળા ટાળજે ॥ ૧૪ ॥
કહીયા પંનરહ કર્માદાન, પાપ તણી પર હરજે ખાણ ॥
સીસમ લેજે અનરથ દંડ, મિથ્યા મેલમ ભરજે પિંડ ॥ ૧૫ ॥
સમક્તિ શુદ્ધ હીયડે રાખજે. બોલ વિચારીને ભાખજે ॥
ઉત્તમ ઠાંમે ખરચે વિત, પરઉપગાર કરે શુભ ચિત્ત ॥ ૧૬ ॥
તેલતકર ધ્રત દૂધ ને દહીં, ઉઘાડાં મત મેલે સહી ॥
પાંચ તિથિ મ કરે આરંભ, પાળે શીલ તજે મન દંભ ॥ ૧૭ ॥
દીવસ ચરમ કરજે ચોવિહાર, ચ્યારે આહાર તણો પરિહાર ॥
દીવસ તણાં આલોએ પાપ, જીમ ભાજે સઘળા સંતાપ ॥ ૧૮ ॥
સંધ્યા આવસ્યક સાચવે, જિનવર ચરણ શરણ ભવભવે ॥
ચ્યારે શરણ કરી દઢ હોએ, સાગારી અણુસણ લે સોએ ॥ ૧૯ ॥

કરે મનોરથ મનેં એહવા, તીરથ શેત્રુંજે જાય વા ॥
સમેતશિખરઆબુ ગીરનાર ॥ ભેટિ સહુ ધન ધન અવતાર ॥ ૨૦ ॥
શ્રાવકની કરણી છે એહ, એહથી થાયેં ભવનો છેહ ॥
આઠે કરમ પડે પાતલા, પાપ તણાં છુટે આંમળા ॥ ૨૧ ॥
વારૂ લહી યે અમર વિમાન, અનુક્રમે પામે શિવપુર થાંન ॥
કહે જીન હર્ષ ઘણે સસનેહ, કરણી દુખહરણી છે એહ ॥ ૨૨ ॥

જગતમાં દેવ–ગુરૂ–અને ધર્મ આ ત્રણ ઉત્તમ તત્વો છે. તેનું અહીં કીંચિત્ સ્વરૂપ પ્રશ્નોત્તર રત્ન ચિન્તા-મણીના આધારે લખવામાં આવ્યું છે.

૧. દેવતત્વ.

પ્રશ્ન-૧ આ જગતમાં અનેક દેવ અને દેવીઓ છે તો કયા દેવને માનવા પૂજવા કે જેથી આપણાં આત્માનુ કલ્યાણ થાય અને જે વડે મોક્ષ મેલવી શકાય.

ઉત્તર–સત્ય દેવને માનવા પૂજવા અને તેમના કહેલા શાસ્ત્રો પ્રમાણે વર્તવાથી સહેજે મોક્ષ મેલવી શકાય છે.

પ્રશ્ન-૨ સત્ય દેવ કોને કહેવાય.

ઉત્તર–જે દેવમાં રાગ દ્વેષ અને મોહ (અજ્ઞાન.) રહિતહોય, અર્થાત બાર ગુણે કરી સહિત અઢાર દોષ રહિત જેને–તપ–જપ–

વ્રત-પચ્ચખાણ આદિ અનેક પ્રકારના ઉત્તમ ધ્યાનવડે કરીને આઠ કર્મોમાંથી ચાર ઘાતીઆકર્મ (આત્માના ગુણોના નાશ કરનાર) નો ક્ષય કર્યો હોય તેમને સત્ય દેવ માનવા.

બાર ગુણો પંચપ્રતિક્રમણના ચોથા પાનામાંથી-જોઇ લેવા,

અઢાર દોષ નીચે પ્રમાણે ૧ દાનાંતરાય ૨ લાભાંતરાય ૩ ભોગાંતરાય૪-ઉપભોગાંતરાય-૫-વીર્યાંતરાય-૬-હાસ્ય-૭-રતિ-૮-અરતિ-૯-ભય ૧૦ શોક-૧૧ દુગંચ્છા-૧૨-કામ, ૧૩ મિથ્યાત્વ, ૧૪ અજ્ઞાન, ૧૫ નિદ્રા. ૧૬ અવ્રત, ૧૭ રાગ, ૧૮ દ્વેષ-એ અઢાર દૂષણો રહિત હોય.

ચાર ઘાતિઆકર્મ નીચે પ્રમાણે જ્ઞાનાવરણી-દર્શનાવરણી મોહની અને અંતરાય-એ-ઉપર કહેલા દૂષણો રહિત હોય જેને કેવલ જ્ઞાન-કેવલ દર્શન પ્રાપ્ત કર્યું હોય તેમને સત્યદેવ માનવા,

પ્રશ્ન-તેવા દેવ કોણ હોઇ શકે.

ઉત્તર-તીર્થંકર ભગવાનજ સત્યદેવ છે-બીજા નથી.

પ્રશ્ન-શંકર-બ્રહ્મા વિશ્નુ મહાદેવ વિગેરે-દેવ દેવિને સત્ય દેવ કહેવાય કે નહી.

ઉત્તર-ઉપરબતાવેલા-ગુણો સહિત-અને-બતાવેલા-દોષ રહિત તે દેવો નથી તે તેમના ચરિત્ર મૂર્તિઓ તથા તેમનાજ શાસ્ત્રથી દૂષણો સિદ્ધ થાય છે એટલે દેવ કેમ મનાય-અર્થાત્ તેમને સત્ય દેવ તરીકે માની શકાય નહી પરંતુ-ઉપર બતાવેલા ગુણો-જેનામાંઆવે અને દૂષણો રહિત થાય તેમનેજ સત્યદેવ તરીકે માની શકાય.

૨. ગુરૂ તત્વ.

પ્રશ્ન ૧ સત્ય ગુરૂ કોને માનવા.

ઉત્તર જીનેશ્વર ભગવાનના કહેલા શાસ્ત્રોને અનુસરીને ચાલે પાપથી બીહે. સાચો ઉપદેશ આપે હિંસા. અસત્ય, ચોરી, સ્ત્રી ગમન, અને ધન વિગેરે પરિગ્રહના ત્યાગી હોય, નીરંતર શાસ્ત્રા ધ્યન કરતા હોય તેમને સત્ય ગુરૂ માનવા જગતમાં ત્રણ પ્રકારના ગુરૂ હોય છે પહેલા પથ્થરના નાવ સમાન તે પોતે ડુબે અને બીજાને ડુબાડે. બીજા કાગલના નાવ સમાન પોતે તરી શકે નહિ, અને બીજાને તારી શકે નહી ૩ ત્રીજા કાષ્ઠના નાવ સમાન પોતે તરે અને બીજાને પણ તારે તેવા ગુરૂને માનવા જોઇએ.

---

૩. ધર્મ તત્વ.

જે અધો ગતિમાં જતા જીવોને જતા અટકાવી ઊંચ ગતીમાં લઇ જનાર અર્થાત્ ક્રમે કરીને મોક્ષમાં લઇજનાર તેને ધર્મ કહીએ.

પ્રશ્ન-૧ તે ધર્મ શી રીતે મેળવી શકાય.

ઉત્તર-પ્રથમ માર્ગાનુ સારીના પાંત્રીસ બોલ જાણી તે પ્રમાણે વર્તવાથી ધર્મ પામવાનિ યોગ્યતા આવે છે.

પ્રશ્ન-૨ ધર્મ કેટલા પ્રકારનો છે.

ઉત્તર-મુખ્ય ધર્મ બે પ્રકારનો છે એક-આત્મિક ધર્મ અને બીજો વ્યવહારિક ધર્મ.

પ્રશ્ન ૩ આત્મિક ધર્મ કોને કહેવાય.

ઉત્તર-આત્માનું લક્ષણ-અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત ચારિત્ર, અનંત વીર્યાદિ તેમાં રમણ કરવું તે આત્મિકધર્મનું આરાધન સમજવું અને તેને માટેજ વ્યવહારિક ધર્મ કરવાની ખાસ જરૂર છે.

પ્રશ્ન-૪ વ્યવહારિક ધર્મ કોને કહેવાય.

ઉત્તર-દાન-શીયલ-તપ-ભાવનારૂપ-ઉત્તમ પ્રકારની કરણી કરવી જેવાં કે-સામાયિક-પ્રતિક્રમણ-પોષધ-દેવપૂજા-ગુરૂભક્તિ-સ્વામીભક્તિ-તીર્થયાત્રા-રથયાત્રા વિગેરે શાસ્ત્રાનુસારે ધર્મ કરણી કરવી તે. વ્યવહારિક ધર્મ કહેવાય.

અથ શાંતિ જિનની આરતી.

જય જય આરતી શાંતી તુમારી,

તોરા ચરણકમળકી મેં જાઉં બલીહારી. જ૦ ૧

વિશ્વસેન અચિરાજીકો નંદા, શાંતિનાથ મુખ પૂનમચંદા જ૦ ૨

ચાલીસ ધનુષ્ય સોવનમય કાયા, મૃગલંછન પ્રભુ ચરણ સુહાયા. જ૦ ૩

ચક્રવર્તી પ્રભુ પાંચમા સોહે, સોળમાં જિનવર જગ સહુ મોહે. જ૦ ૪

મંગળ આરતી તોરી કીજે, જન્મ જન્મનો લાહો લીજે. જ૦ ૫

કરજોડી સેવક ગુણ ગાવે, સો નર નારી અમર પદ પાવે. જ૦ ૬

શ્રી આદિ જિનની આરતી.

અપચ્છરા કરતી આરતી જીન આગે ॥ હાંરે જિન આગેરે જીન આગે હાંરે એતો અવિચળ સુખડાં માગે ॥ હાંરે નાભિ નંદન પાસ ॥ અ૦ ॥

તા થેઈ નાટક નાચતી પાય ઠમકે ॥ હારે દોય ચરણમાં ઝાંઝર ઝમકે,હારે સોવન ઘુઘરડી ઘમકે ॥ હારે લેતી ફુદડી બાલ ॥ અપ૦ ॥ ૨ ॥ તાલ મૃદંગને વાંસળી; ડફ વીણા ॥ હારે રૂડા ગાવંતી સ્વર ઝીણા, હારે મધુર સુરાસુર નયણાં ॥ હારે જોતી મુખડું નિહાળ ॥ અપ૦ ॥ ૩ ॥ધન્યમરૂદેવા માતને પુત્ર જાયા ॥ હારે તોરી કંચન વરણી કાયા ॥ હારે મે તો પૂરવ પુણ્યે પાયા ॥ હારે દેખ્યો તેરો દેદાર ॥ અપ૦ ॥ ૪ ॥ પ્રાણજીવન પરમેશ્વર પ્રભુ પ્યારો ॥ હારે પ્રભુ સેવક હું છું તારો ॥ હારે ભવો ભવના દુખડાં વારો ॥ હારે તુમે દીન દયાળ ॥ અ૦ ॥ ૫ ॥ સેવક જાણી આપનો ચિત્ત ધરજો, હારે મોરી આપદા સઘળી હરજો. હારેમુની માણેક સુખીયો કરજો ॥ હારે જાણી પોતાનો બાળ ॥ અ૦ ॥ ૬ ॥

અથ મંગળચાર.

ચારૂ મંગળ ચાર આજ મારે ચારૂ મંગળ ચાર.
દેખ્યો દરસ સરસ જીનજીકો, શોભા સુંદર સાર. આજ૦ ૧
છિનું છિનું છિનું મન મોહન ચરચો, ઘસી કેસર ઘનસાર આજ૦ ૨
વિવિધ જાતીકે પુષ્પ મંગાવો, મોઘર લાલ ગુલાલ. આજ૦ ૩
ધુપ ઉખેવોને કરો આરતી, મુખ બોલો જયકાર. આજ૦ ૪
હર્ષ ધરી આદીશ્વર પુજો, ચોમુખ પ્રતિમા ચાર. આજ૦ ૫
હૈયે ધરી ભાવ ભાવના ભાવો, જિમ પામો ભવપાર. આજ૦ ૬
સકળચંદ સેવક જિનજીકો, આનંદ ધન ઉપકાર. આજ૦ ૭

ઓચ્છવ.

ઓચ્છવ રંગ વધામણા, પ્રભુ પાસને નામે; આહારે પ્રભુ પાસને૦
કલ્યાણક ઓચ્છવ કીયો, ચડતે પરીણામે. ,, ચડતે૦
સતવર્ષ આયુ જીવીને; અક્ષય સુખ સ્વામી; ,, અક્ષય૦
તુમ પદ સેવા ભક્તિમાં, નહીં રાખુ ખામી. ,, નહીં રાખુ૦
સાચીરે ભકતે સાહેબા, રીઝો એક વેળા; ,, રીઝો એક૦
શ્રી શુભવીર હોવે સદા, મન વંછીત મેળા. ,, મન વંછીત૦

મંગળદીવો,

દીવોરે દીવો મંગલિક દીવો, ।। આરતી ઉતારીનેબહુ ચિરંજીવો. દી૦
સોહામણું ઘેર પર્વ દીવાળી. અમર ખેલે અમરા બાળી ।। દી૦
દીપાળ ભણે એણે કુળ અજુવાળી, ભાવે ભકતે વિઘન નિવારી ।। દી૦
દીપાળ ભણે એણે કળી કાળે, આરતી ઉતારી રાજા કુમારપાળે ।। દી૦
અમ ઘેર મંગલિક, તમઘેર મંગલિક, મંગલિક ચતુર્વીધ સંઘને હોજો. દી૦



